શ્રી હર્ષ પુષ્પામૃત જૈન ગ્રંથમાલા ૧૮૧

શ્રી મહાવીર જિનેન્દ્રાય નમઃ

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયામૃતસૂરિભ્યો નમઃ

સરલ વિસ્તુત વિવેચન સહિત

પંચ પ્રતિક્રમણ સૂત્રો ના પ્રકાશન પ્રસંગે

પંડિતવર્યશ્રી

પ્રભુદાસ બેચરદાસ પારેખ

# અભિનંદન ગ્રંથ



પ્રકાશિકાઃ શ્રી હર્ષ પુષ્પામૃત જૈન ગ્રંથમાલા લાખાબાવળ શાંતિપુરી (સૌરાષ્ટ્ર)

જૈન શાસનના મહાન શ્રાવક રત્ન

# પંડિતવર્ય શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખને

હૈયાના અભિનંદન અને અભિવંદન

આધ્યાત્મિક જીવનમાં કાયમ જાગ્રતી ટકાવી રાખવા માટે પ્રતિક્રમણની જાહેર યોજના પણ એવીજ ભવ્ય અને કલ્યાણકર જણાય છે.

સત્ય, દયા, પરોપકાર, ક્ષમા, સરળતા, નિઃસ્વાર્થપણું, તપ–ઐચ્છિક કષ્ટસહન, અલ્પ જરૂરીઆતવાળું જીવન-સંયમ, સાદાઈ, નિખાલસતા, સમભાવ, પવિત્રતા, અલ્પ પરિગ્રહણપણું, બ્રહ્મચર્ય, શુભ વિચારણા, શુભ કર્તવ્યો, શુભ મનન-ધ્યાન, વિશાળ હૃદય, મોટું મન રાખવું, તીર્થંકરાદિક સર્વોચ્ચ જગત્‌ના મહાપુરુષોની સતત ભકિતઃ ગુણ સ્મરણઃ તત્ત્વ મેળવવા ગુરુની ઉપાસનાઃ વિગેરે આધ્યાત્મિક ગુણો ખીલવવા માટે ષડાવશ્યકની યોજના અને તેનું કરેમિ ભંતે ! માં કેન્દ્રપણું કરવામાં એટલી બધી અસાધારણ વ્યવહારૂતા અને યોજના શકિત જણાય છે, કે આવી વ્યવસ્થિતઃ સર્વદેશીય. સંક્ષિપ્તઃ સર્વગ્રાહીઃ સાદામાં સાદીઃ અને ગંભીરમાં ગંભીરઃ તથા સર્વ પ્રકારના પાત્રોને ગ્રાહ્ય થાય તેવીઃ ક્રમવિકાસની દૃષ્ટિથીઃ શિક્ષણની દૃષ્ટિથીઃ જગત્‌માં કોઈ પણ યોજના મળી શકશે નહીં.

ઉપરના ગુણોના વિવેચનો અને ઉપદેશો આપવામાં આવે, તેનો અમલ કરાવવા પ્રજાને અનેક સાધનો પૂરાં પાડવામાં આવે, છતાં પણ સામાયિક અને કરેમિ ભંતે મારફત જેટલી સરળતાથી આધ્યાત્મિક જીવન શરૂ કરાવી શકાય, જીવનમાં ઉતારી શકાય, વ્યાપક કરી શકાય, અને છેવટે જીવનની ઉંચામાં ઉંચી કક્ષા સુધી લઈ જઈ શકાય, તેવી કોઈપણ વ્યવહારૂ યોજના જગત્‌માં મળી શકશે નહીં. તીર્થંકરાદિ મહાદૃષ્ટાંતભૂત આધ્યાત્મિક જીવનના અગ્રેસરોએ પણ આ જ વ્યવહારૂ ક્રમથી પોતાના જીવનમાં અમલ કરવાના એ જાતના દાખલા પૂરા પાડેલા અહીંની પ્રજાની સામે છે. માટે તે રીતે આધ્યાત્મિક જીવન સહેલાઈથી જીવનમાં ઉતારી શકાય છે, માટે તે ખરી વ્યવહારૂ યોજના છે.

–પંડિતવર્ય શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ


## મહેતા મગનલાલ મોતીચંદ સપરિવાર

જામકંડોરણાવાળા

૨, દિવાનપરા રોડ, "સુરજ" રાજકોટ–૩૬૦ ૦૦૧

## શ્રી હર્ષ પુષ્પામૃત જૈન ગ્રંથમાલા ૧૯૧

R-703
5-6-97

શ્રી મહાવીર જિનેન્દ્રાય નમઃ
હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયામૃતસૂરિભ્યો નમઃ

સરલ વિસ્તૃત વિવેચન સહિત
પંચ પ્રતિક્રમણ સૂત્રોં ના પ્રકાશન પ્રસંગે

પંડિતવર્યશ્રી
## પ્રભુદાસ બેચરદાસ પારેખ

# અભિનંદન ગ્રંથ



आ. श्री कैलाससागर सूरि ज्ञानमंदिर
श्री महावीर जैन आराधना केन्द्र, कोबा
गांधीनगर पिन-382009

પ્રકાશિકાઃ શ્રી હર્ષ પુષ્પામૃત જૈન ગ્રંથમાલા લાખાબાવળ શાંતિપુરી (સૌરાષ્ટ્ર)

મૂલ્ય રૂા. ૧૫-૦૦ પૂજ્ય મુનિરાજો તથા શુભેચ્છકો તથા જૈન પંડિતોને ભેટ

# પૂજ્ય પિતાશ્રી પ્રભુદાસભાઇ બેચરદાસભાઇ પારેખને શ્રદ્ધાંજલિ



પૂજ્ય પિતાશ્રી પ્રભુદાસ બેચરદાસ



પૂજ્ય માતુશ્રી દિવાળીબેન



પૂજ્ય ઉપાધ્યાય શ્રી
ધર્મસાગરજી મ. ની
૧૦, ભક્તિનગર
રાજકોટ તેમને
ઘેર પધરામણી

## પંડિત શ્રી પ્રભુદાસભાઈ બેચરદાસભાઇ પારેખ પરિવાર :

૧ હિંમતલાલ પ્રભુદાસ પારેખ  ૨ લલિતચંદ્ર પ્રભુદાસ પારેખ  ૩ હસમુખલાલ પ્રભુદાસ પારેખ
૪ કેશવલાલ પ્રભુદાસ પારેખ  ૫ વસંતલાલ પ્રભુદાસ પારેખ  સપરિવાર

"રત્ન જ્યોતિ"  ૧૦, ભક્તિનગર સોસાયટી,  રાજકોટ-૩૬૦ ૦૦૨.

આર્ય સંસ્કૃતિનો

# વિદ્યમાન શબ્દ દેહ

—પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ

અનાદિ કાલીન સંસારનું મૂળ કર્મ છે અને તેનું મૂળ કષાય છે. આ કષાયને આધીન આત્મા અજ્ઞાન મિથ્યાત્વ આદિને પરવશ થયેલો છે અને તેથી જન્મ મરણની પરંપરાને કરી રહ્યો છે.

આ સંસારચક્રની વિટંબના જાણીને શ્રી જિનેશ્વર દેવોના આત્માઓ પૂર્વના ત્રીજા ભવે **સવિ જીવ કરૂં શાસનરાગી** એવી ઉત્કૃષ્ટ **ભાવના** ભાવે છે તેના બલે અને **શ્રી વીશ સ્થાનકની** કે અન્યતમ કોઇ એકાદિ સ્થાનકની **આરાધના** કરી **તીર્થંકર નામકર્મ** નિકાચે છે.

ત્યાંથી ત્રીજા ભવે માતાની કુક્ષીને વિશે આવે ત્યારથી ઇન્દ્રાદિને પણ પૂજ્ય બને છે તેમના પાંચ કલ્યાણકોની ઇન્દ્રાદિ દેવો ઉજવણી કરે છે. જન્મ થતાંજ ૫૬ દિક્કુમારીઓ જન્મસ્થાને અને પછી મેરૂ પર્વત ઉપર ૬૪ ઇન્દ્રો જન્મ મહોત્સવ કરે છે પછી માતા પિતા જન્મ મહોત્સવ કરે છે. તેઓ જ્યારે સંયમનો સ્વીકાર કરે છે ત્યારે પણ ઇન્દ્રાદિ દેવો આવી મહોત્સવ કરે છે તેવી જ રીતે કેવલજ્ઞાન પામતાં ઇન્દ્રાદિ દેવો સમવસરણ રચાવે છે અને ત્યાં શ્રી જિનેન્દ્ર પરમાત્મા બિરાજે છે અને ધર્મ તીર્થની સ્થાપના કરે છે નિર્વાણ સમયે પણ ઇન્દ્રાદિ દેવો નિર્વાણ મહોત્સવ ઉજવે છે.

આ તીર્થ એવું છે કે ભવિજીવને જન્મ મરણ પરંપરાથી મુક્ત કરાવે છે અને શિવ સુખનો ભોકતા બનાવે છે એ તીર્થની રચના સાથે દ્વાદશાંગીની ગણધરો રચના કરે છે. જે આ મોક્ષ માર્ગનું અવિચ્છિન્ન અને સર્વ જીવ હિતકર બંધારણ બને છે તેને આધારે શાસન ચાલે છે એટલે એ બંધારણ એ શિવપદનો વિદ્યમાન શબ્દ દેહ ગણાય છે તેને આધારે ત્રિકાલના અનંતા આત્માઓ મોક્ષ પદને પામે છે.

એ બંધારણને આધીન રહીને હજારો આચાર્ય આદિ જીવન જીવે છે. જીવન જીવવાની કલા શિખવે છે પોતે તરે છે અને બીજા અનેકને તારે છે. શ્રી જૈન શાસનના **પ્રભુ મહાવીર દેવ** સ્થાપિત વિદ્યમાન આ મહાન ધર્મ શાસનની વ્યવસ્થામાં શ્રી

**દ્વાદશાંગી એ શિવસુખનો વિદ્યમાન શબ્દ દેહ છે** તેમ અનેક પૂર્વાચાર્યોએ આવા મહાન શાસનની વ્યવસ્થાના શિવપદના શબ્દદેહ ચિતર્યા છે અને પોતે બન્યા છે.

**પૂ. શ્રી ભદ્રબાહુસ્વામીજી શ્રી શ્યામાચાર્યજી શ્રી સિદ્ધસેન દિવાકરસૂરીશ્વરજી શ્રી મલ્લવાદીસૂરીશ્વરજી શ્રી જિનભદ્રક્ષમાશ્રમણ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી શ્રી ધર્મદાસગણી. શ્રી અભયદેવસૂરીશ્વરજી શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી શ્રી વાદીદેવસૂરીશ્વરજી શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી શ્રી મલયગિરિજી, શ્રી સોમસુંદરસૂરીશ્વરજી શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી શ્રી રત્નશેખરસૂરીશ્વરજી શ્રી હીરવિજયસૂરીશ્વરજી શ્રી વિજયસેનસૂરીશ્વરજી મહો. શ્રી યશોવિજયજી મહો. શ્રી વિનયવિજયજી શ્રી જ્ઞાનવિમલસૂરીશ્વરજી શ્રી આત્મારામજી મ. આદિ** મહાપુરુષોએ પરમાત્માના શિવપદ સાધક શાસનને પોતપોતાની રીતે શબ્દ દેહ આપીને શાસનને જયવંત રાખ્યું છે અને તે તે કાલમાં બીજા હજારો **પૂજ્ય આચાર્યદેવો આદિએ** અનેકાનેક ગ્રન્થોની રચના કરીને પ્રભુના મહાશાસનને અવ્યાબાધ રાખ્યું છે અને તે તે કાલમાં જે કંઈ અશ્રદ્ધા કે અજ્ઞાનતાને લીધે આક્રમણો આવ્યા છે ત્યારે તે તે આક્રમણોને હઠાવીને સાચો શબ્દ દેહ મુકતા આવ્યા છે અને તેને આધારે આ શ્રી ત્રિકાલાબાધિત તારક શ્રી **જૈન શાસન** મંથર ગતિથી વિકરાળ કાળમાં અવિરત પ્રવાહિત બની રહ્યું છે અને બની રહેશે જ કેમકે શ્રી મહાવીર પરમાત્માનું આ શાસન પાંચમાં આરાના છેડા સુધી રહેવાનું છે.

**વર્તમાનકાલમાં** પણ **અનેક પૂજ્ય આચાર્યદેવો** આદિ આ મહાવીર શાસનને મોક્ષ માર્ગને, અધ્યાત્મ સંસ્કૃતિને જીવંત રાખવા ચિરંજીવ રાખવા, અબાધિત રાખવા. ઉજ્વળ રાખવા સતત ઉદ્યમશીલ છે અને અનેક રીતે આ મહાશાસનની અદ્દ્ભુત ઉપકારિતાને શબ્દ દેહ રૂપે જીવંત રાખી રહ્યા છે અને એ શબ્દ દેહ જો વર્તમાન શ્રી સાધુ–સાધ્વી શ્રાવક–શ્રાવિકા રૂપ સંઘમાં પ્રવાહિત બની જાય તો **'કલિકાલે પણ તુજ શાસન, વરતે છે અવિરોધજી'** એ તાદૃશ થયા વગર રહે નહિ.

આવા જયવંતા જૈન શાસનને પામવું તેની છાયામાં આવવું જન્મવું જીવવું એ ધન્ય છે અને એ જયવંતા જૈન શાસનને હાની ન પહોંચે તે રીતે જાગ્રત રહેવું ને રક્ષણ કરવું, યથાર્થ રીતે જેમ શાસન પ્રવર્તાવવું, એ તો બહુ ધન્ય ધન્ય છે. તેવા વિદ્યમાન મહાશાસનના મહારત્નોને કોટિ કોટિ વંદન હો.

આ મહાશાસનની ભૂમિકામાં આર્યતા છે આ શાસનની ભૂમિકા રૂપ મહા સંસ્કૃતિ આર્ય સંસ્કૃતિ છે કે સંસ્કૃતિ ધર્મની પૂર્વ ભૂમિકામાં, યોગની પૂર્વ ભૂમિકામાં, અપુનર્બંધકપણામાં, શુકલપાક્ષિકપણામાં, માર્ગાનુસારીપણામાં, સજ્જન પણામાં સદ્દગૃહસ્થ-

પણામાં, સન્નાગરિકપણામાં, યોગની પૂર્વ ભૂમિકા રૂપ પૂર્વની ચાર યોગ દ્રષ્ટિઓમાં, એમ અનેક રીતે સમાયેલી છે.

એ યોગની ભૂમિકાઓ દ્વારા આત્મા આર્યધર્મની આર્ય સંસ્કૃતિની સાધના કરી શકે છે અને તેના દ્વારા યોગી, કલ્યાણકારી શ્રી અરિહંત પરમાત્માના મહાશાસનનો સાધક બની શકે છે. યોગની સાધના એ મહેલ છે અને યોગની પૂર્વ ભૂમિકા એ પાયો છે.

આ અનંત સંસારમાં અનંત કલ્યાણકારી શ્રી જૈનશાસન એજ પરમ આધાર રક્ષણ શરણ છે. સીડી જેમ માળ ચડવા માટે જરૂરી છે તેમ યોગની પૂર્વ ભૂમિકા આર્ય-સંસ્કૃતિ પણ આત્માના કલ્યાણ માર્ગ માટે તેટલી જ જરૂરી છે.

અજ્ઞાન, સ્વાર્થ, અને મોહથી ઘેરાયેલા જગતમાં જૈનશાસનની મહાદૃષ્ટિ કોઈક જ પામે છે અને તેઓજ સાચા અર્થમાં આર્ય સંસ્કૃતિને ઓળખી શકે છે વર્તમાન કાલના વિષમ વાતાવરણની ભૂમિકા શોધીએ તો એવું કંઈક લાગ્યા વગર ન રહે કે ક્યાં આર્ય દેશ ? ક્યાં આર્ય જાતિ ? ક્યાં ધર્મ ? ક્યાં ધર્માત્મા ? ક્યાં જૈન ધર્મ અને ક્યાં જૈનો ? દેશ જાતિ ધર્મ અને જૈનત્વની મહત્તા શાસ્ત્રમાં હોવા છતાં દેશ જાતિ ધર્મ અને જૈનધર્મીઓની પણ સંસ્કૃતિ અને આચરણના ભેદ જુદા તરી આવે છે જે સંસ્કૃતિ છે તેને અનુરૂપ વિચાર વાણી અને વર્તન જોવા માટે નજર કરીએ તો કંઈક વિટંબના દેખાય છે. **'બહુરત્ના વસુંધરા' 'જૈનશાસન પાંચમા આરાના છેડા સુધી રહેશે'** વિગેરે આશ્વાસન જરૂર છે પરંતુ તે માટેની **પ્રવૃત્તિ** અને જાગૃત્તિ કેટલી છે ?

આ બધી વિષમતા આજે અનુભવાય છે અને છેલે તો જોતજોતામાં માનવી કેવો સ્વાર્થી ? કેવો માયાવી ? કેવો દંભી ? કેવો હિંસક ? કેવો બેજવાબદાર ? થઇ ગયો છે ? આઝાદીના સારા ફળ જરૂર હશે ? પરંતુ શાંતિ સંતોષ અને સજ્જનતામય જીવન કે વ્યવહારની શોધ કરવી પડે તેવું જણાય છે.

આ બધી વિષમતાનું મૂળ કોઇ વિરલ જ શોધી શકે છે ? કોઇ શોધી શકે છે તો વર્ણવી શકતા નથી, કોઇ વર્ણવી શકે છે તો લખી શકતા નથી. કોઇ લખી શકે છે તો ઊંડા ઉતરતા નથી અને કોઈ ઊંડા ઉતરે છે તો કંટાળી જાય છે અને વાત છોડી દે છે.

આમ સંસ્કૃતિની નિર્બળતા, ક્ષીણતા, નાશ તથા કુસંસ્કારની પ્રબળતા, મજબૂતાઇ અને વૃદ્ધિ આનું નિરુપણ કોઇ વિરલ કરી શકે છે.

આજે દેશમાં જે બની રહ્યું છે તેના મૂળની શોધ, ચિંતન, મનન, નિરીક્ષણ અને પ્રવૃત્તિ અને પરિણામનો સૂક્ષ્મ દૃષ્ટિથી વિચાર ૭૦–૮૦ વર્ષ પહેલા કરનાર પંડિતવર્ય શ્રી પ્રભુદાસભાઇ હતા. તેમણે પ્રથમ આઝાદની ચડવળમાં ભાગ લીધો અને પછી ગોરા

લોકોના પ્રપંચ તેમના ખ્યાલમાં આવી ગયા અને તેમને લાગ્યું કે આ આઝાદી વિ. છે તે તો તેમની એક યોજના છે સૈકાઓ પૂર્વે ગોરી પ્રજાએ ભારતમાં પ્રવેશ કર્યો અને જે રીતે યોજનાઓ ઘડી જમાવટ કરી તે બધો ચિતાર તેમને વાંચન મનન અને અનુભવથી આવી ગયો અને તેમણે તે માટે ખૂબ મંથન કર્યું અનુભવો લીધા અને તેનો નીચોડ કાગળ ઉપર ઉતારવા માંડયો.

જૈન પંડિત દરજાજાના આ પુણ્યાત્માએ જૈન મહાસંસ્કૃતિ અને ભારતની આર્ય મહાસંસ્કૃતિના વિનાશના બીજ તેમાં જોયા અને ભારતીય જનોને ઢંઢોળવા લખવા પણ માંડયું. પરંતુ ઘણા ભારતીયોજ ભારતીય સંસ્કૃતિના નાશમાં તૈયાર થઈ ગયા હતા તેમના શિક્ષણ સંસ્કૃતિ બુદ્ધિ વ્યાપાર ભારતીય સંસ્કૃતિની વિરૂદ્ધ દિશામાં વહી રહ્યા હતા. કુતરો દુનિયા ફરી શકે પણ તેને રોકનાર તેના જાત ભાઈઓ જ તૈયાર છે તેમ ભારતીય સંસ્કૃતિનો બચાવ કે રક્ષણ કરવામાં ભારતીયો જ દેશી ગોરા બનીને તેની સંસ્કૃત રીતભાતથી તૈયાર થઈ ગયા હતા.

ગોરાઓની એ યુક્તિઓથી ભારતીયો એ ગોરાના હથિયાર બની ગયા હતા. **'ધોલેરા સત્યાગ્રહ'માં શ્રી કાંતિલાલ શાહે શ્રી ઝવેરચંદ મેઘાણીના** શબ્દો ટાંકયા છે કે—

'મારા દેશના જુવાનોને હાથે લખાઈ રહેલા જવલંત ઇતિહાસ માટે અભિમાન અનુભવતો, મારી પોતાની અપાત્રતા માટે શરમ અનુભવતો, **પરદેશી જુલમગારોના હાથમાં હથિયાર બની રહેલા મારા વિમાર્ગી બંધુઓ માટે મારા એકલોહિયા સ્વજનો માટે પરિતાપ પામતો,** હું સૌની રજા લઉં છું" [કુલછાબ તા. ૨૧–૮–૮૮]

ગોરાઓની યુક્તિઓમાં ભારતીયો આવી જવાના કારણ કે ભારતનું ભારતીયોના હાથે કેટલું નીકંદન નીકળ્યું છે તે કહી શકાય નહિ. તેવી જ રીતે ભારતીયો દ્વારા ભારતીય સંસ્કૃતિનું–ધર્મીઓ દ્વારા ધર્મની સંસ્કૃતિનું અને તે જ રીતે જૈનો દ્વારા જૈન મહા-સંસ્કૃતિનું કેટલું નીકંદન નીકળ્યું છે તે કહી શકાય નહિ.

આખા દેશને અવળા પાટા બંધાયા છે. ભારતીય કરણ એ અંગ્રેજી કરણ થયું છે અને પહેલાં બધું સંસ્કૃતિના દ્વારા સંચાલન પામતું તે કાયદા દ્વારા સંચાલન પામી રહ્યું છે. આખું બંધારણ જ સંસ્કૃતિના પ્રાણને દબાવી દેનારૂં છે, નિર્બળ કરનારૂં છે. અને પ્રાણ હરનારૂં છે. આ દેશનું બંધારણ જરૂર પડયે ભારતીય ધર્મશાસ્ત્રોને તપાસતું નથી પરંતુ પરદેશના અંગ્રેજોના અને બીજા દેશોના બંધારણો જુએ છે. આ દેશની સંસ્કૃતિના નાશને કરનારા આ બંધારણને કોણ ફેરવી શકશે? દિલ્હીની હાઇકોર્ટમાં, સુપ્રીમ કોર્ટમાં જઇને કોણ પડકારી શકશે? પડકારશે તો પણ ગોરાની

સંસ્કૃતિનું રક્ષક બંધારણ ભારતીય સંસ્કૃતિને ટેકો આપશે કે નહિં તે નક્કી નહિં પરંતુ જાગૃતિ, સંસ્કૃતિની જાગૃતિ તો આવે જ. લોકશાહી તો ટોળાશાહી અને દાદાગીરી અને ગુંડાશાહીમાં પણ ઝુકવા માંડી છે.

દેશમાં ઘોર હિંસા, કતલખાના વિગેરે દ્વારા વધી રહી છે; ખાણી પીણી અભક્ષ્ય બની રહે છે, આચાર વિચાર અનાચાર તરફ વળી રહ્યા છે, સજ્જનને પીડા અને દુર્જનને સગવડ વધતી રહી છે. ધર્મ ઉપર કાયદા અને અધર્મને બારે ભાગોળ ખૂલી રહી છે. આમાં સરકાર પણ રસ લઇ સંસ્કૃતિને દબાવવા અને વિકૃતિને પોષવા કાયદા પણ કરી રહી છે. શાસ્ત્રાધારે ન્યાય જોઇએ એને બદલે કાયદાને આધારે ન્યાય છે અને એ કાયદા પરદેશીઓએ કે પરદેશીઓના બંધારણે ઘડેલા કે દેશી જે પરદેશી બન્યા છે તેમણે ઘડેલા છે આ કાયદા માટે ધર્મશાસ્ત્ર મનુ સ્મૃતિ કે અર્હન્નીતિ કે તેવા ધર્મ ગ્રંથો તેઓ જોતા જ નથી. પરદેશીઓ દ્વારા શોષણનીતિ આઝાદી પહેલાં ચોરી છૂપીથી હતી. આઝાદી પછી હવે અહીંના જ ઉદ્યોગો સાધનો યંત્રો વિ. તેવા બન્યા છે કે પરદેશીઓને જ બધું પહોંચાડવું પડે.

મૂળ વાત એ છે કે ભારતીયો નામના ભારતીયો બની રહ્યા છે અને હૈયામાં પરદેશીકરણ બેઠું છે જેથી હિંદુસ્થાનની જે સંસ્કૃતિ છે તે કાં તો દૂબળી બને છે, કાં તો પાતળી બને છે, કાં તો નાશ પામે છે.

આ બધી પરિસ્થિતિઓને અનેક રીતે વિચારીને ભારતીય હિંદુ મહાસંસ્કૃતિ અને તેના સામેના ભયો આક્રમણોને પારખીને **શ્રી પ્રભુદાસભાઇએ** જે લખ્યું છે તેને **'આર્ય સંસ્કૃતિનો વિદ્યમાન શબ્દ દેહ'** કહું તો ચાલે આ–શબ્દ દેહ ભારતીયના દેહમાં પ્રવેશી જાય તો ભારતીય માનવી જ આર્યસંસ્કૃતિનો વિદ્યમાન દેહ બની જાય. અને બની ન જાય તો છેવટે ખ્યાલ આવે કે શ્રી પ્રભુદાસભાઇ જે લખી ગયા છે વિચારી ગયા છે અને તેમનું ૭૦ વર્ષ પહેલાનું લખેલું કેટલું તાદ્દશ અનુભવાય છે, તેમના સંસ્કૃતિના શબ્દ દેહને ખૂબ ખૂબ જગત સમક્ષ, આર્યો સમક્ષ, હિંદુઓ સમક્ષ, જૈનો સમક્ષ, વિચારકો સમક્ષ, તત્ત્વજ્ઞો સમક્ષ મુકવો જરૂરી છે અને એ દિશાના પ્રયત્ન રૂપે જ તેમના લખેલા મહાકાય પંચપ્રતિક્રમણ સૂત્રોના વિવરણનું સંપાદન ૯૦૦ પેજનું કર્યું અને તેમના લખેલા વિપુલ સાહિત્યમાંથી કંઈક અભિનંદન ગ્રંથ રૂપે સંપાદિત થયું છે.

તેમના વિપુલ પ્રગટ અપ્રગટ સાહિત્ય માટે પ્રગટ કરવાનો પ્રયાસ જરૂરી છે. પરંતુ તે કોણ ક્યારે કરશે તે કહી શકાય નહિ. તેમના સ્વર્ગવાસને વરસો થયા ગછી પણ તે દિશામાં ખાસ કંઇ મહત્વનું થયું નથી. તેમના કેટલાક વિચારો સંમત

ન હોવા છતાં તેમના જે લખેલા ભારતીય સંસ્કૃતિ અને જૈન સંસ્કૃતિની ઝીણવટભરી ચિંતનાના પ્રચારની ખૂબ જરૂરી જોઈને આ બંને પ્રયાસ કર્યો છે અને ચાલુ રહે તેવી ભાવના પણ છે, જેની પાસે આ સાહિત્ય હોય, જેમના આ વિચારો હોય, તેઓ આ દિશામાં પ્રયત્ન કરશે તો તેમાં પૂર્ણ સહયોગ આપીશ.

આર્ય સંસ્કૃતિની અને જૈન મહાસંસ્કૃતિની ઊંડી વિચારણાના તેમના પુષ્કળ લખાણો છે તે પ્રચારવા ખૂબ જરૂરી છે. આજના વિચારો ઘણા વિકૃત બન્યા છે, સંક્ષુબ્ધ બન્યા છે, પૂર્વગ્રહ, કે દ્વેષથી ઘેરાયેલા બન્યા છે ત્યારે કેટલાકને આ વિચારો પસંદ ન પણ પડે તેમ બને, સૂર્ય ઊગે તે ઘુવડને પસંદ પડતું નથી, તેમ બને તો પણ આ વિચારો વધુને વધુ ફેલાય તે માટે સૌ સંસ્કૃતિ પ્રેમીઓ, વિચારકો અને ધનવાનો જો પ્રયત્ન કરશે તો આ દિશામાં એક નોંધનીય કાર્ય થશે, પ્રજાના એક વિવેકી વર્ગને બળ મળશે અને તેના દ્વારા ધર્મ અને સંસ્કૃતિની દિશામાં ઉજ્વળતા પથરાશે અને એવી ઊંડી અભિલાષા સાથે આ શ્રી પ્રભુદાસભાઇના અભિનંદન ગ્રંથની ભૂમિકા પૂર્ણ કરૂં છું. આ ભૂમિકા વાંચીને આ ગ્રંથ વાંચવાથી દરેક જગ્યાએ ઘણી સરળતા પડશે. સૌ આ ગ્રંથ દ્વારા સંસ્કૃતિ અને ધર્મને ઓળખી આર્યત્વના પ્રેમી અને જૈનત્વના સાધક બનો એજ શુભ ભાવના.

પં. પ્રભુદાસભાઇને ત્યાં પૂ. ઉ. શ્રી ધર્મસાગરજી મ.નું સ્વાગત



# ✤ લેખની અનુક્રમણિકા ✤


| ક્રમ નં. | લેખ | લેખક | પેજ નં. |
|---|---|---|---|
| ૧ | આર્યસંસ્કૃતિનો શબ્દ દેહ | પૂ.આ.શ્રી જિનેન્દ્ર સૂ. મ. | ૧ |
| ૨ | લેખ તથા શુભેચ્છા અનુક્રમણિકા | | ૭–૮ |
| ૩ | તલસ્પર્શી સૂક્ષ્મ ચિંતક | પૂ.મુ.શ્રી રત્નભૂષણ વિ. મ. | ૮ |
| ૪ | તેમના જ શબ્દોમાં પરિચય | પં. શ્રી કપૂરચંદ આર. વારૈયા–પાલીતાણા | ૧૭ |
| ૫ | પ્રભુદાસભાઇનો પરમાત્મભાવ | પૂ.મુ. શ્રી ભુવનચંદ્ર વિ. મ. | ૨૭ |
| ૬ | પાંચ મુદ્દામાં પંડિતજીનો પરિચય | પં. શ્રી શિવલાલ નેમચંદ શાહ | ૩૦ |
| ૭ | આપણી રક્ષક કર્તવ્ય દિશા | પં. શ્રી પ્રભુદાસભાઇ | ૩૩ |
| ૮ | પાઠશાળાઓનું સાચું સ્વરૂપ | ,, | ૬૭ |
| ૯ | મહાવીર પ્રભુની અદ્ભુત શાંતિ | ,, | ૭૧ |
| ૧૦ | શ્રી સાધ્વી સંઘને ઉન્માર્ગે દોરવા પ્રચાર | ,, | ૭૩ |
| ૧૧ | શ્રી સંઘને પડેલી ખોટ | શ્રી અરવિંદ એમ. પારેખ | ૭૭ |
| ૧૨ | કોંગ્રેસ સંસ્થાનું સાચું સ્વરૂપ | પં. શ્રી પ્રભુદાસભાઇ | ૭૯ |
| ૧૩ | જીવન જીવી જાણ્યું | સ્વ. શ્રી મોહનલાલ ચુ. ધામી | ૧૦૫ |
| ૧૪ | નર શાર્દૂલ પં. પ્રભુદાસભાઇ | શ્રી દિનેશચન્દ્ર એન. મહેતા | ૧૦૭ |
| ૧૫ | પં. પ્રભુદાસભાઇને વંદન | ડૉ. બળવંતરાય કામદાર, જયંતિલાલ લક્ષ્મીચંદ શાહ, સુમનલાલ છોટાલાલ કામદાર | ૧૧૧ |
| ૧૬ | સાંસ્કૃતિક રાજયતંત્રના મૂળ તત્ત્વો | પં. શ્રી પ્રભુદાસભાઇ | ૧૧૩ |
| ૧૭ | બહુમતની ઘાતક પ્રક્રિયા | ,, | ૧૧૯ |
| ૧૮ | ભૌતિક વિજ્ઞાને કરેલી હાનિ | ,, | ૧૨૧ |
| ૧૯ | શ્રી પોપ ઉપર તાર | ,, | ૧૨૬ |
| ૨૦ | જૈન શ્રુતનું મહત્ત્વ | ,, | ૧૨૯ |
| ૨૧ | તત્ત્વાર્થાધિગમ સૂત્ર | ,, | ૧૩૭ |
| ૨૨ | ભારતીય સંસ્કૃતિની જનતા | ,, | ૧૩૯ |
| ૨૩ | અનુષ્ઠાનની સમજ | ,, | ૧૪૧ |
| ૨૪ | એક જ ધર્મ બીજાનો નાશ | ,, | ૧૪૫ |
| ૨૫ | હિતાહિતની વિચારણા | ,, | ૧૫૫ |
| ૨૬ | સંસ્મરણ | શ્રી પુખરાજજી સિંઘી | ૧૬૧ |
| ૨૭ | શ્રુતજ્ઞાન ભવન | શ્રી હર્ષપુષ્પામૃત જૈન જ્ઞાન ભંડાર | ૧૭૧ |
| ૨૮ | સંઘ એજ સાચી સંસ્થા | પૂ.મુ.શ્રી નયદર્શન વિજયજી મ. | ૧૮૦ |
| ૨૯ | સ્વપ્ન દ્રવ્ય | પં. પ્રભુદાસ બેચરદાસ પારેખ | ૧૨–૧૮૫ |

## શુભેચ્છા અનુક્રમણિકા


૧ પં. પ્રભુદાસ બેચરદાસ પરિવાર અંડર ટાઇટલ–૨
૨ પરેશ ગ્રૂપ ઓફ ઇન્ડસ્ટ્રીઝ મુંબઇ ૬૬
૩ ભગત એન્ડ કું. મુંબઇ ૮૧
૪ ભગવાનજી તલકશી એન્ડ કું. ,, ૮૨
૫ ઓસવાલ ટ્રેડીંગ કોરપોરેશન ,, ૮૩
૬ ચુનીલાલ પોપટલાલ એન્ડ કું. ,, ૮૪
૭ શાહ લખમણ વીરપાળ સોળસલા ૮૫
૮ શાહ લાલજી દેવજીની કું. મુંબઇ ૮૬
૮ દલાલ કરશનદાસ કાનજી ,, ૮૭
૯ મલબાર કોપ્રા. કોરપોરેશન ,, ૮૭
૧૦ મે. પાસુ આણંદ એન્ડ સન્સ ,, ૮૮
૧૧ રમતા રામ પેપર બેગ કું. ,, ૮૯
૧૨ કાંતિલાલ દામજીની કું. ,, ૯૦
૧૩ શાહ પ્રેમચંદ કેશવજીની કું. ,, ૯૧
૧૪ ત્રિભોવનદાસ જમનાદાસ ,, ૯૨
૧૫ છોગમલ દલીચંદ એન્ડ કું. ,, ૯૨
૧૬ મે. દિપક ભવાનજી એન્ડ કું. ,, ૯૩
૧૭ મે. પી. એ. ટ્રેડીંગ કોરપોરેશન ,, ૯૪
૧૮ શાહ લાલજી લખમશી એન્ડ કું. ,, ૯૫
૧૯ શાહ સુરજી આણંદજી એન્ડ કું. ,, ૯૬
૨૦ પ્રતાપ જ્વેલર્સ ,, ૯૭
૨૧ ગણેશ મંડપ સરવીસ રાજકોટ ૯૮
૨૨ શ્રીજી કૃપા ટ્રેડર્સ મુંબઇ ૯૯
૨૩ સૌરાષ્ટ્ર પેપર બોર્ડ એન્ડ મીલ્સ પ્રા. લી. રાજકોટ ૧૦૦
૨૪ હિંમતલાલ આર. ઝવેરી ,, ૧૦૧
૨૫ સનરાઇઝ પોટરી થાનગઢ ૧૦૨
૨૬ ગાંધી જેચંદભાઇ રાઘવજી રાજકોટ ૧૦૩
૨૭ રમેશચંદ્ર હરગણ મેરગ દોઢીયા ,, ૧૦૪
૨૮ રાંભિયા એન્ટરપ્રાઇઝ મુંબઇ ૧૧૦
૨૯ ગેલેક્સી પ્રિન્ટર્સ રાજકોટ ૧૩૫
૩૦ શાહ શિવલાલ ભુદરભાઇ ,, ૧૩૬
૩૧ હીરજી શિવજી એન્ડ કું. મુંબઇ ૧૪૨
૩૨ શાહ જગજીવનદાસ જીવરાજ ભાડલાવાળા રાજકોટ ૧૪૩
૩૩ હેમા ટ્રેડીંગ કું. મુંબઇ ૧૪૪
૩૪ શાહ પદમશી વાઘજી ગુઢકા પરિવાર લાખાબાવળ ૧૫૭
૩૫ સૌભાગ્યચંદ તલકચંદ વસા રાજકોટ ૧૫૮
૩૬ શાહ નાનજી ધરમશી મુંબઇ ૧૫૯
૩૭ શાહ લાડકચંદ જીવરાજ વઢવાણવાળા હઃ જયંતિલાલ જગજીવન રાજકોટ ૧૬૦
૩૮ જશ્મિન જ્વેલર્સ, શાહ હેમેન્દ્રકુમાર મનસુખલાલ રાજકોટ ૧૬૨
૪૦ ડીમ્પલકુમાર અનંતરાય મોરબી ૧૬૩
૪૧ વેલજી હીરજી ગુઢકા મુંબઇ ૧૬૪
૪૧ ધર્મેશ જ્વેલર્સ, રાજકોટ ૧૬૪
૪૨ વસા જયંતિલાલ હીરાચંદ ,, ૧૬૫
૪૩ શાહ પ્રાણુલાલ ભુદરભાઇ રાજકોટ ૧૬૬
૪૪ ચંદ્રકાંત, કિશોર જગજીવન હઃ રૂપાબેન જગજીવન નાઇરાબી ૧૬૭
૪૫ શેઠ સન્સ મુંબઇ ૧૬૮
૪૬ ઇન્ડીયન સ્પાઇન્સ ,, ૧૬૮
૪૭ ગુરુ ગૌતમ પ્રિન્ટર્સ બેંગલોર ૧૭૯
૪૮ અનંતરાય એન્ડ કું. મુંબઇ ૧૭૯
૪૯ શાહ કાલીદાસ જમનાદાસ રાજકોટ ૧૮૨
૫૦ ડાયાભાઇ ગણેશભાઇ રાજકોટ ૧૮૩
૫૧ શિલ્પી પ્રવિણભાઇ વી. સોમપુરા ૧૮૪
૫૨ જૈન ઉપકરણ ભંડાર રાજકોટ ૯
૫૩ અરૂણ ટ્રેડીંગ કું. મુંબઇ ૧૯૦
૫૪ સરસ્વતી મશસાલા ” ૧૯૦
૫૫ જગદીશચંદ્ર ઠક્કર ” ૧૯૦
૫૬ શાહ પ્રેમચંદ ભારમલ ” ૧૯૧


( જુઓ પાના નં. ૧૮૯ )

## "તલસ્પર્શી સૂક્ષ્મચિંતક પં. પ્રભુદાસભાઈ"

–પૂજ્ય પ્રશાંતમૂર્તિ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય જિતમૃગાંકસૂરીશ્વર વિનેય

પૂ. મુનિ રાજશ્રી રત્નભૂષણવિજયજી મહારાજ

અનેક આત્માઓ આ આ સંસારચક્રમાં માનવી તરીકે જન્મે છે. અને મરે પણ છે આ ઘટમાળ અનાદિ અનંતકાલીન ચાલુ જ છે તેમાં પ્રજ્ઞાપ્રાપ્ત આંગળીને વેઢે ગણાય એટલા માંડ. તેમાં પણ આત્માની જ્યોતને જ્વલંત બનાવી, અનેકોના આત્માની જ્યોતને દિપ્તીમંત બનાવનાર વિરલ.

આવા વિરલમાં નંબર લાગ્યો સૌરાષ્ટ્રના એક યુવાનનો તરવરીયો વિચારક યુવાન બોર્ડીંગ ચલાવે. ચરખા ચલાવે. ન્યાય–નીતિ–દેશના વિચારો ધરાવે. ત્યાં થયો ધડાકો શ્રી મોહનદાસ કરમચંદ ગાંધીને બ્રીટીશ સરકારે પકડયા. તેમને કેમ પકડયા! કેવી રીતે, કઇ પદ્ધતિથી પકડ્યા? આવા વિચારોની હારમાળા ચાલી એ યુવાનના મગજના લાખો સેલમાં પરિણામે વીજળી ઝબુકી. ઓહ! **ભારત વર્ષની આર્ય પ્રજાના શાંતિ–સુખ–નીતિ–એક સંપી અને એકતાનો ખાત્મો બોલાવવાનું કાવતરૂં?**

મગજ ઘેરામાં પડયું. વિચારોની શ્રેણિ સર્જાઇ હિન્દુસ્તાનની પ્રજાની ભયંકર પાયમાલી દેખાઇ, કલમ લીધી હાથમાં એ ખાદીધારી યુવાને ચરખો ઉંચો મૂકયો. અને મગજનો ચરખો ઘુમાવાવા માંડયો. કાંતણ સૂક્ષ્મ બનતું ગયું. સ્વરાજ, સ્વરાજ નથી પરંતુ માંગીને લીધેલી પરતંત્રતાની લોખંડી બેડી. કરવું શું? પ્રજાને સાચો ખ્યાલ કઇ રીતે આપવો! તન–ધન–મન અને આત્મા, દયા–પ્રેમ–દાન–કરુણાનો વિનાશ થશે. પ્રજા અવળે પંથે ચઢી જાશે. પોતાની ફરજ બજાવવા સાધનો જોઇયે. પણ આર્થિક સ્થિતિ અતિ મધ્યમ; સાધનો ટાંચા.

ત્યાં મળ્યો એ નાનકડો યુવાન **અરવિંદ પારેખ** એનું નામ વિચારો ઝીલવામાં મહાકુશળ પત્ર કાઢયું નાનું–સરખું. "હિત–મિત–પથ્યં–સત્યમ્–" એનું નામ કટારો લખાવા માંડી સૂક્ષ્મ દૃષ્ટિએ એ કટારોનું સમારકામ કરે અરવિંદ. વાંચકોને પણ રસ પડયો. ઇંગ્લેન્ડનો વડો પ્રધાન કે હિન્દુસ્તાનનો વડો પ્રધાન જવાહરલાલ નેહરૂ કે જબરદસ્ત દેશ નેતા હોય, ગાંધીજી કે રાજગોપાલાચારી એક પછી એક કટારોમાં ચમકવા માંડયા. ગીલ્ટ અર્થાત્ દોષિતને સ્વરૂપમાં આલેખવા માંડયા.

આજની સઘળીયે અવદશા, નીતિભ્રષ્ટતા, ખુનામરકી–લૂંટ, વ્યભિચાર, ધર્મધ્વંસની વાતો ૫૦–૫૦ વર્ષ પહેલાં આલેખાઇ, એને પ્રકાશિત કરી મહેસાણાની સુપ્રસિદ્ધ

સંસ્થા જૈન શ્રેયસ્કર મંડળે, સ્વાર્થીઓએ ઉંધા ચશ્મા પહેર્યા, ટીકાઓ કરવા માંડી પણ આ તો ગજરાજ સાચને આંચ નહિ. સહી લેવું પરંતુ સાચું કહેવું અને પ્રગટ કરવું. સ્વરાજ પાછળ ખેતીનો વિનાશ, અનાજની પરાધીનતા, કાતિલ, ભયંકર હિંસા. ભાઇચારાને ઠેકાણે સ્વાર્થી ખુના મરકી, અહિંસાને નામે હિંસાને છૂટો દોર, આવી બધી વાતો એ મગજના અતિ બારીક સેલ્સમાં 'દર્પણમાં મુખડા દેખો'ની જેમ સ્પષ્ટ દેખાવા લાગી આલેખી. પ્રગટ કરી પ્રાણની પણ પરવા નહિ.

કલકત્તામાં પોલીસ સ્ટેશનને બોલાવ્યા. કેફીયત લીધી. સરકારે પોતાના એડવોકેટને તે કેફીયત બતાવી. તેણે બીજું સાહિત્ય પણ તપાસ્યું છેવટે તે એડવોકેટે અભિપ્રાય આપ્યો 'કેસ કરવો હશે તો થઇ શકશે...પણ...પણ જો આ જુબાની છાપે ચડશે તો લોકો–વિફરશે, લોક જુવાળનો એમને લાભ મળશે, સલ્તનતના પાયા હચમચી ઉઠશે. માટે વિચારીને ઉંડા ઉતરીને, આગળ વધજો. પરિણામે કેસની વાતનું ત્યાં જ સુરસુરિયું થઇ ગયું.

પોપ–ભારત આવ્યા. તાર કર્યા તાર સેન્સર થયો. સંસ્કૃતિના નાશનો ખુલ્લો આરોપ હતો. તારનો સાર જુદા રૂપમાં–સુંદર કવરમાં–હાઇકલાસ કાગળ ઉપર દરેક સંસદ સભ્યોને અને ખુદ પં. જવાહરલાલ નહેરુના હાથમાં ચાલુ બેઠકે હાથમાં પહોંચાડયો અને એ બેઠક પણ 'હિન્દુ કોડ બીલ' અંગેની હતી–શ્રી જવાહરલાલજીનો ચહેરો લાલઘુમ. અંદર કાર્ડ હતું–તમારાં મા–બેન–દીકરીના શીયલની રક્ષા કરવી હોય તો બીલની વિરુદ્ધમાં ચોકડી કરો, અને બેપરવા રહેવું હોય તોજ બીલની તરફેણમાં.

રાત્રિના ૩–૪ વાગ્યા હોય, તબીયત આજાર હોય, એવી સ્થિતિમાં પણ ઉભા–ઉભા લેખિની એમની ચાલુ. સમાજ ખેતી–વેપાર–ઉદ્યોગ–શિક્ષણ–વ્યવહાર–ધર્મ–એકમ દરેક વિષયો ઉપર સ્પષ્ટ–સચોટ–અસંદિગ્ધ–વિચારોનું પૂર વહેતું મૂકયું જે **આજે ૧૦૦% સોલીડ–ટ્રુથ–નક્કર–સત્ય તરીકે સાબીત થઇ રહ્યું છે.**

**હિંદુસ્તાન આબાદ થશે, હિંદુસ્તાનની પ્રજા બરબાદ થશે**

**કોંગ્રેસની ખાદી એટલે ડબલ વિલાયતી**—આવા વિધાનો આજે તો સો ટકા સોના જેવા સાબીત થયાં છે. અને વધુ ઉચ્ચ કક્ષાએ આવકાર્ય બની રહ્યા છે.

ધર્મ શાસ્ત્રોમાં પણ ઉંડુ પ્રાવીણ્ય પ્રાપ્ત કર્યું હતું—આજથી લગભગ ૫૦ વર્ષ ઉપર, "પ્રતિક્રમણ" હજાર પાનાનું. તેમાંની ટિપ્પણી, ધર્મ–સમાજ અને તેના વ્યાપક હિતો, તે હિતોને નુકશાન પહોંચાડનાર–ઇરાદા પૂર્વક ઉભા કરાયેલા બાધક તત્વોની સરળ–સુંદર સમજણ–આગતું એ સુંદર અવગાહવા યોગ્ય પુસ્તક છે. જેનું પુન મુદ્રણ

હાલમાં જ થયું છે "કરેલિભંતે" તેમ જ "જીવન વિકાસ" આદિ પુસ્તકો પણ શાસનની સૂક્ષ્મ ચિંતામાંથી પેદા થયેલ છે.

દ્વિભાષી મુંબઇ રાજય વિધાનસભાએ પસાર કરેલ પબ્લીક ટ્રસ્ટ એક્ટ, અને તેની સામે કાનુની જંગ ઠેઠ સુપ્રીમ કોર્ટ સુધી લડવા માટે પાયાથી ટોચ સુધીની તેમણે આપેલી સલાહ–અંતે વિજયની વરમાળા–એમની આ શાસન સેવા કોઇપણ સાચો જૈન કે આર્ય બિરદાવીને જ રહે–એવી છે.

મીલનસાર સ્વભાવ, આર્ય સંસ્કૃતિને દીપાવે તેવી મહેમાનગતિ, સાધુ સંસ્થા અને પૂજ્ય સાધ્વી સંસ્થા માટેનો ગુરુ–બહુમાનભાવ પણ પ્રશંસાપાત્ર હતો. સન્માર્ગમાં અને શુદ્ધ તત્ત્વોમાં શ્રદ્ધા અનુપમ–અકાટ્ય હતી.

આવા એક ધર્મ અને સમાજના મોભી આત્માને, ખરેખર સચોટ રીતે ઓળખવામાં 'ઢાંકયું રત્ન' જેવી દશા અનુભવાય છે.

આવા વિરલ પ્રાજ્ઞ સૂક્ષ્મ ચિંતક આત્માને સાચી સ્મરણાંજલિ આપવાનો માર્ગ, તે આત્માના તાત્ત્વિક સાત્ત્વિક અને શ્રદ્ધેય વિચારોને વધુને વધુ વહેતા મુકવા એજ છે. એના આંશિક અનુકરણ રૂપે શ્રી હર્ષ પુષ્પામૃત જૈન ગ્રંથમાલાએ તથા "મહાવીર શાસન" પત્રે જે ડગલું ભર્યું તે ધન્યવાદને પાત્ર છે.

આવા ઉંચિ કોટિના સૂક્ષ્મજ્ઞાનને ધરનાર આત્મા, નિજના ઉત્કર્ષમાં વૃદ્ધિંગત બની સંસારના કપરા ચઢાણને કાપી, શીઘ્ર મુક્તિના અનંત અવ્યાબાધ સુખને પામો અને બીજા સુયોગ્ય આત્માઓને પમાડો એજ અંતરની અભિલાષા.


## શ્રી જૈન ઉપકરણ ભંડાર

**અમારે ત્યાંથી—**

કેશર, સુખડ, બરાસ, વાસક્ષેપ, વરખ, અગરબત્તીઓ તેમજ
ધાર્મિક ઉપકરણોમાં લગતી તમામ આઇટમો તથા ધાર્મિક પુસ્તકો મળશે.



હાર્દિક
શુભેચ્છા

શ્રી જૈન ઉપકરણ ભંડાર
પ્રકાશભાઇ દોશી
વર્ધમાન નગર,
રાજકોટ.

# સ્વપ્નની બોલીનું દ્રવ્ય, તે દેવદ્રવ્ય કેવી રીતે ?

—પંડિત શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ

એક બંધુના પ્રશ્નના ખુલાસા રૂપે આ લખાણ કરવામાં આવ્યું હતું. તે બીજા જીજ્ઞાસુઓને પણ ઉપયોગી જાણીને પ્રસિદ્ધિમાં મુકવામાં આવે છે.

પ્રશ્નનો સાર નીચે પ્રમાણે છેઃ-

દહેરાસરજી તથા ઉપાશ્રયના ચાલુ ખર્ચ નભાવવા માટે સાધારણ દ્રવ્યમાં આવક કરવા ખાતર શ્રી સંઘે શ્રી તીર્થંકર ભગવંતના માતાજીને આવેલા ૧૪ સ્વપ્ન ઉતારવાનો ચડાવો બોલવાની બોલીનો રિવાજ શ્રી પર્યુષણ મહાપર્વમાં ભાદરવા સુદિ ૧ ને દિવસે શ્રી મહાવીર સ્વામિના જન્મ વાંચવાને પ્રસંગે કેટલાક વખતથી શરૂ કર્યાનો ઇતિહાસ મળે છે. તો તે તે ગામના સ્થાનીક શ્રી સંઘોને દ્રવ્યને સાધારણ દ્રવ્ય તરીકે ઠરાવે તો તેમાં વાંધા ભર્યું હોઇ શકે? કેટલેક ઠેકાણે દેવ દ્રવ્યમાં જાય જ છે. ત્યારે કેટલેક ઠેકાણે સાધારણમાં અને કેટલેક ઠેકાણે દેવ અને સાધારણ બંનેમાં અમુક-અમુક ભાગે પડતું લેવાય છે.

"જિજ્ઞાસુ બુદ્ધિથી પૂછાયેલા આ પ્રશ્નનો ખુલાસો તમારી જાણમાં શા પ્રમાણે છે?"

૧. સામાન્ય રીતે સ્હેજ ચર્ચાનો વિષય બની ગયેલી આ ચર્ચામાં ઉતરવાની મારી ઇચ્છા હતી. કારણ કે આપણે ત્યાં ચર્ચાના વિષયભુત બની ગયેલી બાબતમાં શાંતિથી સામસામા દૃષ્ટિબિન્દુ સમજવાને બદલે પછી ખેંચાખેંચીની બાબત ઘણી વખત બની જાય છે. એટલે તેનાથી કેટલેક પ્રસંગે દૂર રહેવું હિતાવહ હોય છે. પરંતુ જ્યારે જિજ્ઞાસુ બુદ્ધિથી પ્રશ્ન હોય છે. તો મારી સમજ મુજબ સમજાવવાની મારી ફરજ છે.

૨ જૈન શાસન કોઇ મત, પંથ, સંપ્રદાય વાડો નથી. પરંતુ તે એક સ્વતંત્ર અને વ્યવસ્થિત દર્શન છે. ધર્મની મૂળ પરંપરા છે. તે પોતાને કાપ-છેદ-તાપ અને તાડન એમ ત્રણ તથા ચાર રીતે પરીક્ષા કરીને ગ્રહણ કરવાની જગતના ચોકમાં ઉદ્‌ઘોષણા કરે છે. તેથી એક વ્યવસ્થિત દર્શન તરીકે તેની દરેક બાબત પ્રમાણયુત અને ધોરણસર હોય તોજ ચાલી શકે. નાનામાં નાની બાબતની પૂર્વાચાર્યોએ કેવી સુક્ષ્મ વિચારણાઓ કરી છે? તે જોઇએ છીએ ત્યારે આપણને આશ્ચર્ય થાય છે. **માટે કોઇપણ સુવિહિત સંગત રિવાજ કોઇના અંગત વિચારના તુક્કા તરીકે શરૂ થયો હોય એમ માની લેવાનું કારણ નથી. તેની પાછળ યોગ્ય વિચારણા છે કે કેમ? તેની તપાસ પછી જ અભિપ્રાય આપવો યોગ્ય ગણાય. પૂર્વાચાર્યો મહારાજાઓના**

**ગ્રંથો તરફ દૃષ્ટિ કર્યા વિના યા તો ઉપલક દૃષ્ટિ દોડાવીને સામાન્ય સમાજ જીવો ગમે તેમ માની લે, કલ્પના કરી લે, તે યોગ્ય ગણાય નહીં અને તે આધારે ગમે તેમ બોલવું પણ ઉચિત ગણાય નહીં.**

દરેક બાબતની પાછળના પૂર્વાચાર્ય મહારાજાઓનાં દૃષ્ટિબિંદુઓ પદ્ધતિસર સમજ્યા પછી જ તેના ગુણ–દોષ વિશે અભિપ્રાય બાંધવા જોઇએ. તેને પ્રમાણભુત માનીને જ ચાલવું જોઇએ. તેમાં મારી કે બીજાની અંગત સમજ કામમાં આવી શકતી નથી. પહેલાં આપણે આ સમજી રાખવું જોઇએ કેમકે જૈન શાસન સમજવું અતિ ગહન કાર્ય છે. કોઇપણ વિજ્ઞાનની શોધ કરતાં પણ જૈન શાસન સમજવું વધારે કપરૂં કામ છે.

૩ જૈન શાસન એ કોઇ સ્વચ્છંદી વિચારણાનો ખીચડો નથી. ગમે તે વ્યકિત સમુદાય, ગમે તે રીવાજ ઠોકી બેસાડી શકે એમ મોટે ભાગે બનતું નથી. કારણ કે તેને સશાસ્ત્ર કરાવવું પડે છે. નહીંતર તેની સામે ચર્ચાનો વંટોળ ખડો થાય છે. વગર ધોરણે કાંઇ કરી શકાતું નથી. નિહ્નવ યથાચ્છંદક, પાસત્થા ઉત્સુત્રપ્રરૂપક મિથ્યા દૃષ્ટિ, ઉન્માર્ગ પોષક પ્રત્યનીક વિગેરે બિરૂદોની હારમાળા શરૂ થઇ જાય છે. તે વસ્તુસ્થિતિ સમજાવે છે કે જૈન શાસનમાં જેમ–તેમ નભી શકતું નથી.

કોઇ–કોઇ જીવો અજાણતાં કોઇ વખત કોઇ ભુલ કરી બેસે, છતાં તે દુરાગ્રહથી કરવામાં ન આવી હોય અને સમજાવવાથી સુધરી જતી હોય છે ભૂલ થાય પણ તે સમજાય, તો સુધારી જ જોઇએ નહીંતર ચર્ચનો વિષય બન્યા વિના ન રહે.

૫ વળી સ્થાનિક સંઘતો શું ? પરન્તુ પૂજ્ય આચાર્ય મહારાજાઓ અને ચતુર્વિધ સકલ શ્રી શ્રમણ સંઘ પણ પોતાની ઇચ્છા પ્રમાણે, પોતાના અધિકારની બહારના કોઇપણ ઠરાવ કરી શકતાં નથી. બહુમતે કે સર્વાનુમતે પણ કરી શકતા નથી. આ તો એક સામાન્ય વ્યવહારની સાદી સમજની બાબત છે કે, વડી સરકાર પ્રાંતિક સરકાર, જીલ્લા સરકાર, કે, ગ્રામ્ય પંચાયત એ દરેક પોત–પોતાના અધિકારની બહાર જઇને કોઇનેય કોઇપણ જાતનો ઠરાવનો અધિકાર હોતો જ નથી. તો પછી રાજ્ય તંત્ર કરતાં પણ અતિ–સૂક્ષ્મ જૈન શાસન જેવા ધર્મ તંત્રમાં બિન અધિકારે ગમે તેને ગમે તેમ કરવાની છૂટ હોઈ શકે કે ? શું ગમે તેટલા આચાર્ય મહારાજાઓ એકત્ર મળીને સર્વાનુમતે પણ એમ ઠરાવી શકે, – કે "મોક્ષ જોવામાં આવતો નથી માટે હવેથી આઠ તત્વો માનવા" સમયકત્વ વિના બાર વ્રતોના ભાંગેમાંના એક પણ ભાંગો સંભવી શકતો નથી તો પણ હવેથી સમ્યકત્વ વિના પણ ભાંગો સંભવી શકતો નથી. તો પણ ભાંગા હોવાનું ઠરાવવામાં આવે છે." પાંચ મહાવ્રત જ ઉચ્ચરાવી શકાય તેને બદલે હવેથી બે કે ત્રણ મહાવ્રતો જ ઉચ્ચરાવીને

દીક્ષા આપવી" આવી જાતનો કોઈપણ ઠરાવ કરી શકે? શું સકલ સંઘ પણ કરી શકે પૂર્વાચાર્યોએ પૂર્વ કાલમાં પણ જે જે ઠરાવો કર્યા છે, તથા સ્થાનીક કે સકલસંઘ પણ ઠરાવો કરતાં હતાં તે સર્વ અધિકાર મુજબ કરવામાં આવેલા છે. તેજ માન્ય અને પ્રમાણુભુત કર્યા છે.

૬ એટલે સ્વપ્ન દ્રવ્ય જે દેવદ્રવ્ય ઠરાવનો યોગ્ય છે તેને સાધારણ દ્રવ્ય તરીકે કોઈપણ સંઘતો શું? પણ સર્વ આચાર્ય મહારાજાઓ અને સકલ સંઘ પણ ન ઠરાવી શકે. સાધારણ દ્રવ્યને જ્ઞાન દ્રવ્ય કે દેવ દ્રવ્ય ઠરાવી શકાય 'કેમકે તેમ કરી શકવાનું' વિધાન છે. **ઉપર ઉપરના દ્રવ્યો નીચે નીચે ક્ષેત્રોમાં** જઇ **શકતાં નથી નીચે નીચેના ક્ષેત્રોમાં દ્રવ્ય ઉપર ઉપરના ક્ષેત્રોમાં જઇ શકે છે.** (તેજ પ્રમાણે રીલીઝીયન દ્રવ્યો ચેરીટેબલમાં જઇ શકતાં નથી. ચેરીટેબલ દ્રવ્યો રીલીઝીયોન દ્રવ્યમાં જઇ શકે છે.) શ્રી સ્થાનીક સંઘો કયા અધિકારની મર્યાદાથી એ પ્રમાણે ઠરાવી શકે? પહેલાં તો એ અધિકાર નકી કરવો પડે ને? સ્થાનિક સંઘોને જરુર અધિકાર હોય છે. તો પણ આ જાતના અધિકાર તેમને નથી હોતાં **શક્તિ ન હોય, તો બોલી ન બોલાવનો અધિકાર છે પણ બોલેલી બોલીને ગમે તેમ વાપરવાનો અધિકાર નથી હોતો.** જો આમ મર્યાદાઓ ન હોય, તો પછી શ્રી જૈન શાસન અને શ્રી પરમાત્માનો સંઘ એક જાતની અરાજકતા મય જ ગણાય. પરન્તુ તેમ નથી. અંશત: અવ્યવસ્થા સર્વથા અવ્યવસ્થા નં ગણાય. માણસનો હાથ કપાવાથી તે પશું નથી બની જતો.

૭ સૌથી પહેલાં નીચેની બાબતો સમજવાથી ઘણી બાબતોનાં ખુલાસા આપોઆપ સરળતાથી થઇ જશે.

૮ (૧) સ્વપ્ન ઉતારવાની બોલી પરમાત્માની ચ્યવન કલ્યાણુક મારફત.સ્વપ્ન નીમિત્તક ભકિત પૂર્વક પૂજાના એક પ્રકારની બોલી છે. તેથી તે જન્મ કલ્યાણુક ઉજવવાના સ્નાત્ર પૂજાદિકમાં અર્પણુ થયેલા દ્રવ્યની માફક 'દેવદ્રવ્ય બને છે– કેમ કે પરમાત્મા તરફની ભક્તિ તે બન્નેય કલ્યાણુકની પૂજામાં મૂખ્ય નિમિત્ત છે. એકમાં મેરૂ પર્વત ઉપરનું સ્નાત્ર મુખ્ય નિમિત્ત છે. ત્યારે ચ્યવન કલ્યાકમાં ચૌદ સ્વપ્ન નિમિત્ત છે. ત્યારે ચ્યવન કલ્યાકમાં ચૌદ સ્વપ્ન મુખ્ય નિમિત્ત તરીકે રખાય છે. તેમાં દેવદ્રવ્ય સિવાય બીજો કોઇ વિકલ્પ જ ઘટી શકતો નથી ઘટાવી શકાતો નથી. પરાણે ઘટાવાય નહી એટલે હવે સમજી શકાશે કે– માત્ર આવક માટે કરવામાં આવેલો રીવાજ નથી. આવકરૂપ આનુષંગિક ફળ જરૂર છે. પરન્તુ હેતુ તો ભક્તિનો પ્રકાર પ્રગટ કરવાનો છે.)

(૨) સ્વપ્ન ભલે પરમાત્માના માતાજીને આવ્યા છે પરન્તુ પરમાત્માના બીજા ભાઇઓ કે બ્હેનોના ગર્ભાવતાર વખતે આવેલા સ્વપ્ન ઉતારવામાં આવતાં નથી.

તીર્થંકર પરમાત્માના ચ્યવનને આધારે આવેલા સ્વપ્ન જ ઉતારવામાં આવે છે. તેથી માતાજીને સ્વપ્ન આવ્યા માટે ઉતારતા નથી. પરન્તુ પરમાત્માના ચ્યવન નામના પહેલા મહાકલ્યાણકને સૂચવનારા હોવાથી તેમના તરફની ભક્તિ પ્રદર્શિત કરવા ઉતારાય છે. ભવ્ય જીવોના ઉત્સાહનું તેજ મુખ્ય બીજ છે. તેથી પરમાત્માના ચ્યવન વખતે જ આવેલા સ્વપ્ન ઉતારાય છે. તેમાં પણ આદીશ્વર ભગવાનના ચ્યવન વખતે પહેલા વૃષભ, મહાવીર સ્વામીના ચ્યવન વખતે પહેલો સિંહ, અને બીજાઓને માટે હાથી આ ફરક પણ તીર્થંકર પરમાત્માઓને લીધે જ છે. તેથી "માતાજીને સ્વપ્ન આવ્યા છે માટે તીર્થંકર પ્રભુ સાથે સંબંધ નથી." એમ કહેવામાં સુચિકિત તો નથી જ."

(૩) સૌ જાણે છે કેઃ-"મહાવીર પ્રભુના જન્મ વાંચના વખતે તેમના ચ્યવન સૂચક સ્વપ્ન ઉતારવામાં આવે છે." એ ઉપરથી પણ તીર્થંકર પ્રભુના ચ્યવનને સૂચવનારા હોવાનું સ્પષ્ટ રીતે સમજી શકાય તેમ છે. તેથી જ તેને મહત્વ અપાય છે. નહીતર હાથી, બળદ, સિંહ, તળાવ, દરિયો, ફુલની માળા વિગેરે પદાર્થોની એવી શી મહત્તા છે ? કે તેને ઉતારવા તેને ઝુલાવવા તેને ફુલની માળા પહેરાવવી તેમને માથે લઈને પાટ ઉપર પધરાવવા વિગેરે માટે :- "પરમાત્માના ચ્યવન સાથે ૧૪ સ્વપ્ન સંબંધ ધરાવતા નથી" આવી કોઈપણ કલ્પના મનમાંથી દુર જ કરી દેવી જોઈએ. જે વસ્તુ જેમ હોય તેમજ સમજવી જોઈએ. આ આખા પ્રસંગમાં તીર્થંકર પરમાત્મા જ મુખ્ય રહે છે. આ વાત સીધી રીતે કબુલ જ કરવી જોઈએ.

(૪) પ્રભુ પોતે પૂજય હોવાથી તેના જીવનની દરેક અવસ્થાઓ ભકતોને માટે પૂજય બની જ જાય છે. છતાં જૈન શાસ્ત્રોમાં પાંચ કલ્યાણકોને મુખ્યપણે પ્રતીક તરીકે રાખ્યા છે આ વાત સર્વ જૈનોમાં પ્રસીદ્ધ છે. "દીક્ષા" કેવળજ્ઞાન અને નિર્વાણ એ ત્રણ નિકટના હોવાથી એજ પૂજય છે અને બીજા બે પૂજય નથી. એમ કહી શકાય જ નહીં કેમકે જૈન ધર્મને માનનારને પાંચેય કલ્યાણકો પૂજયની કોટિમાં જ ગણવા પડે છે.

આપણે શ્રી પર્યુષણા કલ્પસૂત્રમાં સ્પષ્ટ રીતે સાંભળીએ છીએ, કે "પરમાત્માના ચ્યવનની ખબર પડતાંની સાથે જ ખુદ શક્રેન્દ્ર સિંહાસન ઉપરથી ઉઠે છે પગની મોજડી તજી દે છે, પરમાત્માની સામેની દિશામાં સાત આઠ ડગલા સામે ચાલે છે. ભકિતપૂર્વક હાથ જોડી ડાબો ઢીંચણ સહેજ ઉંચો કરી શક્રસ્તવ નમુત્થુણં સુત્ર બોલી પરમાત્માની સ્તવના કરે છે." આ રીતે ચ્યવન કલ્યાણક નિમિત્તક પરમાત્માની ભકિત કરે છે.

આ ઉપરથી પરમાત્માના ચ્યવન કલ્યાણકની ભકિત પૂજા શાસ્ત્ર પૂરાવાથી સિદ્ધ છે. માટે ચ્યવન અને જન્મ કલ્યાણક પણ ભકિતને યોગ્ય છે. એ વાત સમજી લેવી જોઈએ.

(૫) શ્રી પર્યુષણા કલ્પસૂત્ર માં ૧૪ સ્વપ્ન વિગતવાર વર્ણન ચૌદ પૂર્વધર સૂત્રકાર મહારાજા કરે છે. તેનો હેતુ પણ પ્રભુના ચ્યવન કલ્યાણક તરફ ભક્તિ બતાવાનો ઉમળકો વ્યક્ત કરવાનો છે. તથા "આ ચૌદ સ્વપ્ન એટલા બધા સ્પષ્ટરૂપે આવ્યા હતા કે, તે તીર્થંકર પરમાત્માના ચ્યવનના સૂચક છે. ચક્રવર્તિના સ્વપ્નના સૂચક નથી." એમ પણ બતાવવાનો હેતુ છે. નહીંતર તો ગઈ વસહ એ ગાથા માત્રથી ચૌદ સ્વપ્ન આવ્યાની હકીકત કહેવાઇ જાત છતાં કોઇ પ્રતમાં સંક્ષેપ વાચના હોય, કે વિસ્તૃત વાચના હોય, છતાં એટલું તો સ્પષ્ટ છે જ કારણ કે એ ગાથાથીજ ન ચલાવી લેતા સૂત્રકાર મહારાજા થોડું કે ઘણું પણ વિગતવાર વર્ણન કરે છે. એટલું જ નહીં પરન્તુ સૂર્યની કે સિંહની તાળવાની લાલીમા, વિગેરે વૃષભની ધવલીમાં વિગેરેમાં જે જે અલંકારિક પદ્ધતિએ અનેક ઉપમા ઉપનયથી વર્ણન કરે છે. જે કાવ્ય શાસ્ત્રના એક અદ્ભુત નમુના તરીકે અપૂર્વ કોટિના કાવ્ય ઠરે છે. તીર્થંકરના ચ્યવનસુચક હોવાથી માતાજી સ્વપ્ન સ્પષ્ટ જોઇ શકયા હતા" એમ બતાવવા માટે એટલું વિગતવાર વર્ણન કરે છે. આ પણ તીર્થંકર પ્રભુનાં ચ્યવન સાથેના સંબંધનો એક મજબુત પુરાવો છે.

(૬) પૂર્વ પુરૂષોની કોઇપણ સ્નાત્રપૂજા લો તેમાં પરમાત્માના ચ્યવનનો પ્રસંગ વર્ણવતા ગયવર દીઠો ઇત્યાદીથી ચૌદ સ્પનનું વર્ણન આવેજ છે. પછી ચૈત્યવંદન નમુત્થુણં ને પછી મેરૂ ઉપર સ્નાત્રાભિષેકના કળશની ઢાળો આવે છે. આ પણ એવોજ પૂર્વ પુરૂષોના ટેકાનો મજબુત પુરાવો છે.

(૭) તીર્થંકર પરમાત્માના પૂર્વાચાર્યો વિરચિત કોઇપણ ચરિત્ર ગ્રંથ લ્યો તેના ફળ તરીકે, મહાપુરૂષોનો જન્મ વિગેરે વર્ણન આવેજ છે.

(૮) આ જગતમાં પરમાત્માના અવતારનું પહેલામાં પહેલુ સુચક નિમિત ચૌદ સ્વપ્ન બને છે માટે ત્રિલોક પૂજ્ય પરમાત્માના ભકતોને મન ૧૪ સ્વપ્નથી પણ એક સન્માનનો વિષય બની જાય છે અને નિક્ષેપાઓના તત્વજ્ઞાનની દૃષ્ટિથી તે બરાબર છે પરન્તુ તે સુક્ષ્મ વિચારણા સામાન્ય વાચકો ન સમજી શકે માટે અહીં કરવામાં નથી આવી આટલા બધા પુરાવા છતાં હવે ચૌદ સ્વપ્ન ઉતારવામાં ચ્યવન કલ્યાણકની ભક્તિ હોવામાં શી શંકા રહે તેમ છે? તો તે પછી જન્મ માતાજીથી થયો છે, અને પુત્ર કરતાં માતાજી વિશેષ માન્ય હોવાથી દેવોએ મેરૂ પર્વત ઉપર તેમનું સ્નાત્ર કરવું જોઈએ પણ પુત્ર વિશિષ્ટ હોવાથી માતા કરતાં પણ તેની ભક્તિ દેવેન્દ્રો વિશેષ કરે છે. એજ પ્રમાણે સ્વપ્નમાં પણ તીર્થંકર પરમાત્મા જ મુખ્ય છે. માતાજી મુખ્ય નથી. એમાં ન સમજાય તેવું શું છે?

(૯) કેટલાક ભાઇઓ અહીં એક એવો પ્રશ્ન કરે છે કે "તો પછી તીર્થંકર પરમાત્માની દરેક વસ્તુ દેવ દ્રવ્ય થઇ જાય અને તેમના જન્મ બાદ તેમના કુંટુમ્બીઓ તેમને ઘેર જમે છે. તેમના ધન્યનું ભવ્યો વર્ષીદાન લે છે વિગેરે કેમ લેવાય."

( જુઓ પેજ નં. ૧૮૫ )

# સ્વ. પંડિતવર્ય શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખનો

## તેમના જ શબ્દોમાં પરિચય

પ્રેષક : પં. શ્રી કપૂરચં[redacted] પાલિતાણા.
[redacted]

(પં. શ્રી પ્રભુદાસભાઈ બેચરદાસ પારેખે. વિ. સં. ૨૦૧૬માં શ્રી જૈન શ્રેયસ્કર મંડળ મહેસાણા દ્વારા શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર ઉપર **'સારબોધિની'** વિવેચન બે ભાગમાં ૧૭૦ ફર્માંમાં લખેલ. તેના અંત્ય ભાગમાં પેજ ૧૦૭૫ થી ૧૦૮૩ સુધીમાં પોતાનો પ્રમાણભૂત પરિચય આપેલ છે, તે નીચે પ્રમાણે આપવામાં આવે છે. ક. ર. વારૈયા)

આ (તત્ત્વાર્થ) ગ્રંથના મૂળ સૂત્રોનો ગુજરાતી ભાષામાં અર્થ અને **'સારબોધની'** નામનું વિવેચન મેં શ્રાવકાણુ ગૃહસ્થે લગભગ વિ. સં. ૧૯૯૭માં શરુ કરી વિ. સં. ૨૦૧૫માં ચરમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામી પ્રભુના જન્મ કલ્યાણક દિવસે ચૈત્ર સુદિ તેરસે પૂર્ણ કરેલ છે.

વિ. સં. **૧૯૬૩ના શ્રાવણ શુદિ ત્રીજને** દિવસે શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા મહેસાણામાં પ્રવેશ કર્યો. ત્યાં જૈન તત્ત્વજ્ઞાનના પ્રકરણો વગેરે શાસ્ત્ર-ગ્રંથોનો અભ્યાસ: પ. પૂ. ગુરૂ મહારાજાઓનો પરિચય : અને વ્યાખ્યાનાદિ શ્રવણ : જુદા જુદા ઇતર સાહિત્ય ગ્રંથોના વાંચન–મનનઃ અને અનુભવ વગેરેને આધારે એક પ્રકારની જે સમજ મનમાં ઉત્પન્ન થઇ, તેના નવનીતનું સંક્ષિપ્ત પ્રતિબિંબ આ સારબોધિની રૂપે કાંઇક ઉપસાવેલું છે.

સૌરાષ્ટ્રમાં પ્રસિદ્ધ શહેર **રાજકોટ** વડીલોનું કેટલાક સૈકાઓથી મૂળ વતન. જૈન દહેરાસરની પાસેની ધર્મશાળાને સ્થાને પારેખ શેરીમાં વડીલોના મકાનો આવેલ હતા.

મારો જન્મ તેની પાસેના **ખેઇડી** ગામમાં વિ. સં: **૧૯૪૯ના માઘ** માસમાં. જન્મ પછી થોડા જ વખતમાં પિતાશ્રીને ધંધા માટે સરધાર પાસેના રાજકોટના જાડેજા ઠાકોરશ્રીના ભાયાતી ગામ (પાધરાના) **સમઢીયાળા** રહેવા જવાનું થવાથી કિશોરાવસ્થા સુધી ઉછેર ત્યાં થયો.

અઢીસો માણસોની વસ્તી ધરાવતા તદ્દન નાનકડા પણ રમણીય પરિસર ધરાવતા તે ગામમાં સરકારી કે બીજી નિશાળ ન હોવાથી **આટકોટમાં પિતાજીના અમૃતબાઇ નામે નાના ફૈઇબા (રતિલાલ અદાણીના પિતામહી)** તથા ભાડલા અને પાછળથી ખેઇડીમાં રહેતા મારાં પોતાના **સાંકળીબાઇ નામના ફૈઇબાને** ત્યાં રહી, ગુજરાતી

ચાર ચોપડીઓ સુધીનો અભ્યાસ કરાયો હતો. તથા **સમઢીયાળાથી** એક ગાઉ દૂર આવેલા **પઢાસણગામમાં** પણ રોજ ભાતા સાથે પ્રાતઃકાળે જઇ સાંજે પાછા આવવું, એમ થોડો વખત અભ્યાસ કર્યો.

ત્યાર પછી મારી નવેક વર્ષની વયે, માતાજીના પંચત્વ બાદ હાથે રસોઇ કરવી: જાતે પાણી ભરી લાવવું: વાસણ હાથે જ માંજવાઃ તથા ઘરની સાફ–સુફી વગેરે જાતે જ કરવા સાથે સરધારમાં બન્નેય ભાઈઓએ સાથે રહીને મેં બે અંગ્રેજી સુધીનો અને નાના ભાઇએ ગુજરાતી પાંચ સુધીનો અભ્યાસ ઘણા જ આનંદ સાથે કર્યો. **પિતામહ શ્રી રામજી પારેખ** કોઇ કોઇવાર તેમાં સહાયક થતા હતા. શનિવારે સાંજે ૪ માઇલ સમઢીયાળે જવું : અને સીધા સામાન સાથે સોમવારે સવારે સરધાર આવી જવાથી ૧૦ વાગતા નિશાળે જઈ શકાતું હતું કેટલાક વિદ્યાર્થીઓ શિક્ષકની સૂચનાથી ઘેર શિખવા આવતા હતા, જેથી વર્ગમાં પાઠ આપવાની ખાસ મુશ્કેલી નડતી નહોતી. વિદ્યાર્થીઓને શિખવવાથી જ પાઠ તૈયાર થઈ જતા હતા. તથા વર્ગમાં વિદ્યાર્થીઓનો અભ્યાસ તપાસવામાં શિક્ષકને મદદરૂપ થઈ શકાતું હતું.

**મહેસાણાની ઉક્ત પાઠશાળામાં પ્રવેશ કર્યા પછી, શ્રી નવકાર મહામંગલ સૂત્રથી ફરીથી શરૂઆત કરી, કારણ કે–સરધારની જૈન પાઠશાળામાં કરેલો સૂત્રપાઠોનો અભ્યાસ બરાબર તાજો નહોતો.**

**પંડિત ભગવાનદાસ હરખચંદ** તથા **અધ્યાપક હીરાચંદ દેવચંદ** દ્વારા કર્મગ્રંથાદિક સુધીનો અભ્યાસ બહુ જ ચર્ચા–વિચારણા સાથે રસપૂર્વક થયો, ને ભાંડારકરની બે સંસ્કૃત પુસ્તિકાઓ પૂરી કરી. જેની પ્રાથમિક શરુઆત ગંભીર અને હાર્દિક સહાનુભૂતિ ધરાવતા તે વખતના સંસ્થાના મેનેજર શ્રી વલ્લભદાસ હાવાભાઇએ કરાવી હતી.

ભાંડારકરની બે સંસ્કૃત પુસ્તિકાઓઃ લઘુવૃત્તિઃ તથા કેટલુક સિદ્ધહેમ વ્યાકરણ (૧૮૦૦૦ હજારી)નું વાંચન પણ કાશીના પંડિતો **શ્રી રામ લક્ષ્મણ શાસ્ત્રીજી** તથા **શ્રી રઘુવંશમણિ શાસ્ત્રીજી** પાસે થયું.

પરંતુ લઘુવૃત્તિ પૂરી થતાં પહેલાં મહેસાણા છોડી વીસનગર જવાનું થયું જયાં તે વખતના પંન્યાસજી પાછળથી આચાર્ય મહારાજ **શ્રી વિજયનીતિ સૂરીશ્વરજી મહારાજ** પાસેના પંજાબી ઉદાસીન સંપ્રદાયના સંન્યાસીજી પાસે લઘુવૃત્તિ પૂરી કરી. અને બાકીના સિદ્ધહેમનું વાંચન કેટલુંક થયું. આઠમો અધ્યાય પ્રાકૃત વ્યાકરણઃ કાવ્યોઃ નાટકોઃ ન્યાયઃ તત્ત્વાર્થ સિદ્ધસેનીય ટીકાઃ વગેરેના વાંચન સાથે ગુજરાતી ભાષામાં તે સમયે પ્રસિદ્ધ થતા વિદ્વાનોના લૌકિક સાહિત્યનું વાંચનઃ પ. પૂ. આચાર્ય મહારાજશ્રીના

શિષ્ય પ્રશિષ્યાદિને સ્વાધ્યાયમાં સહકાર અને શાસ્ત્ર વાંચન–મનનનો ક્રમ વગેરે ચાલુ હતાં.

**ઇ. સ. ૧૯૧૪ પછી રાષ્ટ્રીય હીલચાલમાં પ્રવેશ:** અમદાવાદની કોંગ્રેસના પંડાલ બાંધવા વગેરેમાં જેનો ઉપયોગ સારા પ્રમાણમાં થયો હતો તે હાથે કાંતેલા સુતરની ખાદીનું પણ ઉત્પાદનઃ વેચાણઃ શ્રી દીવાળીબાઇ શ્રાવિકા જૈન ઉદ્યોગશાળાનું સંચાલન: દારૂના વેચાણ ઉપર ધીણોજમાં પીકેટીંગ: ખાદી ધારણઃ વગેરે પ્રવૃત્તિઓ ઉપરાંત–પાટણ (ઉત્તર ગુજરાત)ના કોંગ્રેસની પ્રાંતિક સમિતિના મંત્રી તરીકેની ખાદી ઉત્પાદન વગેરેને લગતી પ્રવૃત્તિઓઃ વગેરે ઇ. સ. ૧૯૨૧ સુધી ચાલુ રહ્યા. પરંતુ ચૌરીચોરાના હત્યાકાંડ પછી "આખી રાષ્ટ્રીય હીલચાલનું સંચાલન પોતે આપવા ધારેલા પોતાના હેતુ મુજબના સ્વરાજ્યની કડક માંગણી કરાવવા માટે દેશી વ્યક્તિઓને આગળ રાખી પાછળના હાથોથી બ્રીટીશ મુત્સુદ્દીઓ જ ચલાવરાવી રહ્યા છે અને તેની પાછળ તેઓની ન સમજી શકાય તેવી અસાધારણ ચાલ છે" એમ સ્પષ્ટ રીતે સમજાઇ ગયા પછી, તેમાંથી પ્રથમ શ્રદ્ધા ઘટવા લાગી, અને પછી જેમ જેમ વિશેષ પૂરાવા મળતા ગયા, તેમ તેમ તેને લગતી ભાવનાઓ સર્વથા ઓસરતી, ને એ સત્ય બરાબર દૃઢપણે સમજાઇ ગયું.

દરમ્યાન કાંઇક એ અસર તળે પાટણ (ઉ. ગુ.)માં વિ. સં. ૧૯૮૦થી વિશ્વનેતા સમર્થ વિશ્વ કલ્યાણકર મહાત્માઓ પ્રાપ્ત કરવાના મુખ્ય ઉદ્દેશના પ્રાથમિક પ્રયોગ રૂપે શરૂ કરેલ **"જૈન વિદ્યાભવન"** નામની શિક્ષણના વિલક્ષણ પ્રયોગની સંસ્થા રાધનપુર લઇ જવામાં આવી. એકંદર છ વર્ષ ચલાવ્યા બાદ એ પ્રયોગમાં પણ સૂક્ષ્મ દૃષ્ટિથી પરિણામે આપણી પ્રજાને મોટી હાની પહોંચે તેવા વિદેશીય હેતુઓને મદદ પહોંચતી હોવાનો ખ્યાલ આવી જવાથી તેમાંથીયે મન પાછું ખેંચી લેવામાં આવ્યું. એ સંસ્થા પાછળથી **શ્રી ઇશ્વરલાલ મોરખીયા જૈન બોર્ડીંગ રાધનપુરના** રૂપમાં ખાસ એક જ સ્થાનિક ગૃહસ્થ શ્રી **કાંતીલાલ ઇશ્વરલાલ મોરખીયા રાધનપુરના** આર્થિક સહકારથી ફેરવાઇ ગઈ.

અમદાવાદમાં રહી **'જીવન વિકાસ'** અને મેટરની ચોરી થવાથી ફરીથી બીજીવાર **'પ્રાકૃત પ્રવેશિકા'** લખાયા ને છપાયા. વિ. સં. ૧૯૮૯ થી મહેસાણા જૈન પાઠશાળાના સંચાલકોના આગ્રહથી તે સંસ્થાને યોગ્ય પાયા પર મૂકવા હાથ ધરવામાં આવી. મેને-જર તથા સ્થાનિક સંચાલન તરીકે કેટલીક કામગીરી બજાવતાં બજાવતાં ઉચ્ચ વિષયોમાં આગળ વધેલા કેટલાક અભ્યાસી વિદ્યાર્થીઓ તૈયાર કરવામાં આવ્યા. જેની અસર આજે પણ કેટલેક અંશે ચાલુ છે. **'વિસ્તૃત સાર્થ પંચ પ્રતિક્રમણુ' 'દ્રવ્ય–ગુણ–પર્યા-**

**યનો રાસ'** વગેરે ખાસ પુસ્તકો લખાયા. ને છપાયા. **'શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રની સારબોધિની'** લખવાનો પ્રારંભ પણ ત્યાંથી જ થયો.

જૈન શાસનઃ ચાર પુરૂષાર્થની (ભારતીય) મહા આર્ય અહિંસક સંસ્કૃતિ અને બીજા માનવાદિકોના વ્યાપક હિતોના કાર્યોઃમાં વિશેષ લક્ષ્ય આપી શકાય તેવા માત્ર લક્ષ્યથી મહેસાણા જૈન પાઠશાળા પ્રત્યક્ષથી છોડવામાં આવી.

**"બિહાર હિંદુ રીલીજીઅન ટ્રસ્ટ બીલ"** ની સામે વિરોધ કરનારા જૈન ગૃહસ્થો સાથે, શ્રી **મદ્રાસ જૈન સંઘ** તરફના પ્રતિનિધિ તરીકે પટણામાં વિરોધ સમિતિમાં હાજરી આપી. ત્યાંથી પાછા ફરતા શ્રી શિખરજી વગેરેની યાત્રા કરી, પ્રાસંગિક રીતે વચ્ચે કલકત્તા ઉતરતાં ત્યાંના કેટલાક ભાઈઓનો પરિચય થતાં તેઓની કલકત્તા આવવાની સાગ્રહ હાર્દિક ઈચ્છાને માન આપવા શ્રી જૈન શાસનાદિને માટેના જીવન લક્ષ્યોની સાધનામાં વિશેષ વેગ મળવાના આશયથી કલકત્તામાં રહેવાનું થતું રહ્યુ.

તે દરમ્યાન, મુંબઈ 'પબ્લીક ટ્રસ્ટ બીલ' કાયદો થતાં, **વેજલપુરના ગાંધી રતિલાલ પાનાચંદે** તેની સામે મુંબઇ હાઈકોર્ટમાં રીટ કેસ કર્યો. અને તેની અપીલ દિલ્હી સુપ્રીમ કોર્ટમાં થઈ, તેમાં એકાદ વર્ષ ઘટતો સહકાર અપાતો રહ્યો. તેમજ **"દિવ્ય પ્રકાશ"** પાક્ષિકના **જસાણી હકમીચંદ દેવચંદના** સંચાલનમાં સહકાર તથા બીજા કાર્યો થયાં તિથિ વિષેના સમાધાન અને શાસનહિતના બીજા કાર્યો માટે પણ પ્રયાસો કરાતાં રહ્યાં.

આ રીતે જીવનના મુખ્ય ઉદ્દેશો યથાશક્તિ સાધવા સાથે હાલ કલકત્તા ખાતે બીકાનેર નિવાસી ને ધર્મનિષ્ઠ સાધર્મિક બંધુઓના પઠન–પાઠનઃ ધર્મ અને સાંસ્કૃતિક વિચારણા આદિમાં સહકાર ચાલુ છે.

તે ગૃહસ્થોનાં નામ છે–**શ્રી છોટમલજી સુરાણા** શ્રી અને **શ્રી કનૈયાલાલ વેદ.** દરમ્યાન **શ્રી આનંદઘન ચોવીશીની પ્રમોદા વિવેચના** બેવાર લખાઇ અને બે વાર છપાવાઇ મહેસાણા પાઠશાળા તરફના કેટલાક ચાલુ કર્મગ્રંથાદિક પૂરા કરાવવામાં સહકાર અપાયો. અને **તત્વાર્થ સારબોધિનીનુ** કામ આગળ ચાલુ રહ્યુ અને પુરું યે થયું તેમજ કાનજી સ્વામી નામના એક સ્થાનકવાસી જૈન મુનિએ પાછા ગૃહસ્થ થઇ ગયા પછી સોનગઢ (સૌરાષ્ટ્ર)માં રહીને ચલાવેલો મત જૈન શાસનને ભયંકર હાનિ કરનાર કેવી રીતે છે? તેના મૌલિક રહસ્યો દર્શાવતી **'જૈનપને કે લક્ષણ'** નામની પુસ્તિકા હિંદી ભાષામાં અને **"પંડીત સુખલાલજીને હાર્દિક શુભેચ્છા પત્રનું સમર્પણ"** ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ કરાયા તથા **"હિત–મિત–પથ્યં સત્યમ્"** નામના પત્રમાં લેખો આપવાનું વચન પળાઇ રહ્યું છે બીજી કેટલીક હિંદી પત્રિકાઓ સાથે

**"પ્રજાના ભલા માટે શ્રી વિનોબા ભાવેજીને ખૂલ્લો પત્ર"** છપાયો. અને વહેંચાયો. **'સટીક પંચ સૂત્ર'** અને **'સટીક દ્રવ્ય સપ્તતિકા'**નું સંપાદન કાર્ય અવકાશે અવકાશે ચાલુ છે, હવે પછી જીવનનો પ્રવાહ શી રીતે વહેશે ? તે તો ભવિષ્ય કહેશે. સંસ્કૃતિ અને શાસનહિતનો અનેક પ્રકારનો વિચારપૂર્ણ પત્ર વ્યવહાર અધિકારી સ્થાનો સાથે ઘટતી રીતે ચાલુ જ હોય છે.

"મારવાડના કોઇ પ્રદેશના ગામમાંથી ગુજરાતમાં આવી **ખંભાત** વસેલા વડવાઓ **શિહોર** થઇ **અમરેલી** આવેલા" ત્યાં સુધીની હકીકત વડીલો પાસેથી સાંભળી છે. આર્ય-પ્રજાની અમુક અંશે આનુવંશિક વિશુદ્ધિ ધરાવતી **દશાશ્રીમાળી જ્ઞાતિના પારેખ** કુટુંબમાં થયેલા **શ્યામા પારેખના** વખતથી તે આજ સુધીના પુત્ર પૌત્રાદિનું રીતસરનું વંશવૃક્ષ મળે છે." આ વંશવૃક્ષની નોંધ રાખનારું કુટુંબ કચ્છમાં રહે છે" એમ જાણ્યું છે. તેઓ પોષાગરી (પૌષધકારી ?) કહેવાય છે, જેઓ કદાચ કડવામતી શ્રાવકની પરંપરાના હોય. ભારતના માનવ વંશોની વૈજ્ઞાનિક વિશુદ્ધિ જાળવવાની દૃષ્ટિથી મહાપુરુષોના વખતથી ચાલી આવતી સુવ્યવસ્થાની જવાબદારી સંભાળવા આવા ઘણા વર્ગો ભારતમાં વિદ્યમાન છે. જેમ બને તેમ પવિત્ર જીવન ગાળતા તે ભાટ, ચારણ, બારોટ, વહીવંચા વગેરે નામે પ્રસિદ્ધ છે. તેમાંનો એક તે પોષાગરીઓનો વર્ગ છે જેમ ધનોત્પાદક પ્રજાની આવકમાંથી અમલદારો, શિક્ષણસંસ્થાઓ, મ્યુનીસીપાલીટીઓ, કોર્ટો, સંશોધક ખાતાઓ, પોલીસ, લશ્કર, વગેરેના ખર્ચ ચલાવાય છે, તે પ્રમાણે પ્રજાના હિતની સાંસ્કૃતિક મર્યાદાઓના શિક્ષક-માર્ગદર્શક રક્ષક વગેરેના કામોના સંચાલક અમલદારો તરીકે સાદું અને સંયમી જીવન જાળવવા ઐચ્છિક દાન ઉપર આજીવિકા ચલાવનારા વર્ગો ભારતમાં હતા અને છે. જેથી વૈજ્ઞાનિક આધાર ઉપર માનવજીવનના સાંસ્કૃતિક તમામ નાના-મોટા તત્ત્વો વિકસતા અને પોષાતા હતા. છતાં તેનો ભાર પ્રજા ઉપર બોજારૂપ ન થાય એ રીતે આવો વંશ નોંધનારો વર્ગ આનુવંશિક શુદ્ધિ જાળવવામાં પ્રજાને અસાધારણ મદદગાર થાય છે.

રાજકોટના ઠાકોરશ્રી સાથે પરણાવેલા અમરેલીના રાજકુંવરી સાથે તેના કામદાર તરીકે શ્યામા પારેખના કોઇ વંશજ રાજકોટ આવ્યા હતા.

તેઓ સ્વાભાવિક રીતે જ શ્રીમાલી હોવાથી જૈન શાસનની શ્વેતાંબર મૂર્તિપૂજક મૂળ પરંપરાના અનુયાયી હોવા છતાં રાણીજીના પરિચયથી હવેલીના પુષ્ટિમાર્ગીય સંપ્રદાયનો વૈદિકધર્મ પાળતા થયા હતા. સંભવ છે, કે- શ્રી વલ્લભાચાર્યના પ્રભાવથી વડનગર, મહેસાણાના નાગર વણિકોની જેમ તેઓ ઉપર પણ અસર પડી હોય આજે પણ તેમાંના વ્રજપાળ પારેખના ઘણા વંશજો વૈષ્ણવ સંપ્રદાયનો ધર્મ પાળે છે. છતાં દશાશ્રીમાળી જ્ઞાતિ તરીકે સ્થાનકવાસી સંપ્રદાય તથા શ્વે. મૂર્તિ પૂજક પરંપરાના અનુ-યાયી કુટુંબો સાથે લગ્ન-સંબંધો હોવાથી, આજે ઘણા કુટુંબો મોસાળ પક્ષના સંબંધથી

સ્થાનકવાસી સંપ્રદાય અને **જૈન શાસનની મૂળ પરંપરાની તપાગચ્છીય પરંપરાને** અનુસરે છે.

એજ રીતે, અમારા વડવાઓ પણ **શ્રી રામજી** પારેખના મોસાળ પક્ષના **બાટા દોશીવાળા** દોશી કુટુંબના **ભગવાનજી** દોશીના સંપર્કથી શ્વે. મૂ. પરંપરાને અનુસરતા આવે છે વચલા વખતમાં અને આજે ગમે તેમ બન્યું હોય, પરંતુ જુના વખતમાં જિનમૂર્તિપૂજાને માન્ય રાખનારા જૈન શાસનની મૂળ પરંપરાના અનુયાયીઓ હોવા જ જોઇએ કેમકે વૈષ્ણુવ સંપ્રદાયનો વિશિષ્ટ પ્રચાર શ્રી વલ્લભાચાર્યની પછી શરૂ થયો છે. સ્થાનકવાસી સંપ્રદાયની રીતસરની શરૂઆતને ૩૦૦ વર્ષ લગભગ થયા છે. **લોંકાશાહ પોતે વંશ પરંપરાથી** મૂળ **સ્થાનકવાસી તો નહોતા જ.** તેને અનુસરનારાઓએ તો લોંકાગચ્છ ચલાવેલો છે, ને તે ગચ્છ હોવાથી તે તો મૂળ પરંપરા સાથે જ જોડાએલો રહે તે સ્વાભાવિક છે. બીજું પ્રમાણ એ છે કે **પારેખ** કુટુંબની **બીજી શાખા દોશી** તરીકે પ્રસિદ્ધ છે. જેના મુખ્ય કુટુંબો **સરધાર** વગેરેમાં રહે છે. તેઓ **શ્વે.** મૂ. જૈન **ધર્મની મૂળ પરંપરાના** અનુયાયીઓ તરીકે આજે પણ ચાલ્યા આવે છે. **સરધારના શ્રી જિનમંદિર વગેરેના મુખ્ય વહીવટ કરનારા તેઓ છે** આથી આ પારેખ કુટુંબ પણ જુના વખતમાં ચોક્કસ **તપાગચ્છીય** કે કોઇ પણ પ્રાચીન ગચ્છની પરંપરાના અનુયાયી જ હશે **ત્રીજી દેશાઈ શાખા** પણ આ કુટુંબની હોવાનું સંભળાય છે. પરંતુ હજી તે સંશોધનનો વિષય છે.

અમારી લગભગ ૮–૯ વર્ષની ઉંમરેજ **માતુશ્રી શ્રી મોંઘીબાઇ** પંચત્વ પામ્યા હતા. તેનો ઉલ્લેખ કરવાનું અહીં એટલા માટે આવશ્યક છે, કે–તેમની પાસેથી જાણુવા મળ્યું હતું કે–"તદ્દન શૈશવ અવસ્થામાં ઘરમાં બેસાડી, બંધ કરી, ઘરકામે જવાનું થાય, ત્યારે પણ ચૂપચાપ બેસી રહેવું, આપે તો લેવાનું, ન આપે તો કશી જીદ્દ કે લાલચ બતાવવાની નહીં. શાંત અને તટસ્થ જેવો સ્વભાવ બીજા બાળકો કરતાં જુદો પડતો હતો.

આ ઉપરથી જીંદગીમાં હિતોને આડે આવનાર વિરોધીઓ તથા અંગત શારીરિક હુમલો કરવાની ધારણા રાખનાર તથા બીજી રીતે હેરાન કરનાર તરફ પણ કદી મનમાં દ્વેષનો ડાઘ લાગ્યો નથી, અને પ્રેમ તથા વાત્સલ્ય કરવા લાયક સ્નેહીઓ તરફ રાગનો ઉભરો આવતો નથી, તથા અન્યથા પ્રસંગે શોકઃ પરિવેદના: વગેરે લાગણીઓ ઉભરાતી નથી. સંત પુરૂષોની શાતા–આશાતાના વાંચનઃ શ્રવણથી એ પ્રમોદ જાગતો હોય છે. અને ચક્ષુઓ જરૂર દ્રવતી હોય છે. માતુશ્રીની તે વાતનો આજે પણ કાંઇક અનુભવ થાય છે.

માતાજી–શ્વે. મૂ. પરંપરાના અનુયાયી **રૂપાવટી–ખોરાણા–નાગલપુરના દોશી કુટુંબના** હતા. પરંતુ ગામડામાં ઊછેર થવાથી રામાયણ સાંભળવાનો શોખ ધરાવતા

હતાં થોડુંક વાંચતાં–લખતાં શિખ્યો એટલે મારી પાસે **ગિરધરકૃત રામાયણ** વંચાવે અને બીજી શ્રોતા બાઈઓને તેનો ભાવાર્થ તેઓ સમજાવે. આથી રામાયણના ભારતીય સંસ્કારી પાત્રોના પરિચય બહુ જ નાની ઉંમરથી મને થયો. તથા **વયોવૃદ્ધ પિતામહ શ્રી રામજી પારેખ** સાથે વધારે સંપર્ક રહેવાથી, રાત્રે તેમની સાથે સૂતા પહેલાં મહાભારતની રસિક વાતો સાંભળવા મળ્યા કરતી હતી.

પિતાશ્રીના બ્રાહ્મણમિત્રો પાસેથી શ્રાવણ માસમાં કે બીજા પ્રસંગે ભાગવત, મહાભારતના સ્વર્ગારોહણપર્વ તથા પ્રસંગે પ્રસંગે સત્યનારાયણની તથા બીજી કથાઓ સાંભળવામાં આવતી હતી. પિતાશ્રીના ખાસ મિત્ર **ભાઈ શંકર ભટ્ટ,** માતુશ્રીના મરણ બાદ તેમના મિત્રને આશ્વાસન આપવા **ભગવદ્‌ગીતા** સંભળાવતા રહેતા હતા. તે પણ વખતે વખતે સાંભળવા મળતી હતી. પછી તો સંસ્કૃત ભણ્યા પછી ૨૦–૨૫ વખત તે વાંચી જવાઈ હશે. તથા ભાગવતના કેટલાક ભાગો વાંચવામાં આવ્યા. સાંભળવાનો શોખ એટલો બધો તીવ્ર હતો કે–શિકાર–જુગાર–દારૂ–માંસ–પરસ્ત્રીગમન વગેરેના ત્યાગી સ્વામીનારાયણ સંપ્રદાયના ગામના સંસ્કારી દરબારોમાં રૂપસિંહજી બાપુ અતિ રસપ્રચૂર વાર્તાઓ કહેવામાં ભારે કુશળ હતા. પોષ મહિનાની કડકડતી ઠંડીમાં પણ તેમની કચેરીની બહાર ખૂલ્લા ઓટલા પર બેસીને રાતના ૨–૩ વાગે વાર્તાઓ પૂરી થાય ત્યાં સુધી તે સાંભળવામાં આવતી હતી, કચેરીના બારણા બંધ રહે. સૌ મોટી સગડી પાસે તાપતા બેઠા-બેઠા વાર્તા સાંભળતા હોય.

પિતાશ્રીના ઉઠતાં પહેલાં ઘેર પહોંચી જવાનું. તેઓ તૈયાર થઈને થોડીવારે ઘેર જાય તે પહેલાં ઘરમાં દાખલ થઈ જવાનું જ.

તે ઉપરાંત, દુકાનની પાસે જ સ્વામીનારાયણનું મંદિર. સાંજે દરબાર દર્શને જાય ત્યારે બોલાવતા જાય. અને સ્વામીનારાયણ સંપ્રદાયનો મુખ્ય ગ્રંથ 'વચનામૃત' કે જે ગુજરાતી ભાષામાં છે, તે મારી પાસે વંચાવે, પોતે તેનો ભાવાર્થ દર્શન કરવા આવેલા શ્રોતાઓને સંભળાવે. આ સંપ્રદાયનું મૂળ સાંખ્ય દર્શન છે. વચનામૃતમાં વેદાંતનું ખંડન આવે છે. આ રીતે ધાર્મિક ગ્રંથોના વાંચનનો રસ પોષાતો જતો હતો.

સ્વામીનારાયણ સંપ્રદાયના આચારો ઉપર જૈનધર્મની ઘણી જ અસર છે. જૈન ધર્મોપદિષ્ટ બ્રહ્મચર્યની નવ વાડોના એક એક ભેદ ઉપર તે સંપ્રદાયના–ઘણે ભાગે નિષ્કુલાનંદ સ્વામીજીએ કે મુકતાનંદ સ્વામીજીએ વિસ્તારથી સુંદર ભજનો બનાવ્યા છે.

સ્વામીનારાયણ સંપ્રદાયના પ્રણેતા બનારસ પાસેના છપૈયા ગામના સહજાનંદ-સ્વામી છે. સૌરાષ્ટ્રમાં હિંસા, શિકાર વગેરે ઉપર તેમણે સારો અંકુશ જમાવ્યો છે. તેમણે જુદા જુદા ગામમાં આપેલા વ્યાખ્યાનોનો સંગ્રહ જુની ગુજરાતી ભાષામાં છે અને તે જ મુખ્ય ગ્રંથ વચનામૃત તે સંપ્રદાયનો મૌલિક ગ્રંથ છે.

આ રીતે કથારસ, ધાર્મિક વિચારોનો રસ, સાહિત્ય રસ, તત્ત્વજ્ઞાનનો રસ અવ્યક્ત રીતે માનસપાત્રમાં ઘુંટાતા રહ્યા.

ચોમાસા દરમ્યાન રાજકોટમાં પ્લેગ ફેલાવાથી **પન્યાસ શ્રી નિતિવિજયજી મહારાજશ્રીને** સરધાર તરફ વિહાર કરવો પડયો હતો સરધારથી ચોમાસા બાદ શાંતિ થતાં રાજકોટ તરફ વિહાર કરતા રસ્તામાં સમઢીયાળા હોવાથી પધારેલા, ને મને તેઓશ્રીએ **મહેસાણા ભણવા જવાની** સામાન્ય સૂચના કરી હતી. પરંતુ તેની મન ઉપર કસી ખાસ અસર રહી નહોતી.

સંસ્થાના તે વખતના **પરીક્ષક દુર્લભદાસ કાળીદાસ શાહ સરધાર જૈન પાઠશાળાની પરીક્ષા** લેવા આવેલા હતા. તેમની પ્રત્યક્ષ સબળ સૂચનાથી મહેસાણા જવાનું થયું. **શ્રી વેણીચંદભાઇના** દિલમાં કુદરતી સદ્ભાવ બહુ જ વિશિષ્ટ પ્રકારનો હતો. તે પાછળથી સંસ્થા છોડીને વીસનગર જતી વખતે તથા તે વખતના **સંસ્થાના મેનેજર રા. રા. દુર્લભદાસ કાળીદાસભાઈ** સંસ્થા છોડી અન્યત્ર જવાથી દરેક અઠવાડીયે પાટણથી સંસ્થાનું સંચાલન સંભાળવા આવવાનું થતું, ત્યારે અને બીજા ઘણા પ્રસંગોએ જણાઇ આવ્યો હતો.

પૂ. પિતાશ્રીએ અમદાવાદથી અમારી સાથે રહ્યા પછી પંચ પ્રતિક્રમણ અતિચાર મુખપાઠ કર્યા અને સામાયિક, રોજ પ્રતિક્રમણ પૂજા આયંબીલની ઓળી વગેરે સ્વેચ્છાથી અમલમાં મૂકી જીવનપર્યંત યથાશકિત જૈનધર્મની આરાધનામાં મન–વચન–કાયા પરોવી રાખ્યા હતા.

સંસ્કૃત અને પ્રાકૃત ભાષાના બોધ પછી તેમજ ન્યાયના અભ્યાસથી ઉપર જણાવેલા ગ્રંથોનો પરિચય વધ્યો. ધર્માદિક ચાર પુરૂષાર્થને લગતી દાર્શનિક તુલનાશકિત ખીલતી ગઇ. જૈન ધર્મના કર્મગ્રંથો, કર્મપ્રકૃતિ, પંચસંગ્રહ આદિ ગ્રંથોના અધ્યયનથી સ્યાદ્વાદની વ્યાપકતા, સર્વદર્શન સંગ્રાહકતા સમજાતાં જગત્માં પ્રચલિત બીજા કોઈપણ શિક્ષણો લેવા કરતાં, આ દર્શનના રચનાત્મક પરિચયથી સત્યની વધારે નજીક જવાનો આનંદ સદા પ્રાપ્ત થતો રહ્યો.

પ. પૂ. મુનિ મહારાજાઓના સ્વાધ્યાયમાં સહકાર, વિદ્યાર્થીઓને પઠન–પાઠન, જીજ્ઞાસુઓ સાથે ચર્ચા વિચારણા વગેરેમાં તત્પરતા પૂર્વક મન સદા પરોવાયેલું રહેવાથી તત્ત્વજ્ઞાનમાં પ્રવેશવાનો એકધારો પ્રમોદ વધતો રહ્યો છે.

'દાદા' તરીકે પ્રસિદ્ધ **વયોવૃદ્ધ વખતસિંહજી દરબારશ્રીએ** જણાવેલું કે–'**અંગ્રેજી અભ્યાસ કર્યો હોત તો, સારા બેરીસ્ટર તરીકેની ખ્યાતિ મળત**" તે જ વખતે જવાબ આપ્યો હતો કે–દાદા ! **આપની ધારણા ઠીક છે એ બધું કદાચ થાત,**

**પરંતુ સત્યની નજીક આવવાને બદલે વધારે દૂર જવાનું થાત. એ બધી આજની ભભકો એકંદરે હિત તરફ સર્વ માનવોને લઈ જનારી નથી."**

ઘણા અંગ્રેજી પુસ્તકોના ભાષાંતરોના વાંચન, કવિ નાનાલાલ તથા બીજા સંખ્યાબંધ પ્રસિદ્ધ લેખકોના કાવ્યો અને ગ્રંથોના તથા વર્તમાન પત્રોના વાંચનથી ઘણું ઘણું જાણવામાં આવ્યું પરંતુ "માત્ર તેનાથી ભારત ન જ સમજાત, કદાચ તેના અદ્ભુત જ્ઞાનથી વંચિત રહેવું યે પડત. તેના વિષે ખોટા ખ્યાલો યે બંધાત." એ આજે પણ સમજાય છે. અને હૃદય આનંદિત થાય છે.

**પંડિત સુખલાલજી**ના સંપર્કથી જૈન–જૈનેતર ન્યાયના એટલે કે 'અનેકાંત જયપતાકાનો કેટલોક ભાગ તથા' સિદ્ધાંત મુક્તાવલી' વગેરે ગ્રંથોનો અભ્યાસ કરવાની તક મળી. તેમજ વર્તમાનપત્રો વાંચવાના શોખમાં શરૂઆતમાં વધારો થયો, પરંતુ **બન્નેયના આદર્શોની બિલકુલ સામસામી દિશા હોઇને પરિચય વધુ લંબાયો નહી.**

સન્મિત્ર શ્રી **કર્પૂરવિજયજી મહારાજશ્રીની** સદ્‌ભાવનાપૂર્વકની કૃપા દૃષ્ટિ નોંધપાત્ર હતી. પ. પૂ. **આચાર્ય મહારાજશ્રી વિજય સિદ્ધિ સૂરીશ્વરજીની પણ અમીભરી દૃષ્ટિ,** તેઓશ્રીના મહેસાણાના ચાતુર્માસ બાદ વિદ્યાર્થી અવસ્થામાં વિશેષ અભ્યાસ કરાવવાની ઇચ્છાથી અને બીજા પ્રસંગોથી વ્યક્ત થતી રહી. પરમ પૂજ્ય **આચાર્ય મહારાજશ્રી વિજયનેમિસૂરીશ્વરજી** મહારાજના પરિચય પછી દૃષ્ટિમાં સાચી વ્યાપકતા. ઉદારતા અને કામોમાં ચોકસાઈ તથા કેટલાક ઇતિહાસ, ભારતીય જીવન વ્યવસ્થાના મૌલિક અનુભવોમાં ઘણો જ વધારો થતો ગયો. **પૂ. પં. શ્રી ધર્મસાગરજી ગણિવર્ય**ના પરિચય પછી જુદા જુદા કાર્યક્ષેત્રો માટે વિચારણા વગેરે કરવાનું પ્રસંગે પ્રસંગે બન્યા કરે છે.

**ચૌરીચોરાના બનાવ** પછી આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ખેલાતા મુત્સદ્દી જાદુગરોના ખેલો જેવા આર્થિક અને રાજ્યદ્વારી ભાષણો અને બનાવોના મૂળભૂત રહસ્યોનું મનન વધતું જવાથી તેઓની રચનાત્મક સ્વરૂપની મીઠી અને પરોપકારી જણાતી હિલચાલોની પાછળના સ્વાર્થોનો કેટલોક તલસ્પર્શી ખ્યાલ આવતો ગયો. જેના આધારે જુદા જુદા વિષયો ઉપર પ્રસંગે પ્રસંગે લખાયેલા પૂર્ણા પૂર્ણ **એક હજાર નિબંધ** તો હશે જ. જુદા જુદા વિચારપૂર્ણ પત્રો તથા બીજા વિષયોના એમ બધા મળીને બે અઢી હજાર નિબંધો લખાયા હશે. જેમાંના કેટલાક છપાયા છે. જે ચારસો વરસોથી વિશ્વમાં ચાલતા સંસ્કૃતિ અને પ્રગતિના શરુ થયેલા સાચા અને ગૂઢ ઠંડા યુદ્ધના રહસ્યો સમજવામાં ભવિષ્યમાં કદાચ તથાપ્રકારના કોઇ પાત્ર જીવને ઉપયોગી થાય પણ.

આ પ્રસંગે એક હાર્દિક સ્વભાવનાશીલ નિર્નિમિત્તક મિત્ર અને સહૃદય **વૈદ્યરાજ**

**શ્રી કાલિદાસ પોપટભાઈ શાસ્ત્રી જામનગરવાળાનું** સ્મરણ થઈ આવે છે. ચરકના કુદરતી ઉપચારોના સૂક્ષ્મ જ્ઞાતા અને ઉંડા અભ્યાસી તથા પ્રયોગ કુશળ એવા તેમની સહાયથી અમે બન્નેય ભાઇઓ આંતરડાના ક્ષયની ભયંકર બિમારીમાંથી બચી ગયા હતા. પછી તો તેમના દશ વર્ષના પરિચયથી આયુર્વેદનો કેટલોક માર્મિક અનુભવ મળવા ઉપરાંત આરોગ્ય જાળવી રાખવા બાબતનો જે અનુભવ મળ્યો હતો, તે આજે પણ ઘણો કામ લાગે છે. ૬૭ વર્ષ જેટલી ઉંમરે પણ બીજા સહચરો કરતાં સારી રીતે કાર્યક્ષમ આરોગ્ય કાંઈક જળવાઇ રહ્યું છે તેમાંના ઘણા ગયા, છતાં કર્તવ્યો કરવા જીવન પ્રવાહ ચાલુ છે બીજો પણ વ્યાવહારિક ઘણો અનુભવ તેમની પાસેથી મળ્યો હતો જેથી પિતાશ્રી પાસેથી ન્યાય, નીતિ અને વ્યવહાર શુદ્ધિના મળેલા અનુભવમાં વધારો થયો હતો.

* * * *

હિંમતલાલ, લલિતચંદ્ર, હસમુખલાલ, કેશવલાલ, વસંતલાલ, કાંતાબેન (વિધવા) અને લીલાવતીબેન કાર્યનિમગ્ન મારી મૂક ભાવે સતત એકાગ્રતાથી સંભાળ રાખનાર તેમના માતુશ્રીનું નામ દિવાળીબાઇ છે. લલિતા, જયા, હીરા અને સુશીલા એ ચાર પુત્ર વધૂઓ છે. ને ૧૨ પૌત્રો, ૮ પૌત્રીઓ, ૪ દૌહિત્રો અને ૮ દૌહિત્રીઓ તથા એક વિદ્યમાન જમાઈ પ્રવીણલાલ શાહ સ્વકુટુંબ સાથે વિદ્યમાન છે. પંચત્વ પામેલા જમાઇનું નામ ભગવાનજી વલમજી ગાંધી હતું. બંનેય જમાઇ શ્વે. મૂ. પરંપરાના અનુયાયી કુટુંબના છે

* * * *

કુટુંબીજનો વગેરેના નામોનો સામાન્ય નિર્દેશ અહીં એટલા માટે કરવામાં આવ્યો છે કે–તેમાંની કોઇપણ વ્યક્તિ કે વ્યક્તિઓ આ ગ્રંથના વાચનથી કે બીજી રીતે પોતાના આત્માને ઉચ્ચ કક્ષાએ લઈ જવાની પ્રેરણા મેળવી શકે.

* * * *

આ રીતે મારા જીવનના ઘડતરમાં જેઓનો ઓછો–વધતો પણ ફાળો છે તેનું સ્મરણ કરવાની તક આ રીતે આ વિસ્તૃત ગ્રંથની સમાપ્તિ પ્રસંગે સાધી છે. પરંપરાએ પણ શુદ્ધ હેતુ સાથે અપ્રાસંગિક કે અનુચિત હોય, તો તેની ક્ષમાયાચી તે સુધારી વાંચવા વિનંતિ કરું છું આને જીવન ચરિત્ર ન સમજતાં પરિચાયક છૂટક નોંધ રૂપે જોવા વિજ્ઞપ્તિ છે.

વિ. સં. ૨૦૧૫ ચૈત્ર સુદી ૧૩ — **પ્રભુદાસ બેચરદાસ પારેખના**

કલકત્તા — જય વિશ્વ શાસન

## સૂક્ષ્મચિંતક – સાક્ષરવર્ય
# શ્રીયુત્ પ્રભુદાસભાઈનો પરમાત્મભાવ

–પૂ. મુનિરાજશ્રી ભુવનચંદ્ર વિજય મ. શ્રીપાલનગર–મુંબઈ-૬

(લેખક પૂજયશ્રીએ પંડિતજીની દીર્ઘ દૃષ્ટિ અને સૂક્ષ્મ ચિંતકપણાની વિશદ છણાવટ કરી છે. સં.)

અનાદિકાલીન વિશ્વમાં, સાચી શાંતિ–સમાધિ અને નિર્ભેળ સુખ આપનાર એક માત્ર જૈન શાસન છે. અનંતાઅનંત જીવોનો પ્રાણાધાર શ્રી વીતરાગ શાસન અનાદિકાલિન, અકાટય અને અનુપમ છે, આ નિર્મળ સિધ્ધાંત ઉપર સૂક્ષ્મમાં સૂક્ષ્મ ચિંતન, આગમ-શાસ્ત્રોને વફાદાર રહીને, આ હતો પ્રધાન વ્યવસાય આ ઉંડી શ્રધ્ધાના સ્વામીનો.

છેક નીચેના સ્તરથી ટોચના આત્મા–મહાત્માના કલ્યાણની કેડીની ઝીણવટભરી વિચારણાને પોતાની લેખીની દ્વારા એમને આલેખી છે. વિશ્વના માંધાતાઓની પણ માધ્યસ્થ ભાવે સચોટ નીડર ટીકા કરવામાં, અને તે પણ સ્વ-પરની કલ્યાણ બુધ્ધિથી, પોતે પાછા પડયા નથી.

આવાજ કોઇ કારણે કલકત્તા પોલીસ સ્ટેશને પૂછપરછ થઇ, સરકારી વકીલની સલાહ લેવામાં આવી. વકીલે સ્પષ્ટ કહ્યું: કેસ કરી શકશો પણ એમના વિચારો વાંચતા ચોક્કસ-પણે દેખાય છે કે લેખીત સ્ટેટમેન્ટમાં અને મૌખીક જુબાનીમાં સારી એ સલ્તનતનને હરાવશે. પણ દૈનિકો એ ઉદ્ગારોને રસપૂર્વક ચગાવશે. તૂર્તજ પ્રસંગ પર પૂર્ણવિરામ મૂકાઇ ગયો.

પોપનું આગમન પહેલવહેલા ભારતવર્ષમાં થયું. ખાસો મોટો તાર કરી, આર્ય-સંસ્કૃતિનું ખૂન કરી રહ્યા છોનો આરોપ મૂકયો. તાર સેન્સર થયો. તારની રકમ પાછી આવી પણ ન લીધી. અને તેજ તારનો સાર દિલ્હી સાંસદોના હાથમાં યુક્તિપૂર્વક પહોંચાડયો.

તથાપ્રકારના કર્મયોગે આર્થિક સંકડામણમાં પણ શાસ્ત્રીયસિધ્ધાંતોની વફાદારીમાં અડીખમ. અમુક સિધ્ધાંતવિહોણાની ભારે પગારની સર્વીસને પણ ફગાવી દીધી. મહેસાણા સંસ્થાને માત્ર નામનું જ વેતન લઇ વર્ષો સુધી સેવા આપી.

આર્યસંસ્કૃતિના પાયાના તત્ત્વો અને ટોચની મહાસંસ્કૃતિ (જૈન સંસ્કૃતિ શાસનના પોતે સુકુશળ ઉંડા અને સૂક્ષ્મ વિવેચક હતા. એમના અનેક ગ્રંથોમાં 'કરેમિભંતે' અને 'પંચપ્રતિક્રમણ' સાથે હજાર પાનાનો ગ્રંથ અદ્ભુત જ્ઞાનનો ખજાનો છે. રાજકીય રાષ્ટ્રીય,

નૈતિક પ્રકરણો સાથે છેલ્લા પાંચસો વર્ષમાં સંસ્કૃતિને મૂળમાંથી ઉડાડવા રચાયેલા ષડયંત્રો (મેલાઈસ પોલીટીક્સ ઓફ ધી વર્લ્ડ)નો હુબહુ ચિતાર ૬૦ વર્ષ પહેલા આલેખેલ છે...જે આજે પ્રત્યક્ષ સારીએ ભારતવર્ષની પ્રજા અનુભવી રહી છે–તદુપરાંત 'તત્ત્વાર્થસૂત્ર' જેવા મહાન તાત્વિક ગ્રંથ ઉપર પણ વિશદ વિવેચન અને પ્રાસંગિક રેડ સીગ્નલ ધરવામાં કમાલ કરી છે.

એક વખત આ લઘુ લેખકે લખ્યું કે ભાષા–પદ્ધતિ જરા વધુ સ્પષ્ટ અને તો સામાન્ય જન તુર્તગ્રહણ કરી શકે. તુર્ત પ્રત્યુત્તર મલ્યો કે મારા વિચારો કેન્દ્રમાં રાખી ભલે કોઈ પોતાની આગવી શૈલીમાં તે વિચારોને રજુ કરે તેઓશ્રીના સંસ્કૃતિરક્ષક વિચારો આમજનતા સુધી પહોંચે, એજ એક શુભ આશયથી તેઓશ્રીના પુસ્તકોમાંથી તેજરૂપે, તેજ શબ્દોમાં પાંચ નાની પુસ્તિકાઓ પ્રગટ થઈ. ૧. સનાતન સત્યના ચમકારા ૨. ૩૫ વર્ષ પહેલાની આગાહી. ૩. અજબ ઉત્થાન યાને પ્રગતિના પંથે. ૪. અધ્યાત્મ વ્યવહાર યાને જડવાદનું જોખમ. ૫. વીણેલાં મોતી યાને સાચું તેજ. ૮૦ થી ૧૦૦ પેજની આ પાંચ ટ્રેકટો ઉપરાંત લેખકે પોતે તેઓશ્રીના વિચારો પોતાની શૈલીએ ચાર ટ્રેકટોમાં ગુંથી બહાર પાડયા. ૧ સંસ્કૃતિના સોણલા. ૨ ધર્મકથા અને સંસ્કૃતિ. ૩ કથા કલાપ અને સંસ્કૃતિનું ઘડતર. ૪ ગાંધીજીના વિચારો અને શ્રી પ્રભુદાસભાઈ.

આ સૂક્ષ્મચિંતક પુરૂષના **પાંચ હજાર જેવા લેખો અપ્રગટ પડયા છે.** તેનું સમીકરણ કરી નાની પુસ્તિકાઓ નાના ટ્રેકટોના રૂપમાં જરા મોટા અક્ષરોમાં પ્રગટ કરવાની અત્યારે તાતી જરૂર છે. જમાનાનું ઝેર અતિઘેરા રૂપમાં વ્યાપક બન્યું છે અને કઈ હદે એ ઝેર ફેલાઈને અત્યારના ભયંકર પરિણામોને કેટલા વેગમાં ફેલાવશે તેની કલ્પના પણ શાણાને થથરાવી દે એમ છે.

સંસ્કૃતિ શૂન્યાવકાશે લગભગ પહોંચી છે. ખૂન–લૂંટ–વ્યભિચાર (વાણીનો–વિચારોનો અને કાયાનો) અંતિમ તબકકે પહોંચી ગએલ છે. સારીએ પ્રજા ત્રાહિ ત્રાહિ પોકારી રહી છે, તેવે સમયે આવું સ્પષ્ટ સમજણ આપતું સાહિત્ય, અને તે પણ શાસ્ત્ર સમ્મત, નૈતિક એઝ પર ઘડાએલું અને લોક ભોગ્ય, પ્રગટ કરવું એજ ખરેખર **આવા ઉત્તમ આત્માનું સાચું ઉપકારક સ્મારક બની રહે.**

દેશકાળને નામે અનેક આત્માઓનું હિતહણાય, અનેકો મહા પાપના બંધમાં પડે. ઘર્ષણ અને દ્વેષનું સામ્રાજ્ય ફેલાય, એવા વિચારો, ભાષણો, વકતવ્યો, લેખો અને પુસ્તકો એ ખરેખર આર્યાવર્ત માટે ભારેમાં ભારે દૂષણ છે. આ દૂષણને ટાળવા માટે પણ શાસ્ત્રોના વર્ષોના ઉંડા અભ્યાસમાંથી અને અનેક સાત્વિક પ્રજાકલ્યાણના પ્રત્યક્ષ અનુભવોમાંથી ઘડાએલ આ સંસ્કૃતિરક્ષક પુરૂષનું સાહિત્ય એક સ્વચ્છ સચોટ, અને સન્માર્ગે દોરનારૂં બનશે.

શ્રી પ્રભુદાસભાઈના આત્મામાં પરમાત્મભાવનું તત્ત્વ (અધ્યાત્મ) એટલું ઉંડુ ઉતર્યું હતું કે પાછલી જૈફ અવસ્થામાં, શરીરની બિસ્માર હાલતમાં પણ રાત્રે સંસ્કૃતિ અને શુદ્ધ ધર્મના વિચારો આવતા જ રાત્રે ૩॥ વાગે ઉઠીને, ઝાઝુ બેસી શકાય નહિ એટલે ઉભા ઉભા આલેખન ૯ વાગ્યા સુધી ચાલુ રહે. ધ્યાન એકજ હતું કે પરમાત્માની અને આત્માની લીન્ક–સાંકળનું સાચું જ્ઞાન, સંસ્કૃતિ દ્વારા જ મળે. અને તે સંસ્કૃતિના રક્ષણાત્મક વિચારો પ્રજા સમક્ષ બહોળા પ્રમાણમાં મૂકાવા જ જોઇએ. **ધન્ય છે એ ભાવનાને અને ધન્ય છે આવા સાહિત્યને જાગૃત કરવાના સક્રિય વિચારકોને !**

## સ્વાર્થ: અન્યાય: અને અપ્રામાણિકતા: વગેરે

૧ અહીં ખાસ વિચારવાનું તો એ છે, કે–આ રીતે એક જ પ્રજાની ખાસ ઉન્નતિ: અને બીજી મુખ્ય ત્રણ મોટી પ્રજાઓની અવનતિ: માટે આધુનિક વિજ્ઞાનને ઉત્તેજિત કરવામાં આવે છે. અને તે રીતે તેનો ઉપયોગ કરવા: ને કરાવવા:માં આવે છે. તેમાં ન્યાય: કે પ્રામાણિકતા: કઇ રીતે સંભવી શકે? તેને સત્ય પણ કેમ કહી શકાય? સારો કે ખોટો કોઇ પણ બનાવ બને, બની જાય, તેને સત્ય કહી શકાય?

૨ "આત્મા" નથી જ. અને "તેના હ્રાસ કે વિકાસ કે મોક્ષ નથી જ." એમ નક્કી થઇ ગયા પછી, કેવળ ભૌતિકવાદના આધારે ઉપર જીવનધોરણ ઉપસ્થિત કરવામાં પ્રામાણિકતા હતી. પરંતુ, તે નક્કી થયા વિના જ, કેવળ ભૌતિક વિજ્ઞાનના આધાર ઉપર રચાયેલા જીવનધોરણો શરૂ કરી પ્રચારવામાં આવે છે. ને બળઃ ધનઃ તથા યુક્તિ પ્રયુક્તિથી માનવોના જીવનમાં ઉતારવામાં આવે છે. માટે તે "ઇરાદાપૂર્વકના સ્વાર્થ પ્રયુક્ત છે." એમ પૂરવાર થાય છે.

૩ કારણ કે–વૈજ્ઞાનિકો પણ "કેવળ ભૌતિક જ જગત્ છે" એમ છાતી ઠોકીને પૂરવાર કરી શકતા નથી. કરી શકવાના નથી, પ્રો૦ આઇન્સ્ટાઇન જેવા સમર્થ વૈજ્ઞાનિકને પણ એ ભાવાર્થનું કહેવું પડ્યું છે, કે "ભૌતિક વિજ્ઞાન કદી સાચી કેડી બનાવી શકે નહી." તેથી રાજ્યદ્વારી લોકો મારફત જ ભૌતિકવાદનો પ્રચાર પણ કામચલાઉ રીતે માત્ર બીજી પ્રજાઓના શાંત જીવનની આધાર શિલારૂપ જ આત્મવાદ: અને તેના જીવનધોરણો: તેની સંસ્થાઓ અને બીજા સાધનો:ને તોડવા માટે કરાવવામાં આવે છે. માટે એ વધારે ભયંકર બનાવ આજે જગત્‌માં ચાલી રહ્યો છે. તે મુખ્યતઃ વાંધા ભરેલી બાબત છે. તેમાં જ્યાં સુધી ધરમૂળથી પરિવર્તન ન થાય, ત્યાં સુધી સાચી શાંતિની આશા આકાશ–કુસુમ સમાન છે.

**–પં. શ્રી પ્ર. બે. પારેખ**

# શાસનરાગી તત્ત્વચિંતક દીર્ઘદર્શી પંડિતવર્ય
# શ્રી પ્રભુદાસભાઈ બેચરદાસ પારેખનો ટુંક પરિચય

**[ પાંચ મુદ્દામાં પંડિતજીના કાર્યની ટુંક નોંધ ]**

–પં. શ્રી શિવલાલ નેમચંદ શાહ–પાટણ

(લેખક વિદ્વાન પંડિતજીએ શ્રી પ્રભુદાસભાઈની જ્ઞાન સાધના અને પરિપાકનો સુંદર ચિત્તાર રજુ કરી પોતે તેમનાથી પામ્યા તે વાત કરવા સાથે અત્રે અભિનંદન પાઠવ્યા છે, સં.)

૧

શ્રી પ્રભુદાસભાઈનું અસલ વતન રાજકોટ પાસેનુ ખીજડી ગામ હતું, ત્યાર પછી તેઓ રાજકોટ રહેતા હતા.

પ્રભુદાસભાઈએ, શેઠ વેણીચંદ સુરચંદભાઈએ સ્થાપેલી સુંદર મહેસાણા પાઠશાળામાં ધાર્મિક સંસ્કૃત આદિનો સારો અભ્યાસ કર્યો છે.

ત્યારબાદ તેઓ પૂ. નીતિસૂરિ મ.ના સાધુઓને અભ્યાસ કરાવતા હતા, તેમણે રાધનપુરમાં એક વિદ્યાભવન ખોલ્યું હતું. પાછળથી તે વિદ્યાભવન પાટણમાં રાખ્યું હતું. આ વિદ્યાભવનમાં, પં. મફતલાલ ઝવેરચંદ ગાંધી, શાન્તિલાલ સાઠંબાકર વિગેરે તૈયાર થયા છે.

૨

પ્રભુદાસભાઈ પંડિત સંવત ૧૯૮૯માં મહેસાણા પાઠશાલામાં મેનેજર તરીકે જોડાયા હતા. સાથે સાથે કર્મ ગ્રન્થાદિ તથા સંસ્કૃત વ્યાકરણાદિનો અભ્યાસ કરાવતા હતા, આ વખતે શ્રી લાલચંદ ગણેશભાઇ અને શ્રી હરજીવનદાસ એમ. અધ્યાપક તરીકે કામ કરતા હતા.

મહેસાણા પાઠશાળામાં પ્રાયઃ ગામડાના પાંચ સાત ધોરણ ભણેલા વિદ્યાર્થીઓ આવતા હોય છે તથા–અંગ્રેજી ભાષાનું પ્રભુત્વ વધતું જતું જોઇ મેટ્રીક અને તેથી વધુ ભણેલા દશ વિદ્યાર્થિઓને ધાર્મિક અને સંસ્કૃત–પ્રાકૃતનો ઉચ્ચ અભ્યાસ કરાવવાની એક યોજના પ્રભુદાસભાઇએ કરી હતી,

આ યોજનામાં–શ્રી વાડીભાઇ પરીક્ષક શ્રી કુંવરજીભાઇ પંડિત શ્રી શાન્તિલાલ ખેમચંદ શાહ વિગેરે તૈયાર થયા છે.

ચાલુ વિદ્યાર્થિઓમાં શ્રી ગોરધનદાસ માસ્તર શ્રી ભોગિલાલ માસ્તર પં. શિવલાલ પં. છબીલદાસ પં. પુખરાજજી પં. બાબુલાલ સવચંદ પં. કપુરચંદ પં. રીખવચંદ કુવાળા પં. માનચંદ

સંપ્રીતચંદ પં. કાન્તિલાલ ભૂધરદાસ પં. લહેરચંદ કેશરીચંદ પં. મફતલાલ વિનયચંદ પં. જેચંદભાઇ ઉણ પં. જેચંદભાઇ નેમચંદ જામપુર પં. ગુણવંતલાલ ઠાર વિગેરે તૈયાર થયા છે.

ત્યારબાદ પંડિત પ્રભુદાસભાઇના હાથે તૈયાર થયેલા પંડિતો પાસે તૈયાર થયેલા– પં. કાન્તિલાલ નગીનદાસ શાહ શ્રી મોતીલાલ માસ્તર પં. સુરેન્દ્ર પં. રમણુલાલ પં. લાલચંદ પં. ધીરુભાઈ પં. રસિકભાઇ પં. રતિલાલ ચિ. પં. જશવંતલાલ પં. પુનમચંદ પં. વસંતલાલ પં. ચિમનલાલ પાલિતાણાકર પં. રમણીકલાલ પં. સેવંતીલાલ વી. પં. પન્નાલાલ વસંતલાલ માસ્તર પં. માણેકલાલ પં. ધીરુભાઇ નાના પં. વસંતલાલન. પં. સુરેશ સી. પં. ચન્દ્રકાન્ત વિગેરે છે.

એ પ્રમાણે તૈયાર થયેલા સર્વે શ્રી પ્રભુદાસભાઇનો વારસો છે સર્વે પ્રભુદાસભાઇનું ઋણ સ્વીકારે છે, તેમના તરફ પૂજ્ય ભાવની દૃષ્ટિથી જુવે છે અને જૈન સમાજમાં સમ્યગ્ જ્ઞાન પ્રદાનનું પવિત્ર કાર્ય કરે છે.

પ્રભુદાસભાઇએ દિનપ્રતિદિન અવિરત પરિશ્રમ લઇ મહેસાણા પાઠશાળાને ઉત્તમોત્તમ વિદ્યાધામ બનાવ્યું હતું.. અનેક અભ્યાસીઓને તેમની ભણાવવાની અજોડ કળાથી અભ્યાસ કરાવી તૈયાર કર્યા છે. અને અનેકાનેક મુનિમહાત્માઓ પણ તેમની પાસે અભ્યાસ કરી તૈયાર થયા છે.

૩

શ્રી પ્રભુદાસભાઇ પંડિતે પચાસ સાઠ વર્ષો પહેલાં ભાખેલું અને લખેલું તે આજે સાક્ષાત્ દેખાય છે.

આ વિષયમાં વિશેષાર્થિઓએ–તેમનું લખેલું મોટું પંચ પ્રતિક્રમણ જે હાલમાં પ.પૂ. આચાર્યવર્ય શ્રી જિનેન્દ્રસૂરિજી મ. સાહેબ દ્વારા પુનઃ પ્રકાશિત થયું છે તે અને શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રના બે ભાગ–મોટા ચોપડા શ્રેયસ્કર મંડળ મહેસાણા તરફથી બહાર પડેલા છે તે, તેમજ તેમણે સ્વતંત્ર રીતે શરૂ કરેલ 'હિતમિતપથ્ય' સત્યમ્' નામનું માસિક, તેની ફાઇલો વિગેરે સાહિત્ય વાંચી લેવું.

પ્રભુદાસભાઇએ ઘણા લેખો લખ્યા છે, તેમાંના ઘણા પ્રગટ થયા છે તેથી ઘણા હજુ અપ્રગટ છે.

પ્રભુદાસભાઇએ જૈન શાસન વિષે, આર્યસંસ્કૃતિ અને તે પ્રજા વિષે ઘણું ઘણું પુષ્કળ સૂક્ષ્મચિંતન કરેલું છે, તે બધું ઉપરોકત સાહિત્યમાં લખી જણાવ્યું છે.

૪

શ્રી પ્રભુદાસભાઇ, સંસ્કૃત અને પ્રાકૃત ભાષાઓના પંડિત હતા, તેઓશ્રીએ 'પ્રાકૃત પ્રવેશિકા' લખી છે. મહેસાણા પાઠશાળામાં તેમના અમલ દરમ્યાન હું, ત્યાં અધ્યાપક

તરીકે જોડાયો હતો, અને સંસ્કૃતાદિ વિષયોનો અભ્યાસ કરાવતો હતો. તે વખતે સિદ્ધ હેમના અનુસારે સંસ્કૃત પ્રવેશિકાઓ લખવાનો વિચાર મને આવ્યો. આ વિચાર પૂજ્ય પ્રભુદાસભાઇને મેં જણાવ્યો ત્યારે તેઓશ્રીએ કહ્યું કે-'આ કામ સહેલું નથી, અઘરું છે. તમારો વિચાર સારો છે. સંસ્કૃત પ્રવેશિકાઓ લખવી જરૂરી છે. તમે આ કામ કરો. આ પ્રમાણે તેમના આશીર્વાદથી મેં એ કામ શરૂ કર્યું અને તેમણે માર્ગદર્શન કરાવ્યું.

અનુક્રમે પ્રવેશિકાઓના બે ભાગ બે ભાગની માર્ગદર્શિકા ત્રીજો ભાગ તેની માર્ગદર્શિકા, નિયમાવલિ સિદ્ધહેમ વ્યાકરણના સૂત્રો સાથે-અનુવાદ પ્રક્રિયા, સિદ્ધહેમ સારાંશ સંસ્કૃત વ્યાકરણ સવિવરણ ગુજરાતીમાં, અને અલ્પ દૃષ્ટાન્તોપેત સિદ્ધહેમ સારાંશ વ્યાકરણ અષ્ટાધ્યાયી ક્રમ. આમ એકંદર નવ પુસ્તકો તૈયાર થયા છે. આપણા ચતુર્વિધ સંઘમાં, સંસ્કૃતનો અભ્યાસ કરનારા દરેક આ પુસ્તકો દ્વારા સંસ્કૃતનો અભ્યાસ કરે છે.

૫

વિશેષમાં પ્રભુદાસભાઇ ધનવાન્ નહતા છતાં જ્ઞાનવાન હોવાથી તેઓ કદી દીનતાથી રહ્યા નથી. કુશળતાથી શુદ્ધ વ્યવહારિક અને ધાર્મિક જીવન જીવ્યા છે, અત્યારે આ પુરુષ આપણી સમક્ષ નથી પણ તેમનો ફોટો આબેહુબ મહેસાણા પાઠશાળામાં જોવા મળે છે અને તેમનું લખેલું વિશાળ સાહિત્ય જોવા વાંચવા મળે છે તે ઉપરથી તે મહાપુરુષ કેવા હશે તે અનુમાન કરી શકાય છે.

તેઓશ્રીના ધર્મપત્ની અતિવાત્સલ્યવાળા દીવાળીબેન હતા, તે પણ હાલ નથી. હાલમાં તેમના પરિવારમાં પાંચ પુત્રો હિંમતલાલ બાબુલાલ હસમુખ કેશવ વસંત બે પુત્રીઓ કાન્તાબેન લીલીબેન અને પાંચપુત્રવધૂઓ વિદ્યમાન છે તથા પૌત્ર પૌત્રી પરિવાર પણ છે.

એ પ્રમાણે પૂજ્ય પ્રભુદાસભાઇ, ધર્મનિષ્ઠ દૃઢશ્રદ્ધાળુ સૂક્ષ્મ વિચારક દીર્ઘદર્શી તત્ત્વચિંતક શાસનરાગી શુદ્ધજૈન સદ્‌ગૃહસ્થ આર્યસંસ્કૃતિના જ્ઞાતા વિશ્વહિત દૃષ્ટા ધાર્મિક મહાપંડિત પુરુષ હતા. તેમને જેટલા અભિનંદન આપીએ તેટલા ઓછા છે, તેઓશ્રીની વિચાર સરણીને અનુસરીએ એ સાચું અભિનંદન છે. **શિવમસ્તુ સર્વજગતઃ ।**

કોકાનો પાડો પાટણ (ઉ.ગુ.) ૩૮૪૨૬૫

---

(સીવિલમેરેજ વિગેરે કાયદાઓથી જ્ઞાતિઓની સત્તા ઉપર ફટકો પડે છે. દીક્ષાના કાયદાથી ધર્મ સંસ્થાઓ ઉપર ફટકો છે. ટ્રસ્ટ રજીસ્ટ્રેશનના કાયદાઓથી આપણું ટ્રસ્ટપણું કે આપણા આચાર્યોનું સહજ ટ્રસ્ટપણું અને આખરે આપણી કોઇ પણ સંસ્થા ઉપર આપણી સત્તા ટકવા પામતી નથી.) **પં. શ્રી પ્ર. બે. પારેખ**

શાસન હિત ચિંતક – તપાગચ્છાધિરાજ

પૂજ્ય આચાર્યદેવશ્રી
વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મહારાજા

જેમની છત્રછાયામાં વર્તમાન કાલે

જૈન શાસન જયવંતુ છે.



आ. श्रीकैलाससागरसूरि ज्ञानमन्दिर
श्रीमहावीर जैन आराधना केन्द्र
कोबा (गांधीनगर) पिन ३८२००९



હાલાર દેશોદ્ધારક – કવિરત્ન

પૂજ્ય આચાર્યદેવશ્રી
વિજયઅમૃત સૂરીશ્વરજી મહારાજ

જેમની પરમ કૃપા સાનિધ્ય પૂરે છે



પરમ પૂજ્ય ઉ. શ્રી ધર્મસાગરજી મહારાજ પાસે
વાસક્ષેપ લેતા પં. શ્રી પ્રભુદાસભાઈ



પરમ પૂજ્ય ઉ. શ્રી ધર્મસાગરજી મહારાજની ઘેર પધરામણી
કરાવતા પં. શ્રી પ્રભુદાસભાઇ સાથે તેમના ચિ. હસમુખભાઇ છે.



પંડિતવર્ય શ્રી પ્રભુદાસભાઈ
(બિમારી વખતે)
તથા તેમના ધર્મપત્નીશ્રી

દીર્ઘદર્શી

તત્ત્વચિંતક

મહારથી

પંડિતવર્યશ્રી

પ્રભુદાસ

બેચરદાસ

પારેખ





પંડિતવર્ય શ્રી પ્રભુદાસભાઈ ભોજન સમયે તથા તેમના ધર્મપત્નીશ્રી



રાજકોટ ૧૦ – ભક્તિનગર સોસાયટીમાં
પં. શ્રી પ્રભુદાસભાઈને ત્યાં નાજુક – મનોહર ગૃહ મંદિર



અંત સમયે પંડિતવર્ય શ્રી પ્રભુદાસભાઈ
તેમના પાંચ પુત્રો આદિ પરિવાર સાથે

# આ જમાનામાં આપણી રક્ષક કર્તવ્ય દિશા

પં. શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ

આર્ય સંસ્કૃતિને ટકાવી રાખવા માટે: આર્યસંસ્કૃતિ અને પૂર્વાપરના પવિત્ર સંસ્કારની વારસદાર આર્યપ્રજાને જગતમાં ટકાવી રાખવા માટે: આર્ય સંસ્કારોને–વળગી રહેલી: આદર્શ માનતી: અને જીવનમાં સાક્ષાત જીવતી: ભારતીય આર્ય લોહીવાળી: પ્રજાને: ભારતવર્ષ સાથેનો સંબંધ કાયમ ટકાવી રાખવા માટે: અને તે સર્વના અતિમહત્વના કેન્દ્રભૂત જૈનશાસન: તેના તત્વો: તેનો પૂર્વાપરનો વહીવટ: અને તેના મુખ્ય મુખ્ય પ્રતિકો ટકાવી રાખવા માટે: મુનિ મહારાજાઓએ પણ દર્શનશુદ્ધિના કર્તવ્યની દૃષ્ટિથી આજના જમાનામાં હવે પછી કઇ જાતના ઉપદેશો આપવા તરફ વલણ ધરાવવું જોઇએ? અને આર્ય પ્રજાનું તદનુકુળમાનસ ઘડવા માટે કયા પ્રયત્નોને સમ્મત થવું જોઇએ? તે વિષે અત્યન્ત ટુંકાણમાં નિર્દેશ કરી આ ઉપોદ્ઘાત સંપૂર્ણ કરીશું.

## ૧. ધર્મ:

૧. **પોતપોતાના ધર્મને વળગી રહેવું**–દરેકે પોતપોતાના ચાલુ ધર્મમાં સ્થિર રહેવું. ધર્મ પરિવર્તન કરવું કે કરાવવું નહીં **વિશ્વધર્મ પરિષદ: સર્વધર્મ પરિષદ: સંપ્રદાયોની એકતા: વિગેરે પ્રવૃત્તિને ટેકો ન આપવો.** પરંતુ તે તે ધર્મવાળાઓની સમગ્ર પ્રતિનિધિભૂત જે જે મુખ્ય સંસ્થા હોય તેની સાથેની **એકસંપી** સંધિથી જાળવી રાખવી. તેમાં પ્રથમ આર્યધર્મો અને પછી અનાર્ય ધર્મોવાળાઓ સાથે. સર્વ આર્યધર્મોની નીતિને અનુસરીને તેમાંની મર્યાદા પ્રમાણે એકસંપી જાળવવા ગોઠવણ કરવી. શ્રીસંઘની પૂર્વાપરની નીતિ અને મર્યાદાઓ ધ્યાનમાં લઇ તેના **સિદ્ધાંત અનુસાર** જ તાત્કાલિન સંજોગોમાં વર્તવું.

૨. **ધર્મોની ક્રિયામાં રત**—દરેક ધર્મવાળાઓ પોતપોતાની ધાર્મિક માન્યતામાં રહીને પોતપોતાના ધર્મની ક્રિયા કરશે, તોજ તે તે ધર્મો ટકી શકશે. ક્રિયા–આચાર છોડશે. કે પ્રજાના જીવનમાં બીજા ભળતા જ આચારો–વર્તનો દાખલ થઇ જશે ને પોતાના મૂળ ધર્મોનો પોતામાંથી લોપ થઇ જશે. કોઇપણ ભાવનાને જીવવાનો આધાર પ્રજાના રોજના જીવનમાં વણાયેલી તેની ક્રિયા ઉપર છે.

૩. **ધર્મના ચાલુ પર્વો–અને આચારો**—ધર્મના ચાલુ પર્વો–અને આચારો વિગેરે હોય, તે મૂળ પદ્ધતિ પ્રમાણે ચાલુ રાખવા, નવા ઉમેરવા નહીં. જયંતી માત્રનો ત્યાગ થવો જોઇએ.

૪. **નવામત–પંથ ન પાડવા.**—નવા નવા મત–પંથ–જમાવવા નહીં. અને જમાવવાનું વાતાવરણ કોઇ ઉત્પન્ન કરે, તો ખુશીથી ઉત્પન્ન ન થવા દેવું. ગમે

તે મૂળ વર્ગમાં રહીને તેની મર્યાદાને અનુસરીને ભલે પોતાને ગમે તે બીજા કોઈ પણ મૂળ વર્ગની ક્રિયા બીજાની ટીકા કર્યા વગર કરે. તેની સામે વાંધો લેવાનો ન હોય. જીવનમાં ધર્મ જોઈતો હોય, તેણે, પોતાની જેના ઉપર શ્રદ્ધા હોય, તેની જ ક્રિયા તો કરવીજ જોઈએ.

**૫. જૈનધર્મના અંગો-ટકાવવાના મુખ્ય પ્રતિકો**-કરેમિ ભંતે સૂત્રઃ પંચાંગીની માન્યતાઃ શત્રુંજય તીર્થઃ ચોવીશેય તીર્થંકરોને પૂજ્યદેવ માનવાની ભાવનાઃ પાંચ પ્રતિક્રમણઃ પર્યુષણા પર્વઃ સંવત્સરી પર્વઃ ક્ષમાપનાની પત્રિકાઓઃ કલ્પસૂત્રઃ સાંવત્સરીક જાહેર પ્રતિક્રમણઃ આયંબીલની ઓળીઃ અયાન્ત્રિક તીર્થયાત્રાના સંઘ કાઢવાઃ કાયમી બચાવ માટે આગમો લખાવવાઃ નવા પ્રતિમા અને મંદિરો ભરાવવાઃ તે તરફ પૂજ્યબુદ્ધિઃ સાધુ-સાધ્વી વર્ગ તરફ પૂજ્યતાઃ કલ્યાણક ભૂમિઓની વાસ્તવિક રક્ષાઃ સામાયિક વિગેરે ક્રિયાઓની ચાલુ પ્રવૃત્તિઃ ધાર્મિક સાત ક્ષેત્રોની રક્ષા અને ઉપદેશઃ સાધર્મિક વાત્સલ્યોના જમણઃ દેશી ચોપડાની સાંગોપાંગ પદ્ધતિઃ સંઘના પૂર્વાપરના બંધારણઃ સકળ સંઘના એક આચાર્ય પ્રતિનિધિઃ પ્રાચીન શાસ્ત્રો ગોખીને મોઢે કરીને ભણવાઃ ચાલતી આવતી પરંપરા પ્રમાણે જ તેના અર્થ સમજવાઃ મેંબરોને બદલે કાર્યવાહકો નીમીને કામ કરવાની પદ્ધતિ ટકાવી રાખવીઃ ગુરુઓ મારફત જ ખાસ ધર્મોપદેશ સાંભળવોઃ મુખ્યપણે ઉપાશ્રયમાં જ વ્યાખ્યાન ચાલુ રાખવાઃ સંયમી-ક્રિયાપાત્રો, અને તપસ્વીઓની ભક્તિઃ શ્રાવકોમાં અનુકમ્પ્યતાની ભાવનાનો અભાવઃ ચતુર્વિધ સંઘની અપૂર્વ સંસ્થા તરફ સંપૂર્ણ વફાદારીઃ જ્ઞાતિઓની પવિત્રતા અને પરંપરાના વહીવટોનો ટકાવઃ અને તેના તરફ વફાદારીઃ જ્ઞાન ભંડારો ઉપર તદ્દન સ્વતંત્ર શ્રી ચતુર્વિધ સંઘનો જ કબજોઃ કમીટીઓ અને ટ્રસ્ટીઓને બદલે કાર્યવાહકોની નિમણૂંકથી તીર્થોનો વહીવટ કરવોઃ વિગેરે.

**૬. નુકશાનકારક પ્રતિકો**—પ્રગતિઃ ઉન્નતિઃ આગળ વધવુંઃ વિગેરે વિચારોઃ આધુનિક કેળવણીઃ જૈન શૈલીને અનનુસરતા ગમે તેવા સાહિત્ય તરફ પ્રેમ ઢળવોઃ યાત્રાને બદલે ટુર-મુસાફરીની ભાવનાઃ આર્યપ્રજાના પૂજ્ય પુરુષોને બદલે સીવીલાઈઝ નેતાઓને માન આપવુંઃ ધાર્મિક ક્રિયાને બ્હાને અવિહિત પ્રવૃત્તિઓ કરવીઃ જયંતી વિગેરે નવા પર્વોઃ એસોશીયેશનઃ કોન્ફરન્સઃ મંડળોઃ વિગેરે નવી સંસ્થાઓઃ બહુ મતવાદઃ પત્રકોનો ખાસ વહીવટઃ પર્વોની આરાધનામાં અંતરાય પાડનારી જુદીજુદી પ્રવૃત્તિઓઃ પરંપરાથી ચાલ્યા આવતા કૌટુંબિક, સામુદાયિક, અને જાહેર ધાર્મિક રીત રીવાજોનો ત્યાગ કરી નવાનવાનો અમલ કરવોઃ આગમો છપાવવાઃ ગીતાર્થ શિવાયના મુનિ મહારાજાઓમાં છાપા વાંચવા-છપાવવાની પ્રવૃત્તિઃ પ્રાચીન શોધખોળને નામે શીલ્પ અને કળાને નામે જ પાચીન વસ્તુઓ શોધવીઃ સાધુ-સાધ્વીની નિંદા અને તેમને સુધારવા સાધુ થયા વિના બહાર પડવુંઃ

કલ્યાણ ભૂમિઓના વહીવટો કમીટીને સોંપવા: સામાયિકાદિને બદલે ધ્યાન ધરવાની પ્રવૃત્તિ: નગર મંદિરમાં જવાની આળસે ઘરમાં પ્રતિમાજીની સગવડ રાખવી: ફોટા અને અપ્રતિષ્ઠિત પ્રતિમાઓના દર્શનથી સંતોષ માનવો: સાત ક્ષેત્રો શિવાય બીજા કામોમાં તેમજ મનમાં આવે તેવા ખાતાઓ ઉભા કરવા તથા તેમાં નાણા ધર્મબુદ્ધિથી આપવા: સંસ્થાઓના ફંડમાં પૈસા આપવામાં જ સાધર્મિક વાત્સલ્ય માની લેવું: ક્રિયાના વિરોધ તરીકે જ્ઞાનનો પ્રચાર: નજીવા કારણે સંઘોના વંશવારસાના આગેવાનોને રદ કરવાના વિચારો અને પ્રવૃત્તિઓ: સંઘના બંધારણના સૂક્ષ્મતત્ત્વોનો સ્વીકાર ન કરવો: અને બહુમતીના ધોરણે બંધારણો અમલમાં લાવવા: નાની મોટી નવી નવી સામુદાયિક મંડળાદિ સંસ્થાઓ સ્થાનિક ગામડાઓમાં પણ સ્થાપવી: સાતક્ષેત્રના વિપરીત અર્થ: દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવના વિપરીત અર્થ: અલગ અલગ સંઘાડાના અલગ અલગ પ્રતિનિધિઓના યે પ્રતિનિધિનો અભાવ: ગોખવાની પદ્ધતિ સામે ટીકા અને વિરોધી પ્રચાર:- "ગોખણપટ્ટી" શબ્દમાં નિન્દાનો ધ્વનિ છે. યુરોપીય શૈલી, દૃષ્ટિ અને તેની તુલનાને મુખ્ય રાખીને પ્રાચીન શાસ્ત્રોના અર્થ વિચારવા: આજની ખોટે રસ્તે દોરનારી શોધખોળને ઉત્તેજન અને તેના ઉપર અંધશ્રદ્ધા: કોઇ પણ નાના મોટા કામમાં સમિતિ— કમીટી નિમવાની હાનિકારક ટેવ: ગમે તેના ભાષણો સાંભળવા: ઉપાશ્રયમાં ગમે તેને ભાષણ કરવા દેવું: મુનિ મહારાજાઓએ જાહેર ભાષણ આપવાની પ્રવૃત્તિને પોષવી: ધર્મ કરતાં આધુનિક વિજ્ઞાનને ચડીયાતું અને વધુ હાનિકારક માનવાને બદલે હિતકારક માનવું: લાઉડસ્પીકરાદિનો ઉપયોગ: ભક્તિને બદલે સેવાના નામ નીચે ધંધાદારી પદ્ધતિને ઉત્તેજન: શ્રાવકોને ધાર્મિક અને ધર્માદા ખાતામાં નોકરી રાખવા અને શ્રાવકોએ રહેવું: દહેરાઓમાં પૂજારી તરીકે પગારદાર શ્રાવકો: આશ્રિત ખાતાઓ અને ફંડો ઉપર વધતો જતો શ્રાવકોની આજીવિકાઓનો આધાર: અનાથાશ્રમો બાળાશ્રમો સીદાતાઓ માટે સ્થાયિ ફંડો ઉભા કરવા: ચતુર્વિધ સંઘની સંસ્થાનું અસ્તિત્વ છે? કે નહીં? તે વિષે ઉછરતી

---

મ્યુનિસીપાલીટીઓ, મહાજનો અને સ્થાનિક પ્રજાની મૂળ સંસ્થાઓની સત્તાઓ ઉપર કાપ મૂકે છે, તેના પ્રમુખો વિગેરે પણ તેનું બળ જમાવવા પ્રયાસ કરે છે, ત્યારે તેઓના ધ્યાનમાં નથી રહેતું કે—"આમ કરવામાં આપણી પ્રજાનું જ મૂળબળ તુટે છે."

જૈન **મેયરોની** બહારના પ્રદેશોમાં નિમણૂક થાય, તેની ખુશાલી જાહેર કરીને આપણે એ પદ્ધતિને ટેકો આપી કાયમી વંશ વારસાના નગરશેઠો, અને પટેલોની સત્તા અને એમની પદ્ધતિને તોડવામાં ટેકો આપીએ છીએ, તે આપણા ભાઇઓ જોઇ શકતા નથી.

પ્રજાની ઉપેક્ષા વધે તેવા પ્રયાસો: જ્ઞાતિઓ તોડવાના પ્રયાસો: અને તોડનાર કાયદાને ટેકો: રોટી બેટી વ્યવહારમાં સેળભેળપણું: જ્ઞાતિના મૂળ બંધારણ ફેરવી કમીટીના રુપમાં લઇ જઇ બહુમત ઉપર બંધારણો રચવા: જ્ઞાતિના હાલની પદ્ધતિના સમ્મેલનો: જ્ઞાતિઓના બંધારણો તોડવા માટે પ્રથમ ભળતા બંધારણ ઉપર ચડાવી દઇ મૂળ બંધારણ તોડી જ્ઞાતિઓ જ તોડી નાખવના રસ્તે ચડી જવું: જ્ઞાતિઓ સામે કેસ માંડવા: તેમાં અખેડા થાય તેવા પ્રસંગો ઉભા કરવા: જ્ઞાતિના નિયમો: હુકમો; હરાવોને અમાન્ય ગણવા: પોતાની જ્ઞાતિ શિવાય બીજે કન્યા વ્યવહાર કરવા લલચાવું: જ્ઞાન ભંડારોને સાર્વજનિક જાહેર લાઇબ્રેરી તરીકેનું રૂપ ધીમે ધીમે લે, તેવા સ્વરૂપમાં મૂકવા: સકળ સંઘના જ્ઞાન ભંડારો છતાં ખાસ ટ્રસ્ટી તરીકે રક્ષણ કરતા અમુક ગામના જ માનવા: અને ગમે તેમ કરવાની તેની સત્તા માનીને પરંપરાની રીત શિવાય બીજી રીતે સંઘની મર્યાદા (બહારની રીતે) તેનો ઉપયોગ થવા દેવો: પ્રજાનો બુદ્ધિભેદ કરનારી ફરતી કે સ્થાયિ લાઇબ્રેરીઓને ટેકો: નવાપ્રતિમા નવા મંદિરો, નવા દીક્ષિતો, પરંપરા અનુસાર નવા ગ્રંથોની રચના, વિગેરે સામે વિરોધ: નાશ કરનારી આજની પરિવર્તનની ભાવનાને ટેકો: જમાનાને નામે ચાલતી કોઇપણ વાતને ટેકો:

આમાંના કેટલાક સીધી રીતે નુકશાનકારક છે. ત્યારે કેટલાક બહારથી લાભકારક જણાય છે, છતાં મૂળસ્થિતિથી એક બે પગથીયા ઉતારીને ભળતે જ માર્ગે લઇ જઇ આગળ નુકશાનના રાજમાર્ગ ઉપર ચડાવી દેવાના પ્રાથમિક પ્રયાસ રૂપે હોવાથી પરિણામે નુકશાનકારક છે, તેથી અમે નુકશાનકારક પ્રતિકોની ટીપમાં એવા કેટલાક મુદ્દાઓ પણ સામેલ રાખ્યા છે. મુનિઓ, ત્યાગીઓ, સાધુ, સંતો, બાવાઓ, બ્રાહ્મણો, ફકીરો તરફ તે તે વર્ગમાંના સુધારકોના અભાવનો અને આર્ય સંસ્કૃતિના રીતરીવાજો, માન્ય દેવો, સામાજિક સ્થિતિ, વિગેરે ઉપર સીધી કે આડકતરી ટીકા કરનારા સાહિત્યનો, પણ આ નુકશાનકારક પ્રતિકોમાં સમાવેશ થાય છે. તે સર્વથી જેમ બને તેમ દૂર ભાગવું. ગમે તેવા લાભોથી લલચાવું નહીં. કેમકે–તેથી પરિણામે અહિત થાય, એ પણ એક જાતનું અસત્ય છે.

## ૨. અર્થ

૧. **ધંધા**—દરેકે પોતપોતાના પરંપરાના મૂળ ધંધાને વળગી રહેવું જોઇએ.

૨. **અર્થશાસ્ત્રના સિધ્ધાંતો**—કોલેજમાં ચાલતા અર્થશાસ્ત્રના સિદ્ધાંતોનો અમલ આ દેશની આખી પ્રજાને મૂળધનથી બેકાર બનાવે છે. છતાં કેટલુંક બાહ્ય ધન ને ધંધા દેખાય છે, તે ક્ષણિક હોઇ ભ્રમણામાં નાંખે છે. કેમકે તે પરદેશીઓએ ધંધા માટે પોતાનું ધન અહીં રોકેલું છે:

૩. **ખરા સિદ્ધાંતોની શોધ**—આર્યપ્રજાના ખેતીઃ વેપારઃ વિગેરે ધંધાઓમાં હજારો વર્ષથી ગુંથાયેલા અર્થશાસ્ત્રના સાધક અને સર્વ પ્રજાને હિતકર અજબ સિદ્ધાંતોની પાકે પાયે શોધ કરી અમલ કરવો જોઈએ.

૪. **આ દેશમાં પાકે પાયે બેકારી ઉત્પન્ન થવાના પ્રતિકો**—બેંકોઃ રોકડાનો વ્યવહારઃ ઉધાર વ્યવહારની ઘટતી જતી પદ્ધતિઃ રાજ્યોને સંસ્થાન કે સ્ટેઇટ ગણવાઃ કેટલાક જકાતી તત્વોઃ વિઘોટીની પધ્ધતિઃ ઘરોના આજના લેખોઃ પરદેશી માલની વપરાશઃ પરદેશી કળાઓને ઉત્તેજનઃ દેશી મિલોના માલનો વપરાશઃ કોન્ગ્રેસ સાથે સંબંધ ધરાવતા ચરખાસંઘ વિગેરે સંસ્થાઓ મારફત વેચાતા શુધ્ધ સ્વદેશી ગણાતા માલનો વપરાશઃ યાંત્રિક ધંધાઓની કેળવણીઃ યાંત્રિક ધંધાઓનો વિકાસઃ યાંત્રિક ખેતીઃ દુધાળા ઢોરને બચાવવા, અને બીજાને ન બચાવવા કે તેને માટે તટસ્થ રહેવુંઃ આજની પશુ ઉછેરની સંસ્થાઓ કે કેટલ કેમ્પની સંસ્થાઓને ઉત્તેજનાઃ પાંજરાપોળોનો વિરોધ. ખેડુત અને પશુપાલક પ્રજાને ભણવા માટે ફરજ પાડી તેઓને ચાલુ ધંધાથી ચૂકવવાની ગોઠવણનો પ્રચારઃ વકીલાત, ડોકટરી, ઇજનેરી, એગ્રીકલચર, વિગેરે ધંધાના શિક્ષણ આપનારી સંસ્થાઓમાં અરપણી દરવર્ષે વધુ ભરતી થવીઃ સહકારી મંડળીઓનો પ્રચારઃ વેઠ તરફ વિરોધઃ કંપની સીસ્ટમના ધંધાઃ પ્રથમની, અને વર્ધાસ્કીમની હાલની કેળવણીઃ વ્યક્તિગત શાખ અને ધંધાઓને અનુત્તેજન; દરેક ધંધા માટે પરવાના પધ્ધતિઃ મુખ્ય પ્રજાને બદલે બહારના યાહુદીઃ યુરોપીયઃ વિગેરે લોકોને ધંધાની સગવડો કરી આપવીઃ હાલના પ્રદર્શનોઃ વિગેરે આર્યપ્રજામાં હજુ વધુ ને વધુ બેકારી ફેલાવવાના મુખ્ય મથકો છે.

**ફેલાતી બેકારીને માત્ર ઢાંકવાના [અટકાવવાના નહીં જ] ઉપાયો**—બોર્ડિંગોઃ અનાથાશ્રમોઃ બાળાશ્રમોઃ સસ્તા ભાડાની ચાલીઓઃ દવાખાનાઓઃ ચેરીટેબલ ફંડોઃ વિગેરેને બદલે કુરૂઢિઓઃ કુરીવાજોઃ અંધશ્રદ્ધાઃ અજ્ઞાનઃ સ્થિતિ ચુસ્તતાઃ ધર્મગુરુઓઃ વિગેરે બેકારીની ઉત્પત્તિના કારણો ન છતાં, તેને ગણવા–ગણાવવાઃ પટેલોને બદલે તલાટીઓને સીધા યા આડકતરા ગામડાના પ્રમુખો બનાવવાઃ પ્રાચીન ગ્રામ્ય પંચાયતોને બદલે નવી ગ્રામ્ય પંચાયતો વિગેરેઃ ધંધામાં ઉથલપાથલો–એક ધંધામાંથી બીજામાં, બીજામાંથી ત્રીજામાં પ્રવેશઃ મહેનત સાથેના ધંધા છુટી જવાઃ યોગ્ય ખાનપાનની સગવડોનો અભાવ થતો જવોઃ અને ચિંતા વધતી જવીઃ શહેરી અને અસ્વાભાવિક જીવન થવાઃ તેથી થતી જતી શારીરિક નબળાઇનો ટોપલો વ્યાયામશાળાઓના અભાવ ઉપર નાંખવોઃ બચાંળ વ્યાયામશાળાઓ ઉપર આખી પ્રજાના શારીરિક વિકાસનો આધાર રાખતા થવું.

યુરોપની ગોરી પ્રજાઓના આર્થિક હિતો તથા પરદેશી વ્યાપારીઓના આર્થિક હિતો તેમજ ખુદ ઇંગ્લાંડના અને તેની પ્રજાના આર્થિક હિતોના પ્રચારમાં આપણી પ્રજાના

હિતો માનીને ભોળા થઇને સહકાર આપવો: હવે પછીના તેઓના સ્વાર્થો માટે ગોઠવાતી એવાજ પ્રકારની આજની પ્રજાકીય અને રાજકીય સત્તાઓના નામ નીચે ચાલતી કોંગ્રેસ વિગેરેની પ્રવૃત્તિઓમાં રસ લેવો: આ દેશમાંના ગોરી પ્રજાના વ્યાપક વસવાટના માર્ગોને ઉત્તેજન આપવાની દૃષ્ટિથી ઇંડિયા ઓફીસ મારફત ઘડાયેલા કાયદાઓને દેશી રાજ્યોની અને બ્રીટીશ રાજ્યોની કોર્ટો, વકીલો, અમલદારો વિગેરે મારફત આપવામાં આવતો મજબુત ટેકો: કે જે કેટલાક ધીમેધીમે આ દેશની હિંદુ શબ્દની વ્યાખ્યામાં સમાતી ભારતીય આર્યપ્રજાના જીવનના અનેક અંગોમાં અને હિતના માર્ગોમાં પ્રવેશ કરી વિઘ્નભૂત બની શકયા હોય છે અને બનશે. દેશી રાજાઓ સામેનો કેટલોક ખોટો પ્રચાર: લઘુમતી અને યુરોપીય પ્રજાના સ્પેશ્યલ હક્કો વિષેના, અને મૂળ એક સંપી તોડી હિંદુ મુસલમાનની આજની કૃત્રિમ એકસંપીના પ્રયાસો: સંપૂર્ણ કે સંસ્થાનિક સ્વરાજ્યની સ્થાપનાના પ્રયાસો: પ્રથમની કે વર્ધા સ્કીમની કેળવણી બેકારી ઉત્પન્ન કરનાર અને બેકારીથી ઉત્પન્ન થયેલ છે, તેને ટેકો: "હિંદુઓએ મસ્જીદ આગળ વાજાં ન વગાડવા. અને મુસલમાનોએ ગોવધના સંબંધમાં હિંદુઓની લાગણીને માન આપવું." એ જાતની મહાજનની એકસંપીની સંધિમાં સ્વતંત્રતાને નામે પાડવામાં આવતા ગાબડાઓની હિલચાલને સારી માનવી: હિંદુઓની સત્તા અને મર્યાદાઓ તોડવા મુસલમાનોને આડે ધરવા ધંધાના તથા સામાજિક કાયદાઓને ટેકો: વિગેરે

**આપણી બેકારી ટાળવાના ખરા ઉપાયો**–બેકારી ફેલાવનાર અને ફેલાતી બેકારીને ખોટી રીતે ઢાંકવાના માર્ગો ન હોવા, તેને ઉત્તેજન ન આપવું, એ જ આપણી બેકારી ઓછી થવાના ઉપાય છે. નાનામોટા યંત્રોની મદદથી ખીલતા ધંધા અને હુન્નર ઉદ્યોગો વધુ બેકારી લાવશે. પરદેશગમન આર્યપ્રજાનો આ દેશ સાથેનો વસવાટનો હક નાબુદ કરશે. વિઘોટિની પદ્ધતિ રાજ્ય સંસ્થાને ઉત્પન્નમાં ભાગીદારને બદલે માલિક બનાવે છે. "ખેડે તેની જમીન" એ કામચલાઉ સિદ્ધાંત પરદેશી ખેડુતોને અહીંની જમીન અપાવવા માટે થશે. સહકારી મંડળીયો અને લેણાદેણાના આજના કાયદા પરદેશી મૂડી ખેતીમાં રોકી, દેશી વેપારીઓને નિંદી તે ધંધામાંથી છુટા કરવા માટે જણાય છે.

### ૩. કામ

૧. સંયમ ધર્મ, પૂર્વના મહાપુરુષો, પૂર્વજો, ધર્મગુરુઓ, આર્યભાવનાવાળા માબાપો. પ્રાચીન સંસ્કૃતિ તરફ પ્રેમ, જીવનની સાદાઇ, આર્યસંસ્કૃતિને અનુસરતા દરેક પ્રકારના રીતરીવાજો, આર્ય કુટુંબની લજ્જા, શરમ, મર્યાદાઓ પાળવા, વિગેરે તરફ પ્રજાનો આદર ટકાવી રાખવો જોઇએ.

૨. પહેરવેશ, ઘર, શહેર, ગામડાં, વિગેરેની રચનામાં સાદાઇ અને આર્ય રીતભાત અને શિલ્પના નિયમો વિગેરે ટકી રહેવા જોઇએ.

૩. પૂર્વકાળથી ચાલ્યા આવતા લગ્નાદિ વ્યવહારો અને તેના ઉત્સવો ચાલ્યા આવતા રીતરીવાજ પ્રમાણે જ ચાલુ રહેવા જોઈએ.

૪. પુરોહિતો: ગોરો: ધર્મ સંસ્થાઓ: વિગેરેના જે સંબંધો અને લેવડદેવડ, કર વિગેરે હોય તે ચાલુ રહેવા દેવા જોઈએ, તોડવા નહી, ને નવી રીત દાખલ થવા ન દેવી. અમલદારોની જાળ ઓછી કરી, પ્રજાનો આર્થિક શોષણનો ભાર ઓચ્છો કરી, વેઠ વિગેરે ચાલુ રહે, તેમાં એટલું નુકશાન નથી. અમલદારોના પગાર પૂરા પાડવા, અને વેઠ બન્નેય બોજા ઉપડી ન શકે. વેઠ શબ્દમાં સહકાર સહાનુભૂતિ સેવા અને મદદનો ભાવ છે, છતાં તેને હાલમાં ખોટા રૂપમાં ગોઠવી નિંદવામાં આવ્યો છે.

૫. જૈન લગ્નવિધિ, ઓછા ખર્ચના લગ્ન, સીવિલ મેરેજ, લગ્ન કરાર, આંતરજાતિય-આંતરરાષ્ટ્રીય લગ્ન, મુક્ત વિહાર વિગેરે, તત્ત્વોને સિદ્ધાન્ત તરીકે ઉત્તેજન આપવા જેવું છેજ નહીં.

૬. આજના—એક પત્નીત્વ: વિધવા પુનર્લગ્ન: છુટાછેડા: સ્ત્રીઓની આર્થિક સ્વતંત્રતા: સ્ત્રીઓના વારસા હક્ક: લલિત કળાઓની ખીલવણી: સ્ત્રી કેળવણી: સંતતિનિયમન: સ્ત્રીઓના હક્કો: બાળલગ્ન નિષેધ: વૃદ્ધવિવાહ અટકાયત: બાળસંરક્ષણ: મરણપાછળ રડવું કુટવાનો નિષેધ: આધુનિક અક્ષર જ્ઞાન યોજના અને દારુ નિષેધની હીલચાલ: એ વિગેરે વિચારો તરફ પ્રજા ન દોરાય, તેનો ખ્યાલ રાખવો જોઇએ. અને તેના

---

**શ્રી હીરસૂરિજી મહારાજ** અને **વિજય સેનસૂરિજી** મહારાજશ્રીએ મેળવેલા અનેક બાદશાહી ફરમાનોને પુરાતત્ત્વની જાળ મારફત અપ્રમાણિક ઠરાવી દઈ આપણને કોર્ટોમાં લડવાનું આપણી જ **કોન્ફરન્સો** મારફત ઉશ્કેરાવીને શીખવ્યું છે. આપણી તે તે જ્ઞાતિઓ પોતાની જ્ઞાતિમાં ગમે ત્યાં કન્યાઓ આપી શક્તિ હતી. તેના ગોળો બંધાવવાનું પણ આપણને એ સંસ્થાઓ મારફત શીખવ્યું. અને હવે "લડોમાં, જે હોય તે આપીને પણ સમાધાન કરો. અને ગમે ત્યાં ગમે તે ન્યાતમાં ગમે તે પ્રજામાં કન્યા આપવામાં હરકત નથી." એવા ઉપદેશો પણ એ સંસ્થાના માર્ગના જ ધ્યેયમાં છે. સબબ કે પ્રથમ આપણને એ સંસ્થાઓએ આપણા રૂઢ વિચારોને વધારે પડતું ઉત્તેજન આપીને આપણને છાપરે ચડાવ્યા. અને હવે એવી સંકડામણમાં કયા કે—આપણે આપણો રૂઢ સિદ્ધાંત મૂળથીજ છોડવાની જરૂર ઉભી થાય. એટલે હવે આપણને પટકવા પણ એ સંસ્થાઓ જ તૈયાર છે. એમ કેટલીયે બાબતોમાં બન્યું છે.

વાસ્તવિક દોષો અને તેથી પરિણામે આપણી પ્રજાનો નાશ સાબિત કરી આપવો જોઇએ. પરંતુ ચાલતા રીવાજો અને વ્યવહારો ટકી રહે તેમાં કેવી રીતે હિત છે? તે સમજાવવું જોઇએ.

૭. હોટેલો : નાટક–સીનેમા : જુગારખાના : પાનસોપારી, અને બીડીની દુકાનો : ચાની હોટેલો : શરબત વિગેરે પીણાની દુકાનો : આધુનિક યાંત્રિક વાહનો : દેશી વિલાયતી દારુઓ–સોડા–લેમન–આઇસ્ક્રીમ–સીગાર–બીસ્કીટો–ડબલરોટી–ડબ્બાના શાક ને દુધો : ઇલેક્ટ્રીક સાધનો : આધુનિક કપડા : કાપડની આધુનિક શિલાઇ: આજના વેશના મુખ્ય પ્રતિક રૂપ માથે આગળ પડતા વાળ રાખવા : તેના આધુનિક વિવિધ સંસ્કારો: જાહેર ખબરીયા દવાઓ: ખુરશી ટેબલ, નોવેલો, જરૂર વિના લાગણી ઉશ્કેરનારા પુસ્તકો. વ્યવહારમાં પ્રાંતિક માતૃભાષા શિવાયની હીંદી વિગેરે ભાષા: આધુનિક ખેલ તમાસા: ખોરાકમાં વિટામીનની જ દૃષ્ટિ: વિગેરેનો ઉપયોગ પ્રજા ન કરે તેવો ઉપદેશ ચાલુ રહેવો જોઇએ.

૮. ક્ષુધા, પીપાસા, મોજશોખ, રમતગમત વિગેરેની; તથા શૃંગાર, હાસ્ય, કરુણ, અદ્દભુત. ભયાનક, બિભત્સ, વીર, રૌદ્ર, શાંત, એ નવ રસોની, લાગણીઓને વગર જરૂરીઆતે તેમજ જરૂરીઆત ઉપરાંત અને અકાળે ઉશ્કેરણી મળે તેવા કોઈપણ તત્ત્વોથી પ્રજાને દૂર રહેવા ઉપદેશ આપી શકાય, કેમકે–એ બાબતમાં સાવચેત રહેવામાં નહીં આવે, તો પ્રજાની શક્તિમાં હ્રાસ થાય છે, અને લાંબે કાળે પ્રજાનો નાશ થાય છે. કેમકે–તે અનર્થ દંડ છે. પરંતુ યોગ્ય વખતે, જરૂરીયાત પૂરતીજ અને ખરી જરૂરીઆત હોય ત્યારે જ. લાગણી ઉશ્કેરાય તો જ પ્રજા જીવનને વિકાસ મળે છે. લાગણી ઉશ્કેરનાર નોવેલો વાંચવા, નાટક–સીનેમા જોવા, મશાલાવાળા ખોરાક ખાવા, વિગેરેનો નિષેધ આટલા માટે છે.

૯. લજ્જા, શરમ, મર્યાદા, દાક્ષિણ્યતા, ઉદારતા, અક્ષુદ્ર સ્વભાવ, પરોપકારવૃત્તિ. ધર્મસેવા, ધર્માનુસારી દેશસેવા, તદનુસારી જ્ઞાતિસેવા. તદનુસારી કુટુંબસેવા. તદનુસારી વ્યક્તિગત જીવન, તદનુસારી પ્રતિષ્ઠિત જીવનમાં ટકી રહેવા, પ્રજાને ઉપદેશદ્વારા માર્ગ બતાવવા જોઈએ. કેમકે–સંસ્કૃતિની રક્ષામાં ધર્મની રક્ષા છે. ધર્મ રક્ષામાં પ્રજાની દેશ વિગેરેની રક્ષા છે. અને દેશ રક્ષામાં બીજી અવાંતર રક્ષા એ છે.

૧૦. કુટુંબની–આબરુ. નાણા પ્રકરણીય શાખ–આંટ. નાત–જાતમાં કુટુંબનો મોભો. ધર્મ. સંસ્કાર, સ્થાવર જંગમ મિલ્કતો, ધનસંપત્તિ, ઘર વિગેરે જે વારસાથી મળ્યા હોય, તે ન વાપરતાં દરેક આર્ય વ્યક્તિએ ટ્રસ્ટી તરીકે તેનું સંપૂર્ણ રક્ષણ કરી, ઉત્તરોત્તર વારસામાં સુરક્ષિત રીતે જાય, અને આગળ પણ સુરક્ષિત રહે, તેને માટે સંપૂર્ણ

ખબરદારી રાખી આગળ લંબાવવા. અને તેમાંનુ પોતે જે જે વિશેષ ઉપાર્જન કર્યું હોય. તેમાંથી અમુક સ્થાયિ અંશ વારસામાં જાય તેમ કરવું. સંતાનોને શિક્ષણ પણ વારસો સંભાળવાનું અને સંભાળી શકે તેવું આપવું. શિવાયના સ્વોપાર્જિત વધારામાંથી પોતાના જીવન વિકાસ માટે બીજાઓના જીવન વિકાસમાં, મહત્વના ધાર્મિક સાત ક્ષેત્રોમાં ઉપયોગ કરીને સ્વપર કલ્યાણ સાધી શકાય છે. માટે એ તત્ત્વ તરફ આર્યસંતાનોનું લક્ષ્ય રહેવું જોઇએ.

૧૧. આહાર-ખાન-પાન ભક્ષ્ય ભોજ્ય વિગેરે ચીજોનો ઉપયોગ અને ત્યાગ જૈન ભક્ષ્યાભક્ષ્ય વ્યવસ્થાની દૃષ્ટિથી પ્રજાને શીખવવો જોઇએ. વીટામીનના તત્ત્વોના ખ્યાલથી ન શીખવા દેવા જોઇએ.

પ્રાણિજન્ય પદાર્થોથી મોટે ભાગે બનતા ચુનાની કે પરદેશી ઔષધો પ્રજા ન વાપરે તો સારૂં. તેવો ઉપદેશ આપવો એ કર્તવ્ય છે.

બ્રહ્મચર્યના ફાયદા સમજાવવા કરતાં તેની પ્રતિજ્ઞાઓ લેવડાવવી વધારે ઉત્તમ છે. કેટલીકવાર ફાયદા સમજાવવા જતાં તેનું વિવેચન કરવું પડે, તે બ્રહ્મચર્યની બાબતમાં યોગ્ય નથી.

૧૨. યાન્ત્રિક ધંધાઓના પ્રચારથી, પ્રથમના ધંધામાં જ આખો દિવસ પ્રજાને યોગ્ય વ્યાયામ મળતો હતો, તે મળતો બંધ પડતો જાય છે, બેકારીને અંગે પૌષ્ટિક ખાનપાન અને નિશ્ચિંત જીવન ઘટતા જાય છે, ત્યારે કારખાનાઓમાં વધુ પડતો વ્યાયામ અને ગુંગળામણ ભરેલા જીવનને લીધે લાખો વર્ષથી સંગઠિત થયેલું પ્રજાના મોટા ભાગનું આરોગ્ય નદીના પૂરની માફક વહી જઇ દિવસે ને દિવસે હીનકોટિ ઉપર પહોંચી રહ્યું છે. તેને આજના અખાડાઓ અને વ્યાયામ શાળાઓ ટકાવી શકે તેમ છે જ નહીં. ઉલટા આજે તે નાશ પામતા પ્રજાના આરોગ્ય તરફ પ્રજાનું ધ્યાન જવા ન દેતાં પ્રજાને ભૂલાવામાં પાડી આશામાં ને આશામાં ગફલતમાં રાખે છે. અને અમુક સંખ્યાને જ લાભ આપી શકે છે. આ બેકાર દેશ તેના ખર્ચને પૂરો પહોંચી વળી શકે તેમ નથી, વ્યાયામના વિદેશી સાધનોના વકરાની અખાડા પણ એક નાની છતાં ધીમે ધીમે વિકાસ પામતી એજન્સી છે.

પ્રજાની સ્વાભાવિક સ્થિતિમાં અખાડા અને વ્યાયામશાળાઓ પોષક થાય, ત્યારે અત્યારે નુકશાનકારક થાય છે, અને તે આખી પ્રજાના નાશ પામતા આરોગ્યને સાંધવાનો સર્વગ્રાહી ઉકેલ પણ નથી. આ તત્ત્વ માર્મિકજ માણસો સમજી શકશે. માટે જેમ બને તેમ પ્રજાનું સ્વાભાવિક જીવન ન તુટે, તે ખ્યાલમાં રાખવાનું છે. અને તેટલા આરોગ્યથી સંતોષ માનવો. નહીંતર કુડી લેવા જતાં પાટણ ખોવાનો વારો આવશે. માટે

તેમાં પ્રજા ન દોરાય, અને "વ્યાયામના અખાડામાં ન જવાથી એકંદર નુકશાન" માનવાની ભ્રમણા દૂર કરવા જેવી છે. આજના અખાડાઓ અને વ્યાયામ શાળાઓની મદદ વિના ઉભતજાત મહેનતના કામથી જો પ્રજા જેટલો વ્યાયામ મેળવે, તો તેની સામે વાંધો લેવા જેવું નથી.

## મોક્ષ.

૧. તત્ત્વજ્ઞાની, પરમતપસ્વી, ક્રિયાપાત્ર, વ્યાખ્યાની, શાસ્ત્રજ્ઞ, લોકજ્ઞ, વિવિધ વિદ્યાવારિધિ, આચારશીલ, વિધિના ખપી, સંસ્કૃતિજ્ઞ, સંસ્કૃતિના રક્ષક: વિગેરે જુદી જુદી શકિત ધરાવતા મુનિમહાત્માઓ–બાળ; મધ્યમ અને બુધ પાત્રોને મોક્ષમાર્ગની અભિમુખ રાખી શકે, તેવા દરેક સંઘાડાઓમાં હોવા ઇષ્ટ છે.

૨. ઉપાશ્રયના ભૂષણભૂત પ્રતિક્રમણ અને વ્યાખ્યાનમાં, મંદિરના ભૂષણભૂત મહાપૂજાઓ અને ઉત્સવોમાં, જૈનશાસનના ભૂષણભૂત વરઘોડાઓ અને ઉદ્યાપનોઓ વિગેરેમાં અને જૈન ધર્મની આરાધનાના ભૂષણભૂત પર્યુષણાપર્વ તથા આયંબિલની ઓળીઓ વિગેરેમાં જેમ બને તેમ વધારે જીવો લાભ લે, તેવા દરેક પ્રકારો શાસ્ત્રમર્યાદા અને સંઘમર્યાદાને અનુસરતા તાત્કાલીન સાધનો અનુસાર આકર્ષક બનાવવા જોઇએ. તેના દરેક અંગો બળવત્તર આકર્ષક અને વ્યવસ્થિત બનાવવા પ્રથમથી જ એવા પ્રયાસો ચાલુ રહેવા જોઇએ કે જેથી કરીને ઉપર જણાવેલા ભૂષણો દરેક વખતે વધારેમાં વધારે સારી રીતે શોભી ઉઠે. આગ લાગે ત્યારે કુવો ખોદવા ન બેસાય. ખોટી, કૃત્રિમ, અને અમુક વખત પૂરતી કામચલાઉ દેખાવ થાય, તેવો વેગ ન આપતાં ચાલતી સ્થીતિ સ્થાયિ ટકી રહે, તેવી વ્યવસ્થા કરવી.

૩. સામાયિક, પ્રતિક્રમણ, પોસહ, બ્રહ્મચર્યવ્રત, પૂજાઓ, પ્રતિષ્ઠાઓ, અંજન શલાકાઓ, મહાપૂજાઓ, ઉપધાન વહન, તપોનુષ્ઠાનો, ગુરુ સામૈયા, સાધર્મિક વાત્સલ્યો, વિવિધ ધર્મારાધકોની ભકિત કરનારા ભોજન પ્રસંગો, કિંમતી પ્રભાવનાઓ, વિગેરેથી શાસનનું વાત્સલ્ય ચાલુ રહે, તેમાંજ દરેક પોતાના ધનનો સર્વોત્તમ ઉપયોગ માને, અને તેને માટે સારી રકમો કાઢે, તેવી સાચી અને હિતકારક સમજ આપવાના સાથે સાથે પ્રયાસો થવા જ જોઇએ.

૪. પૂર્વર્ષિ પ્રણીત શાસ્ત્રોના યોગ્યતાનુસાર પઠન–પાઠન અર્થચિંતન અને તત્ત્વવિચારણા ભર્યા સંવાદો–તત્ત્વવાદો પ્રશ્નોતર વિગેરે નિરંતર ચાલુ રહેવા જોઇએ.

૫. આત્મા, આત્માનું નિત્યત્વ, કર્મ વશ્યતા, તેનો કર્મોથી મોક્ષ, તેના ઉપાયો, વિગેરે વિષે એવા સચોટ અનુભવો અને અભ્યાસ પ્રજામાં ઉત્પન્ન કરવા જોઇએ કે–ભવ નૈર્ગુણ્ય અને સમયકૃત્વના શમ સંવેગાદિ લક્ષણો સરસ રીતે પોતાનામાં કેળવવા પ્રજા

તૈયાર રહે. આધુનિક વિજ્ઞાન તરફ તેનું મન જરા પણ ન લલચાય, ઉલટું ધર્મ અને આત્મકલ્યાણકર તત્ત્વો તરફ સહજ સિદ્ધ વલણ રહ્યા જ કરે, એવા હસ્તામલકવત્ અનુભવ કરાવી દેવા જોઈએ. ચિત્તમાં એક મોક્ષની જ અભિલાષા રમતી થવી જોઈએ. એજ જીવનનો આદર્શ, તેજ સિદ્ધિ, તેજ સર્વસ્વ, અને તેજ પ્રગતિ સમજાઈ જવી જોઈએ.

૬. હાલની કેળવણી, હાલનું વિજ્ઞાન, હાલની પ્રાચીન શોધખોળ, હાલના કેટલેક અંશે ખોટા ઇતિહાસ ભુગોળ, હાલનું અર્થશાસ્ત્ર ન્યાયશાસ્ત્ર વિગેરે મોક્ષમાર્ગથી અવળે રસ્તે લઈ જનારા તત્ત્વો પ્રજાને તુચ્છ અહિતકર લાગે, તેવી રીતે વાસ્તવિક સત્ય છે, તે સમજાવવું જોઈએ.

૭. સર્વધર્મ સમભાવ અને સર્વના તત્ત્વ સમજવાની વાતો, તેવા પુસ્તકો, તેવા ઉપદેશો પ્રજા ન સાંભળે, ન વાંચે, તે ઇચ્છવા જેવું છે. કેમકે-તેમાં પરિણામે કશો વાસ્તવિક સાર નથી, હાલની સાહિત્ય સંસ્થાઓ, ફરતી લાયબ્રેરી, ટાઉનહોલના ભાષણો, વિગેરેને ઉત્તેજન આપવું એટલે આર્ય પ્રજાની બુદ્ધિને ડહોળનારા સાધનો ઉભા કરવા, એ અર્થ થાય છે. પ્રજાનો બુદ્ધિભેદ પણ પ્રજાના નાશનું મોટું કારણ થાય છે.

## ૫. પ્રકીર્ણ

૧ **સીવીલાઇઝેની સંસ્કૃતિ**— એટલે હાલનો જમાનાવાદ. જે નવો ઉત્પન્ન કરવામાં આવેલ છે, તે કુદરતી નથી. જો તે જગતમાં વ્યાપક કરવો હોય, તો આર્ય સંસ્કૃતિ ટકી શકે જ નહીં ? આર્ય સંસ્કૃતિએ ટકવું હોય, તો સિદ્ધાન્ત તરીકે જમાનાવાદને ટેકો આપી શકાય નહીં.

૨ **ઐતિહાસિક શોધખોળ—આજની ઐતિહાસિક શોધ ખોળ અને પુરાતત્ત્વ આપણને અવળે માર્ગે દોરનાર છે: તેની સાથે આપણા શાસ્ત્રના સત્યો તોળી જોવાની જરૂર નથી. પરંતુ આપણા સત્ય વિધાનોને મદદ મળે તેવી ઐતિહાસિક શોધખોળો અને પ્રાચીન અવશેષોની શોધખોળ સ્વતંત્ર પણે કરવી જોઇએ.** યુરોપીયનોએ શોધેલી ઐતિહાસિક શોધોને સાચી માની તેની સાથે આપણા શાસ્ત્રો ઘટાવીશું., તો તે લગભગ ખોટા માલૂમ પડવાના. આપણા શાસ્ત્રોની બિનાઓ ઉપર દૃઢ શ્રદ્ધા રાખી તેની સાથે સંવાદક શોધ ખોળો શોધી તેની સાથે ઘટાવીશું, તો-આપણા શાસ્ત્રો ખરા લાગશે, અને શાસ્ત્રો ઉપર દૃઢ શ્રદ્ધા ટકી રહેશે. બુદ્ધિભેદ થવાના કારણનો આ સૂક્ષ્મ માનસિક પ્રકાર છે. આપણે એક લખાણ લખીને સામાને સુધારવા આપીયે, તે ગમે તે સુધારો કરે, છતાં મોટે ભાગે આપણી ગોઠવણમાં તે આવી જાય છે. અને તેમના લખાણમાં આપણે

ગમે તેટલા ફેરફાર કરીયે, તો પણ આપણે મોટે ભાગે તેની ગોઠવણમાં આવી જઈએ છીએ. એવા કેટલાક દસ્તાવેજી લખાણો થાય છે. તેવી બારીક ગોઠવણ આ પુરાતત્ત્વની આજની ગોઠવાયેલી શોધખોળમાં છે. એની એ વાત એવી ખુબીથી મૂકાય, કે તેમાંથી અનુકુળ કે વિપરીત જેવી અસર ઉપજાવવી હોય, તેવી ઉપજાવી શકાય છે.

૩ **જીવદયા**—આપણી જીવદયા સર્વ પ્રાણીઓને બચાવવાની છે. મનુષ્યોને પણ. પરંતુ મનુષ્ય પ્રાણી બુદ્ધિશાળી હોવાથી પોતાની જાતે પોતાનો બચાવ કરી શકે છે. વળી, સમાજ વ્યવસ્થા, કુટુંબ વ્યવસ્થા, રાજ્ય વ્યવસ્થા, વિગેરે મનુષ્ય જાતે મનુષ્યોના બચાવ માટે ગોઠવેલ છે. માત્ર મુંગા પ્રાણીઓનું કોઇ બેલી ન હોવાથી તેને માટે આપણે અનેક પ્રકારે દયા પળાવીએ છીએ.

ધંધામાં ઉપયોગમાં આવતા ગાય બળદ વિગેરે પાળેલા પ્રાણીઓ જન સમાજના ધંધાનું અંગ હોવાથી લોકો તેનું રક્ષણ કરે છે. એટલે એ પણ બોજો આપણે માથે ન રાખતાં માત્ર લુંલા લંગડા પૂરતી પાંજરાપોળો મારફત જીવદયાનો પ્રશ્ન ઉકેલીયે છીએ.

ત્યારે આજે યાંત્રિક વાહનો થતાં અને લોકોમાં બેકારી ફેલાતાં પાંજરાપોળના ખર્ચને ન પહોંચી વળવાના કેટલાક દાખલા બનતાં તેને ઇરાદાપૂર્વક "કસાઈખાનાની ઉપમા આપી, ખેતરો રાખી, ઘાસ ઉગાડી, દૂધ વેચી નિભાવ કરવો" વિગેરેથી ધંધાદારીને રસ્તે ચડાવી દઇ તેની દયામયતા ફેરવી નાંખવાના પ્રયાસ થાય છે. પશુ ઉચ્છેર પ્રજાએ ધંધાની દૃષ્ટિથી કરવો જોઇએ. નહીં કે દયાની દૃષ્ટિથી. અને નબળાની રક્ષા દયાની દૃષ્ટિથી થવી જોઇએ. પાંજરાપોળો ખર્ચને ન પહોંચી શકતી હોય, તો તેના મૂળ રોગ યાન્ત્રિક ધંધા છે. પાંજરાપોળોને દૂધાળા ઢોર ઉચ્છેરની ધંધાદારી પશુ શાળાઓ બનાવવા માટે તેને સાર્વજનિક બનાવરાવી હાથમાં રાખવાની ગોઠવણ કરવામાં આવી છે. દયાનું સાચું ઝરણું રુંધાવાના ભય ઉત્પન્ન થયો છે.

તેમજ મહાજનની અસરથી આખા દેશમાં જીવદયા જુદા જુદા સ્વરૂપમાં પળાતી હતી, અને આજે પળે છે. આખા દેશના હિંદુ રાજાઓનો મોટો ભાગ મહિના મહિના સુધી લગભગ પર્યુષણા જેવા પર્વોની આસપાસ જીવદયા પળાવે છે. એટલી મહાજનની [પ્રજાની] અસર છે. અર્થાત્ મહાજનની અસર આડે જીવદયાની બાબતમાં રાજ્યના કાયદાઓ આવી શકતા નથી. કેમકે-પ્રજાને માન આપવાની રાજ્યસંસ્થાની ફરજ છે.

ત્યારે-મુંબઇની જીવદયા મંડળી-અને તેને અનુસરતી સંસ્થાઓઃ-

(૧) સમસ્ત મહાજનની પરવાનગી વિના જીવદયાની બાબતમાં રાજ્યના હિંસાપોષક કાયદા આડે આવે, તો આવવા દેવાનું ગર્ભિત રીતે કબુલી લે છે.

(૨) લંડનમાં સ્થપાયેલી હ્યુમીનીટી લોજ નામની સંસ્થાની પેટા શાખા જેવી એ સંસ્થા છે.

(૩) તેણે આપણી પાંજરાપોળો ઉપર ટીકા કરનારો ઠરાવ કર્યો છે.

(૪) માનવદયાને ઉત્તેજન આપવાની નીતિ સ્વીકારીને બીજા પ્રાણીઓની દયા પાળવાનો સિદ્ધાન્ત ગર્ભિત રીતે ઢીલો કર્યો છે.

(૫) મનુષ્યોની સગવડ માટે કુતરા–રખડતાં ગધેડાં–ગાયો કે બીજા ઢોરો પક્ષિઓ–વાંદરા–હરણ – રોજ – માકડ – ચાંચડ – મચ્છર – તીડ – કાતરા વિગેરે જંતુઓનો નાશ કરવાના ઠરાવોને અનુકૂળ વાતાવરણ ફેલાઇ રહ્યું છે, તેવા આજના જમાનાના આદર્શને લગતાં રાજ્યના કાયદાની દેશ ઉપર થતી અસર એ મંડળી અટકાવી શકતી નથી. અને તેનાથી વિશ્વાસમાં રહીને મહાજન પણ કાંઇ કરી શકે નહીં.

(૬) ખેતીવાડી કોલેજોમાં અને ખાસ ઉઘાડવામાં આવેલા તાલીમ વર્ગોમાં ખેતીને નુકશાન કરનારા ગણાતા તીડ, કાતરા, ઉંદર, વિગેરેને મારી નાંખવાની યુક્તિઓ અને શિક્ષણો મોટા પાયા ઉપર અપાઇ રહ્યા છે. અને તે સંસ્થા સાર્વજનિક કે સરકારી હોય છે. એટલે તેમાં આપણો જીવદયાના ખાસ હિમાયતી જૈનોનો અવાજ જ ખાસ ન આવે.

(૭) આપણને અને આપણી અહિંસાને અવ્યવહારુ ગણીને હસી કાઢે છે. એટલે પત્યું. સવાલ જવાબ જ ન રહે. તે કેમ હસી કાઢવામાં આવી ? તેના ખરા કારણો હવે બહાર આવતા જાય છે.

(૮) આપણા જૈન ભાઇઓ આવી સંસ્થાના કાર્યવાહકો હોય છે. પરંતુ તેઓને પણ તે કામમાં સાર્વજનિક સિદ્ધાન્તને અનુસરીને જીવદયાની દોરવણી કરવાની હોય છે, એટલે ઉલટા તેઓ તો તેમ કરવાને બંધાઇ જાય છે. સાર્વજનિક આજના આદર્શની જીવદયા અને જૈન આદર્શની જીવદયા એ બેની વચ્ચેથી પસંદગી કરવાની હોય, ત્યારે જૈન આદર્શની દયાને તેમણે પોતાની હાલની ફરજની રૂએ બાજુએ મૂકવી પડે જ છે. જો કે એટલું તેઓનું અજ્ઞાન છે.

(૯) વળી આજે આપણા જૈન ભાઇઓ તેના કાર્યવાહકો છે, તેનું મુખ્ય કારણ તો એ છે કે–શરૂઆતમાં એવી જીવદયાની સંસ્થાની પ્રતિષ્ઠા માટે એમ થવું જરૂરી હતું. તેને. સ્ટાફ તો નવા વિચારની અહિંસાના વિચારનો જ મોટે ભાગે હોય છે.

(૧૦) જેમ જેમ વખત જશે, તેમ તેમ તેની જીવદયાના મૂળ આદર્શો બહાર આવતા જાય છે, ને જશે, તેમ તેમ તેમાં અને જૈન આદર્શની જીવદયામાં આકાશ

પાતાળનું અંતર દેખાશે. અને વાસ્તવિક અહિંસાથી તે સંસ્થાઓ એટલી દૂર માલુમ પડશે કે–પછી સાચા દૃષ્ટાને હિંસામય લાગ્યા વિના નહીં રહે.

(૧૧) માત્ર આપણી અહિંસાને પલટો આપવા માટે, અહિંસાની વ્યાખ્યા બદલવા માટે, અહિંસાનું સુકાન જૈનોના હાથમાંથી શેરવી લેવા માટે, એ સંસ્થાનું અસ્તિત્વ થયું હોય, એમ જાણી શકાય તેમ છે.

(૧૨) દુધાળા પશુઓના ઉચ્છેર માટે તે સંસ્થા પ્રયાસો કરે છે. તેમાં ધંધાનું તત્ત્વ છે, પણ જીવદયાનું તત્ત્વ ગૌણ છે, યા નથી. પરદેશી ડેરી કંપનીઓ મોટા પાયા ઉપર થવાની છે, તેની એ પ્રાથમિક ભૂમિકા રચી આપે છે, અને આ દેશના રબારી ભરવાડો ગવળી વિગેરેના હાથમાંથી પશુધન છોડાવી લેવાનું છે, તેની પણ એ સંસ્થા તૈયારી કરી આપે છે. એમ કરીને તે–પશુ ઉચ્છેર કરવાની હિમાયત કરતાં છતાં, લાખો વર્ષની ચાલી આવતી પશુ ઉચ્છેરક અને તે બાબતમાં નિષ્ણાત કોમોના લાખો માણસોની હિંસા નોતરી લે છે. આજના કેટલ કેમ્પો, પશુ ઉચ્છેરની સંસ્થાઓ, પરદેશી પધ્ધતિની ડેરીઓ, આજના દુધની તપાસણી ખાતાનું પણ છેવટે પરિણામ એજ છે. દુધાળાને જ બચાવવાની હિલચાલમાં, ખેતી અને વાહન વ્યવહાર માટે ગર્ભિત રીતે મશીનોનો સ્વીકાર છે.

(૧૩) વધતી જતી બેકારી અને વિષમ જીવન સંજોગોને લીધે માનવોની આપઘાત વિગેરેથી હિંસાનો સંભવ ઉત્પન્ન થયો છે, તેવા પ્રસંગોમાં માનવોને બચાવનાર સરકારી અમલદારો કે જાહેર સજ્જનોને ચાંદ આપવાના મેળાવડા કરી માનવદયા કરવાનો યશ એ સંસ્થા લઇ શકશે. પરંતુ માનવ હિંસા થવાના બેકારી વિગેરે સંજોગોની ગર્ભિત રીતે એ સંસ્થાએ બરદાસ કરી ગણાય જ. જો કે નામદાર વાયસરોય સાહેબ દ્વારા અમેરિકન બાઇના મળેલા ડોલરમાંથી ઇનામ અપાતું હોવાથી, આ દેશના આદર્શને બદલે એ દેશના આદર્શની અહિંસા તે સંસ્થા મારફતે મુખ્યપણે સચવાય, એ પણ દેખીતું જ છે.

(૧૪) પરમાત્મા મહાવીરદેવના જન્મ દિવસને જીવદયાનો દિન રાખવામાં પોતાની સંસ્થા તરફ જૈનોની સહાનુભૂતિ ખેંચવાની યોજના માત્ર છે. અને જીવદયાને નામે પરમાત્મા મહાવીર દેવની વધુ જાહેરાત કરીને એ દિવસ પબ્લીકનો બનાવી તેનો પબ્લીક ઉપયોગ કરવા માટે છે. એટલે–પરમાત્મા મહાવીર અને તેનું શાસન પબ્લીકનું બનાવવાનો એ માર્ગ છે. અર્થાત્ જૈનો સ્વતંત્રપણે તેની વ્યવસ્થા કરે છે. તેમાં પબ્લીકને ડખલ કરવાનો માર્ગ કરી આપવામાં આવે છે. સુધારા વધારાને નામે "પબ્લીક તેનો અને તેની મિલ્કતનો" પછી ગમે તે ઉપયોગ કરી શકે. એમ કહીને મૂળ સંસ્થાને બગાડવાનો માર્ગ મોકળો કરવામાં આવ્યો છે. શાસનના ખાસ ટ્રસ્ટી

જૈનોના હાથમાંથી જૈન ધર્મની મિલ્કતો અને સત્તાઓ સેરવી લેવાની એ એક જાતની પેરવી છે.

(૧૫) મ્યુનિ૦ તે દિવસે કતલખાના બંધ રાખે તેનો સંતોષ આજના જીવદયા પ્રેમીઓ અનુભવે, તેનો બીજો અર્થ એ થાય છે, કે–મ્યુ૦ ના કતલખાના ૩૬૪ દિવસ ચાલે, તેમાં પબ્લીકનો સાથ છે, કેમકે–મ્યુ૦ પબ્લીક સંસ્થાઓ ગણાવી છે, અને તેમાં જૈનો પણ મતદાર અને પ્રતિનિધિઓ હવે થતા જોવાય છે. એવી સંસ્થાઓ હિંદમાં આ મ્યુ૦ પહેલાં જાહેરની નહોતી, એટલે છુપા ચાલતા કસાઇખાનાઓમાં પબ્લીક હિંદુઓનો અને જૈનોનો સહકાર નહોતો. પરંતુ આજે ૩૬૪ દિવસની હિંસામાં સહકાર થાય છે. ૧ દિવસ દયા પળે છે. તેની ખુશી આપણી પાસે મનાવીને બાકીના દિવસોમાં આપણો સહકાર જીવદયા મંડળી આપણી પાસેથી મ્યુ૦ ને અપાવે છે.

(૧૬) દુધાળા ઢોરોનેજ બચાવવાના તાર કરાવીને બીજાઓની હિંસા કરવાનું આપણી પાસે જ સરકાર આગળ એ સંસ્થાએ કબૂલ કરાવરાવ્યું છે.

(૧૭) આજે એ સંસ્થા શાળા કોલેજોમાં અહિંસા વિષે વિદ્યાર્થીઓ પાસે નિબંધો લખાવીને દયાનું જ્ઞાન પ્રચારતી હોવાનું આપણને કહે છે. પરંતુ એ નિબંધોમાં પ્રાયઃ કરીને આપણી દયાની સીધી કે ગર્ભિત ટીકા હોય છે. પરંતુ ખેતીની મ્યુ૦ ની જન-સુખાકારી વિગેરે નામે કેટલી બધી હિંસા પ્રચાર પામે, તેવી યોજનાઓ ઘડાઇ રહી છેઃ ખેતીઃ પશુ ઉચ્છેરઃ વ્યાપારઃ હુન્નરઃ ઉદ્યોગઃ કળાઃ વિગેરે પરદેશીઓના હાથમાં જઇ રહ્યા છે. અને જાય છે. તેને માટે મોટી મોટી યોજનાઓ ઘડાઇ રહી છે, જેને લીધે લાખો કરોડો હિંદુ ધંધારથીઓની બેકારી ઉત્પન્ન થવાની તૈયારી થઇ રહી છે. અને તેમાં જે મોટી માનવ હિંસા પડી છે. તેના નિબંધ કોઈ લખાવતું નથી, ને કોઇ લખતું યે નથી, તે વાત પરોક્ષ હિંસાની બાજુએ મુકીએ, તો પણ પ્રત્યક્ષ હિંસા પણ ઘણી વધી છે.

ઉલટા દેશ નેતાઓ તેવી વાતોને ટેકો આપે છે, ત્યારે તેમની સલાહ પ્રમાણે એ જીવદયાની સંસ્થાઓ ચાલે છે.

(૧૮) કોંગ્રેસની અહિંસાની વાતોમાં અહિંસાની તરફેણમાં શબ્દો શિવાય કાંઇપણ પરિણામ આવ્યું નથી. ઉલટી અહિંસા વિષે જનસમાજમાં ગેરસમજ ઉભી કરીને સાચી અહિંસાને ગુંગળાવવા પ્રયાસ થયો છે. સારાંશ કે–હિંસા વધી છે; પણ ઘટી નથી. માત્ર અમુક વખત પૂરતી જ એ હિલચાલ હતી. તેમાં કોઇ સ્થાયિ સુંદર તત્ત્વ નથી. એ જણાતું આવે છે,

(૧૯) આ શિવાય પણ અનેક એવા કારણો ગોઠવાયા છે, કે એ સંસ્થાઓથી જીવ-

દયા કરતાં જીવ હિંસાનો પરિણામે લાંબે કાળે વધારે સંભવ લાગે છે. જો કે સૂક્ષ્મ અભ્યાસ વિના એ સમજી શકાય તેમ નથી.

સબબ કે—આવી સંસ્થાઓને ટેકો આપતાં પહેલાં પૂર્વાપરનો ખૂબ વિચાર કરીને જીવદયાના શુભ અને શુદ્ધ હેતુઓ સીધા અને પરંપરાએ જે રીતે સચવાય તે રીતે હિંસાષ્ટકાદિ શાસ્ત્રોનો પૂર્વાપર વિચાર કરીને જીવદયાનો ઉપદેશ આપવો જોઇએ. નહીં તર લાભને બદલે હાનિ પણ થવાનો સંભવ ગણાય.

**૪ સ્ત્રી કેળવણી**—આજની સ્ત્રી કેળવણી—અને તેની સંસ્થાઓ આપણી સ્ત્રીઓમાં જે ખરા સંસ્કાર છે, તે ક્રમસર યોજના પૂર્વક તોડવામાં ઉપયોગમાં આવી રહ્યાનું જણાઈ આવેલ છે, અને સ્ત્રીઓને બિન જરૂરી, આપણી આર્ય બાળાઓને બિનજરૂરી, આજે આપણી જરૂરીઆતને બિનજરૂરી, સંસ્કારો પાડવામાં આવે છે;

આપણા ઘરોમાં આર્ય સંસ્કારો અને ખાનદાનીનો ટકાવ એ જ સંપૂર્ણ સ્ત્રી કેળવણી અને બાળ કેળવણીનું સાધન છે. ખરી રીતે એવા લખાણો, પુસ્તકો, છાપાંઓ, ચર્ચાઓ વાતચીત, આપણા સારા કુટુંબોમાં અને ધર્મ સ્થાનોમાં થવાજ ન હોવા જોઇએ, એવી વાતો થવા દેવી, એ પણ એક જાતનો આપણા મત મેળવવાનો પ્રચાર છે. આજની સ્ત્રી ઉન્નતિ સ્ત્રીઓની માનસિક અવનતિ કરે છે,

## ૫. કેટલીક હીલચાલો વિષે સાચી સમજ

૧ ધર્મ સેવામાં દેશ સેવા વિગેરે સેવાઓ સમાય છે. દેશ સેવામાં પ્રજા સેવા વિગેરે સમાય છે. પ્રજા સેવામાં જ્ઞાતિ વિગેરેની સેવા સમાય છે. જ્ઞાતિ સેવામાં કુટુંબ વિગેરેની કુટુંબ સેવામાં ઘરની, અને ઘરની સેવામાં કુટુંબની વ્યકિતયોની અને પોતાની વ્યકિતની સેવામાં દરેકની સેવા સમાય છે. કોઇ પણની સેવા તે તે વ્યાપક તત્ત્વની અવિરોધિ રીતે સેવા કરી શકાય. વિરોધિ રીતે ન કરી શકાય. બધી સેવાઓની વ્યવસ્થા અને ઉપદેશ ધર્મ આપે છે. એટલે ધર્મથી વિરુધ્ધ હોય, તે રીતે કોઇ પણ સેવા ન કરી શકાય. દેશની સેવા કરવાનું પણ ધર્મજ શિખવે છે. માટે ધર્મને હાનિકર થાય, તેવી દેશ સેવા વિગેરે સેવાઓ ન કહી શકાય.

૨. આજના રાષ્ટ્રવાદમાં—ખરી દેશ સેવા, ધર્મ સેવા, પ્રજા સેવા કે એવી કોઈ પણ સેવા છે જ નહીં. માટે જ કેટલાક સમજુ મહાનુભાવો તેનાથી દૂર રહે છે, નહીં કે—નબળાઇ: કે—દેશ સેવાની લાગણીનો અભાવ: સમજવાના છે. પણ તેમ કરવામાં મહાપાપ સમજીને તેવી પ્રવૃત્તિઓથી દૂર રહેવામાં આવેલું છે. જો કે ધર્મ દેશ કે પ્રજાની ખરી સેવા કરવાનું કર્તવ્ય દરેકે બજાવવું જોઇએ.

૩. આજની દેશોન્નતિ એટલે "ગોરી પ્રજાઓની આ દેશમાં ઉન્નતિ" એ અર્થ સમજવાનો છે.

૪. એજ પ્રમાણે આજની પ્રજા ઉન્નતિમાં પણ ગોરી પ્રજાની ઉન્નતિ ગોઠવાઇ છે. અને તે કાર્યમાં આજના આગેવાનો અને દેશનેતાઓ પ્રયાસ કરી રહ્યા છે. એજ પ્રમાણે આર્થિક, સામાજીક, રાજકીય, શારીરિક, વિગેરે આધુનિક ઉન્નતિઓના એ પ્રમાણેજ અર્થ સમજવાના છે.

૫. સ્વરાજયનો અર્થ સંસ્થાનિક સ્વરાજ્ય છે, એટલે કે ગોરી પ્રજાઓના વસવાટ માટેનું સ્વતંત્ર–કોઇની પણ દરમ્યાનગીરી વિનાનું–સ્થાન. તે સંસ્થાનિક સ્વરાજ્ય. જેથી ભારતીય આર્ય પ્રજાના દેશ સાથેના વતન હક્કને ઘણું નુકશાન થાય તેમ છે. આ દેશમાં સંસ્થાનિક સ્વરાજ્ય એટલે ગોરી પ્રજાની વસાહત બનવું.

૬. **ત્રિરંગી વાવટો**–દુનિયાની દરેક પ્રજાના આ દેશમાં વતન હક્ક કબુલ કરાવવાની હિલચાલનું પ્રતિક છે પરંતુ ભારતીય આર્ય પ્રજાને વતન હકક બીજે બધે મળવા જોઇએ ને ? બધેય કદાચ વતન હક્ક મળે. એટલે આ આખી પ્રજા દેશો દેશમાં વ્હેંચાઇ જાય. એટલે તેનું સંગઠન તુટી જ પડે. એટલે એક પ્રજા તરીકેની તેની આજની એકતા નાબુદ થાય, અને આ દેશ સાથેનો સંબંધ છુટતાં તેની સંસ્કૃતિનો પણ નાશ થાય માટે ગામમાં અરધો મળે તો આખો લેવા બહાર ન નીકળવાનો, અને દેશમાં અરધો મળે તો આખો લેવા પરદેશ ન જવાનો, ઉપદેશ પરિણામે આર્ય પ્રજાને હિતાવહ છે.

૭. હિંદુ અવિભક્ત કુટુંબ ટકાવવું.

૮. દરેક વ્યક્તિએ નિત્ય ધાર્મિક કૃત્યોમાં અપ્રમાદી રહેવું.

૯. જ્ઞાતિ, મહાજન, સંઘ વિગેરે કામમાં યથાશક્તિ આગળ પડતો ભાગ લેવો અને ફાળો આપવો. તેઓની પ્રતિષ્ઠા ટકાવવા યથાશક્તિ મદદ અને ભોગ આપવા.

૧૦. આરોગ્યના દરેક નિયમ જાળવવા, પણ અખાડામાં જવું નહીં તેને ઉત્તેજન ન આપવું, બીજી રીતે વ્યાયામ લેવોઃ વ્યાયામ શાળાના પડદા પાછળ પ્રજાના પોષક ખાનપાન. અને નિશ્ચિંત જીવનનો નાશ ન થાય, તે માટે સાવચેત રહેવું.

૧૧. આહારમાં બે ત્રણ પેઢી સુધી દાળભાત, માલ મશાલા ખાવા મળે, તેના કરતાં હજારો પેઢી સુધી રોટલો ને મીઠું ને જાડા કપડાં મળે, તે વધારે ઇચ્છવા યોગ્ય છે.

૧૨. ભોજકો, ગોરો, બારોટો, માત્માઓ, સેવકો, ખેડુતો, વિગેરે ઉચ્ચ કોમોથી જુદા ન પાડી દેવાય, તેની સાવચેતી રાખવી.

૧૩. **ખેડુત ને વેપારી**–બ્રાહ્મણો ભિક્ષુકો છે. કારીગરો વસવાયા છે. શુદ્ર કોમો મજુરો છે. રાજાઓ ચોકીયાતો છે. એટલે–વેપારીઃ અને ખેડુતઃ એ બે જ દાનેશ્વરી અને ઉત્પાદક તથા જવાબદાર પ્રજા છે, તે આર્યપ્રજાનો પ્રાણ છે. તે બેની વચ્ચે ભેદ પાડ-

નારા પ્રયાસોને અટકાવવા પ્રયાસો થાય, તે પ્રજાના પ્રાણ બચાવવા તુલ્ય છે, કેમકે-લાખો વર્ષોનો સંબંધ ચાલ્યો આવે છે, તે તુટયા પછી કયાંય સાંધો મળશે નહીં.

**૧૪ સોળ સંસ્કાર**—જે જ્ઞાતિમાં, સમાજમા, કે વર્ગમાં પૂર્વ પરાંથી જે પ્રમાણે ચાલતા હોય, તે પ્રમાણે ચાલુ રાખવા તેમાં સુધારા વધારાની જરૂર નથી.

**૧૫ શ્રાવકો**-જન્મતાંની સાથે હવે સુવાવડખાનાઓના પરિચયથી માંડીને, નર્સોથી ઉચ્છેર મેળવીને, બાલમંદિરોમાં થઇને નિશાળમાં દાખલ થતાં જ ભણીને તૈયાર થયા બાદ પણ આધુનિક લાયબ્રેરીઓ, પુસ્તકો, દેશ નેતાઓના ભાષણો, કોલેજોમાં પ્રોફેસરોના ભાષણો, શહેરી જીવનો, છાપાઓમાંની જાહેરાતો, નાટકો સીનેમાઓ, અને હોટેલો, ચિત્રો, અને મુસાફરીઓ, પરદેશી સંસ્કૃતિ પોષકધંધા, મિત્રો અને ક્લબો, પરદેશી મિત્રો અને ક્લબો, પત્રમિત્રપરિષદ્ વિગેરે આધુનિક સાધનોના પરિચયથી દિવસેને દિવસે વધુને વધુ વિચારથી અને આચારથી પરદેશી ટાઈપના નમુના બનતા જાય છે. જેટલો એ અંધકારનો તેઓમાં પ્રવેશ થાય છે; તેટલોજ શ્રાવકત્વનો વારસાથી મળેલો પ્રકાશ ઓસરતો જાય છે. માનવપણું, તેમાં આર્યપણું, તેમાં સભ્ય પ્રજાજનપણુ, સંસ્કારી પ્રજાજન પણું; સદ્ગૃહસ્થપણું, માર્ગાનુસારિતા, શ્રાદ્ધપણું, અને પછી શ્રાવકપણું, તેમાંયે પરિણત શ્રાવકપણું. આટલી ઉચ્ચહદ શ્રાવકપણાની છે. તેને બદલે આર્ય સંસ્કારનો પ્રકાશ જીવનમાંથી ઉડતો જાય, પછી માનવપણું પણ નહીં જોખમાય તેની શી ખાતરી? આશ્રિતપણું વધતું જાય, તો માનવપણું પણ જોખમાય. માટે આવા સંજોગોમાં હજુ બહુ જ ઓછો અંધકાર પ્રવેશ પામતો આવે છે, તેમાંથી બચી જઇને, શ્રાવકો શ્રાવક-પણું બચાવી શકે, તેવા માર્ગો અને પ્રયાસો થવા જોઇએ.

સંઘના કે નાતજાતના કે સાર્વજનિક પ્રકારના ફંડ ઉપર શ્રાવક નભવાનો વિચાર સરખોયે ન કરે, પોતાની નાતજાતની પવિત્રતા જાળવીને આખી દુનિયામાં કોઈપણથી સ્વતંત્ર શક્તિથી ધંધો કરી ખાય, જેમ બને તેમ ઉચ્ચ ધંધા પસંદ કરે, તે ન મળે તો ઉતરતા ક્રમનો ધંધો કરીને પણ આશ્રિત, અનુકંપ્ય કે દયાપાત્ર ન બને, ગમે તેવો કેળવાયો હોય છતાં ભિક્ષુક જેવુ. અને માંગણ જેવું તેનું મન ન થવું જોઇએ. તેનું મન ધનપ્રાપ્તિમાં અને અંગત ખર્ચમાં લોભી—કરકસરીયું, અને ધનના સદુપયોગમાં દાતાર દાનવૃત્તિવાળું હોવું જોઇએ. કેમ આપું ? કેમ ભલું કરું ? તેનું મન સદા જાગ્રત. આજની દુનીયાને પીઇ ગયેલું, અને સ્વધર્મ કર્મનિષ્ઠ રાખવું જોઇએ. શ્રાવકો મૂળથી જે ધંધા કરતા હોય, તે છોડાવવા નહીં. મૂળથી ખેતીના ધંધા કરતા હોય, તો પણ તે છોડાવવા નહીં. ને નવા લોકોને તેમાં દાખલ થવા દેવા નહીં. જેમ બને તેમ ચાલુ ધંધો ચાલુ રહે, તેને માટે સાવચેત રહેવું. ધાર્મિક સંસ્થાઓમાં આગેવાન તરીકે આર્ય સંસ્કૃતિના પક્ષપાતી ગૃહસ્થોને ગોઠવી દેવા જોઇએ.

**શ્રાવિકાઓ**—આજના સ્ત્રી સ્વાતંત્ર્યને લગતા કાયદાઓનો આશ્રય લેવાનો મનથી તો વિચાર ન રાખે, પરંતુ "તેવા આર્યત્વ અને પ્રજાત્વ વિધ્વંસક કાયદાઓ ન હોય, તો સારૂં" એમ મનથી ઇચ્છે. અને પોતાના આદર્શ ચારિત્રથી અને ઉંડી સમજશક્તિથી બીજીઓને પણ તે જાળમાંથી બચાવે. શ્રાવિકાને છાજતા વિચાર અને આચારનો દૃઢ આગ્રહ રાખે તે ખાતર સુખદુઃખની પરવા ન કરે. દુઃખને ફુલની માળા સમજે. હજુ વધુ કસોટી ઉપર પોતાના આર્ય સ્ત્રીત્વને ચડાવે, ને તેમાં કંચનની માફક વધુ ચમકી ઉઠે. મહેનત મજુરીના ઘરકામથી કંટાળવું નહીં. કુટુંબનિષ્ઠ રહેવામાં દેશ સેવા અને સર્વ સેવા છે. પતિને દેવ માનવામાં દુન્યવી સર્વ નીતિ સમાયેલી છે. તે વાક્યમાં આર્યસ્ત્રીના દુન્યવી સર્વ આદર્શો કેન્દ્રિત કરવામાં આવ્યા છે. દેવગુરુ ધર્મનું શરણ સર્વ દુઃખોમાં દિલાસો છે. અને પરમ શાંતિનો એજ માર્ગ છે. એ ભૂલવું નહીં. આર્ય સંસ્કારવાળું એક ઘરજ સેંકડો કોલેજોનો સરવાળો છે. તેની રક્ષા કરવી. આજની બોર્ડીંગો, હોટેલો, નિશાળો તેનો નાશ નોતરી આપે છે.

**પૂજ્ય સાધ્વીજી મહારાજાઓ**—માનસિક ઉન્નતિ ભોગવતી આર્ય સ્ત્રીજાતિનો એ જગતમાં અપૂર્વ નમુનો છે. તે પદ જળવાઇ રહે અને શ્રાવિકાવર્ગ શ્રાવિકા બની રહે, પરદેશનો અને પરપ્રજાને પરસંસ્કારનો ચેપ શ્રાવિકા વર્ગમાં પ્રવેશવા ન પામે, તેની ખુબ ખબરદારી રાખે, અને તે ખાતર પોતાના જીવનને વધુ ક્રિયામય, વધુ સમજદાર રાખે. આર્યસંસ્કૃતિની ભવ્યતાનું વિગતવાર જ્ઞાન, પાલન, અને સમજવાની શકિત કેળવે. પોતાનું બાહ્ય જીવન આજની ઉચ્છરતી શ્રાવક બાળાઓને ટીકા કરવા જેવું ન લાગે, તેવું રાખે. કેમકે સાધ્વીજીઓના આંતર જીવન તો પવિત્ર જ હોય જ છે. પરંતુ સ્ત્રીસ્વભાવ સુલભ કોઇ કોઇ વ્યકિતમાં કોઈ કોઇ બાબતમાં કયાંક કયાંક પરસ્પર વૈમનસ્ય વિગેરે તત્ત્વો હોય, તે પણ ઓચ્છા થાય, તે હવે પછીના વખત માટે જરૂરી છે. કેમકે, આર્યત્વ અને આર્ય સંસ્કૃતિ ઉપર એક જાતનો મોટો હલ્લો ચાલ્યો આવે છે. એવા સમયમાં દરેકે ખુબ જાગ્રત્ રહી, પોતપોતાના કર્તવ્યમાં એટલા બધા નિષ્ઠ રહેવાની જરૂર છે કે, એ ઝેરી તત્ત્વ કોઇ પણ ઠેકાણેથી પેસવા ન પામે તેને માટે દરેકે સંપૂર્ણ ભોગ આપવાની અને સાવચેત રહેવાની જરૂર છે, જેમ બને તેમ કષાયો (ક્રોધ માન માયા લોભ) અને નોકષાયો (હસવું રોવું, ખુશી આનંદ. નાખુશી, ગમગીની, કંટાળો, બીકણપણું, અને દુગંચ્છાવૃત્તિ વેદકામવાસના) ને અલ્પ પણ સ્થાન ન આપવામાં આપણી વિશેષ વિશુદ્ધિ છે. અને જેમ વિશેષ વિશુદ્ધિનો દીવો સળગશે, તેમ તેમ અંધકાર નાશ પામશે. હજુ આપણી આંતરવિશુદ્ધિનું માપ આજના પરદેશીઓને નથી આવ્યું. ગોચરી વિગેરે પ્રસંગોએ વિદ્વાન્ અને ચારિત્રપાત્ર તથા કુશળ સાધ્વીજી મહારાજાઓએ આજની નિશાળોમાં ભણતી શ્રાવક બાળાઓના પરિચયમાં આવવું, તેમને સુપાત્ર આવવાના

आ. श्री कैलाससागरसूरि ज्ञानमंदिर
श्रीमहावीर जैन आराधना केन्द्र
कोबा (गांधीनगर) पि ३८२००९

આકર્ષણભૂત બનવું, અને શ્રાવક કુટુંબોમાં જૈન ધર્મના સંસ્કાર ટકાવવાના પાયા ન ડગી ઉઠે તેની સાવચેતીના પગલાં અવશ્ય ભરવા.

**મુનિમહારાજાઓ**—ચાલુ વ્યવહાર ક્રિયામાં બરાબર નિષ્ઠાઃ નિત્ય ક્રિયાઓ, પર્વની ક્રિયાઓ વિગેરેમાં રસપૂર્વક જાહેરમાં ભાગ લેવો અને એકાંતમાં પણ રસ પૂર્વક ક્રિયાઓ કરવીઃ શાસ્ત્ર જ્ઞાન ઊંડા રહસ્યો પ્રાપ્ત થાય તેવી રીતે સંગીન અને પરિલુત થાય તેવી રીતે કરવું; યોગાદ્વહન વિગેરે પરિપાટી ચાલુ રાખવી; તેનો આદર અને જાતે પાલન કરવુંઃ વચન પાલનઃ વખતસર કામ કરવામાં ચોક્કસ કાર્ય વિભાગોમાં મક્કમતાઃ અપૂર્વ શાંતિઃ અલ્પ ભાષિત્વઃ સચોટ વ્યાખ્યાન શક્તિઃ પ્રિય ભાષિત્વઃ ખરે અવસરે સત્ય ખાતર અપ્રીય ભાષિત્વઃ સદાજાગ્રત ભાવઃ અનાલસ્યઃ અંતરન્યારાઃ છતાં મળતાવડાપણુંઃ બ્રહ્મચર્યની રક્ષા માટે આરોગ્યના નિયમો જાળવવાઃ આરોગ્યના નિયમોનો મુખ્ય આધાર યોગ્ય આહાર ઉપર છે. અને આહારપાણીને ઉપયોગ, જૈન આચાર વિચાર અને મુનિ જીવનને અનુસરીને બરાબર કડકપણે પળાય તેવી રીતે, અને આરોગ્ય સાધક થાય તેવી રીતે, કરવોઃ મધ્યાન્હ અને સાયં આહારકાળમાં અલ્પ અંતર રહેતું હોવાથી, સાયં આહારમાં બનતા સુધી આટાની બનાવટો ઓછી લેવાનું રાખવું અથવા ન રાખવુંઃ મુનિમહારાજાઓમાં પણ હાલ જે દાંતના રોગો, મસા, આંખના રોગો, સ્વપ્નદોષ. ફીકાશ, પીળાશ, ચશ્માની જરુરિઆત, ક્ષય, વિગેરે ક્વચિત્ ક્વચિત્ જોવામાં આવે છે, તે પણ તેથી રહેવા પામશે નહીં.

आहार–निद्रा–ब्रह्मचर्याणि त्रीणि उपष्टम्भानि

**"આહાર, આરામ અને બ્રહ્મચર્ય** એ ત્રણે શરીર મહેલને ટકવાના મુખ્ય **થાંભલા** છે, અથવા મુખ્ય પ્રાણ છે." એમ કહીએ તો ચાલે, તેમાં પણ દ્વન્દ્વ સમાસમાં પૂર્વ પદમાં **આહાર** શબ્દ મુકેલો હોવાથી "નિદ્રા અને બ્રહ્મચર્યનો આધાર પણ આહાર ઉપર જ છે." એમ **આરોગ્ય શાસ્ત્રકારનું** સૂચન જણાય છે. આહાર પોત પોતાના શરીરની પ્રકૃતિ અનુસાર સમ હશે, તો બ્રહ્મચર્ય એક સહેલામાં સહેલી એક વસ્તુ થશે. અને તેથી જરૂર પૂરતી જ અલ્પ અને સુખપ્રતિબોધા નિદ્રા આપોઆપ થઇ જાય છે. અત્યશન, અધ્યશન વિષમાશન, અલ્પાશન, અનશન, આટલા તત્વો આહારની વિષમતા જન્ય દોષો ઉત્પન્ન કરે છે. સમાશન સર્વ રોગોના નાશનું અને આરોગ્યનું અમોઘ કારણ છે.

બ્રહ્મચર્ય. તપશ્ચર્યા, વિહાર, ગુરૂકુળવાસ અને રોજની વખતોવખતની ક્રિયામાં સમ્યગ્ વ્યાયામ, આટલા તત્વો શરીરને તથા આત્માને દિવ્ય બનાવવાને પૂરતાં છેઃ પર્વ દિવસોએ ચૈત્ય પરિપાટી વિગેરેના નિયમોથી જગજાહેર જૈન મંદિર સંસ્થાનું

જાહેરમાં બહુ માન કરવાથી બાલજીવો તેમાં દોરાય છેઃ ગુરૂભકિત, સમુદાયનિષ્ઠાઃ ઊગ્રવિહારઃ વિગેરે સાધુ જીવનના પ્રાણુ છે. પોતાના મુનિ જીવનમાં "ગણિપન્યાસ, પ્રવર્તક, ઉપાધ્યાય, આચાર્ય વિગેરે પદવીઓ પ્રાપ્ત થાય, તો સારૂં." એમ ઈચ્છવું: એવી મહત્વાકાંક્ષા રાખવીઃ એવી સુંદર જીવનની તૈયારી કરવી: એવી પદવીઓ પ્રાપ્ત થાય, તો પોતાને ભાગ્યશાળી માનવાઃ અનન્ત પુણ્ય રાશિઓ હોય, ત્યારે એ પદવીઓ પ્રાપ્ત થાય છે. એ પદવીઓને લાયક થવા જીવન ઘડાય, તેવી જાતની તૈયારીઓ કરવી. પરંતુ તે સર્વ શાસ્ત્રોકત-સંઘ, ગચ્છ, અને શાસનની મર્યાદાને અનુસરીને પદવીઓ મેળવવા મથવું જોઇએ. બીજી રીતે લેવા નજ મથવું પદવીઓ મળ્યા બાદ પરમ નમ્રતા-જાણે તે પદવી નથી જ, એવી રીતે વર્તન રાખવાથી પદવીઓ ઓર શોભે એ સ્વાભાવિક છે. વ્યવહારમાં પણ આવા મોટા પદનું બહુમાન અને ભકિત જનસમાજમાં જળવાઇ રહે, અને તેના પ્રત્યે સમુચિત આચાર વ્યવહાર જનસમાજ જાળવતો રહે, તેને માટે યોગ્ય પ્રયાસો ચાલુ રહેવા જોઇએ: જૈન શાસનની ઉજળામણુ તાજી ને તાજી રહે માટે બાળજીવોને આકર્ષક થાય તેવા સામૈયા, વરઘોડા, ઉદ્યાપન, મંદિર તથા પ્રતિમા નિર્માણુ, પ્રતિષ્ઠાઓ, મોટી પૂજાઓ, સ્નાત્રો, ઉત્સવો યાત્રા સંઘો, સાધર્મિક વાત્સલ્યના જમણો, ઉપધાન ક્રિયાઓ, વિગેરે કાર્યો ચાલુ રહેવા જોઇએ. અને તેમાં શાસન તરફની ભકિતથી મુનિમહારાજાઓ યથા યોગ્ય સહકાર રસપૂર્વક આપે, તે ઇષ્ટ છે.

સર્વ વ્યવહાર ક્રિયા ચાલું રાખવા સાથે આત્મનિરીક્ષણુ અને ઉત્તરોત્તર વધતો જતો સ્વવિકાસ ધ્યાનમાં રાખ્યે જ જવો જોઇએ. દીક્ષા લીધી કે તુરત આખી જીંદગીનો સામાન્ય કાર્યક્રમ નિશ્ચિત કરી લેવો જોઇએ. પઠન, પાઠન વિહાર શાસ્ત્રજ્ઞાન, યોગોદ્વહન, પદવી પ્રાપ્તિ, અને શાસનસેવાના કાર્યો, આત્મચિંતન, શાન્તિ વિગેરે કાર્યોમાં અમુક અમુક વર્ષો સુધી કામ કરવું એમ સામાન્યતઃ નિશ્ચિત કર્યું હોય તો ઠીક. રોજના કાર્યક્રમમાં-રોજની ક્રિયાઓ, અભ્યાસ ગુરૂભક્તિ, સમુદાયનું વૈયાવૃત્ય, શાસન સેવાના કાર્યમાં સહકાર, દર્શનશુધ્ધિ-જ્ઞાનશુધ્ધિ ચારિત્રશુધ્ધિ માટે જાગ્રતી, વ્યાખ્યાન, વિગેરેને લગતો દૈનિક કાર્યક્રમ પણુ ચાલું સંજોગ અનુસાર ગોઠવી રાખેલો હોય, તો ઠીક.

પર્વ તિથિઓના-તપશ્ચર્યા, વિશિષ્ટ ક્રિયા, અધિક ચૈત્ય દર્શન, સકળ સંઘ સાથે કરવાના અનુષ્ઠાનોમાં સહકાર વિગેરે ઉદ્દેશીને અલગ કાર્યક્રમો ગોઠવાયેલા હોવા જોઇએ.

મુનિ જીવનમાં જરૂરી ઉપકરણુ બનાવી લેવાની કળા અને જ્ઞાન, શીખી, લીધેલા હોય, તો ઠીક.

વિહાર વૈયાવૃત્ય, ઉપધિ જાતે ઉપાડી લેવી, વિગેરે કષ્ટ સાધ્ય પ્રવૃત્તિઓના આરોગ્ય

સેવા ભાવના–સ્વાશ્રયિત્વ અને પરિણામે નિર્જરા રૂપ હેતુઓ સમજીને તે કરવાથી આનંદદાયક લાગશે અને તેમાં વધુ વધુ આગળ વધવાનું મન રહ્યા કરશે.

આખી જીંદગીમાં બીજુ કાંઇ પણ કરવાનું ન હોવાથી આજ સાધના નિશ્ચિત ધોરણથી, શાંત મનથી, એકાગ્રતા પૂર્વક, કેમ થાય ? તેની જ ગોઠવણ સહેલાઇથી કરી શકાય તેવી છે.

**પદસ્થો**–શ્રી આચાર્ય ભગવંતો, શ્રી ઉપાધ્યાયો, પ્રવર્તકો, પંન્યાસો, મહારાજાઓ, ગણિ મહારાજાઓ વિગેરે પદસ્થ પુરુષો રાજ્યતંત્ર કરતાં પણ વધારે સૂક્ષ્મ તત્ત્વોવાળું અને આંટી ઘુંટીથી ભરપૂર શાસન રૂપ રાજ્યતંત્રના મુખ્યમાં મુખ્ય અમલદારો જેવા હોવાથી, જૈન શાસન મારફત આખા જગત્‌ના ધાર્મિક જીવન તત્ત્વના મહાન્ રક્ષક, વ્યવસ્થાપક, સંચાલક અને પ્રેરક વર્ગ છે.

વ્યવસ્થિત ગોઠવાયેલી શ્રી સંઘની આંતર સ્થિતિ ઉપર બરાબર કાબુ મેળવવા સાથે. શ્રી શાસનના હિતને માટે–એક અદના મુનિ તરીકેની ફરજોમાં સંતોષકારક રીતે સિદ્ધ થઇ ચૂકવા ઉપરાંત બાહ્ય સંજોગો તરફ નજર રાખી પોતાની દર્શન શુદ્ધિ કરવામાં તત્પર રહી શકે.

તીર્થોઃ મંદિરોઃ આગમોઃની રક્ષાઃ અને પ્રતિષ્ઠાઃમાં વધારો થાય તેવા પ્રયાસો કરી શકેઃ શ્રી સંઘની પ્રતિષ્ઠા અને સકળ જગત્‌માં માનબુદ્ધિ ઉત્પન્ન કરી શકે–વધરાવી શકેઃ ઇતર ધર્મોવાળા સાથેનો મર્યાદિત સંબંધ કેળવી શકેઃ કોઇની વિરુદ્ધ પ્રચાર કાર્ય ન કરે, પણ દરેકનો સહકાર ઉચિત મર્યાદામાં જાળવી રાખે. પરંતુ કોઇપણની તરફથી આક્ષેપોની પહેલ થાય, તો જરૂરીઆત વિચારીને યોગ્ય પ્રસંગ હોય, તો તેના સચોટ પ્રતિકાર કરેઃ શાસન ઉપર આવી પડતી કોઇ પણ આફત સામે સંપૂર્ણ બચાવ કરી શકવાની તમામ સામગ્રી શાસનમાં ગોઠવી રાખેઃ શાસનના કાર્યમાં ગમે તેવા મતભેદ વચ્ચે પણ અતુટ એકતા કેળવવામાં પાછી પાની ન જ કરેઃ રાજ્યસત્તા જે સ્થળે જે જાતની હોય, તે તે **સ્થળની રાજ્ય સત્તાઓ સાથે વિરોધ ન કેળવેઃ પરંતુ સહકાર કેળવેઃ અને ઉપદેશ શક્તિ, તપોબળ, પ્રભાવ, કાર્યકુશળતાઃ વિગેરેની મદદથી શાસનના હિતના કાર્યો કરાવી લેવા, અને અહિતના પ્રસંગો દુર કરાવી લેવા, ગામે ગામના સ્થાનિક સંઘો અને તેમાંની ધાર્મિક–મંદિર, ઉપાશ્રય વિગેરે સંસ્થાઓની વ્યવસ્થા અને બંધારણો ચાલુ છે, તેવા વ્યવસ્થિત કરી આપવા. નવા કરવાની જરૂર છે જ નહીં. તેના ઉપર વિહારના ક્રમે મુનિ મહારાજાઓની દેખરેખ રહેઃ અને દરેકની એક વાકયતાથી તેમાં પ્રગતિ કરાવે, તેવી ગોઠવણ કરવી જોઇએઃ** કલ્યાણક અને તીર્થ સ્થાનોને

**કોઈ પણ કાયદાની ચુંગાલમાં આવી જઇ નુકશાન ન થાય, તેને માટે કોઇ પણ ભોગે પ્રયાસો કરવા:**

**[ ગામડાઓ નવા બાંધવા અને ખેતીની સુધારણા માટે નાના ખેતરના મોટા ખેતર કરવાના કાયદામાં વચ્ચે આવતા દેવસ્થાનો કાઢી નાખવાનું કાયદામાં ધોરણ ઠર્યાનું ખ્યાલમાં આવ્યું છે. તે વખતે કલ્યાણક સ્થાનોનું શું ?]**

દુનિયામાં ચાલતી દરેક હીલચાલો ઉપર તેઓની નજર રહેવી જોઇએ. અને ધર્મઘાતક, પુણ્યશોષક, પાપ પ્રચારક જ્વાળા ક્યાંથી ઉઠે છે? તે જાણીને તેનો બુદ્ધિ પૂર્વક એવો પ્રતિકાર ગોઠવવો જોઇએ કે—જે છેવટે જૈન શાસનને દઝાડી શકે નહીં. જગત્‌નો એ અભેદ્ય પવિત્ર કિલ્લો જ્યાં સુધી સુરક્ષિત હશે, ત્યાં સુધી જગત્‌માં ગમે તેટલી અવળી સવળી ઉથલ પાથલો થાય, પરંતુ પરિણામે એ બધું શાંત થતાં—શ્રી જૈન શાસન હમ્મેશના નિયમ પ્રમાણે પોતાનું વિશ્વ રક્ષણકાર્ય શરૂ રાખ્યે જ જવાનું છે. પરંતુ તેને કોઇ સળગતી આગની જ્વાળ ન અડી જાય, તેની સંપૂર્ણ ખબરદારી રાખ્યા વિના એ આશા સંપૂર્ણ સફળ ન થાય, એ સ્વાભાવિક છે.

ઉપરથી લાભના જણાતાં છતાં કેટલાક એવા તત્ત્વો હોય છે, કે જે ઘુસી ગયા પછી કાઢવા મુશ્કેલ પડે છે, અને પાછળથી ઝેરી કીડાની માફક વધીને સારાં તત્ત્વોનેય ધક્કો લગાડે છે. કેટલીક રચનાઓ જ એવી હોય છે કે, બહારથી રચનાત્મક જણાય, છતાં પરિણામે ખંડનાત્મક હોય છે. આ બધા વિચિત્ર કોયડાઓ સૂક્ષ્મ વિચારથી પદસ્થ મહાત્માઓ વિચારી શકે, અને શ્રી સંઘને દોરી શકે.

### શ્રી સકળ ચતુર્વિધ સંઘ

પરસ્પરના અધિકાર પ્રમાણે અને પૂર્વાપરના બંધારણ પ્રમાણે શ્રી સકળ સંઘનું સંગઠન રહેવું જોઇએ. દહેરા, ઉપાશ્રય, તીર્થો, વિગેરે મિલકતો ચતુર્વિધ સંઘની ગણાવી જોઇએ. અને તેના મુખ્ય ઉત્પાદકો પૂર્વના અને હાલના મુનિ મહારાજાઓ છે. તેથી સર્વ મુનિઓ અને એકંદર સકળ સંઘના મુખ્ય પ્રતિનિધિ તેના મુખ્ય સંચાલક અને પ્રતિનિધિ ગણાવા જોઇએ. સ્થાનિક શ્રાવકોથી જે વસ્તુ સાચવી ન શકાય, તે ચતુર્વિધ સંઘને સોંપવી જોઇએ. બનતા સુધી જો કે એક સંઘે બીજા સંઘોની સત્તામાં માથું મારવું નહીં જોઇએ. તેમજ દરેક સંઘે પોતે પોતાની જવાબદારી ઉપાડવી જોઇએ. તેમજ સર્વને લાગુ પડતી સૂચનાઓ કે ફરજો બજાવવાની સૂચનાઓ પણ યોગ્ય કેન્દ્ર મારફત જ ફેલાવી જોઇએ. **અમે તે સંસ્થા નવી ઉભી થઇને પોતાના પ્રચારકો ફેરવીને મનફાવતો પ્રચાર કરે, તે અટકવું જોઇએ.** તથા બીજી કોઇ પણ

સંસ્થા કે સત્તાને સોંપી શકાય નહીં. તેમજ **રાજ્ય સંસ્થાને વચ્ચે હાથ ઘાલવાનો ન્યાયને ધોરણે અધિકાર નથી,** તે સ્પષ્ટ કરવું જોઇએ.

શ્રી સંઘના સર્વ સામાન્ય કાર્યોમાં **આગેવાન આચાર્યો અને ગૃહસ્થોને અનુસરવાની શિસ્તનુ પાલન થાય,** તો જ **શાસનમાં એકવાક્યતા રહી શકે.** દરેક સભ્યને આ ફરજ બરાબર સમજાવવી જોઈએ. **શિસ્તનું પાલન ન કરે, તે ગમે તેવો મોટો માણસ હોય, છતાં શ્રી સંઘે તેની પરવા ન કરવી જોઇએ.**

દરેક સ્થાનિક સંઘોની મર્યાદામાં આવેલા શ્રાવકની વસ્તિવાળા ગામડા, ધર્મસ્થાનો, તીર્થો મુનિ મહારાજાઓ કે સાધ્વીજી મહારાજાઓ કે શ્રાવક–શ્રાવિકાઓની ધાર્મિક પ્રતિષ્ઠા, માનમરતબો બરાબર સચવાવા જોઇએ. અને દરેક શાસનની મિલ્કતોનું દરેક રીતે રક્ષણ કરવું જોઇએ. સ્વાશ્રયીપણે બીજાની મદદ વિના રક્ષણ કરી શકાય, તેવી દરેક સંઘે અને વ્યક્તિએ શક્તિ કેળવવી જોઇએ. પૂર્વાપરનો તે રીવાજ જાળવવાથી બધા ઊપરની એક સામટી આફતમાંથી સૌ રક્ષણ કરી શકે.

વળી, લિખિત શાસ્ત્રોના ગુપ્ત ભંડારો કરાવવા જોઇએ. અથવા શ્રાવકોના ઘરમાં તેવા લિખિત શાસ્ત્રો રખાવવા જોઇએ. જેથી ભવિષ્યમાં કોઇને કોઇના ઘરમાંથી મળી આવે.

ઉપરાંત, શ્રી સંઘે મુનિમહાત્માઓની સંગીન તૈયારી પાછળ સંગીન સાધનોવાળી યોજના યોજવાની જરૂર છે. કેમકે–એ વર્ગ તૈયાર હશે. તોજ બુદ્ધિ પૂર્વક પ્રજાનું અને શાસનનું રક્ષણ કરી શકશે. **આજે એ વર્ગને તૈયાર કરવાને પૂરા સાધનોનો ઉપયોગ થતો નથી. ભૂતકાળમાં શ્રાવકોના ધનનો ઘણો મુખ્ય ભાગ એ વર્ગના અભ્યાસ અને માન પ્રતિષ્ઠા ખાતર ખર્ચાતો હતો. આજે તો શ્રાવકોના ધાર્મિક અભ્યાસ માટે મોટી મોટી રકમો કાઢવામાં આવે છે,** તે પણ અંગ્રેજી કેળવણી લેનારાઓને અંગ્રેજી કેળવણી લેવા માટે મદદમાં અપાયાના દાખલા મળશે, અને બહુ તો કોલેજમાં અર્ધ માગધી ભાષા ભણતા વિદ્યાર્થી–કે જે વર્ગ પાછળથી પૂજ્ય આગમો ઉપર ચુંથણા ચુંથવાનો છે, અને પરંપરા પ્રમાણે ચાલ્યા આવતા પઠન, પાઠન, અર્થની આમ્નાય, ભક્તિ, ક્રમ વિગેરેને નષ્ટ કરી, જુઠી ઐતિહાસિક ગવેષણાઓને નામે પ્રસ્તાવનાઓ અને લેખો મારફત આગમો ઉપરથી ઊઠછરતી ભાવિ પ્રજાની શ્રદ્ધા ચલિત કરી અશ્રદ્ધા ઉત્પન્ન કરનાર છે—તેઓને મદદ આપવા ખર્ચાય છે. આ એક કેવી વિચિત્ર ખુબી ગોઠવાયેલી છે ?

ખરી રીતે મુનિ મહાત્માઓને દુનિયાનું અને સકળ શાસ્ત્રોનું સાંગોપાંગ જ્ઞાન મળે, તેવી ગોઠવણ શ્રી સંઘે કરવી જોઇએ.

આનો અર્થ એ નથી કે, "શ્રાવકોને ધાર્મિક જ્ઞાન વિનાના બુડથલ રાખવા" પરંતુ મુનિમહાત્માઓ સમર્થ હશે, તો તેઓના જ્ઞાનનો પ્રવાહ અવશ્ય શ્રાવકોને મળશે. અને યોગ્ય માર્ગે દોરવણી પણ મળશે, કુવામાં હશે તો હવાડામાં આવશે. જોકે જરૂર પૂરતું શ્રાવકોને માટે ખર્ચવામાં પણ વાંધો નથી, તે પણ ઇષ્ટ છે. પરંપરાની આમ્નાય અનુસાર ધર્મ પ્રભાવના કરે તેવા અમુક સંખ્યામાં શ્રાવકો વિદ્વાનો થાય, તેની સામે કોને વાંધો હોય ?

પરંતુ, અમુક રકમમાંથી અમુક સંખ્યાના શ્રાવક બાળકો અમુક હદ સુધીનું મધ્યમ જ્ઞાન મેળવી શકે. કેમકે–બધી સંખ્યા ઉચ્ચ જ્ઞાન તો ન જ મેળવી શકે.

ત્યારે તેટલી જ રકમમાં થોડી સંખ્યા ઉંડા જ્ઞાનના ખજાના સુધી પહોંચી શકે. શાસનને જરુર પડે, ત્યારે બધાય મધ્યમ જ્ઞાનવાળા ખરે વખતે મદદ ન આપી શકે, પરંતુ એકાદ બે વિશિષ્ટ વ્યક્તિ હોય, તો જ તે ખરે વખતે સંઘને માર્ગદર્શક થઈ શકે છે. एकश्चन्द्रस्तमो हन्ति न च तारागणैरपि । "એક ચંદ્ર અંધકારનો નાશ કરી શકે છે, પરંતુ સેંકડો તારાઓ પણ અંધકારનો નાશ કરી શકતા નથી." માટે જ વિશિષ્ટ વ્યક્તિઓ ઉત્પન્ન કરવી જોઇએ,

પરમાત્મા મહાવીરદેવ એક જ થયા, પરંતુ શું તે વખતે બીજા સેંકડો વિદ્વાનો નહીં હોય ? હશે જ. પરંતુ અજ્ઞાન અંધકારનો જેટલી પ્રબળતાથી તેમણે નાશ કર્યો, તેટલો કોણ કરી શકયું ?

સારાંશ કે–આપણા શ્રી સંઘની પૂર્વાપરથી આ જ નીતિ ચાલી આવે છે, કે–આપણી પાસે જેટલા સાધનો હોય, તેટલાથી પ્રખર મુનિ મહાત્માઓ ઉત્પન્ન કરવા, અને તેમ કરતાં સાધનો વધે તો મધ્યમ, ને જઘન્ય ઉત્પન્ન કરવા. અને તેથી વધે તો પછી શ્રાવકો માટે ઉપયોગ કરવાને હરકત નથી. પરંતુ ખરી ગુંચવણ વખતે પ્રખર મુનિ મહારાજાઓ જેટલા શાસનને માટે ભોગ આપી બુદ્ધિ પૂર્વક દોરવણી કરી શકે, તે રીતે બીજા પાસેથી આશા રાખવી વધારે પડતી છે. અને શાસનનું રક્ષણ થયું કે–તેમાં દુન્યવી સર્વ રક્ષણો પણ સમાયેલા જ છે. એટલે શ્રાવકોનું પણ ખરું હિત તેમાંજ છે. ધન ધાન્યની સંપત્તિની ચાવી પણ એજ છે. શ્રાવકો વ્યવહારમાં આગળ પડતા થાય ને ધર્મના ભકત ટકી રહે તેવા જ તૈયાર થવા જોઇએ.

માટે મુનિ મહાત્માઓને તૈયાર કરવા માટે જગતમાં જે જે સાધનો બીજા માટે વપરાતા હોય, તે સર્વ કરતાં ખાસ વિશિષ્ટ પ્રકારના સાધનોની યોજનાઓ શ્રી સંઘે કરવી જ જોઇએ. એજ સર્વનું શરણ છે. દરેક જમાનામાં દેવ અને ધર્મની ઓળખાણ

પણ એને જ આધીન છે. અને દ્રવ્યઃ ક્ષેત્રઃ કાળઃ અને ભાવઃ ના સંજોગોમાં માર્ગ કાઢવાનું પણ એનું જ કામ છે. બીજાનું નથી.

નજીકના ભવિષ્યમાં એવા સંજોગો ગોઠવાઇ રહ્યા છે, કે જેમાંથી શાસનનો યોગ્ય માર્ગે બચાવ કરવાની ઘણાજ મહત્ત્વની પરિસ્થિતિ ઉભી થાય, તેવા સંજોગો લાગે છે. તો સારા કુટુંબના યુવકોએ અને કિશોરોએ "શાસન સેવામાં–જગત્‌ની, પ્રાણીમાત્રની અને પોતાના આત્માની સેવા છે, દેશની, કુટુંબની, અને જ્ઞાતિની સેવા છે. આર્ય સંસ્કૃતિ અને આર્ય પ્રજાની સેવા છે." એમ સમજીને સ્વેચ્છાથી મુનિવર્ગમાં ભરતી થઈ મુનિવર્ગની જગત્‌માં શોભા ઉત્પન્ન કરવી જોઇએ. અથવા કટોકટીના સમયમાં શાસન નાવને ભર દરીયામાંથી પસાર કરાવીને કૃતકૃત્ય થવું જોઇએ.

આજે મુનિમહાત્માઓ અને સાધ્વીજીઓ માટે અભ્યાસના કશા સંગીન સાધનો છેજ નહીં. કોઈ કોઇ ઠેકાણે પાઠશાળાઓમાં એકાદ પંડિતની ગોઠવણ હોય છે. પરંતુ આ પદ્ધતિ શ્રી સંઘના હિતની નથી, આવી પદ્ધતિથી મુનિ મહાત્માઓ પાઠશાલાઓના નિશાળીયાઓ બની જશે. પરંતુ જગત્‌ની સર્વ સંસ્થાઓ કરતાં "મુનિઓ તદ્દન સ્વતંત્ર છે." એ ભાવ ઉડી જશે. આપણે મુનિમહાત્મા તરીકેનું ઉદ્ધારક ખમીર ગુંગળાવીને નિશાળીયા કે સુપ્રીન્ટેન્ડેન્ટ બનાવવા નથી ઇચ્છતા, પણ સ્વતંત્ર અને નિરપેક્ષ, ત્યાગી, તપસ્વી, જ્ઞાની, પ્રભાવક, મહાત્માઓ તરીકે ટકાવી રાખવાં ઇચ્છીએ છીએ.

મુનિઓને **શાસ્ત્રાજ્ઞાયુક્ત ગુર્વાજ્ઞા** શિવાય કશુ બંધન જ આ જગતનું હોઇ શકે નહીં, ને છે પણ નહીં.

પરંતુ, ખરી રીતે એવી ગોઠવણ કરવી જોઇએ–કે–જે મુનિ મહારાજ જે વિષયમાં તૈયાર થઇ શકે તેમ હોય, તેના સાંગોપાંગ સંગીન સાધનો અને અધ્યાપકો તેમની પાસે તેઓ જયાં હોય, ત્યાં ગોઠવી આપવા જોઈએ, કે–જેથી એક એક મુનિરાજ તે તે એક એક વિષયમાં પારંગત થઇ શકે. દાખલા તરીકે કોઇ ધર્મશાસ્ત્રમાં, કોઇ કર્મગ્રંથમાં, કોઈ ન્યાયમાં, કોઇ વ્યાકરણમાં, કોઇ શિલ્પમાં, કોઇ જ્યોતિષમાં, કોઇ વૈદ્યકમાં, કોઇ સંગીતમાં, કોઈ પ્રતિમા નિર્માણના શાસ્ત્રમાં, કોઇ પ્રતિષ્ઠા-શાંતિસ્નાત્રાદિમાં, કોઇ મંત્ર-શક્તિ, વ્યાખ્યાન કળા, ઉપદેશ શૈલિ, શાસ્ત્રનિર્માણ, પ્રતિબોધ શકિત, કાયદા, બંધારણ, સંઘ વ્યવસ્થા, સ્થાનિક સંઘોમાં વ્યવસ્થા, આચાર ક્રિયાઓ, ગણિતાનુયોગ, વિધિઓના હેતુઓ, સંઘની મિલ્કતો, દ્રવ્યાનુયોગ, કથાનુયોગ, સત્ય ઇતિહાસ, પ્રાચીન સત્ય સંશોધન, વિગેરે વિવિધ વિષયોમાં જેની જે શકિત હોય, તેમાં આગળ વધારવા સંપૂર્ણ સાધનો તેમની પાસે જ પહોંચાડવા જોઇએ, જેથી થોડા ખર્ચે એક એક વિષયમાં સારા નિષ્ણાત મુનિરાજો તૈયાર થઈ શકે. અને તેઓ શાસનનું તમામ ચાલુ કામ સંભાળી શકે.

આ વ્યવસ્થા વિના થતો ખર્ચ સંગીન પરીણામ નિપજાવી શકતો નથી, નિપજાવી શકશે નહીં. આ આપણી પ્રાચીન શૈલી પણ છે.

**આ ઉપરાંત**–શ્રી સંઘે એક એવો વર્ગ તૈયાર કરવો જોઇએ કે–જેમ **મલ્લવાદી** મહારાજ ભોંયરામાં ભણીને તૈયાર થયા અને પછી **વલ્લભીપુરમાં બૌદ્ધવાદીને** હરાવીને–ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર–માંથી કાઢી મૂકાયેલા શ્વે. મૂ. જૈનોને–પાછા લાવી શક્યા હતા. તેવી રીતે–સર્વ ધર્મ પરિષદ્-અને વિશ્વધર્મ પરિષદ્ના ઘોંઘાટો બંધ પડે, તેઓના પ્રયાસોના પરિણામો ન છુટકે જે આવવાના હોય તે આવી જાય, ત્યાર પછી પણ નીચે પ્રમાણે તૈયાર થયેલા મુનિ મહાત્માઓ–જૈન ધર્મનો પ્રતાપ જગત્માં ફેલાવી શકે, તેવા તૈયાર કરવા જોઇએ, અને તેનો ક્રમ નીચે પ્રમાણેઃ—

૧. નાની ઉમ્મરના બાળ અને કુળવાન શ્રાવક પુત્રોને વૈરાગ્ય વાસી કરી દીક્ષિત બનાવવા જોઇએ, અને તે માટે સારા સારા કુટુંબોએ પોતાના પુત્રો સોંપવા જોઇએ. સેવાભાવના વાળા ઐચ્છિક રીતે સમર્પિત થવા જોઇએ.

૨. તેઓને એવા શાંત અને એકાંત વાતાવરણમાં રાખવા જોઇએ, કે જેથી–તેઓ ઉપર દુનિયાના ઝેરી વાતાવરણની અસર ન થાય.

૩. તેમના ખાનપાન અને જાળવણીની એવી ગોઠવણ થવી જોઇએ કે–તેઓને રોગ તો ન થાય, પરંતુ શરીર એવા સુદૃઢ અને શાંત ઠંડા વીર્યથી ગુંથાઈ જાય, કે–તેઓ લગભગ ઉર્ધ્વરેતા યોગી જેવા બની જાય. [ યોગ્ય પ્રયાસથી બની શકે છે. ]

તેઓની તથાપ્રકારની દૈનિક યોજનાઓ અને મુનિ દ્વારા સગવડો આપવાની એવી સુંદર યોજના હોય, કે તેઓનો વિકાસજ થતો રહે, કોઇ પણ જાતની ત્રુટી તેમને ન જણાય. જે જોઇએ તે તેમની પાસે વગર વિલંબે હાજર થવું જોઇએ. પરંતુ એટલું ખરૂં કે–તે સર્વ, મુનિ જીવનના ધોરણે જ હોવું જોઈએ.

તેઓને એવા અદૃશ્યોન રાખવા જોઇએ કે–તેઓનું અખંડ બ્રહ્મચર્ય જીંદગી ભર નભી શકે–અને વૈરાગ્ય વાસનાનો દીપક સદા પ્રજ્વલિત રહે. કદી ક્ષતિ થવાનો સંભવ ઉભો ન થાય. શાસનભક્તિ અને આર્ય સંસ્કૃતિ તરફનું વલણ ઠેઠ સુધી જાગતું રહે, તેવી ગોઠવણો પણ કરવી જોઇએ.

૬. એવી એક–નાની પણ સંગીન સંખ્યાને–દરરોજ મુખ્ય મકાનના ત્રણ વિભાગમાંથી કે ત્રણ જાતના આદર્શ પુરુષોના પરિચયમાંથી પસાર થવા દેવી જોઇએ. એટલે કે **સમ્યગ્દર્શન વિભાગ, સમ્યગ્જ્ઞાન વિભાગ–અને સમ્યક્ ચરિત્ર વિભાગમાંથી.**

૧ લા વિભાગમાં–શાસનને હરકત કરતા દુનિયામાં શું શું બની રહ્યું છે? તેનો સંગીન અને વ્યવસ્થિત સાચો અનુભવ મળ્યા કરે, અને તેને માટે શા શા પ્રતિકારો છે?

અને હોઈ શકે? તેની સમજ પડતી રહ્યા કરે, પરિણામે એ આખી સંખ્યામાંથી કોઇ કોઇ વ્યકિતઓ, શાસન ખાતર મહાન્ કામો કરી શકે–તેવા ધુરંધર તૈયાર થાય, બાકીના મધ્યમ અને જઘન્ય રહે.

૨ બીજા વિભાગમાં–આજે જે જે શાસ્ત્રો જાણુવા જેવા છે, અને જગત્માં જે જે જાણુવા જેવું છે, તે દરેકનું તલસ્પર્શી જ્ઞાન તે આખી સંખ્યાને મળવું જોઇએ. તેમાં કોઇ ઉત્કૃષ્ટ વિદ્વાન્ થશે, કોઇ મધ્યમ અને કોઇ જઘન્ય થશે.

ટુંકા વર્ષોમાં સર્વ શાસ્ત્રોનું જ્ઞાન કેવી રીતે કરાવી શકાય? એ મુખ્ય પ્રશ્ન છે, પરંતુ સાધનોથી સર્વ કાર્યો સાધ્ય થઇ શકે છે.

દા.ત.–તે તે વિષયના પ્રખર વિદ્વાનો પાસે તે તે વિષયના તલસ્પર્શી અને સાંગોપાંગ સમજ આપે, તેવા ટુંકા પણ મુદ્દાસર [સૂત્રાત્મક] નિબંધો તૈયાર કરાવવા જોઇએ. અને તે નિબંધો મારફત દરેકને તે તે વિષયની રૂપરેખાનું જ્ઞાન મળી જ જાય, જરૂર જણાય તો સંગીન રીતે મુખપાઠ કરાવીને પણ તે જ્ઞાન આપવું જોઇએઃ પછી તેમાંના જે જે વિષયોમાં જેની શકિત હોય, તે રીતસર તે તે વિષયના ગ્રન્થોનો અભ્યાસ વિસ્તારથી કરે. એમ દરેક પ્રાચીન શાસ્ત્રોના વિષયો, આધુનિક વિજ્ઞાનને લગતા શાસ્ત્રોના વિષયો વિગેરે આજની અને પ્રાચીન દુનિયાનું જે જે જાણુવા જેવું હોય, તે દરેકનું જ્ઞાન આપવાના સંપૂર્ણ સાધનો ગોઠવવા જોઇએ. વિદ્યાનું કોઈ પણ ક્ષેત્ર આ સર્વજ્ઞપુત્ર મુનિઓથી અજ્ઞાત ન રહેવું જોઇએ. જેથી ભવિષ્યમાં દુનિયાના કોઈપણ વિદ્વાન્થી તેઓ અંજાય નહીં.

આ જાતના નિબંધો તૈયાર કરવાને અને ભણાવવાને તે તે વિષયના પ્રખર વિદ્વાનો જયારે જયારે જરૂર હોય ત્યારે ત્યારે રોકી લઈ, તેઓનો ઉપયોગ પૂરો થયે તેઓને છુટા કરી દેવા જોઇએ. તથા, જગત્માં તે તે વિષયના જે જે પ્રખર વિદ્વાનો હોય, તેને બોલાવીને તેમનો અને તેમના જ્ઞાનનો પરિચય પણ કરાવવો જોઇએ.

આ વિભાગમાં તૈયારી માટે મોટા ખર્ચની આવશ્યકતા રહે.

**નામદાર ગાયકવાડ સરકાર સયાજીરાવ** મહારાજાને સરકાર તરફના નિબંધો મારફત શિક્ષકો આ રીતે તૈયાર કર્યા હતા.

૩ જા વિભાગમાં પસાર થતી વખતે–તેઓ—અંગત ચારિત્ર, આત્મભાવના, આત્મધ્યાન, આચારઃ ક્રિયાઓઃ વિધિઓઃનું જાતે પાલન કરે તપ–યોગોદ્વહન, ધ્યાન, વિગેરેને લગતી તાલિમ મેળવી શકે, અને તે સાથે સંયમી, શાંત, અને પવિત્ર જીવનની જૈન શાસ્ત્રો અનુસાર ઉચ્ચ તાલીમ મેળવી શકે, તેવી તમામ પ્રકારની વ્યવસ્થા જોઇએ. ભૂલની

શિક્ષા કે ઠપકા ન આપતાં શાસ્ત્રમાં સૂચવ્યા પ્રમાણે પ્રાયશ્ચિત્તોનું ધોરણ ગોઠવી લઇને તે પ્રમાણે વર્તાવ કરાવવો જોઇએ. તેમાંથી પણ–કોઇ ઉત્કૃષ્ટ મહાત્મા મળી આવશે. અને બાકીના મધ્યમ અને જઘન્ય મળી આવે, એવા પાત્રવિભાગ પડી જશે.

આમ ત્રણેય વિભાગમાં પસાર થવાથી ત્રણેયને લાયકની મન વચન કાયાની તાલિમ મળે, ત્યારે જ તે સમ્યગ્દર્શન જ્ઞાન કે ચારિત્ર ગણાય. જો, એક કે બે હોય, અને બે કે એકની ઉપેક્ષા હોય, તો જૈન દૃષ્ટિથી તે મિથ્યા ગણાય છે. ત્રણેયનો મેળ ગોઠવવાથી જ સમ્યગ્રત્નત્રયીનો પ્રયાસ યોગ્ય છે.

૭. તે ઉપરાંત–તે તે વખતના જ્ઞાની, ત્યાગી, શાસન પ્રભાવક, જે જે મુનિઓ કે ગૃહસ્થો શાસનમાં હોય, તેમનો પણ પ્રસંગે પ્રસંગે પરિચય કરાવવો જોઇએ. આ આખી પ્રવૃત્તિ એક એવી વ્યવસ્થિત અને પ્રથમથી જ સુસંગઠિત રીતે ગોઠવણ પૂર્વક ચલાવવી જોઇએ, કે જેથી ધારેલું પરિણામ આવી જ શકે, ક્યાંય અવ્યવસ્થાને સ્થાન ન હોવું જોઇએ. આજે સીનેમાની એક એક ફીલ્મ ઉતારવામાં કરોડોનો ખર્ચ કરવામાં આવે છે, અને પદ્ધતિસર કામ કરી ધાર્યા પ્રમાણે પરિણામો લાવી શકાય છે. તો આવા પરમાર્થમાં કેમ પ્રયાસ ન કરવા ? અને પરિણામ ન લાવવું ? મુનિઓના આ મંડળને વિહાર ક્રમ, કષ્ટ સહન, સ્થાનિક કાર્યકર શકિત, સંઘની મિલ્કતો, વિગેરેની પણ સજ્જડ માહિતી અને તાલીમ આપવી જોઇએ. તેમજ ગીતાર્થતાની પરીક્ષા કરી શ્રી સંઘના વહીવટની આંટીઘુંટીનુ પણ સમર્થ હોય, તેને જ્ઞાન આપવું જોઇએ.

૮. હીટલર જેમ પોતાના નવા ધર્મ પંથમાં દાખલ કરેલાઓને ટેકરી ઉપરથી હડસેલીને તથા બીજા કષ્ટો આપીને ઘડે છે. અને લોકોમાં ચમત્કાર ઉત્પન્ન કરે તેવા ઉપસર્ગ અને કષ્ટ સહન કરવાની તાલિમ આપે છે. તેમ નહીં, પણ યોગ્ય સર્વ તાલિમ આપવી જોઇએ. ભવિષ્યના પોંડીચરીના પ્રચારકો, ખ્રીસ્તી પ્રચારકો, થીઓસોફીસ્ટ પ્રચારકો, હીટલરના પંથના માણસો, તથા જુદા જુદા હિંદુ, બૌદ્ધ, મુસલમાન, વિગેરે ધર્મ પંથોમાં દાખલ થયેલા પરદેશી પ્રચારકો, એક વખત ગમે તેવો ઘોંઘાટ મચાવે, પરંતુ ત્રણ રત્નમાં પલોટાયેલા-આ સાચા બ્રહ્મચારી તેજસ્વી મહાત્માઓ બહાર આવે કે–તેના તપોબળ, ચારિત્રબળ, જ્ઞાનબળ, કુશળતા અને કુનેહ, તેજસ્વિતા અને પવિત્રતાથી જગત અંજાઇને પાછું ઠેકાણે આવ્યા વિના રહે જ નહીં. એવી સંગીન તૈયારી કરોડોના ખર્ચે એકાંતમાં શાંત–ચિત્તે કરવી જોઇએ. દહેરા ઉપાશ્રયમાં જરૂરી સંપૂર્ણ ખર્ચ શિવાયનો ચેરીટેબલ સંસ્થાઓમાં થતો ખર્ચ અટકાવીને તથા બીજો ઉમેરો કરીને લાખો કરોડોના ખર્ચે એવી વ્યવસ્થા કરવી જોઇએ, કે તેઓના આત્મામાં રત્નત્રયીની તાલિમના ધોધના ધોધ દાખલ કરી શકાય, અને તે એવી રીતે કે "તે તેમને પચી જાય અને ઓજસરૂપે પરિણમીને જગત્માં દિવ્ય પ્રકાશ ફેલાવી શકે. ધન જેવી નજીવી વસ્તુથી જગતમાં દિવ્ય તેજ

પ્રગટાવી શકાતું હોય, તો તેને માટે શા માટે પ્રયાસો ન કરવા ? કાંઇક તો ફળ અવશ્ય મળશે જ. કોઈને કોઇ મહાન્‌પાત્ર નીકળી આવશે, છેવટે તે મુનિ મંડળમાંથી નહીં, તો તેમના શિષ્ય પ્રશિષ્યાદિકમાંથી મલી આવે ખરા. અને તો જ ભવિષ્યમાં છાયા પાડી શકાશે. નહીંતર મુશ્કેલીઓ ઘેરો ઘાલતી આવે છે, તેમાં લાખો માણસો બીજા ધર્મોમાં ખેંચી લેવાની યુક્તિઓ ગોઠવાઇ રહી છે, અને તે વખતે જુના ધર્મો જોર ન કરી શકે, તેવી રીતે તેના ઉપર કાયદાથી કબજો ગોઠવાતો જાય છે. એ બધું જે થવું હોય, તે ભલે થાય, તેની પરવા ન કરતાં આવો એક વર્ગ તૈયાર કર્યો હોય તો પાછું બધું ઠેકાણે આવી શકે, પરંતુ તેમાં પ્રમાદ કર્યો હોય, તો શાસનના આગેવાનોને કદાચ પસ્તાવુંયે પડે.

૯. પૂર્વાચાર્યો–મંત્રો વિગેરેની આમ્નાયો જાણતા હતા અને તેનો પ્રભાવ પડતો હતો–તે વસ્તુ પાછી શ્રી સંઘમાં શરૂ કરવી જોઇએ. યુરોપના કેટલાક વિદ્વાનો તે તરફ હવે વળ્યા છે. વચલા કાળમાં આપણી એ શકિત કંઇક બહાર આવી શકી નથી. તે સતેજ કરવાની જરૂર છે, **શ્રી ધર્મઘોષસૂરિ શ્રી શાંતિચંદ્રોપાધ્યાય** વિગેરે પાસે એવા સાધનો હોવાના સાચા પૂરાવા આપણને મળે છે, તો લાખોને ભોગે એ શાખાનો પણ ઉદ્ધાર કરવાની જરૂર છે, બીજાઓ ગમે તેટલી સાધના કરે, પરંતુ જૈન સાધનાને કોઇ પહોંચે તેમ નથી. કારણ કે–ઉચ્ચ સાધના માટે ઉચ્ચ ચારિત્રબળ જોઇએ, અને તે જૈન મુનિઓમાં ખાસ સંભવે છે, તેમજ જૈન મંત્રો અને જૈન દેવોની તાકાત વધારે પ્રબળ હોય છે, કેમકે–તે દેવો પણ પવિત્ર અને શુદ્ધ જીવનવાળા હોય છે. માટે ઋધ્ધિવાળા અને વધારે લાગવગ પહોંચાડે તેવા હોય છે. અને તે જૈન મુનિઓને સિધ્ધ થાય તેવા બીજાને ન થાય, એ સ્વાભાવિક છે. માટે બીજાની હરિફાઈમાં આપણો જ વિજય થાય તેવું એ સાધન આપણી પાસે છે. તેનો લાખોને ભોગે, અને સેંકડોની આખી જીંદગીની સેવાને ભોગે, બુધ્ધિપૂર્વકની વ્યવસ્થાના બળથી, લાભ આપણે પ્રાપ્ત કરી લેવો જોઇએ.

જ્યારે જ્યારે કષ્ટ કે મુશ્કેલી આવી પડે, ત્યારે ત્યારે દરેક વખતે સબળ રાજ્યસત્તા આપણને મદદ કરી શકે–તેવી હોય જ, એમ માની લેવાનું નથી, પારકી આશા સદા નિરાશા, આપણે આપણા છેવટના રક્ષક સાધનોથી સ્વતંત્રપણે જ સન્નદ્ધ રહેવું જોઇએ.

આજના વિજ્ઞાનના ચમત્કારિક પ્રયોગો આજે જગતને અચંબામાં નાખે છે અને આંજી નાંખે છે, તેની સામે આપણી પાસે કાંઇપણ સાધન નહીં હોય, અને અપંગ જેવા રહીશું, તો શાસનની રક્ષા કેમ કરીશું ? આજનું વિજ્ઞાન ગમે તેવું પણ સ્થૂલ તત્વો ઉપર ખડું છે, ત્યારે મંત્ર વ્યવસ્થા વધારે રક્ષક અને વધારે સંગીન તથા અલ્પ ખર્ચાળ છે. અને તે બીજા બધા કરતાં આપણને કેટલાક સાધનો વારસામાં એવા

મળ્યા છે, તે ઉપરથી વધારે સરળતાથી સુસાધ્ય થાય છે. માટે આની પાછળ નાણાંની વ્યવસ્થા શકિતની; અને સાધકપણે જીંદગીઓ આપનારાઓની જરૂર છે. આવું સાધન આપણા હાથમાં આવ્યા પછી વિજ્ઞાનને જેટલું કુદવું હોય, તેટલું ભલે કુદે, જેટલા ચમત્કાર બતાવવા હોય તેટલા ભલે બતાવે, પરંતુ સત્યમાર્ગ ધર્મધ્વંસક તત્ત્વોથી નિર્ભય છે.

શાસન તંત્રમાં આ સાધન વ્યવસ્થિત નહીં હોય ત્યાં સુધી તેનો પ્રભાવ પડવામાં ખામી રહ્યા કરશે, એમ મારૂં અંતઃ કરણથી માનવું છે. "ત્યાગી સાધુને આવું ન શોભે!" એવો પ્રચાર કરાવીને આપણને ભડકાવીને એ ભૂલાવી દીધું છે. તેની ઘણી આમ્નાયો પરંપરાથી મળતી અટકી ગઇ છે. અને બીજી તરફ યુરોપે વિજ્ઞાન ખીલવી મંત્રવાદ જેવા જ ચમત્કારો જગતને બતાવીને આંજી નાખેલ છે. આપણે તેમાં તેઓને પહોંચી શકીએ તેમ લાગતું નથી. અને તેઓ આપણને મંત્ર શક્તિમાં પહોંચી શકે તેમ નથી. કેમકે એ સાધના હજુ આપણને સહજ સાધ્ય છે, અને આપણને સ્વતંત્ર છે. પછી તો પ્રમાદજ આપણને નબળા રાખી શકે.

આપણે કોઇની સાથે હરિફાઇ કરવી નથી. પરંતુ જગત્‌ના મહાન્ કલ્યાણ માર્ગ ઉપર આવી પડતી આફતમાંથી બચાવીને જગત્‌ની સેવાજ કરવાની છે.

આજે ઘણા કહે છે કે "જૈન ધર્મ માત્ર જૈનોનો જ નથી. તીર્થંકરોએ આખા જગત્‌ના કલ્યાણ માટે ઉપદેશ્યો છે. માટે સર્વનો છે. જૈનો એકલા જ તેનો ઇજારો લઇને બેઠા છે, તે કેમ સાંખાય?"

આ શબ્દોથી જૈનો સામે પરચુરણ પ્રજાને ઉશ્કેરવાની કોઇએ યુક્તિ કરી લાગે છે. એમ કરીને જૈનોના હાથમાં જૈન ધર્મની જે જે મિલકત અને વસ્તુઓ હોય, તેના ઉપર કબજો મેળવવાને સામાન્ય પ્રજાને આમ ઉશ્કેરી લાગે છે.

પરંતુ જે માણસ એમ કહે છે, કે–"જૈન ધર્મ આખા જગતના તમામ પ્રાણીઓ માટે છે" એ વાત તદ્દન ખરી છે. અને જૈનો પણ જૈન ધર્મનું રક્ષણ આખા જગત્‌ના તમામ પ્રાણીઓ માટે જ કરે છે. પરંતુ જૈન ધર્મ એક એવી ગહન વસ્તુ છે, કે તેનો વહીવટ, તેના ટકાવના માર્ગો, તેના સાધનો, યોગ્ય ઉપયોગ, વિગેરે પૂર્વ પરંપરાથી જૈનોજ જાણી શકે છે. અને તેના ગીતાર્થ આચાર્યોની દોરવણી જ તેમાં ઉપયોગ થાય તેમ છે બીજાની એ તાકાતજ નથી.

માટે ચતુર્વિધ જૈન સંઘ જૈન ધર્મના ટ્રસ્ટી તરીકે તેની ઉપર પોતાનો કબજો રાખે છે, જેથી કરીને તેને ભવિષ્યમાં પણ નુકશાન ન પહોંચે, તેવી ખબરદારી રાખી જગત્ ખાતર જ એ મિલકત કાયમને માટે બચાવી સુરક્ષિત રાખે છે. માટે

તે સર્વ જૈનોના જ હાથમાં રહે તે ન્યાયસરજ છે. બીજાએ તેમાં માથુ મારવાની જરૂર નથી અને માથું મારે, તો જગતને નુકશાન થાય; માટે જગતના ભલા માટે તેવું માથું મારનારને હરેક ભોગે દૂર રાખવા જે કાંઇ પ્રયાસો કરવામાં આવે, તે જરૂરી અને ન્યાયસરના જ છે. માટે બીજાને ઘુસવાની કે ઘુસાડવા દેવાની જરૂર નથી જ. શહેરમાં ચાલતું વીજળીના દીવા કરવાનું કારખાનું આખા શહેરને માટે હોવા છતાં, મોટામાં મોટી રકમનો ચાર્જ ભરનારને પણ તે કારખાનામાં પેસવા દેવામાં નથી આવતો. માત્ર તેમાં નિયુક્ત થયેલા અધિકારીઓ, અમલદારો, અને કારીગરોના હાથમાં તે સર્વ સંસ્થાઓનું નિયંત્રણ હોય છે. જો ગમે તેને પેશવા દે તો મહાન્ અનર્થ થઇ જાય.

તેવી જ રીતે રૂપિયાની થેલી લઇ જતા હોઇએ, ત્યારે રસ્તામાં સ્તુતિ કરનારા કે નિંદા કરનારા મળે, તેથી ફૂલાઇને કે ગભરાઇને આપણે થેલી સોંપી દેતા નથી. પરંતુ જીવને જોખમે પણ બચાવીને શેઠને ઘેર પહોંચાડીએ છીએ. તે પ્રમાણે શાસનના સર્વ તત્ત્વોનું રક્ષણ કરવાનું છે, કેમકે–તે આપણી થેલી છે, એટલે કદાચ રૂપિયાની થેલી કોઇ લઇ જાય, તો જાન બચાવીએ. પરંતુ સર્વકલ્યાણકર શાસનના પાકા ટ્રસ્ટી હોવાથી જાનને અને સર્વસ્વને ભોગે પણ તેના એકે એક સુતત્ત્વનો બચાવ કરવાની આપણી ફરજ છે" આમ સમજીને બીજાઓએ "જૈન ધર્મ જગતના હિતને માટે છે" માટે તેની મિલ્કતો ઉપર હાથ નાંખવાની જરૂર નથી. જગતની એ મિલ્કતનું જૈનો ચમત્કારીક રીતે સર્વસ્વને ભોગે જેવું રક્ષણ કરશે, તેવું બીજાથી થવું સંભવિત નથી. માટે તેનાજ હાથમાં રહેવા દેવામાં જગતની સલામતી છે. અજ્ઞાન પ્રજાને ઉશ્કેરી જૈનોની મિલ્કતો પડાવી લેવાની કોઇ સ્વાર્થીની આવી યુક્તિથી ચેતતા રહેવા જેવું છે.

આ અને આવી જેજે પોલીસીથી પૂર્વના મહાન્ આચાર્યોએ શાસનનું રક્ષણ કરી આપણને વારસામાં જે જે તત્ત્વો આપેલા છે, તે સર્વ તત્ત્વો સૂક્ષ્મ વિચાર શક્તિ અને ઉંડા અભ્યાસથી થોડાકેએ પણ જાણી લઇ, તેના માટે તત્પર રહેવું જોઇએ. જેમ **વિજય હીરસૂરીશ્વરજીઃ વિજય સેનસૂરીશ્વરજીઃ અને વિજય દેવસૂરીશ્વરજીઃ**એ ત્રિપુટીએ પોતાની ફરજ બજાવી હતી, તે જ પ્રમાણે ફરજ બજાવનારા નીકળી આવે, અને તેઓને આ લખાણમાંથી કાંઇ પણ યોગ્ય પ્રેરણા મળે, તો પ્રયાસ સફળ માની વિરમું છું.

આ કર્તવ્ય દિશામાં બતાવવામાં આવેલા માર્ગોના સંક્ષિપ્ત સૂચનો જ અત્રે કરવામાં આવેલા છે. તે દરેક ઉપર એકએક નિબંધ થઇ શકે તેમ છે, અને ખાસ અભ્યાસીઓ એકએક મુદ્દો લઇને વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરશે તો જ દરેકની સંગતિ સમજાશે, માટે ન સમજાય તેઓએ સમજવા પ્રયાસ કરવા વિજ્ઞપ્તિ છે.

આપણી સર્વ અવાન્તર પ્રવૃત્તિઓને ગૌણ બનાવી દરેકે **શ્રી જૈન શાસનને** પોતાના જીવનના સર્વપ્રસંગોમાં કેન્દ્રિત કરવું જોઇએ: આજે તેની વિચિત્ર ઉપેક્ષા: અને નાની પ્રવૃત્તિઓમાં જરૂરીઆત કરતાં મન વચન કાયાના વધારે પડતા રોકાણ:થી ઘણું આશ્ચર્ય થાય છે. પરંતુ શ્રી જૈનશાસનમાં એવા તત્ત્વો ગુંથાયેલા છે કે–જે પ્રસંગે પ્રસંગે બહાર આવી જઇ શાસનને જાગતું અને જયવંતુ બનાવે છે ને બનાવશે. છતાં સૌના પ્રયાસની અપેક્ષા તો સર્વકાળે રહે જ છે.

**જૈનં જયતુ શાસનમ્**

સંવત્ ૧૯૯૬ ના અશાડ
વદિ ૫ મ્હેસાણા

સેવક:–
**પ્રભુદાસ બેચરદાસ પારેખ.**

( સેનપ્રશ્ન પ્રસ્તાવનામાંથી )

---

આજે ધર્માચરણ વધ્યું છે, પરંતુ તે ક્ષણિક છે, તે ધ્યાનમાં રહેતું નથી. તે સાથે જ શાસન તરફની અસાધારણ ઉપેક્ષા વધી છે, એટલું જ નહીં, પરંતુ તેનું જગત્‌માં અસ્તિત્વ જ લાતું જાય છે. જેના ઉપર ધર્મનો પૂરો આધાર છે. તે પાત્રભૂત છે, આધારસ્તંભ રૂપ છે. જે પાયા રૂપ છે. શાસન વિના ધર્મની વ્યાવહારિકતા અને પ્રાપ્તિ જ અસંભવિત બની જાય છે. એ રીતે શ્રી સંઘની મર્યાદાઓ, શિસ્ત, શાસ્ત્ર–આજ્ઞાઓ તરફ આદર અને પાલનની કટ્ટરતા ઘટતી જાય છે, અર્થાત્ ઉપેક્ષિત થતા જાય છે. ધાર્મિક સંપત્તિઓના રક્ષણને માટે કેટલાકો તરફથી ધર્મક્ષેત્રમાં દરમ્યાનગિરી કરનાર કાયદા આવકારાય છે. તેનું મુખ્ય રહસ્ય તો એ છે, કે–"ધાર્મિક સંપત્તિઓ ઉપર કાયદાનો કબજો સ્થાપિત થાય છે. એ સંપત્તિઓનો ઉપયોગ બીજા અધાર્મિક અને પ્રાગતિક કામોમાં કરવાની સગવડ વ્હેલી તકે પ્રાપ્ત થાય, તથા તેમાં ધર્મગુરુઓ અને ધાર્મિકો પછી આડે આવી જ ન શકે." આ મુખ્ય હેતુ હોય છે. આ બધું હવે આપણે વ્હેલીતકે સમજી લેવું જોઇએ અને શાસનના બંધારણીય મૂળભૂત–તત્ત્વોને વળગી રહીને તેનું સંચાલન સતેજ કરવું જોઇએ. અંગત માન્યતા, ખ્યાલો વગેરે તેના તેજને ટકાવવા વચ્ચે ન લાવવા જોઇએ.

—પં. પ્ર. બે. પારેખ

**અભિનંદન ગ્રંથ માટે શુભેચ્છા...**

ધાર્મિક ખાતાઓના વહીવટદારો નીમવાની પરંપરાગત અને સુયોગ્ય રીત એવી છે, કે-અનુભવી જે ધાર્મિકો વહીવટ કરતા હોય, અને તેઓની સાથે જોડાઇ ભક્તિભાવથી જેઓ વહીવટમાં સહકાર આપતા હોય, નવા નવા અનુભવીઓમાંથી પસંદ કરીને નવા વહીવટ કરનારાઓ તેઓ તરફથી નીમવામાં આવતા હોય છે. જેથી ઉત્તરોત્તર તે બાબતના અનુભવી વહીવટદારોના હાથમાં વહીવટ સમજપૂર્વક સલામત અને સંતોષકારક રહેતા આવે. આ મૂળ પદ્ધતિ હવે વધારે વખત ચલાવવામાં ન આવવાથી વહીવટો ખર્ચાળ: અને તુમારી પદ્ધતિના તથા કલાર્કોમય બની જવાના જ. જેથી તે બેંક: કે મ્યુનિસીપાલીટી જેવો એક સરકારી વહીવટ બની જાય. જેથી ધાર્મિક આરાધનાનાં તત્ત્વો નજીવા જ રહેવા પામે. તેને પોષણ મળે જ નહીં. વહીવટ ખર્ચમાં જ આવકનો મોટો ભાગ ખર્ચાઇ જાય.

—પં. શ્રી પ્ર. બે. પારેખ


## પરેશ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ

**પરેશ એન્ડ કું.** ૧૧૫, ન્યુ ચીંચ બંદર રોડ, મુંબઇ—૪૦૦૦૦૯.

ફોન : ૮૬૨૯૨૫ : ૮૬૩૮૯૨ ગ્રામ : LAXMIPREM

ટેલેક્સ 11 76638 PREM IN

## —: એસોસીએટ્સ :—

### પરેશ એક્સપોર્ટ્સ

પો. બો. નં. ૫૦૬૪

મુંબઇ—૪૦૦૦૦૯ ફોન : ૮૬૪૪૦૨

### પરેશ પ્રોડકટ્સ

બી. ૪૬—૪૭ જી. આઇ. ડી. સી.

શંકર ટેકરી, જામનગર—૩૬૧૦૦૪.

ફોન : ૭૧૯૩૬—૭૨૬૬૦

### પરેશ ઈન્ડસ્ટ્રીઝ

યુનીટ નં. ૨૨૦—૨૨૧, બીજે માળે,

ઉદ્યોગ ભવન, વડાલા, મુંબઇ—૪૦૦૦૩૧.

ફોન : ૪૧૨૦૩૧૧—૪૧૩૨૨૩

### જોબસન ઈન્ડસ્ટ્રીઝ

૪૦૨—૪૦૫ જી. આઇ. ડી. સી.,

શંકર ટેકરી, જામનગર—૩૬૧૦૦૪.

ફોન : ૭૮૫૬૬—૭૮૫૬૭

## * પરેશ પ્લાસ્ટિક્સ પ્રા. લી. *

ફેકટરી : જી. આઇ. ડી. સી., પ્લોટ નં. ૨૧૧—૨૧૪, બામણબોર

જી. સુરેન્દ્રનગર. (ગુજરાત)

**ઘરના ફોન નંબરો—**

પ્રેમચંદભાઇ ૪૭૪૯૪૨ : બાબુભાઇ—૪૧૨૧૬૨૨ : સોમચંદભાઇ ૭૩૨૪૬ જામનગર

# આપણી પાઠશાળાઓનું સાચું સ્વરૂપ

પંડિતવર્ય શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ

૧. શ્રી મુનિસંઘનું સ્થાન જતે દિવસે ભૂલાઇ જાય તે જાતનો પાયો મુંબઇમાં પાલીતાણાકરના સન્માન સમારંભને બહાને તથા પાઠશાળાઓના શિક્ષકોના સન્માન સમારંભને બહાને નખાઈ ગયો છે. આ મહા અનિષ્ટ ભાવિ તરફ પૂજ્ય આચાર્ય મહારાજાઓનું લક્ષ ગયું નથી એ કેટલી બધી કમનસીબીની બિના છે!

૨. 'ધાર્મિક શિક્ષણ' અને 'વ્યાવહારિક શિક્ષણ' શબ્દોનો ઉપયોગ શ્રી સંઘમાં મોટા ગણાતા પુરૂષો પણ છૂટથી કરી રહ્યા છે. એ શબ્દો આજે આપણાથી બોલાય? કેટલું પાપ લાગે! પૂજ્ય મુનિરાજ શ્રી યશોવિજયજી મહારાજશ્રીના લાગણીભર્યા ભાષણના શબ્દોથી આપણે સમજી શકીએ છીએ કે તેઓની ઇચ્છા પરમાત્માના શાસનને નુકશાન કરવાની નથી. પરંતુ લાગણીભર્યા માનસ સાથે માર્ગ જ ઉંધો લેવાતો હોય, ત્યાં બીજું શું પરિણામ આવી શકે? એ લાગણીવશતા ઉંધે માર્ગે દોરવવામાં વધારે વેગ કરાવે–અર્થાત વધારે કાતિલ શસ્ત્ર રૂપ બની રહે. સુક્ષ્મ બુદ્ધિથી ધર્મને સમજ્યા વિના ધર્મ પ્રવૃત્તિ પણ અધર્મને વધારે છે. જેથી તે ધર્મ અધર્માનુબંધિ ધર્મ રૂપે પરિણમે.

તેઓશ્રીનું ભાષણ કેટલું વિસ્તૃત, કેટલું માર્મિક, ધાર્મિક શિક્ષકોને આગળ લાવવામાં કેટલું બલિષ્ટ, કેટલું વ્યવહારૂ, કેટલું સચોટ અને અસરકારક લાગે તેમ છે! એટલું જ એ પ્રભુના શાસનને જગતમાંથી અદૃશ્ય કરવાની પાશ્ચાત્યોની ગૂઢ પ્રક્રિયાને સહાયક થાય તેમ છે.

૩. પહેલાં તો એ સમજી લેવું જોઇએ કે છેલ્લા ૧૦૦–૧૫૦ વર્ષોથી નવેસરથી નીકળેલી પાઠશાળાઓ, સંસ્કૃત પાઠશાળાઓ, મદ્રેસાઓ એ ખ્રીસ્તી ધર્મના દુરગામી પ્રચારલક્ષી યોજનાઓના એક ભાગ રૂપે કઢાવાયેલી છે. આ રહસ્યમય સાચી વાત આજે કોઇકના જ લક્ષમાં હશે, મોટા ભાગના લક્ષમાં તો નથી–પછી તે ગમે તેવા મોટા પૂજ્ય આચાર્ય મહારાજશ્રી હોય, કે શ્રી સંઘના મોટા આગેવાન ગણાતા મહાશય હોય. તેથી નવી પ્રવાહબદ્ધતામાં સૌ દોરાયે જતા હોય છે. ભળતી જ નવી બાબતો ભળતા જ ધાર્મિક સ્વરૂપના નામથી સ્થાન પામતી જતી હોય છે.

૪. શરૂઆતમાં મુંબઇ વગેરેમાં ખ્રીસ્તી ધર્મ પ્રચારકોએ, તેમના છાપાંઓએ, તેમની સંસ્થાઓ વિગેરેએ નવા શિક્ષણનો પ્રચાર ઉપાડયો હતો, સન ૧૮૩૬ પહેલાં બ્રિટિશ પાર્લામેન્ટમાં નવું શિક્ષણ આપવા અંગે મોટી ચર્ચા થઇ, અને તેના અનુસંધાનમાં

લોર્ડ મેકોલેને ભારત મોકલવામાં આવ્યા હતા. સન ૧૮૩૮ માં ભારતમાંના બ્રિટિશ મુત્સદ્દીઓ નવા શિક્ષણની નીતિ સ્પષ્ટ રૂપમાં નક્કી કરી રહ્યા હતા, અને તેના આધારે ઉપર ૧૮૫૭ માં ભારતમાં ત્રણ યુનિવર્સીટીઓ સ્થાપવામાં આવી હતી.

પરંતુ તે વખતના કેટલાક જ ભારતીય લોકો સિવાય નવા શિક્ષણને ટેકો આપવાની, તેને સમજવાની, તેને સાંભળવાની મનોદશા જ ભારતના લોકો ધરાવતા નહોતા. ત્યારે શું કરવું ?

ત્યારે ખ્રીસ્તી ધર્મના આગેવાનોએ એવો પ્રચાર કરવા માંડયો કે, 'ભારતના ધર્મો સારા છે. તેના શાસ્ત્રોનો સંશોધનપૂર્વક તુલનાત્મક રીતે અભ્યાસ થવો જોઇએ. 'જ્ઞાન જરૂરી છે.' આ હવાથી જૈન પાઠશાળાઓ, સંસ્કૃત પાઠશાળાઓ, મદ્રેસાઓ વિગેરે અસ્તિત્વમાં આવતા ગયા. નવા ઘાટની યુનિવર્સીટીઓ કાઢીને અને તે મારફત પોતાનું શિક્ષણ ફેલાવવા દ્વારા ખ્રીસ્તી ધર્મને યુનિવર્સલ ધર્મ બનાવવાનું ખ્રીસ્તી પ્રચારકોનું લક્ષ્ય હતું. પરંતુ એકાએક ભારતની પ્રજાને નવું શિક્ષણ લેવા માટે આકર્ષી શકાય તેમ નહોતી, તેથી જ્ઞાન લેવાની જરૂરિયાત ઉપર ભાર મૂકી, પ્રૌઢ ઉમ્મરના લોકોનું ધ્યાન પાઠશાળાઓ વિગેરે કઢાવવામાં, અને નવયુવકોનું માનસ નિશાળો, શાળાઓ તરફ કેન્દ્રિત કરાવવામાં આવતું રહ્યું. અર્થાત એક યા બીજા બહાને શિક્ષણ લેવા તરફ પ્રજાનું ધ્યાન ખેંચવાનો દાવ ગોઠવાયો.

૫. સાંસ્કૃતિક જીવનશિક્ષા કે જે સંસ્કારયુક્ત માનવ જીવન માટે કામ આપતી હતી, તેમાં ધાર્મિક અને વ્યવહારિક બન્નેય શિક્ષણ મળવાની ગોઠવણ પ્રાચીન કાળથી અનાયાસે જ ગોઠવાયેલી હતી. તેથી વ્યવહાર નિષ્ઠ અને ધર્મ નિષ્ઠ પ્રજાજનો તૈયાર થતા હતા.

૬. ખ્રીસ્તી ધર્મ પ્રચારકોએ 'વ્યાવહારિક શિક્ષણ' અને 'ધાર્મિક શિક્ષણ' એ જાતના પારિભાષિક શબ્દો પ્રચારમાં મૂકી, સંસ્કૃતિના બે ચીરા કરી નાખ્યા, અને ભારતીય જીવનના ઢબનું વ્યાવહારિક શિક્ષણ આપવાને બદલે, પોતાની ઢબનું વ્યાવહારિક શિક્ષણ આપવાનું પોતે રાખ્યું, અને ત્યારે ધાર્મિક શિક્ષણમાં માથું મારવાનું અશક્ય હોઇ, તે બાબત લાગણીશીલ લોકોના હાથમાં કામ ચલાઉ રીતે રહેવા દીધી, જેમાંથી પાઠશાળાઓ વિગેરે સંસ્થાઓ ઉભી થતી ગઇ.

૭. શેઠ વેણીચંદ સુરચંદ વગેરે તે વખતના યુવાનો ધર્મનિષ્ઠ મુંબઇમાં ફેલાવાયેલી ધાર્મિક શિક્ષણની હવાથી સ્વાભાવિક રીતે જ તેમના મનમાં એ વિચાર આવી જાય કે, 'જો આપણે આપણો ધર્મ ટકાવવો હોય, તો ધાર્મિક શિક્ષણ સારી રીતે આપવું

જોઇએ.' અને આ વિચાર દૃઢ થતાં તે વખતે આગળ પડતા કોઇને કોઈ યુવાન પૂજ્ય મુનિરાજશ્રીઓ પણ તેમાં સમ્મત થઈ જાય એ સ્વાભાવિક હતું. ત્યારે મુંબઇમાં ધનની છોળો ઉછળતી હતી, એટલે મુંબઇના શ્રીમંતોમાંથી ધન આપનાર પણ મળી આવે.

અને એ રીતે મ્હેસાણાની પાઠશાળા શરૂ થઇ. તે વખતના વયોવૃદ્ધ આગેવાનો તેથી સખ્ત વિરૂદ્ધ હતા. મ્હેસાણાના એકંદર જૈન સંઘનો તેના તરફ આદરભાવ નહોતો. ગામવાળા તો તેને 'પાઠશાળા'ને બદલે 'ભાતશાળા' તરીકે સંબોધતા હતા. વયોવૃદ્ધ આગેવાનો તો શેઠ વેણીચંદ સુરચંદને સંઘ બહાર મૂકવા તૈયાર થયા હતા, પરંતુ ઘણે ભાગે અમદાવાદના નગરશેઠ પ્રેમાભાઇ હેમાભાઈની લાગવગથી બચી ગયા હતા.

પછી તો ગામે ગામ પાઠશાળાઓ શરૂ થવાનો પ્રવાહ ચાલ્યો. અને પછી બનારસની પાઠશાળા, એજ્યુકેશન બોર્ડ, રાજનગર ધાર્મિક પરીક્ષા, પુના જૈન વિદ્યાપીઠની પરિક્ષાઓ, ધાર્મિક શિક્ષણ સંઘ ઉભા થતા ગયા.

૮. વ્યાપક રીતના ઉત્સવો, વરઘોડા, સંઘયાત્રા, ઉપધાનાદિક ક્રિયાનુષ્ઠાનો, મહાપૂજાઓ, ગુરૂ મહારાજના સામૈયા વિગેરે વિગેરે સેંકડો બાબતો મારફત એક યા બીજી રીતે ધાર્મિક શિક્ષા પ્રજાને સજ્જડ રીતે મળતી રહેતી, ને જીવનમાં દૃઢ પણે રૂઢ થતી રહેતી. બાર મહિનાના ઘણા દિવસો, અને દિવસોનો ઘણો ભાગ કાંઇને કાંઇ ધર્મની બાબત ચાલ્યા જ કરે, ધાર્મિક જમણવારો, જીવદયાના શૌર્યપ્રેરક પ્રસંગો, ઘરમાં ધાર્મિક રીતરિવાજો વિગેરે મારફત સકળ સંઘમાં વિવિધ રીતે શિક્ષા, અનુભવ, તાલીમ, અણુધારી રીતે પણ મળ્યા જ કરે તેમ હતું. નવું શિક્ષણ આપનારી નિશાળો કોલેજો વિગેરે શરૂ થવાથી બાળકોનો ઘણો સમય તેમાં જ વેડફાઇ જાય, જેથી બીજી અનેક રીતે મળતી ધાર્મિક શિક્ષા લગભગ દુર થતી જાય, તે મળવાની તકો જ ઉડતી જાય, અને લગભગ નિશાળોની ટાઇપમાં ફેરવાતી જતી પાઠશાળાઓમાં ધાર્મિક શિક્ષા કેટલી મળે ?

પાછી બૂમો મરાય કે હાલના નવયુવાનો ધર્મથી દુર જાય છે. વિદેશીઓએ જીવન પદ્ધતિ જ એવી ગોઠવી છે અને તેને અનુસરવાના રીવાજો પાડતા ગયા છે, જેથી ધર્મથી દૂર થવાતું જ જવાય, અને તેના ઉપાય તરીકે પાઠશાળાઓ કર્યે જવાય.

૯. જૈન પાઠશાળાઓમાં આજે શિક્ષણ આપવાની જે પદ્ધતિ છે, તે જૈનશાસનના ધોરણ પ્રમાણે નથી. તેનાથી જુદી જ રીતની તેની રચના છે. એટલું જ નહીં, પરંતુ તે જૈનશાસનની નીતિ રીતિ તથા તેના મૂળ ટકાવને પણ બાધક છે ગ્રહણ અને આસેવન શિક્ષા આપવાનું ગુરૂઓના હાથમાં હતું. આદેશ લઈને સૂત્રો બોલે તેથી પરીક્ષા પસાર થઈ જતી હતી.

આજે શિક્ષા આપવાનું એ કાર્ય માસ્તરોના હાથમાં મૂકાયું છે. તેઓ નિશાળોના માસ્તરોની ટાઇપથી લગભગ ગુંથાયેલા હોય. વળી પાઠશાળાના ફંડ જુદા, તેના મેળાવડા જુદા. પરીક્ષાઓ પેપરો વગેરે યુનિવર્સીટીના અનુકરણ રૂપ હોય છે. સરકારી કેળવણી ખાતાના એક ભાગરૂપ એ સંસ્થાઓનું ભવિષ્યમાં રૂપ આપી શકાય તેવી ગૂઢ ગોઠવણો રખાતી ગઇ છે. મુંબઇમાં ધાર્મિક શિક્ષણ સંઘ ભવિષ્યમાં સરકારી ડીપાર્ટમેન્ટમાં નોંધાઇ જવાથી. તે તેના એક ભાગ રૂપ બની રહે એ સ્વભાવિક છે. એ સ્થિતિ બીજા સ્થળોના પાઠશાળાઓ માટે પણ સમજવાની. મ્હેસાણા પાઠશાળા માટે તેવી સૂચના આવી હતી, પરંતુ ત્યારે તે મુલત્વી રહી હતી.

૧૦. અને આ પાઠશાળાઓ સરકારી સંસ્થાઓ બની જવાથી પછી સર્વ ધર્મ નું શિક્ષણ આપવાની ફરજ પડતી રહેશે. અને પછી તો એક પછી એક ફરજો આવ્યા જ કરશે. અર્થાત્ ખ્રીસ્તી ધર્મ ને જગતનો એક માત્ર ધર્મ બનાવવામાં આ જ પાઠશાળાઓનો ઉપયોગ થશે. ખુદ મ્હેસાણા પાઠશાળાના કાર્યકરોને પણ આ સંસ્થા જતે દિવસે ખ્રીસ્તી ધર્મના પ્રચારની એક સંસ્થા રૂપ કે તેના કોઈ એક ભાગ રૂપ બનાવી દેવા માટેનું નિર્માણ સમજવાનું છે.

૧૧. 'નિશાળમાં જાઓ. ત્યાં ન જાઓ, તો ધાર્મિક શિક્ષણ માટે પાઠશાળાઓનો આશ્રય લો, જેથી દહેરાસર ઉપાશ્રય તથા બીજી અનેક પ્રવૃત્તિઓથી દુર થતા જાઓ–' આ પરિણામ તરફ લઇ જવામાં પાઠશાળાઓને માધ્યમ બની રહેલી છે દ્વાર રૂપ બની રહેલી છે. પાઠશાળાઓને અને તેના શિક્ષકોને ભવિષ્યના ધર્મના શિક્ષણ માટે માધ્યમ બનાવાયા છે.

શા માટે દીર્ઘદૃષ્ટિથી વિચાર ન કરવો ? શા માટે અનુબંધનો વિચાર ન કરવો ?

૧૨. ભાઇ શ્રી ચિમનલાલ પાલીતાણાકરના આમંત્રણના જવાબમાં આ વાત સંક્ષેપમાં સુચિત કરી છે. ખુદ શેઠ વેણીચંદ સુરચંદને પણ તેમના મરણ પહેલાંના એકાદ બે વર્ષ પહેલાં આ વાત કરી હતી. એ સાંભળીને તેઓ આભા જ બની ગયા હતા, અને 'બોલશો મા, બોલશો મા' એમ કહેવા લાગ્યા હતા.

વિશેષ શું લખવું ?

( હિત મિત પથ્યમ્ સત્યમ્ )

卐

# શ્રી મહાવીર પ્રભુની અદ્‌ભુત શાંતિ

પંડિતવર્ય શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ

કૃત્વા નવં સુર-વધૂ-ભય-રામ-હર્ષં,
દૈત્યાધિપ શતમખ-ભ્રૂકુટિ-વિતાનઃ।
ત્વત્પાદ-શાન્તિ-ગૃહ-સંશ્રય-લબ્ધિ-ચેતા-
લજ્જા-તનુ-દ્યુતિ હરેઃ કુલિશં ચકાર ॥૧॥

(વિશ્વ કવીશ્વર **શ્રી સિદ્ધસેનાચાર્ય** મહારાજની ૫ મી **શ્રી મહાવીર સ્વામી સ્તુતિ** દ્વાત્રિંશિકામાંથી)

શ્રી મહાવીર પ્રભુએ પોતે જ ચમરેન્દ્રના ઉત્પાતરૂપ દશ આશ્ચર્યોમાંની એક આશ્ચર્ય-કારક ઘટનાની વાત શ્રી ભગવતી સૂત્રમાં કહેલી છે.

તેનો ટુંકમાં પ્રસંગ એ છે, કે-

ચમરેન્દ્ર નામે ભવનપતિ ઇંદ્રે જન્મતાંની સાથે સિંહાસન ઉપર બેઠેલા સૌધર્મ ઇંદ્રના પગ પોતાના ઉપર અવધિજ્ઞાનથી જોયા અને તેને માન અને ક્રોધ કષાય જાગ્યો કે-'અરે મારા ઉપર પગ રાખીને રહેનાર કોણ ?'

તેની સામે લડવા માટે પ્રભુ જયાં કાઉસ્સગ્ગ ધ્યાને બિરાજમાન હતા ત્યાં જઇ પ્રભુનું શરણુ લઇને જેણે ભયંકર રૂપધારી લાખ જોજનનું વૈક્રિય શરીર કરીને, દોડીને કુદકા સાથે પહેલા દેવલોકના વિમાનમાં પહોંચ્યો અને ત્યાં કદી ન અનુભવેલો મહા ભય ફેલાવી દીધો.

પરંતુ, તુરત જ ઇંદ્રે ક્રોધ કરીને તેની પાછળ પોતાનું ભયંકર વજ્ર ફેંક્યુ. પરંતુ વજ્રના ભયથી ભાગીને ચમરેન્દ્ર પ્રભુ જયાં કાયોત્સર્ગ ધ્યાનમાં ઉભા હતા ત્યાં પહોંચીને તેમના ચરણની વચ્ચે નાનું રૂપ કરી ઘુસી ગયો, અને મનમાં, 'હાંશ માંડ બચ્યો. અહીં મને વજ્ર શું કરશે ?' ઇંદ્રને તર્ક આવ્યો કે,

આવો દેવ આવું સાહસ અરિહંત ભગવંત, અરિહંત ભગવંતના ચૈત્ય કે મહા તપસ્વી મહામુનિરાજનું શરણ લીધા વિના કરી શકે ? તો આણે કોનું શરણ લીધું હશે ?' એમ વિચારતાં અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકતાંની સાથે જ જાણી શકાયું કે 'અહો ! આને ચરમ તીર્થંકર તીર્થપતિ શ્રી મહાવીર દેવનું શરણું લઇને સાહસ કર્યું છે. અને પાછો ભાગીને તેમના જ ચરણમાં નાનું રૂપ કરીને છુપાઇ ગયો છે. અને વજ્ર પ્રભુના

ચરણની આશાતના કરશે તો શું થશે.' એમ વિચારી વેગ પૂર્વક જઇ, ચાર જ આંગળ છેટે રહેલા ઇંદ્રે પકડી લીધું. ઇંદ્રે પ્રભુને વંદના કરી ખમાવ્યા પ્રભુને પુનઃ વાંદી પોત-પોતાને સ્થાને ગયા.

આ પ્રસંગને વિશ્વના મહાન કવીશ્વર શ્રી સિદ્ધસેન દિવાકરજી મહારાજે આ પ્રમાણે વર્ણવેલ છે, કે–

દૈત્યાધિપે–દેવલોકમાં એવો ભય ફેલાવી દીધો કે, તે ભયથી દેવાંગનાઓ દેવોને ભેટી પડીને તેના રૂંવાડા ખડા થઇ ગયા. આવો નવો અપૂર્વ રોમ હર્ષ દેવાંગનાઓએ કદી પણ અનુભવેલો નથી. કેમકે, આવો આશ્ચર્ય કારક પ્રસંગ જગત્‌માં કદી બનેલો નથી.

આ પરિસ્થિતિ સમજી ભ્રૂકૂટિ ચડાવી એટલે કે તેની પાછળ ભ્રૂકુટિને ચંદરવો રૂપી બનાવીને ફેંકેલા વજ્રને.

હે પ્રભો ! આપના ચરણરૂપી શાંતિ ઘરમાં આશરો લઇને 'હાશ'કારો અનુભવતા ચમરેન્દ્ર લજ્જા તનુ દ્યુતિ-શરમથી ઠરી ગયેલું, પ્રભાવ વિનાનું બનાવી દીધુ હતું. આપના શાંતિસાગરના છોળે એ ઇંદ્રના ભયંકર વજ્રને પણ ઠારી નાંખીને ઠંડુગાર બનાવી દીધું હતું.

આવી શાંતિ પ્રભુની જ છે.

તેની સર્વકલ્યાણકર આજ્ઞાઓના શાસનના આંદોલનો એક યા બીજી રીતે જ્યાં સ્ફૂરી રહ્યા છે, વિશ્વમાં પ્રસરી રહ્યા છે. તેના વિશ્વ કેન્દ્રરૂપ ઉપાશ્રય એ અપૂર્વ સ્થાન છે વિશ્વમાં અપૂર્વ સંસ્થા છે. જેને તોલે કોઈ પાર્લામેન્ટ કે ધારાસભા આવી શકે નહિ આ સ્થાન છે. જેને પ્રાપ્ત કરવાનો લાભ આપણે આ જીવનમાં લઇ રહ્યા છીએ તેનો જેમ તેમ લાભ ઉઠાવવો એ માનવજીવન સફળ કરવાનું અદ્‌ભુત સાધન છે.

---

## ભ્રાતૃ ભાવની પોકળ વાતોઃ

પર્યુષણ વ્યાખ્યાનમાળાએ શ્રી સંઘમાં મોટી ભેદનીતિ શરુ કરી છે. તેને ઉત્તેજન આપનારા કયા મોઢે ભ્રાતૃભાવની વાતો કરતા હશે ? જૈન મહામંડળના ઈન મિન ને તીન કાર્યકરો જુદી વ્યાખ્યાનમાળાઓ તથા જુદી સંસ્થાઓ ઉભી કરી ઉલટાનો ભ્રાતૃ-ભાવ તોડે છે. સૌને પોતપોતાની સંસ્થાનો મોહ હોય છે. ભાતૃભાવની વાતો તો આકર્ષણ પૂરતી હોય છે.

—પં. પ્ર. બે. પારેખ

# આપણા શ્રી સાધ્વીસંઘને ઉન્માર્ગે દોરવા માટેના પ્રચાર

પં. પ્રભુદાસ બેચરદાસ પારેખ

તા. ૨૬-૧૦-૭૦ના 'જૈન' પત્રના અગ્રલેખમાં 'આપણો સાધ્વી સંઘ' લખનારને 'શ્રી સાધ્વી સંઘ' લખી 'શ્રી' ઉમેરવાનો પણ વિવેક સૂઝયો નથી. જગતની સર્વશ્રેષ્ઠ જૈન શાસન જેવી સંસ્થા અદ્ભુત સંસ્થાના સંચાલક શ્રી ચતુર્વિધ શ્રમણસંઘમાં શ્રી સાધ્વીજી સંઘનું સ્થાન એ કંઇ જેવું તેવું સ્થાન છે ? પરંતુ શ્રી ચતુર્વિધ શ્રમણસંઘ એટલે શું તેના સાચા ખ્યાલ વિના ગમે તેમ આડું અવળું કોઇએ ભરડયા પ્રમાણે અડદ મગ ભરડવા સિવાય લગભગ બીજું સારૂં કે સાચું સૂઝતું નથી. તે બીજું શું લખે ? લેખક ભાઇઓની બૌદ્ધિક દશા કેવી બુરી થતી જાય છે ?

અરે ! ભાઈઓ ! શ્રી તીર્થંકર પ્રભુના શાસન સંઘ ધર્મ શાસ્ત્રો વિગેરે મહાન પ્રતીકોની કાંઈક તો શરમ રાખો. વગર દલીલે વગર પ્રમાણે, વગર સદાદર્શે જેમ તેમ લખવામાં શી બહાદુરી માનો છો ? અહિંસા અને અનેકાન્ત શબ્દો લખતાં કે બોલતા આવડયા એટલે જૈનધર્મ વિષે ગમે તેમ જાહેરમાં લખવા બોલવાનો પરવાનો મળી જાય છે એમ માની લેવામાં આવે છે ?

વૈદિક ધર્મમાં સાધ્વીઓ, સન્યાસીનીઓ નથી થતાં શું ? તે વર્ગનો અભાવ જ હોય છે ? તેણે એકાંગી વલણ અખત્યાર કર્યું છે એમ શી રીતે કહેવામાં આવે છે ?

સ્ત્રી પુરૂષમાં જે સમાનતા છે, તેનો સ્વીકાર કોણે નથી કર્યો ? અને જેટલો ભેદ છે તેનો સ્વીકાર ન કરવાની મૂર્ખામી કયો શાણો માણસ કરી શકે ? આત્મતત્ત્વ તો પ્રાણી માત્રમાં સમાન છે. તો પશુઓ અને માનવો સમાનપણે જીવન કેમ જીવતાં નથી ?

વૈદિક ધર્મના ધાર્મિક સમૂહોમાં શુદ્ર ધાર્મિકો હોતા જ નથી ? તેઓને કયાં પરદેશ કાઢી મૂકાયા હોય છે ? ભક્તનારી, ત્યાગી, વૈરાગી, તપસ્વી સન્નારીઓ ત્યાં પણ મોટી સંખ્યામાં હોય છે. ખોટી અતિશયોકિત કયાં સુધી ચલાવ્યે રાખશો ? ભયંકર જુઠાણાંના પાપનો ડર તો રાખો કે પાપ-પુન્ય માનવું બંધ કર્યું છે ? અધિકાર પરત્વે ધર્મ વ્યવસ્થા કયાં નથી ? ભૂતકાળમાં અન્યાય કર્યો વિગેરે લખવા ખાતર તથા પાનું ભરવા ખાતર ભલે લખવામાં આવે કાગળ, ટાઇમ, શાહીના દુરૂપયોગની હવા ચાલે છે.

વડા પ્રધાન તરીકે સ્રીઓ હોવા માત્રથી શું સ્વર્ગ ઉતરી પડયું ? પાશ્ચાત્ય મુત્સદ્દીઓ પોતાના સ્વાર્થ ખાતર દૂર દૂરના દોરી સંચારથી એમ થવા દેતા હોય છે. કાંઇક તો સાચી પરિસ્થિતિ સમજવાનો ખપ કરો.

ખરે વખતે સાંસ્કૃતિક અને ધર્મક્ષેત્રની રક્ષા વિગેરેની જોખમદારી આગળ પડીને હિમ્મતભેર પાર પાડે વિગેરેને ઉદ્દેશીને પુરૂષનું પ્રાધાન્ય સમજપૂર્વક રખાયું છે, તદ્દન સાધનરહિત સ્થિતિમાં પુરૂષ આગળ પડી શકે, તેટલી હિંમત સ્ત્રી ન કરી શકે. કવચિત દાખલા ઉપરથી સર્વથા સ્ત્રી વર્ગ ઊપર આધાર ન રાખી શકાય. બન્નેય મળીને રક્ષા ગોઠવી છે. માત્ર આગળ પાછળ સ્થાન આપવામાં આવ્યું છે. એટલો જ માત્ર ભેદ છે. પુરૂષોને સ્થાન આપ્યું છે. અને સ્ત્રીને સ્થાન જ નથી આપ્યું એ વિગેરે જુઠાણાં અને અતિશયોક્તિ ભરેલી વાતો છે. સિવાય સમાનતા નથી એમ શી રીતે કહેવામાં આવે છે ?

પુરૂષો ઉપર વધારે જવાબદારી રાખી છે, તેમ તેમાં ખામી રાખે તો શિક્ષા પણ વધારે રાખી છે. રંગીન પ્રજાઓમાંથી રક્ષક સાંસ્કૃતિક સ્થિતિ નષ્ટ કરવા ખોટા પ્રચારથી સ્ત્રી વર્ગને આગળ કરવાથી, ન તો સ્ત્રી વર્ગ રક્ષણ કરી શકે ન તો પુરૂષ વર્ગ રક્ષણ કરી શકે.

દુનિયાભરની તમામે તમામ સરકારોમાં વડા પ્રધાનો તરીકે સ્ત્રીઓ કેમ નથી ? દુનિયાભરના લશ્કરો સ્ત્રીઓનાં જ હજી કેમ બનાવાયાં નથી ? ભાઇઓ ! જેની વકીલાત કરો છો તેનું જ હિત નથી. ઉલટાનું શ્વેત સિવાયની રંગીન પ્રજાઓની સ્ત્રી વર્ગનું ભારેમાં ભારે અહિત ગોઠવાયેલું છે, વગર સમજ્યે .આવી બાબતો ન છેડો તો સ્વપરનું હિત છે.

રંગીન પ્રજાઓના સ્ત્રીવર્ગનું સંગઠિત રહેતું આવેલું ચારિત્ર્યબળ તદ્દન નિર્બળ બનતું જાય તેને માટે શું ચલાવાઇ રહ્યું છે ? તે માટે જાતીય પ્રચાર ક્ષેત્રમાં મોટા મોટા ખર્ચે કેવા પ્રયાસો ચાલી રહ્યા છે. તેની તપાસ કરવા કલ્પના કરવી ? એ પણ પાપમાં પડવા જેવું છે.

ત્યારે શ્વેત પ્રજાનું ચારિત્ર્યબળ વધે, ઉંચાઇ વધે, આરોગ્ય વધે, નીતિમત્તા વિગેરે વધે તેને માટે હાલ તુરતમાં બહાર ન આવે તેવી રીતે તે પ્રજાના પ્રદેશોમાં વ્યવસ્થિત પ્રયત્નો થઇ રહ્યા છે.

ભાઇઓ ! જેમ એક તરફ ઉજળું એટલું દૃશ્ય જુઓ છો તેમ બીજી તરફથી કાળા પડદા પાછળ ચાલતી બાબતોને પણ ભારતીય નિસ્વાર્થભાવના ખમીરથી અભ્યાસ કરો. પછી તુલના કરીને હિતસ્વી દષ્ટિથી લખો. તો કાંઇક હિત થશે. ભ્રમજનક લખવાનું ક્યાં સુધી ચાલુ રાખવાનું છે ? તે બધું દુરાગ્રહની પકડથી ન હોવું જોઇએ એટલી જ હિત સૂચના છે.

('હિત મિત પથ્યમ્ સત્યમ'માંથી સાભાર)

## પારેખની પરખ

સોમચંદ ડી. શાહ–પાલીતાણા

અનુભવી અને સુઘોષાના તંત્રી શ્રી સોમચંદભાઇ પંડિતજીની જીવનની ઝાંખી અને કાર્યવાહીની પરખ કરાવી પારેખની પરખ કરાવે છે. ——સં.

પ્રખર પંડિતજીના પરિચિતોને પત્રિકા કે પત્ર દ્વારા કંઇક લખી મોકલવા આમંત્રણ પાઠવવામાં આવેલ ત્યારે મને પણ આમંત્રણ તો મળ્યુ પણ હવે મારી અવસ્થાને લીધે વાંચવું અને લખવું મારે માટે મુશ્કેલ બન્યું છે, છતાં એક અતિઆદરણીય અને માનનીય પંડિતજી માટે કે શાસનના હિતચિંતક માટે કંઇક તો લખવું એ આશયથી લખવા પ્રેરાયો છું.

લખવાનો પ્રારંભ કરતાંજ ખાદીની પાઘડી, ખાદીનો કોટ અને ખાદીનું ધોતીયુ [સાદાઇના હિસાબે] પહેરતા શ્રીયુત પ્રભુદાસ બેચરદાસ પારેખ નજર સામે આવે છે. હાથે કાંતેલા પોતે સુતરના કપડા પહેરતા પણ મીલની ખાદીને તો તેઓ ડબલ વિલાયતી માનતા હતા કારણ કે મીલનું ઉત્પાદન યંત્રોથી થતું હોઇ, યંત્રવાદ પ્રજામાં બેકારીનું સર્જન અને વૃદ્ધિ કરનાર છે. આ નક્કર માન્યતા તેઓશ્રીની હતી.

શ્રીયુત્ પ્રભુદાસભાઇ પારેખ જૈન દર્શન, તત્વજ્ઞાન, ન્યાય–વ્યાકરણના અજોડ વિદ્વાન હતાં, સમર્થ વિચારક હતા, શાસનના અવિહડ રાગી હતા. વક્તા અને લેખક હતા. સાહિત્ય અને સંસ્કૃતિના ઉપાસક હતા, જીવનમાં સાદાઇ, સાત્વિકતા, નિસ્પૃહતા, દીર્ઘ-દષ્ટિપણુ આ બધુ હોવા સાથે શિક્ષણ, સંસ્કાર, સંસ્કૃતિ, સમાજજીવન રાજકીય બાબતો વગેરેનું બહુ ઉંડુ જ્ઞાન ધરાવતા હતા.

જીવ્યા ત્યાં સુધી ધાર્મિક, સામાજીક, શૈક્ષણિક રાજકીય જૈન દર્શન, જ્ઞાન–વિજ્ઞાન, વિશ્વશાંતિ, બહુમત ચૂંટણી,ભારતનું ભાવી, આર્યપ્રજા, આર્યદેશ, આર્યધર્મ, સંતતિ નિયમન વગેરે અનેક બાબતો ઉપર ૪૦–૪૫ વર્ષ પહેલા પોતાના તુલનાત્મક, પરિણામ લક્ષી અને સ્પષ્ટ વિચારો દેશની પ્રજા સમક્ષ બેધડક રીતે રજુ કર્યાં છે, જે તે વખતે કલ્પનાતિત લાગતા હતા. તે આજે વાતાવરણ પરિસ્થિતિ અને પ્રજાના જીવન ઘડતર પરથી સત્ય પુરવાર થાય છે,

યંત્રવાદ પ્રજાની બેકારી ઘટાડશે નહી. પણ વધારશે. પાશ્ચિમાત્ય ઢબે અંગ્રેજી શિક્ષણથી પાયાના સદ્‌ગુણો અને સંસ્કારો નાશ પામશે, પરદેશના અંગ્રેજો દેશમાંથી જશે, પણ દેશમાં નવા અંગ્રેજો ઉભા કરતા જશે, ભૌતિક વિજ્ઞાન, માનવહિતો અને સંસ્કારોના હ્રાસ કરશે. બહુમત ચૂંટણી ભયંકરતા સર્જશે, સંતતિ નિયમનથી પ્રજામાં સંયમનો અભાવ થશે. અને આર્યપ્રજા સત્વહિન બનશે. આવી તો અનેક બાબતોના હજારો પાના લખ્યા હતા, દેશની પ્રજાને ચેતવી હતી. પણ તે વખતે કોઇ સાંભળવા તૈયાર ન હતું.

આજે અનિષ્ટ તત્ત્વોના હાનિકારક પરિણામો નજરે જોવાય છે, ત્યારે તેમની કલ્પનાઓ વિચારો સાચા ઠરે છે.

શ્રીયુત પ્રભુદાસભાઈની આર્થિક પરિસ્થિતિ સાધારણ હતી, કુટુંબ બહોળું હતું, છતા કોઈ કામનો બદલો માંગતા નહીં, અવસરે શાસનહિત માટે તન, મન, અને ધનથી ઘસાતા.

સંઘનો પુરો સાથ સહકાર અને માર્ગદર્શન મળ્યા હોત તો તેઓ જે કાંઇ કહી ગયા, કરી ગયા, લખી ગયા છપાવી ગયા, પ્રચાર– પ્રયત્ન કરી ગયા તેના કરતા તેમની શક્તિનો અનેક ગણો લાભ મળત.

બન્યુ તે ખરૂ પણ હવે આટલું થવું જરૂરી છે.

(૧) શાસન હિત ચિંતકનું સળંગ જીવન આલેખન કોઇ શ્રદ્ધેય સારા લેખકની કલમે લખાવવું.

(૨) તેમનું ઘણુ સહિત્ય પ્રગટ—અપ્રગટ પડયું છે. તેને વ્યવસ્થિત કરી– કરાવી નાનાં મોટા પુસ્તક રૂપે પ્રગટ થાય તો આજે અને આવતી કાલે વિચારકોને ઘણુ ઉપયોગી બનશે, અને એક મહત્વનું કાર્ય થયુ લેખાશે.

રાજકોટ– ભક્તિનગરના પોતાના નિવાસ સ્થાને માંદગીના બીછાને હતા. ત્યારે હું અને શ્રી કપુરચંદભાઇ વારૈયા ખબર કાઢવા રાજકોટ ગયા ત્યારે અમે જોયુ કે, પથારીમાંથી બેઠા થઇને આડી–અવળી વાતો ન કરતા શાસન હિતની વાતો, ગોરી પ્રજાની માયા જાળના ગૂઢ રહસ્યો, જૈન શાસન જૈન દર્શનની સર્વોપરિતા વગેરે અનેક બાબતોની છણાવટ કરી સમજાવવા પ્રયત્ન કરતા હતા.

સખત મોંઘવારીના સમયમાં પણ લાખ ઉપરાંત રૂા. નો ખર્ચ કરીને વિવરણ સહિત પંચપ્રતિક્રમણ સાર્થનો હજાર પાનાનો દળદાર ગ્રંથ પૂ. આ. શ્રીમદ્ વિજયજિનેન્દ્રસૂરીશ્વરજી મ. શ્રીના સંપાદન અને સદુ ઉપદેશથી શ્રી હર્ષ પુષ્પામૃત ગ્રંથમાળાએ તાજેતરમાં પ્રગટ કરી એક અતિ મહત્વનું પ્રકાશન કર્યુ છે તે ધન્યવાદ, અનુમોદનીય અને અભિનંદન રૂપ છે.

શ્રીયુત પ્રભુદાસભાઇ સ્વર્ગસ્થ થયાને વર્ષો વીતી ગયાં પણ પ્રસંગને પામી તેમના જીવનને સ્પર્શતા અને બિરદાવતા પ્રસંગો, લેખો, તેમના સાહિત્યના અવતરણો, અભિનંદન રૂપે કંડિકાઓ, શ્રદ્ધાંજલીઓ, વગેરેથી સમૃધ્ધ અભિનંદન ગ્રંથ પ્રગટ થાય છે. ત્યારે હું પણ મારો સૂર પૂરાવું છું.

આજે પણ એક વાતનું દુઃખ તો થાય છે કે શાસનના હિત ચિંતક પંડિતજીને સમયસર અને સાચી રીતે આપણે પીછાની કે પરખી શકયા નહી, અને તેમના અભ્યાસ અનુભવ પરિશીલન અને શક્તિનો પૂરો લાભ લઇ શકયા નહી. આપણુને તેમની પૂરી પરખ ન થઇ પણ તેઓ તો આપણને પારખીને ચાલ્યા ગયા.

તેમનો પૂન્યાત્મા જયાં હોય ત્યાંથી પ્રેરણાનું પાન કરાવતો રહે એજ મનોભાવના સાથે વિરમું છું.

"શાસન તાહરૂં અતિ ભલું, જગ નહીં કોઇ તસ સરખું રે,
તિમ તિમ રાગ ઘણો વાધે, જિમ જિમ જુગતિશું પરખું રે.,

## —卐 શ્રી સંઘને પડેલી ખોટ 卐—

પંડિતજી **શ્રી પ્રભુદાસ બેચરદાસ** પારેખના અવસાનથી શ્રી સંઘને છેવટે નજીકના ભવિષ્ય માટે તો ન પૂરી શકાય એવી ખોટ પડી છે.

વિદ્વત્તા અને નમ્રતા જેવા પરસ્પર વિરોધી ગણાતા ગુણો ભાગ્યે જ સાથે જોવા મળે છે. પરંતુ પંડિતજીના જીવનમાં એ બન્નેય ગુણો અતૂટ એકસંપીથી સાથે રહેતા આવ્યા હતા.

ચૌરીચોરાના એકમાત્ર પ્રસંગથી આંતરરાષ્ટ્રીય શ્વેત મુત્સદ્દીઓની આખીય રમતને સમજી લેવી એ તેમની અસાધારણ બુદ્ધિપ્રતિભાનો પુરાવો છે.

શ્રી જૈનશાસન ઉપર પડી રહેલા અને ભવિષ્યમાં આવી પડનારા આઘાતોથી તેમનું હૈયું સદા વલોવાયેલું રહેતું. 'એક લાખ વીંછીઓ એકી સાથે ડંખ દેતા હોય તેવી તીવ્ર વેદના હું પ્રતિક્ષણ અનુભવી રહ્યો છું.' આ તેમના ઉદ્‌ગારો હતા. અને તેથી જ તેઓ ભાગ્યે જ છ થી આંઠ કલાકની સળંગ નિદ્રા લઇ શકતા, રાત્રે ૧।। વાગ્યે શરૂ કરી પરોઢીયે ચાર વાગે પૂરા કરેલા કેટલાય લેખો આજે પણ અમારા સંગ્રહમાં છે.

શ્રી જૈન શાસન અને તેનાં તમામ પ્રતીકો તરફનું બહુમાન આશ્ચર્ય ઉપજાવે તેવું હતું. એક એક પ્રતીકનો કેવો તલસ્પર્શી અભ્યાસ! તે શિવાય આટલું બહુમાન શી રીતે પ્રગટે? નાનામાં નાના સાધુ મહાત્મા તરફ તેમનો પૂજ્યભાવ એ તો જાણીતી વાત છે. તેમની પાસે અધ્યયન કરી રહેલા સાધુ મહાત્માની સામે પણ તેઓ કદી આસન ઉપર ગુરૂ અધિકારથી બેઠા નથી. જમીન ઉપર જ બેસવાનું.

આંગણે પધારેલા મહેમાનોનું સ્વાગત! એ તો અતિશય માણ્યું હોય તે જ જાણે. નાનામાં નાના બાળક અતિથિને સ્વયં સામે બેસીને જમાડે. મહેમાનોને જરાય ઉણપ ન આવે એની કેટલી કાળજી! કેટલી ચિંતા! અને મહેમાન એક દિવસ રહે, કે પંદર દિવસ રહે, આતિથ્યમાં કશોય ફરક નહીં, કશીય મણા નહીં, જરાય કંટાળો નહીં. અને છતાં તેમનું લેખનકાર્ય તો સતત ચાલુ. મહેમાનને વળાવવાના હોય ત્યારે તે ગાડી ન ચૂકી જાય તે માટે તેઓ આખી રાત જાગે.

કેવી કેવી આંધીઓમાંથી જીવન પસાર થયું છે! છતાં મુખ પર સદાય પ્રસન્નતા. લાખો લોકોની આવતી કાલની ચિંતા કરનારને પોતાની આવતી કાલની બિલકુલ ચિંતા નહીં. ધર્મ ઉપરની અનન્ય શ્રદ્ધા કેટલું બળ આપી જાય છે!

જ્ઞાનામૃતં ભોજનં! કોઇ ચર્ચા કરવા, તેમની પાસે વિષય સમજવા આવે તો

ભોજન લેવાનું ભૂલી જાય, પરાણે જમવા માટે ઉઠાડવા પડે. દેખાવમાં સામાન્ય લાગે. પરંતુ જ્યારે તેમની સાથે ચર્ચા કરવા બેસીએ, ત્યારેજ તેમની અસાધારણ વિદ્વત્તાનો ખ્યાલ આવે.

કેવા વિકટ સંયોગમાં તેમણે પોતાની વિચારધારા વહેતી મૂકી હતી ! આજથી ૩૫ વર્ષ પહેલાં 'સંતતિ નિયમન' શબ્દનો ઉચ્ચાર થતાં જ એની આર્યસંસ્કૃતિ પર આવી રહેલી ભયંકરતાનો ખ્યાલ આપવો એટલે અર્ધ પાગલમાં ખપવું. છતાં એવાં વિશેષણોની ઉપેક્ષા કરીને પણ પોતાની વિચારધારા રજુ કરતા રહ્યા, અને આજે તો તેમણે તારવેલાં કેટલાંય અનુમાનો સત્ય તરીકે સાબિત થઈ ચૂકયાં છે.

શ્રાવકોની વાત તો બાજુએ રહી ! પરંતુ જૈન શાસનના ધુરંધર પૂજ્ય પુરૂષોએ પણ તેમની વિચારધારાને ધ્યાનમાં લીધી હોત તો સંઘ ઉપર આવી પડેલા કેટલાય આઘાતો નિવારી શકાયા હોત, કેટલાક સો બસો વર્ષ દુર ઠેલી શકાયા હોત. પરંતુ ભવિતવ્યતા !

આ પત્રની અંદર સત્તર સત્તર વર્ષથી તેમના લેખો છપાયા છતાં તથા **શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર** જેવા સર્વ શ્રેષ્ઠ ગ્રંથ પર એનસાઈક્લોપિડિયા—સ્ટાઈલનું—કક્ષાનું વિવેચન કરવા છતાં, હજુ પણ લગભગ પાંચેક હજાર નિબંધો અપ્રગટ સંગ્રહમાં છે, જેનું અધ્યયન કરતાં વાચકો ડોલી ઉઠે તેમ હોય છે.

છેલ્લા દશેક વર્ષમાં તેમના સ્વાસ્થ્ય ઉપર અવારનવાર ઘા પડતા રહ્યા હતા, પરંતુ વૈદ્યરાજ પિતા પુત્ર **ધામીજી**ની કાળજીભરી પરિચર્યાએ તેમને રોગના હુમલાઓ વચ્ચે પણ અડીખમ ટકાવી રાખ્યા હતા. તેવી જ રીતે ડોકટર સાહેબ શ્રી **બળવંતરાય કામદાર** તથા ડોકટર સાહેબ શ્રી **વસંતભાઇ** તથા **ડૉ. નિરંજભાઇ** પણ તેમના સ્વાસ્થ્યની સતત કાળજી કરતા રહ્યા હતા. મૂકભાવે સતત એકાગ્રતાથી તેમની સંભાળ રાખનાર તેમના ધર્મપત્ની દીવાળીબા તથા કુટુંબીજનો !

પરમાત્મા વીતરાગ દેવનું શાસન સદા જયવંતુ છે. આપણે ઇચ્છીએ કે શાસનના અવિહડ રાગી આવા આત્માઓ તેમાં પાકતા રહે. તેમના સુપુત્રો તેમના પગલે ચાલી તેમના વડિલની કીર્તિને ઉજ્જવળ બનાવે. તેમના સદ્ગત આત્માને શાંતિ અને તેમના કુટુંબને આશ્વાસન પ્રાપ્ત થાઓ. શ્રી સંઘનો સદા વિજય થાઓ. શ્રી જૈનશાસન જયવંતુ વર્તો.

**અરવિંદ એમ. પારેખ.**

卐

# કોન્ગ્રેસ સંસ્થાનું સાચું સ્વરૂપ

—પં. શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ

નટુ– બાપુજી ! આ બધા કોન્ગ્રેસ કોન્ગ્રેસ કરે છે તે શું છે ?

બાપુજી– નટુ ! આ દેશની ઉન્નતિ કરવા માટે સન ૧૮૮૫ માં તે વખતની સરકારે ખ્રીસ્તી પાદરી મી. હ્યુમ મારફત સ્થપાવેલી એ એક સંસ્થા છે. તે સંસ્થા સ્થાપવાની વાત બંગાળની કોલેજના વિદ્યાર્થીઓ પાસે મુકાણી. પરદેશીઓની રાજ્યસત્તામાંથી પોતાના દેશને છોડાવવાની ભાવના રાખતા તેઓને એ વાત ગમી.

નટુ– પછી ?

બાપુજી– પછી મુંબઈની એક હાઈસ્કૂલના મકાનમાં તેની પહેલી બેઠક મળી. સન ૧૮૫૭ માં સ્થપાયેલી ત્રણ યુનિવર્સીટીઓમાં ભણીને હોંશિયાર થયેલા ભાવના શીલ યુવાનો તે સંસ્થાના સભ્યો થયા– મેંબરો થયા. નવી શિક્ષણ સંસ્થાઓમાં જેમ જેમ ભણનારા વધતા ગયા, તેમ તેમ તે સંસ્થાના સભ્યો વધતા ગયા. તેમ તેમ દેશનો ઉદય કરનારી કોન્ગ્રેસ નામની એ સંસ્થા પગભર થતી ગઈ. તે સંસ્થાના આગેવાનો દેશ-નેતાઓ ગણાવા લાગ્યા.

નટુ– દેશનો ઉદય કરવાની જરૂર શા માટે પડી ?

બાપુજી–યુરોપિયન શ્વેત પ્રજાજનો જેમ અમેરિકામાં વસવાટ માટે ગયા, જેમ ઓસ્ટ્રેલિયામાં વસવાટ માટે ગયા, તેમ ભારતમાં પણ કાયમી વસવાટ માટે તેમને આવવાની ઈચ્છા હતી. આખી દુનિયામાં રહેવા જવાનું મન હોય, તો ભારતમાં રહેવા કેમ ન આવે ? ભારતમાં રહેવા આવતાં પહેલાં તેઓને આ દેશમાં એવી સગવડો ઉભી કરવી હતી કે જેથી તેઓ અત્રે પોતાની માતૃભૂમિમાં રહેતા હોય તેવી સગવડોથી રહી શકે. દેશની ઉન્નતિ કરવાનો ગર્ભિત અર્થ એ રખાયો હતો કે શ્વેત પ્રજાજનો માટે અહીં સાધન સગવડો વધારતા જવા. અલબત્ આ દેશના ભણેલા યુવાનો દેશની ઉન્નતિનો આ સાચો અર્થ જાણતા નહોતા.

પરંતુ એકદમ એ રીતની ઉન્નતિ શી રીતે થઈ જાય ?

બાપુજી– આ દેશની પ્રજા જગતના બીજા કોઈ પણ દેશની તે વખતની પ્રજાઓ કરતાં ઉન્નતિમાં હતી. સાદું, નિરાડંબરી, પ્રેમાળ, મહેનતુ, પ્રમાણિક અને કર્તવ્યનિષ્ઠ જીવન હોવાથી, આ દેશની પ્રજા ખૂબ ઉચ્ચ કક્ષાનું જીવન જીવી રહી હતી. આ સ્થિતિમાં યુરોપિયન પ્રજાજનો અત્રે આવી તેમની પોતાની ઈચ્છા મુજબ સ્વતંત્રપણે આ દેશમાં રહી શકે તેમ નહોતા. પોતાની સ્વતંત્રતા મુજબ આ દેશમાં રહી શકાય તે માટે તેમણે આ દેશના માનવોના જીવનના ચારેય પાસાઓમાં મૂળભૂત ફેરફારો કરવાની યોજનાઓ ગોઠવી.

નટુ– આટલી મોટી સંખ્યા ધરાવતા દેશમાં એ યોજનાઓ લાગુ જ શી રીતે કરી શકાય ?

બાપુજી– અરે ! એમાં શું ? ધર્મનો પ્રચાર કરવાને બહાને, લોકોનું ભલું કરવાને બહાને તેઓના ધર્મગુરૂ પાદરીઓ સન ૧૪૯૮ થી આ દેશમાં સાથે આવેલા હતા. તેઓ

અને તેઓનો રસાલો અહીંના પ્રદેશોનો, લોકોના જીવનનો ઉંડાણુથી અભ્યાસ કરતા, રહેતા, ઝીણામાં ઝીણી માહિતીઓ મેળવતા રહેતા હતા. તે વિગતો બહાર તેમના મુખ્ય કેન્દ્રને મોકલતા રહેતા હતા. તથા કેવી યોજનાઓથી અહીંની પ્રજાના જીવનમાં પરિવર્તન લાવી શકાય તેનું માર્ગદર્શન મોકલતા રહેતા હતા. તે મુજબ બહારનું કેન્દ્ર યોજનાઓ તૈયાર કરતું, અને ત્યાંથી આવેલ કુશળ રાજ્યદ્વારી લોકો આપણા દેશના લોકો સાથે મળીને એ યોજનાઓ જડબેસલાક લાગુ કરી દેતા હતા.

નટુ– પરંતુ તેમાં આપણા દેશના લોકોને યુનિવર્સીટીઓ કાઢી ભણવવાની શી જરૂર પડી ?

બાપુજી– આ દેશના લોકોના સહકાર વગર તો તેમણે તૈયાર કરેલી યોજનાઓ લાગુ પાડી શકાય તેમ નહોતું. તો એ યોજનાઓ લાગુ કરવામાં કોનો સહકાર લેવો ? તેથી તેમણે પોતાનું શિક્ષણ આપીને એક એવો વર્ગ તૈયાર કરવાનું નક્કી કર્યું. જે આ દેશમાં યુરોપિયન પ્રજાજનોએ ધારેલાં પરિવર્તનો લાવવામાં સહકારી બને, એટલું જ નહીં; કેટલાક કાર્યક્રમો તેઓ જાતે જ ઉપાડી લે. આ દેશની પ્રજાને પટકવા માટે તેમાંથી જ એક નવો વર્ગ ઉભો કરી તેની સામે ગોઠવવાનું નક્કી કર્યું.

નટુ– નવું શિક્ષણ આપવાથી શું પરિણામ આવ્યું ?

બાપુજી– એક જ દેશની પ્રજા બે ભાગમાં વહેંચાતી ગઈ. ચાનો પ્યાલો એક આંખને પ્રિય ભાસે, બીજી આંખને તે ફેંકી દેવા લાયક લાગે. એકને બૂટ પહેરીને જમવા બેસવામાં આનંદ આવે. બીજાને તે એક મહાભયંકર પ્રવૃતિ કરવા જેવું લાગે. આ દેશની પ્રજાના જીવનનાં ચાર પાસામાંથી ત્રણ પાસાં તો લગભગ યુરોપિયન પ્રજાના આધિપત્ય નીચે છે. રાજકીય જીવન લગભગ યુનોના આધિપત્ય નીચે છે. આર્થિક જીવન લગભગ વર્લ્ડ બેંકના આધિપત્ય નીચે છે, સામાજિક જીવન કબજે કરવા માટે યુનેસ્કો સંસ્થા દ્વારા જોરદાર પ્રયાસો ચાલી રહ્યા છે. ધાર્મિક જીવન બીજા ત્રણની અપેક્ષાએ હજુ કાંઇક સ્વતંત્ર છે. તેને કબ્જે કરવાની હળવી શરૂઆત હવે થઇ ગઈ છે.

નટુ– એનો અર્થ તો એ થયો કે કોંગ્રેસ નામની સંસ્થાએ આ દેશની પ્રજાને સ્વતંત્ર કરવાને બદલે વધુ પરાધીન બનાવી છે.

બાપુજી– એમ જ છે. આ દેશના શિક્ષિત ગણાતા માણસો જ વધુ અભણ છે. નટુ ! તને પેલી વાર્તા તો યાદ હશે. કાગડી કોયલના માળામાં ઈંડા મૂકી આવી. પોતાનું ઇંડું સમજી કોયલ તેને સેવતી હતી. તેવી જ રીતે કોન્ગ્રેસ સંસ્થા પરદેશી પ્રજાના હિત માટે પરદેશીઓ દ્વારા સ્થાપવામાં આવી હતી. નવું શિક્ષણ લીધેલાઓ પેલી કોયલની જેમ તેને પોતાની સંસ્થા માની બેઠા હતા. પરિણામે તેમણે આજે ભારતની શાંતિપ્રિય પ્રજાને, કોઇનું પણ બુરૂં ન ઇચ્છનારી પ્રજાને મહા જોખમમાં ઉતારી છે. થોડા ભણેલા લોકોએ પરદેશીઓના હાથા બની જઇ આ દેશની મોટા ભાગની પ્રજાને સર્વનાશને માર્ગે ચડાવી દીધી છે, પ્રજાનું સાચું સ્વાતંત્ર્ય છીનવી લીધું છે. પ્રજાને મહા પરાશ્રિત જીવન જીવતી બનાવી દીધી છે.

( 'હિતમિત' માંથી )

પંડિતવર્યના હિતકારી ચિરંજીવ કાર્યને અભિનંદન

— ૦૦ —

## જૈન ધર્મની પ્રાચીનતા

૧ જૈન ધર્મના અભ્યાસની આવશ્યકતા "માત્ર તેના મંતવ્યો જાણવા પૂરતી જ છે." "જગતના સર્વ માનવો અને પ્રાણીમાત્રના કલ્યાણઃ હિતઃ શાંતિઃ સુવ્યવસ્થાઃ વગેરે માટે અભ્યાસની જરૂર છે. "કેમકે–તે એક જ વિશ્વના પ્રાણીમાત્રના મનોવાંછિત પૂર્ણ કરનાર કલ્પવૃક્ષ છે. બીજા બધા તેના જ ડાળાં–પાંખડાં છે.' આ સત્ય વસ્તુસ્થિતિ છે.

૨ "આજે વર્તમાન સર્વ ધર્મોમાં પ્રાચીનમાં પ્રાચીન જૈન અને વૈદિક ધર્મો છે." એમ નિર્વિવાદ નક્કી થઇ ચૂક્યું છે. માત્ર "તે બેમાં કોણ વધારે પ્રાચીન છે?" તે વિષે કેટલાકના મનમાં શંકા રહે છે, કારણ કે–વર્તમાનકાળે મળતા સર્વ ગ્રંથોમાં વૈદિક ધર્મનો માન્ય ઋગ્વેદ પ્રાચીનમાં પ્રાચીન ગ્રંથ ગણાય છે તેથી આજે ઘણાની મનોવૃત્તિ વૈદિક ધર્મને પ્રાચીન ધર્મ માનવા તરફ વાળે એ સ્વાભાવિક છે.

૩ પરંતુ ઋગ્વેદમાંના અને બીજા બહારના કેટલાક પ્રમાણો ઉપરથી ઘણા જૈનેતર વિદ્વાનોનો પણ મત હવે ચોક્કસ થતો જાય છે, કે–"તેના કરતાં જૈનધર્મ પ્રાચીનતમ છે."

૪ આ સ્થળે ઐતિહાસિક ચર્ચા કરવાનો અને તેને લગતા વિગતવાર વિસ્તૃત પ્રમાણો આપવાનો અવકાશ નથી, તેને માટે સ્વતંત્ર ગ્રંથની અપેક્ષા રહે છે, છતાં, વાંચકોએ એટલું સમજી રાખવું જોઇએ કે–"જૈનધર્મ **મૂળધર્મ છે. પ્રાચીનતમ છે. ધર્મને લાયકના સર્વ ગુણોથી યુક્ત છે. ઇતર સર્વ ધર્મો તેની શાખા–પ્રશાખાઓરૂપે** સહજ રીતે બની રહે છે. **અને તેની સ્યાદ્વાદની** પદ્ધતિથી સર્વનો તેમાં એક યા બીજા રૂપે વ્યવસ્થિત રીતે સંગ્રહ થઇ જાય છે." આને લેશ માત્ર પણ અતિશયોક્તિ કે પક્ષપાતથી કરાએલા પ્રતિપાદન તરીકે ન સમજતાં યથાર્થ સત્ય તરીકે સમજવા વાંચકોને આગ્રહ છે.

**—પં. શ્રી પ્ર. બે. પારેખ**

●

864697
Phone : 861866
862341
Resi : 4932792

✻ ભગત એન્ડ કું. ✻

રવો, મેંદો, ખાંડ, ખાંડસરી, વનસ્પતી તથા ખાદ્ય તેલના વેપારી અને
કમીશન એજન્ટ.

૨૩, કેશવજી નાયક રોડ, ભાત બજાર, મુંબઇ–૪૦૦ ૦૦૯.

પંડિતવર્ય શ્રી પ્રભુદાસભાઈને હાર્દિક અભિનંદન...

— ૦૦ —

પ્રગતિશીલ ગણાતી નવી ધર્મ પરંપરાના શિક્ષિતવર્ગ પાસે નવી નવી બહુમતના ધોરણની સંસ્થાઓ સ્થપાવી. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અથવા પાંચ આચારોને નવી નવી ક્રિયાઓ કરાવી: તેના પ્રચાર માટે પાઠશાળાઓ મારફત શિક્ષણ પણ શરૂ કરાવ્યું: પ્રથમ તો સામાન્ય રીતે પરંપરાગત દરેક બાબતોને વધારે સારો આકાર અપાતો દેખાય, પરંતુ આગળ જતાં બંનેયના સ્પષ્ટ રીતે પ્રવાહ ભેદો પડતા જ જાય ને આધુનિક આદર્શોને જ ટેકો આપવાની ફરજ તે નવી સંસ્થાઓ બજાવતી જાય.

તેમાં કોન્ફરન્શો: યુવક મંડળો: યુવક સંઘો: સ્વયંસેવક મંડળો: નવી નવી પુસ્તક પ્રકાશક સંસ્થાઓ શ્રી મહાવીરસ્વામીના જન્મકલ્યાણકના ધાર્મિક પર્વને જયંતીને નામે રાષ્ટ્રીય જાહેર પર્વ બનાવવું. તથા બીજા પર્વોને પણ એ આકાર આપવાની પ્રવૃત્તિ: પર્યુષણા પર્વનો ઉપયોગ કરીને ગમે તે વિષયોની કરાતી વ્યાખ્યાનમાળાઓ: આધુનિક ધોરણની સ્વતંત્ર પાઠશાળા–સંસ્થાઓ: ધાર્મિક શિક્ષણ સંસ્થાઓ: શ્રી સાંવત્સરિક પર્વને વિશ્વમૈત્રી દિવસ બનાવી દઈ તેમાં પણ પરદેશીઓએ એ બ્હાને ઘુસવાનો, તેરાપંથ: સ્થાનકવાસી: દિગંબર ભાઇઓ: તથા કેટલાક આપણા ભાઈઓ મારફત માર્ગ મેળવવાની તરકીબ કરવી. જીવ–દયા મંડળી: શાકાહાર પ્રચારક સંસ્થાઓ: વૈશાલીને પ્રભુ મહાવીર-દેવનું જન્મસ્થાન મનાવવું: ધાર્મિક અનુષ્ઠાનો કરનારા ને કરાવનારા સભ્યોની આયંબિલ-શાળાઓ: સિદ્ધચક્ર આરાધક: નવપદ આરાધક મંડળો: વગેરે વગેરે શ્રી સંઘ કરતાં સ્વતંત્રપણે ચલાવાતી સંસ્થાઓ વગેરે છેલ્લા ૧૦૦ વર્ષોમાં હળવે હાથે પણ સારી રીતે પ્રચારમાં મૂકાયેલ છે. અને તેમાં વધારો થતો જ જાય છે. અખિલ ભારતીય જૈન મહા–મંડળ: જૈન ધર્મ પ્રચાર મિશન: પોસહ સમિતિ: સામાયિક સમિતિ: એજ્યુકેશન બોર્ડ વગેરે વગેરે સંખ્યાબંધ સંસ્થાઓ ઉભી થઈ છે. જેનો શ્રી સંઘ અને શ્રી શાસન સાથે બંધારણીય રીતે કોઈ સંબંધ નથી, છતાં શ્રી સંઘના ચાલતા આવતા વહીવટમાં દરેક પ્રકારે સૌની બનતી રીતે ડખલ હોય છે. અને બીજે પાટે શ્રી સંઘના વહીવટને ચડાવી દેવામાં સહાયક થાય છે. જેથી તેનું અનાત્મવાદી આદર્શો પ્રમાણે રૂપાંતર થતું જાય.

—૦૦—

—પં. શ્રી પ્ર. બે. પારેખ

Office : 8555347 / 8555365

Resi : 4126160 / 5133476

**BHAVANJI THAKARSHI & Co.**

Dealers in : Maida, Atta, Soji, Rava, Besan Etc.

262/70, Narshi Natha Street, Bhat Bazar, BOMBAY-400009.

## પંડિતવર્ય શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખને અભિનંદન

— ०० —

(૧) આ નવી અહિંસામાં પરિણામેઃ માનવોઃ અને માનવેતર પ્રાણીઓઃની હિંસા ગોઠવાયેલી છે. તેના બનાવોના હેવાલો અહિંસા પ્રચારક વર્તમાન પત્રોમાંથી વાંચવા મળે છેઃ મોટા મોટા પ્રથમ કક્ષાના કતલખાના કરવાની પ્રથમ કક્ષાના શહેરોમાં શરુઆત થઇ ગઇ છે. પછી બીજાઃ અને ત્રીજાઃ નંબરના શહેરોમાં શરુ થતાં–છેવટે–શ્રી પાલીતાણા જેવા પવિત્ર ધામ સુધી પહોંચી જતાં યે શી વાર? તેને શી રીતે બચાવી શકાશે? કેમકે–મહાજનનું નિયંત્રણ કરવા મ્યુ૦ સ્થપાવવામાં પ્રથમ જૈનોનો જ ઉપયોગ કરવામાં આવ્યો છે.

(૨) નિશાળો–શાળા–કોલેજોના પાઠયપુસ્તકોમાં પણ હવે ઘણા ઘણા ચિત્રો સાથેના માંસઃ મચ્છીઃ ઇંડાના આહારને પોષક પાઠોદ્વારા ધમધોકાર શિક્ષણ અપાય છે. તથા તે રાંધવાના શિક્ષણ ઉપર પણ ભાર દેવાની શરૂઆત થઇ છે. ભૂગોળના પાઠયપુસ્તકોમાં તેને લગતી ઉત્પત્તિઃ આયાત-નિકાસઃ કારખાનાઃ વપરાશઃ વગેરેની વિશાળ પાયા ઉપર માહિતીઓ અપાતી હોય છે. દૂધના પાઉડરઃ અને વનસ્પતિ ઘીનો વપરાશ: યાંત્રિક ખેતીઃ અને વાહન વ્યવહારઃ પશુઓની આવશ્યક્તા ઘટાડે, એ સ્વાભાવિક છે'

(૩) તેથી એક વર્તમાનપત્રમાંના હેવાલો પ્રમાણે–છે તેના કરતાં પણ–૩૦ થી ૫૦ ટકા પશુધન ભારતમાં ઓચ્છું કરી નાંખવા માટેનો પ્રચાર કરવા અંગ્રેજી વર્તમાન પત્રોને ફોર્ડ ફાઉન્ડેશન–યોજના તરફથી સહાય તરીકે રકમ આપવાની." હકીકત ઉક્ત છાપામાં જણાવી હતી.

(૪) એટલે હાલની વધતી જતી હિંસા ઇરાદાપૂર્વક આંતરરાષ્ટ્રીય દોરી સંચારથી અહિંસાના પડદા પાછળ પલ્લવિત થતી જાય છે. શ્રી મશરુવાળાને કે શ્રી ગાયકવાડ સરકારને તે વખતે આ જાતની હિંસા વધી જવાની કલ્પના પણ નહી હોય. લોખંડી ચોકઠાંના વહીવટમાં જ તેને માટેની ગોઠવણ અંગ્રેજો પહેલેથી જ ગોઠવતા ગયા છે, આજે વિકાસ પામી રહી છે.

**પં. શ્રી પ્ર. બે. પારેખ**

— ०० —


# ઓસવાલ ટ્રેડીંગ કોરપોરેશન

**હિતેન ટેક્ષટાઇલ** 卐 **પરાગ ટ્રેડીંગ કું.**

હોલસેલ કલોથ મરચન્ટસ.

6H મંજીલ સેંટપોલ સ્ટ્રીટ હિંદમાતા સિનેમાં પાછળ

દાદર મુંબઈ ૧૪

સેલ્સ ઓફિસ. ૩૨૬/B બંબાખાના, મંગળદાસ મારકેટ મુંબઇ ૨

## પંડિતવર્ય પ્રભુદાસભાઇને અભિનંદન...

— ૦૦ —

### આજના ઠરાવની રચના:—

ઠરાવોની વાકય રચના:—સાંસ્કૃતિક પક્ષમાં હાનિ પહોંચાડનાર અને પ્રાગતિકમાં સહાય કરનારી હોય છે. તેના દૃષ્ટાંત તરીકે એકદા દાખલો આપી શકાય, કે—"આપણા મહાન જ્ઞાન ભંડારોનું પ્રકાશન યુગાનુરૂપ પદ્ધતિ અનુસાર થવું જોઇએ." "તેના લિસ્ટો થવા જોઇએ." જેથી સરકારને તેનો કબજો કરી તેને પોતાની રીતે ઉપયોગ કરવામાં અનુકુળતા રહે. "ઘણાં મંદિરો અને પ્રતિમાઓની પૂજા પણ થતી નથી અને આશાતના પણ ટાળી શકાતી નથી. માટે આશાતના ન થાય તેવા પ્રયાસો કરવા જોઇએ." અર્થાત્:—"નવા મંદિરો અને પ્રતિમાઓ ન ભરાવવા જોઇએ. તેના ઉપર પ્રતિબંધ મૂકવો જોઇએ. અને એ રીતે, તે ન હોય તો પછી તેની આશાતના શી રીતે થાય? એમ તેની આશાતના ટાળવી." આ જાતનું એ ઠરાવની પાછળ રહસ્ય હોય છે. મોટા શહેરોમાં સરકાર નવા મંદિરો બનાવવાની પરવાનગી આપતા નથી. તે હેતુને આ રીતે મદદ પહોંચાડાય છે.

"જે મુનિ મહારાજાઓ સારા વિદ્વાન્ હોય તેમને જરુર પદવી આપવી જોઇએ." તેનો આડકતરો અર્થ એ થાય કે—'વિદ્વાનમુનિ મહારાજાઓને જ આપવી જોઇએ. પરંતુ જે પદવીઓ ચારિત્રના પાલનની યોગ્યતા સાથે સંબંધ ધરાવે છે, તે ન આપવી જોઇએ. અને એમ કરીને જાહેરમાંથી ધાર્મિક ચારિત્રપાત્ર મુનિવર્ગનું સ્થાન સરકતું જવું જોઇએ. માત્ર વ્યાખ્યાતા અને વિદ્વાનનું વિદ્વાન્ તરીકેનું સ્થાન ટકી રહેવું જોઇએ. ચારિત્રપાત્ર તરીકેનું નહીં." આવા ગર્ભિત અર્થ છે. જે પ્રાગતિક સરકારના હેતુઓમાં સમાવેશ પામે છે.

"મુનિ મહારાજાઓએ સમયાનુકુળ વ્યાખ્યાનો રાખવા જોઇએ." એટલે કે—પ્રાચીન શાસ્રોના વ્યાખ્યાનો ગૌણ કરી નાંખવા જોઇએ. આધુનિક બાબતોને ટેકો મળે તેવા વ્યાખ્યાન રાખવા જોઈએ" વગેરે વગેરે ઘણા ઘણા દાખલા આપી શકાય છે.

"બેકાર ભાઇઓને ધંધે લગાડવા જોઇએ. પરંતુ બેકારીના ઉત્પાદક કારણોને સાથે સાથે દૂર કરવા જોઇએ. એ વાત જ કરવાની નહીં" તેને બદલે બેકારી ઉત્પન્ન કરનારી યોજનાઓને ટેકો અપાતો હોય છે.

આમ પરંપરાગતઃ અને આધુનિકઃ સંસ્થાઓ વચ્ચે ન સમજાય તેવો પરસ્પર વિરોધ જ હોય છે. —૦૦—

પં. શ્રી પ્ર. બે. પારેખ

ચુનીભાઈ ઘરે ફોન નં. ૪૧૩૧૩૦૪ ✻ પ્રેમચંદભાઇ ઘરે નં. ૪૧૩૨૮૨૯

**શાહ ચુનીલાલ પોપટલાલ એન્ડ કું.**

ગુઢકા એકસપોટર્સ. પટેલ પોયબાવડી (એલફીસ્ટન રોડ)

દાણાબંદર મુંબઇ ૯ સેટે બિલ્ડીંગ મુંબઇ—૧૨.

## પંડિતવર્ય શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખને અભિનંદન...

— oo —

### નિશાળોમાં નૈતિક અને ધાર્મિક શિક્ષણ

હમણાં હમણાં નૈતિક અને ધાર્મિક શિક્ષણ સ્કુલોમાં આપવાની નીતિ નક્કી કરવા માટે સરકારે એક સમિતિ નીમી હતી. તેનું નિવેદન બહાર પડી ગયેલ છે. તેનો ઉંડાણુથી અભ્યાસ કરનારને સ્પષ્ટ રીતે સમજાય છે, કે–જો તેનો અમલ થશે તો તેથી સાચી નીતિ અને ધાર્મિક જીવન જોખમમાં મૂકાઈ જશે જ.

જો કે–સીધી રીતે વાંચતા "નીતિ અને ધર્મને ઉત્તેજન આપવાનું જ તેમાં જણાઇ આવે છે. અને ભારતના જુદા જુદા ધર્મોની સમજ અને સમન્વયનો લાભ દેખાઇ આવે છે. તેમજ નીતિ અને ધાર્મિક શિક્ષણ વિના ભાવિ પ્રજાના જીવન વિષે ચિંતા વ્યક્ત કરવામાં આવેલી છે. તેમજ ભારતની પરંપરાઓ તરફ કશોયે કટાક્ષ કરવામાં આવેલ નથી પરંતુ ગર્ભિત રીતે સહાનુભૂતિ બતાવતી હોય તેવી રચનાત્મક અને પ્રોત્સાહક ભાષા રાખવામાં આવેલી છે." એમ જણાશે. પરંતુ ભારતના મહાત્માઓની આ બાબતમાં કેવી સુંદર રચના ચાલી આવે છે? અને તેની સચોટતા કેટલી હિતકારક છે? તેની સાથે બરાબર ઉંડાણુથી તુલના કરી જોતા તે નિવેદનની પોકળતા બરાબર તરી આવે તેમ છે.

૧. દ્વારકા શારદાપીઠના શ્રી શંકરાચાર્ય મહારાજના જણાવ્યા પ્રમાણે "ધર્મ વિના નીતિ કયાંથી હોય ?" એ વાત સાચી છે. નીતિ ધર્મમાંથી જન્મેલી છે. તેમાંથી જન્મે છે તેનું મૌલિક ઉદ્‌ભવસ્થાન તે છે, ત્યારે આજે ધર્મરહિત માત્ર વ્યવસ્થા પૂરતી કાયદાની નીતિને સ્થાન આપવા માટે નીતિનું શિક્ષણ આપવાની સરકારી નીતિ છે. નહીતર નૈતિક અને ધાર્મિક શિક્ષણ એ શબ્દમાં નૈતિક શબ્દને જુદો પાડવાની જરૂર જ નહોતી. જો કે તેના સમાધાનમાં કેટલાક ધાર્મિકોની અનીતિમત્તાને આગળ કરીને દલીલો કરી શકે તેમ છે, પરંતુ એ દલીલો વાસ્તવિક નથી હોતી. કેમકે ધાર્મિકોને કૃત્રિમ રીતે અનીતિમાન બનાવવાના પ્રયાસો થતાં હોય છે. પરંતુ લંબાણુના ભયથી તેની ચર્ચા અહીં કરશું નહિ.

૨ ધાર્મિક શિક્ષણુમાં પ્રચલિત ધર્મોને–ધર્મસંસ્થાઓને લુપ્ત કરવાના આંતરરાષ્ટ્રીય ઉદ્દેશની સફળતા કરવાના ધોરણે શિક્ષણ આપવાની નીતિને એવી ખુબીથી સ્થાન આપવામાં આવેલું છે, કે–જેથી કરીને ધાર્મિક શિક્ષણ લેતી જાય તેમ તેમ ભાવિ પેઢી પોત–પોતાના પરંપરાગત ધર્મોથી અને તેની સંસ્થાઓથી દૂર દૂર જ થતી જાય.

❁ પં. શ્રી પ્ર. બે. પારેખ

卐 શાહ લખમણ વીરપાર મારૂ 卐

સોળસલા (વાયા જામસલાયા) સૌરાષ્ટ્ર

## તત્ત્વચિંતકશ્રીને હાર્દિક અભિનંદન...

— ૦૦ —

### આજનું મોટામાં મોટું કર્તવ્યઃ

જુદી જુદી વિચારસરણીઓથી વિચાર સ્વાતંત્ર્યને આજે વેગ મળવાનું માનીને ભલે કેટલાક અદીર્ઘ–વિચારી બંધુઓ ખુશ થતા હોય, પરંતુ જુદા જુદા વર્ગો પડી જવાથી શ્રી સંઘ કુસંપનો અખાડો બની જાય, એ જેવું તેવું નુકશાન માની શકાય તેમ નથી.

આ પરિસ્થિતિ ભૂતકાળના કોઇપણ વખત કરતાં વધારે જાગ્રત ભાવેઃ વધારે કર્તવ્યનિષ્ઠાઃ વધુ આત્મભોગઃ શાસન ખાતર વધુ સમર્પણની તૈયરીઃ વગેરે માંગી લે છે. જૈનધર્મના પૂર્વાચાર્યોએ રોપેલા મૂળભૂત પ્રતીકોનો ઊંડાણથી અભ્યાસઃ તેના રક્ષણની હાર્દિક અને સમજપૂર્વક પરિણામજનક તત્પરતાઓઃ મહા જૈન–શાસનના પરંપરાગત સાચા હિતો સમજવાઃ તેમાં વ્યામોહ ન થાયઃ શાસનને પરિણામે હાનિકર બાબતો શાસનપ્રભાવનાની ન ગણાઇ જાય, તેની સાવચેતીઃ જૈનધર્મની રક્ષામાં સર્વ ધર્મોની રક્ષા સમાયેલી છે વગેરે સમજઃ વગેરેની પૂરતી આવશ્યકતા છે. ધર્મારાધન કરતાં પણ શાસનરક્ષા વધારે મહત્ત્વની છે.

સમ્યક્ત્વ ગુણને લાવનારઃ સ્થિર કરનારઃ સતેજ કરનારઃ તે છે. દર્શનભ્રષ્ટને ધર્મની પ્રાપ્તિ થતાં વાર લાગે છે, ત્યારે દર્શનમાં દઢ ભલે કદાચ પાપોદયે ચારિત્રથી ભ્રષ્ટ થાય, તો પણ જલદી આરાધના પ્રાપ્ત કરી શકે છે. કદાચ બહારથી આરાધના ચાલુ હોય અને બીજી રીતે શાસનના પ્રતીકો છિન્નભિન્ન થતા જતા હોય, ને તેમાં સાથ અપાતો હોય તો તેના પરિણામો આવે, ત્યારે એકાએક આરાધના અટકી પડવાના પ્રસંગો આવી જાય. કદાચ આરાધના ચાલુ રહે, છતાં, એ સ્થિતિમાં તેના મૂળ અંદર ઉતરતા નથી. આ શાસ્ત્રસિદ્ધઃ અનુભવસિદ્ધઃ અને સદ્બુદ્ધિ ગમ્યઃ હકીકત છે. છેલ્લા ૫૦ (પચાસ) વર્ષોમાં મોટા પાયા ઉપર થતી આરાધનાઓ વધતી જતી જોઇ આપણને આનંદના ઉમળકા આવે, એ સ્વાભાવિક છે. કેમકે–તે જ ધર્મના ટકાવનો પ્રાણ છે. પરંતુ પાછલે બારણેથી આગમોઃ ધર્મગુરૂઓઃ ધર્મસ્થાનોઃ પરંપરાગત રક્ષક પ્રતીકોઃ સાતક્ષેત્રોઃ વગેરે મૂળભૂત બાબતોમાં આડકતરા આક્રમણો આવતા જાય છે, નવા આવવાની પૂર્વ તૈયારી થતી જોવાય છે. ને ભાવિમાં નજર નંખાય છે, ત્યારે મન ચિંતાથી ઘેરાઇ જાય. એ સ્વાભાવિક છે.

— ૦૦ —

**પં. શ્રી પ્ર. બે. પારેખ**

PHONE :
8555117
8558435
34 82 49 Godown

Gram : NAVEEN
5126441 Kantibhai
86 94 60 Vinaybhai
5127455 Dherajbhai

**✿ SHAH LALJI DEVJI & CO. ✿**

RICE, GRAIN, PULSES, JAGGERY MARCHANTS & COMMISSION AGENTS

Godown : 'H' Galli, Gala No. 1
Danabunder,
BOMBAY-400009

254, Narshi Natha Street
Opp. Fountain
BOMBAY-400009

અભિનંદન ગ્રંથ માટે શુભેચ્છા...

— oo —

**જૈનધર્મ સમજવાની આવશ્યકતા**

યદ્યપિ જૈનધર્મ: જૈનશાસનઃ જૈનદર્શન: જૈનતત્ત્વજ્ઞાનઃ જૈનસંઘઃ જૈનશાસ્ત્રોઃ જૈન-આચારોઃ જૈનસ્થાવર અને જંગમ મીલકતોઃ જૈનધર્મના પાલકોઃ જૈનધર્મના અનુયાયીઓઃ જૈનધર્મના પાંચ પરમેષ્ઠીઓઃ જૈનધર્મના આદર્શોઃ જૈનધર્મના સિદ્ધાંતોઃ જૈનીઅહિંસાઃ જૈનધર્મસૂચિત વિશ્વવ્યવસ્થાઃ જૈનધર્મસૂચિત જીવનવ્યવસ્થાઃ વગેરે, અને તે દરેકનાં અંગ-પ્રત્યંગો, વગેરેની પૂરી સમજ મેળવવી તે ઘણું કઠીન કામ છે. ગમે તેટલો વિસ્તાર કરવામાં આવે, તો પણ જૈનધર્મનું સ્વરૂપ સમજાવવું: તે બીજા કોઈપણ વિષયનું જ્ઞાન કરવા-કરાવવા કરતાં ઘણી રીતે અશક્ય છે અથવા અતિ મુશ્કેલ છે.–**પ્ર. બે. પારેખ**

— oo —

ફોન : ૮૭૨૯૧૭૨ C/o. ૮૬૧૫૬૫

**દલાલ ઠા. કરસનદાસ કાનજી**

હરેક જાતના અનાજ, તથા દાળ, કઠોળના દલાલ

૪, કેશવજી નાયક રોડ, મુંબઈ–૪૦૦ ૦૦૯.

---

અભિનંદન ગ્રંથ માટે શુભેચ્છા...

— oo —

આજે આપણે "જૈન-શાસનની જય" ઘણીવાર બોલાવીયે છીએ. શાસનની ઉન્નતિઃ પ્રભાવનાઃ વગેરે શબ્દો બોલીએ છીએ. "શાસનની અપભ્રાજના જેવું કોઇ મહાપાપ નથી." એમ પણ બોલીએ છીએઃ પરંતુ "તે વિશ્વવ્યાપક મહાશાસન તંત્ર છેઃ મહા સંસ્થા છેઃ" તેનો આપણને ખ્યાલ પણ નથી. તેથી, તેની અપભ્રાજના કરનારા તત્ત્વોને જાણતા-અજાણતા રસપૂર્વક હાર્દિક ટેકો આપતા હોઇએ છીએ. તેનું બીજું કારણ એ છે, કે-આજે શાસન શબ્દને સંઘ, શાસ્ત્ર, પ્રભુના ધર્મોપદેશઃ અર્થમાં ઘટાવી લઈ સંતોષ માની લઇએ છીએ. અને આજની ધાર્મિક સંસ્થાઓ પણ આજ્ઞાપ્રધાન બંધારણને બદલે બહુમતવાદ પ્રધાન વર્તમાન શાસનને ધોરણે સ્થાપીને તેને ટેકો આપીયે છીએ. જે બહુમતવાદની સંસ્થાઓ સ્થાપવાની બાબતના પ્રચાર જ "આજ્ઞાપ્રધાન સંસ્થાઓના ઉચ્છેદ માટે" બહુ જ લાંબી સમજપૂર્વક કરવામાં આવેલો છે. ને તેને લગતા કાયદા કરવામાં આવેલા છે. —oo— **—પં. પ્ર. બે. પારેખ**

Telegram : CITYSOPARI

Phone 8556607–5

C/0. 3 2 6 4 44

**Malabar Copra Corporation**

Copra; Coconut, Kirana, Merchants & Commission Agents

31, Sharda Chambers, Gala No. 10, Bhat Bazar, BOMBAY-400 009.

પંડિત શ્રી પ્રભુદાસ બેચરદાસને અભિનંદન...

— ૦૦ —

**"મહા અદ્દભૂત આશ્ચર્ય!!?"**

જો કે બુદ્ધિમતી અને જગદ્ગુરુ ભારતની આર્ય મહાપ્રજા સર્વરક્ષક ચાર પુરુષાર્થની અહિંસક મહાજીવનસંસ્કૃતિનો લોપ પોતાના જીવનમાંથી સીધી રીતના પ્રયત્નોથી નથી કરતી. પરંતુ તે સંસ્કૃતિને બચાવવા માટેના પ્રયત્નો ઉપાડતી વખતે, આજે ભ્રમણામાં પડીને તે ( સંસ્કૃતિના ) વિનાશને માટે જે જે (પ્રગતિને નામે યોજનાઓરૂપી) લશ્કરી છાવણી તૈયાર કરવામાં આવી છે, તેમાં જ ભરતી થઇને, આડકતરી રીતે નીચે પ્રમાણે વિનાશમાં સહકાર આપનાર તરીકે બની જાય છે.

યુગઃ જમાનોઃ કાળઃ પરિવર્તનઃ પ્રગતિઃ વિકાસઃ શિક્ષણઃ કેળવણીઃ વિજ્ઞાનઃ (નવી) અહિંસાઃ વિશ્વશાંતિઃ એક વિશ્વઃ એક પ્રજાઃ એક ધર્મઃ (એક રાષ્ટ્ર)ઃ રાષ્ટ્રવાદઃ સમાજવાદઃ સામ્યવાદઃ સર્વોદયવાદઃ સહઅસ્તિત્વઃ પંચશીલ, સ્વતંત્રતાઃ સ્વરાજ્યઃ ગણ-તંત્રઃ લોકશાસનઃ એકતાઃ વિશ્વબંધુત્વઃ દેશોન્નતિઃ નવી સમાજ રચનાઃ આંતરરાષ્ટ્રીયપણુંઃ કુટુંબ નિયોજનઃ સંતતિનિયમનઃ સમન્વયઃ સમાનતાઃ લોક–સેવાઃ ફર્સ્ટ ઇન્ડિયા (પહેલું ભારત)ઃ વ્યક્તિસ્વાતંત્ર્યઃ માનવતાઃ (સ્ત્રી સ્વાતંત્ર્ય)ઃ આર્થિક–વિકાસઃ કલ્યાણ રાજ્યઃ સાર્વભૌમસત્તાઃ ઉદ્યોગીકરણઃ વિશ્વસામ્રાજ્યઃ ઉચ્ચ જીવનધોરણઃ અણુવિકસિત દેશોનો વિકાસઃ ન્યાયઃ નીતિઃ સદાચારઃ ધર્મઃ (આરોગ્ય)ઃ સત્યઃ પ્રામાણિકતાઃ વિગેરે વિગેરે સારા સારા અને આકર્ષક (ઘણા) શબ્દોના પડદા પાછળ બીજા જ જુદા અર્થોની ગૂઢ રીતે કરેલી કલ્પનાઓને લક્ષ્યમાં રાખીને, તે તે દેશોની પ્રજાઓમાંના દેશસેવક તરીકે ઓળખાવીને કેટલાક શિક્ષિત લોકોને આગળ રાખીને, સ્વાર્થવશ પાશ્ચાત્યોએ લગભગ ૪૫૦ સાડા ચારસો વર્ષોથી ફેલાવેલી વિશ્વ–વ્યાપકઃ આકર્ષકઃ અને હિતકરઃ લાગતી કેટલીએ (પરિણામે) હિંસક યોજનાઓ રૂપ મહાઇન્દ્રજાળમાં સહયોગ આપીને, (પરં-પરાગત અહિંસક જીવન) સંસ્કૃતિને વિનાશ તરફ લઇ જઈને, પોતાનું વ્યક્તિત્વ ગુમાવી, મહા સંકટો (આર્ય મહા–પ્રજા પણ) હર્ષપૂર્વક ખરીદી રહી છે. આ એક આધુનિક મહા અદ્દભુત આશ્ચર્ય છે." ()

"શિવમસ્તુ સર્વ જગત." સર્વ જગતનું કલ્યાણ થાઓ."

(તત્ત્વાર્થ ભૂમિકા) —૦૦— પ્ર બે. પારેખ.

Gram : Pasuanand
(chinch Bunder)

PAS

Office : 861565
God. : 348171

# M/s. PASOO ANAND & SONS

RICE, GRAIN MERCHANTS & COMMISSION AGENTS

4. Keshavji Naik Road, Post Box No. 5043 BOMBAY-400009

## દીર્ઘદર્શી પંડિતજીને અભિનંદન...

—o—

૧. યુરોપઃ અમેરિકાઃના લોકોઃ અને તેઓના વિચારોના અનુયાયિઓ હોય તેવા આ દેશના લોકો તેઓની દેખાદેખીથી આપણા દેશના શાસ્ત્રો અને ધાર્મિક તથા બીજા જુદા જુદા પ્રકારના સાહિત્યઃની ભલેને ગમે તેટલી પ્રશંસા કરતા હોય, તેનાથી જરાપણ આપણે ઠગાવાની કે દોરવાઇ જવાનીઃ જરૂર નથી. કારણ કે તે પ્રશંસા તો માત્ર ઉપર-છલી અને સ્વાર્થ પૂરતીઃ કામચલાઉ જ હોય છે.

૨. ૧૮ મી સદી ૧૯ મી સદીમાં કેટલાય યુરોપીય સ્કોલરોએ પણ ઘણી ઘણી પ્રશંસાઓ કરી છે. આપણા સાહિત્યના ગ્રંથોને ખોળી કાઢવામાં અને તેના સંશોધન પાછળ ઘણી મહેનત ઉઠાવેલી છે. અને તેમ કરીને એક જુદી જ તે વિષેની સ્વતંત્ર પરંપરા પણ ઉભી કરી લીધી છે. પરંતુ તેનો મુખ્ય હેતુ તો એ વખતે એ રહ્યો હતો, કે–તેઓ પોતાના ભાવિ સ્વાર્થો માટે આપણી ઉપર ઠોકી બેસાડવાની વહીવટી સ્ટીલફ્રેમ તૈયાર કરતા હતા. તેને તૈયાર કરી મજબૂત બનાવી લેવાનો વખત મેળવી લેવા માટે આપણી પ્રજાનું લક્ષ્ય બીજી બાજુ કેન્દ્રિત કરવા આકર્ષણ જમાવવાના પ્રયાસોમાં હતા. આપણો ચાહ મેળવવાનો હતો. અને કબજો ધરાવવો હતો.

૩. ધર્મશાસ્ત્રોઃ ધર્મગુરુઓઃ મહાજન સંસ્થાઃ રાજાઓઃ વગેરેની પ્રશંસા કરીને અનુકૂળતાભર્યું વાતાવરણ સર્જી, માત્ર તે વખતના પ્રજામાં આગળ પડતા આગેવાનોને બહારથી અનુકૂળ વલણમાં રાખી, બીજી બાજુથી પ્રજાના જીવનના દરેકે દરેક તત્ત્વોમાં સંશોધનને નામે ઠેઠ ઉંડે સુધી ઘુસી જઇ પોતાના ભાવિ હિતોની વિશાળ યોજનાઓના ચોકઠાં સુધારાઓને નામે અમલમાં લાવવાની મજબૂત તૈયારીમાં પડેલા હતાં જે ચોકઠાં મજબૂત થઇ બરાબર બેસી ગયા પછી સ્વરાજયના નામે તેને જ આગળ વધારવાનું કામ સોંપીને ચાલ્યા ગયા છે.

—પં. શ્રી પ્ર. બે. પારેખ

—o—

HASMUKH SHAH

Phone Shop : 8555575
Resi : 8556601

*Ramta Ram Paper Bag Co.*

Old News Paper, Paper Bags & Plastic Bags Merchants
Wholesale & Retail

156/58 Samuel Street, **Bombay**-400 009
2 6/228, Narsi Natha St. Bhat Bazar, **Bombay** 400 009.

## હાર્દિક શુભેચ્છા...

—o—

### શ્રી તીર્થંકરોના પ્રતિનિધિ શ્રમણ પ્રધાન શ્રી ચતુર્વિધ સંઘ

શ્રી તીર્થંકરોએ પ્રાપ્ત કરેલા ઉત્તમાર્થની પ્રાપ્તિ બીજા આત્માઓને કરાવવા માટે પોતે પ્રાપ્ત કરેલા ઉત્તમાર્થનો બીજાઓમાં વિનિયોગ કરવા માટે બીજાઓમાં લ્હાણી કરવા માટે: તીર્થંરૂપ–જૈન–શાસનરૂપ, મહાનવિશ્વસંસ્થા પ્રથમ સ્થાપીને તેના સંચાલન માટે પોતાના અનુયાયિઓમાંથી પોતાના પ્રતિનિધિ તરીકે શ્રમણપ્રધાન ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે. પોતનું મુખ્ય પ્રતિનિધિત્વ મુખ્ય ગણધર પ્રભુથી માંડીને ઉત્તરોત્તર ઠેઠ ગામના સ્થાનિક સંઘપતિ સુધી ધાર્મિક પ્રતિનિધિત્વ અનુજ્ઞાપિત હોય છે. શ્રી ગણધરો: અને પ્રધાન આચાર્યો: દ્વારા રાજ્યતંત્રનું પ્રતિનિધિત્વ ચક્રવર્તિમાં: જગત શેઠદ્વારા સ્થાનિક મહાજનના આગેવાનમાં: અર્થ પુરુષાર્થમાં ધંધાવાર નીતિના નિયમોના રક્ષણ માટે પ્રતિનિધિત્વ શરાફ સુધી: અને કામ પુરુષાર્થમાં સદાચારના રક્ષણ માટેનું પ્રતિનિધિત્વ વર્ણ, જાતિ, જ્ઞાતિ, કુટુંબ અને માર્ગાનુસારી વ્યક્તિ સુધીમાં: ગોઠવાયેલું રહે છે. બીજા દેશો અને તેમાં રહેતી સાંસ્કૃતિક જીવન જીવતી માર્ગાનુસારી પ્રજાઓમાં પણ જુદા જુદા ધર્મના ધર્મગુરુઓ પ્રતિનિધિ તરીકે હોય છે. આ રીતે હાલના કૃત્રિમ લોકશાસન પહેલાં જગત્માં ન તો પ્રજાશાસન હતું: ન તો રાજાશાસન હતું: પરંતુ વિશ્વ–વત્સલ મહાસંત મહાજન પુરુષોનું જ શાસન આખા જગત્ ઉપર હતું. અને ભારત તેનું કેન્દ્ર હોવાથી ભારતમાં ખાસ કરીને તે શાસન કેન્દ્રભૂત હતું. આજે પણ ઘણા અંશે ચાલુ જ છે. અને તેઓનું પ્રતિનિધિત્વ ઉપરથી નીચે–નીચે ફેલાયેલું રહેતું આવેલું છે. અર્થાત્ સૌએ યથાશક્ય તેઓની આજ્ઞા પ્રમાણે વર્તવાનું હોય છે. જેથી સન્માર્ગથી ચ્યૂત થઈ ઉન્માર્ગ જનતા ન બની જાય એ તેનો પરોપકાર હેતુ છે.

—પં. શ્રી પ્ર. બે. પારેખ

—o—


8552090
,, 2087
,, 5977

Tel. Office : 8554084/8559766
Resi : 571355 D. K.

# KANTILAL DAMJI & Co.

**Jaggery Merchants And Commission Agents.**

224, Bhat Bazar, Near Jain Temple.

**Bombay**-400009.

## સાક્ષર વિદ્વાન પંડિતજીને હાર્દિક અભિનંદન

— oo —

જ્યારે વિશ્વના એક મહાન ધર્મની મૂળ પરંપરાના અનુયાયિ શ્રીમંતો અને કેટલીક વ્યક્તિઓને પણ જ્યારે સમજાવી શકાતું નથી, તો જેની પાસે યોગ્ય પરંપરા નથી. "પૂર્વના પુરૂષોએ શાસનઃ ધર્મઃ સંઘઃ શાસ્ત્રોઃ અને બીજા ધાર્મિક પ્રતીકોના રક્ષણ માટે કેવા–કેવા ઉંડા મૂળ નાંખ્યાં છે? અને તે મૂળોનો ઉંડો અભ્યાસ કરી તેને ઉખેડી ફેંકી દેવા માટે પશ્ચિમની ગોરી પ્રજા કેવા–કેવા ખંડનાત્મક છતાં રચનાત્મક જણાતા પ્રયત્નો આપણી જ મારફત અમલમાં મૂકાવી રહેલ છે! તેમાં ભારતની પ્રાચીન રાજ્યકીય પરંપરાનો પણ કેવી કેવી રીતે તેઓ ઉપયોગ કરે છે? બીજા કયા કયા સાધનોનો ઉપયોગ કરી રહ્યા છે? આજની સ્થિતિ ઉત્પન્ન કરવામાં ભૂતકાળનાં પાશ્ચાત્ય વિદ્વાનોએ અને તેઓની સરકારોએ કેવા કેવા દીર્ઘદૃષ્ટિભર્યા પ્રયત્નો કર્યા છે? તેને માટે કયા કયા તેઓએ કષ્ટો સહન કર્યાં છે?" તેની કલ્પના સ્થાનકવાસી કે તેરાપંથી ભાઈઓને તો શી રીતે આવી જ શકે? જેથી તેઓમાંના આગળ પડતાં ગણાતા ત્યાગીઃ કે ગૃહસ્થો ને સમજાવવાનું તો ઘણું ઘણું જ અશક્ય બની ગયું છે. તેઓને એ ખબર નથી. કે "આપણી આગમ તરફની ભક્તિને એવી રીતે વહેવડાવાય છે, કે જેમાં તેના જ અપમાનઃ અને પ્રાણહરણ થાય."

તે વિદેશીઓએ પોતાનું હિત સમજીને જે પરિપાટી પાડી છે, તેનું આપણે બીજી ઘણી બાબતોમાં જેમ આંધળું અનુકરણ કરવા લાગી ગયા છીએ અને એ રીતે "આપણે જ ઉભી કરેલી સંસ્થાઓને સાર્વજનિકઃ કે પબ્લીકઃની કાયદાથી ગણી લઇ તેના ઉપર કબજો કરી ભવિષ્યમાં તેના મનમાનતા ઉપયોગ કરવાના પોતાના અધિકારની પૂર્વભૂમિકા તૈયાર કરાવે છે." તે આપણે ખ્યાલમાં જ લેતા નથી.

—પં. શ્રી પ્ર. બે. પારેખ

—oo—

Phone : Office : 326232
Godn. ; 344663

**શાહ પ્રેમચંદ કેશવજીની કું.**

**કમીશન એજન્ટસ**

53, Kazi Sayed Street, BOMBAY-400003.

## હાર્દિક અભિનંદન...

—૦—

આજે માત્ર જ્ઞાનઃ અને આચારમયઃ શાશ્વત ધર્મનો આદર વધતો જાય છે, વધારતા જવાય છે, પરંતુ તે એવી રીતે વધતો જાય છે, ને વધારાતો જાય છે, કે જેથી તે શિવાયના તેના બીજા મુખ્ય અંગો જેવાં કે–પ્રભુનું સ્થાપેલું શાસનઃ પ્રભુનો સ્થાપેલો શ્રી સંઘઃ શાસ્ત્રાજ્ઞાઃ મુનિ–સંસ્થાની સર્વોપરિ પ્રતિષ્ઠાઃ તીર્થોઃ તથા બીજા ધાર્મિક પ્રતીકોઃ અને ચાર પુરુષાર્થની જીવન સંસ્કૃતિની ભયંકર ઉપેક્ષા વધતી જાય છે, એટલું જ નહીં, પરંતુ તે સર્વના મૂળમાં આપણે જ હાથે આગ ચંપાતી જાય એટલી હદ સુધી પરિસ્થિતિ પહોંચી છે. બહારનાઓને કરોડો–અબજો રૂપિયા ખર્ચવામાં એ પ્રકારનો રસ છે, કે કેન્દ્રભૂત ભારતીય પ્રતીકોને તણખલા જેટલો પણ ઘસારો પહોંચે, તો તે કરોડો અને અબજોના ખર્ચને તેઓ આનંદપૂર્વક સફળ માનતા હોય છે. અને તે સર્વને સ્થાને પોતાની રચનાઓ દાખલ કરાવતા હોય છેઃ આ તેઓના માનસનું ગુઢતમ રહસ્ય છે.

તે આગમો કાગળો ઉપર નહીં, પરંતુ મહાત્માઓરૂપે છપાયેલા પુસ્તકોરૂપે બહાર પડે, તો જ તે જગતના કલ્યાણના અનન્ય સાધનરૂપે બની રહે તેમ છે. તેઓના જીવન રૂપે આગમોની જીવંત આવૃત્તિઓ જંગમ આગમોરૂપે જગતનું કલ્યાણ પ્રબળ રીતે કરી શકે છે.

ધર્મનીઃ કે જૈન–ધર્મની મુળ પરંપરાના પૂર્વ પુરૂષોએ આજ સુધી આગમો સાચવી રાખ્યા છે, તેની પાછળ કેવા કેવા ભોગ આપ્યા હશે ? કઇ કઇ કર્તવ્યનીતિ કામે લગાડી હશે ? તેનાં રહસ્યો તેના સુવિહિત આચાર્યો પાસેથી સમજવા જોઇએ.

—પં. શ્રી પ્ર. બે. પારેખ

—૦—

Grams : Chillies

339264 Office
Phone : 381433 Resi.
Manubhai 6121495 „

# TRIBHOWANDAS JAMNADAS

Chillies Merchants & Commission Agents

56. Mudi Bazar, Mandvi, BOMBAY-400003

## પંડિત રત્નશ્રી પ્રભુદાસભાઇને હાર્દિક અભિનંદન

o — o

જેમ જેમ નિશાળમાં ભણીને ઉચ્છરતી પ્રજા ઉંમરલાયક થતી જાય છે, તેમ તેમ આકર્ષક પ્રચારઃ સફળ કાર્ય પદ્ધત્તિઃ મોટા મોટા આદર્શો ચમકાવનારા શબ્દોઃ ભાષણોઃ વગેરેથી ને આકર્ષક આયોજનો વગેરેથી ખેંચાઇને પરંપરાગત સંસ્થાઓમાં ન જતાં આમાં ભરતી થતી જાય છે, તેઓને એ માલૂમ નથી હોતું કે–"વિદેશીયોના હાથ મજબૂત કરનારીઃ અને અમારી બેસવાની જ ડાળો ભાંગનારીઃ તેની જ છાવણીમાં અમે ભરતી થઇએ છીએ."

"જુદા જુદા સ્ટંટો મારફત લાંબે કાળે તે સંસ્થાઓને મજબૂત બનાવરાવીને મૂળભૂત પરંપરાગત સ્થિર સંસ્થાઓને પણ ઉડાડી દેવાની તક આવતાં જ વર્તમાન આદર્શોનું તંત્ર તેમ કરીને તમામ સાચી વસ્તુસ્થિતિ ફેરવી નાંખી. પોતાનો કબજો જમાવી લઇ, મૂળ વસ્તુને નામશેષ કરવા સુધી પહોંચાડી દેવાની કોશીષ થતી હોય છે.' આ વાતનો પણ ખ્યાલ તેઓને રહી શકતો નથી.

**–પં. પ્ર. બે. પારેખ**

Phone : 860360
869918

M/s. Chhogmal Dalichand & Co.

Oil Merchants & Commission Agents.

217, Narshi Natha Street (Bhat Bazar) BOMBAY-400 009

## હાર્દિક અભિનંદન

૧. જેઓ પરિણામે ખંડનાત્મક છતાં વર્તમાનમાં રચનાત્મક જણાતી યોજનાઓથી આકર્ષાઇને શ્રી આગમો અને શાસ્ત્રો માટેની આકર્ષક યોજનાઓમાં ફસાઇને આજુબાજુ સંજોગોનો વિચાર કર્યા વિના "ધર્મ" સમજીને, શાસ્ત્રો તરફની ભકિત સમજીને, શુભેચ્છાથી સારી ભાવનાથી પોતાના નાણાં મોટી સંખ્યામાં તેની પાછળ આજે વાપરી રહ્યા છે, જો કે તેઓનો કોઈ દુરાશય નથી, પરંતુ અજ્ઞાન મહાદોષો તરફ ઘસડી જાય છે. તેઓને શી રીતે સમજાવી શકાય કે–"તમારી ભાવનામાં દોષ નથી. પરંતુ દીલ્હી જવાની ઇચ્છાથી તમે મદ્રાસની ગાડીમાં બેસી જાઓ છો. માટે દીલ્હીની ગાડીમાં બેસો નહીંતર પૂરા હેરાન થશો."

**–પં. પ્ર. બે. પારેખ**

TEL : 861107
861268

M/s. DIPAK BHAVANJI & CO.

GRAIN, PULSES & DAL MERCHANTS & CoMMISSIoN AGENTS

215-17, Narshi Natha Street, BOMBAY-400 009

## પરંપરાની પ્રાચીન સંસ્કૃતિના ચિંતક પંડિતજીને અભિનંદન

o — o

### પ્રગતિશીલ નામધારી નવી ધર્મપરંપરાઓ ઉભી કરાઇ છે.

(અ) તે તે ધર્મસંસ્થાઓના મૂળ ઉખેડી નાંખવા: તે તે ધર્મને નામે–પોતાના આદર્શો મુજબની નવી નવી ધર્મ સંસ્થાઓ: તે તે ધર્મના અનુયાયિઓ પાસે જ તે તે ધર્મની આધુનિક ઢબે ઉન્નતિને નામે ઘણા વખતથી ઉભી કરાવી છે હજુ પણ તે પ્રવાહ ચાલુ છે.

(આ) તેને વ્યાપક અને લોકપ્રિય બનાવવા માટે તે તે ધર્મની ઉન્નતિની વાતો પ્રથમ આગળ રાખવામાં આવવાથી, ઘણા ઘણા અજ્ઞાન લોકોમાંના કેટલાક ભૂલથી: કેટલાક માનપાનથી: કેટલાક સારી આશાથી નિ:સ્વાર્થભાવે: કેટલાક બીજી અનેક રીતે: તેમાં દાખલ થયે જતાં હોય છે. ને તેની સાથે તેઓનું મહત્ત્વ બંધાતું જાય છે. પછી તેના અનિષ્ટો જાણવા છતાં પણ તેનાથી તેઓ છૂટી શકતા નથી. ઉલટા તેના વિરોધીઓની સામે લડવા મેદાને પડતા હોય છે.

તે સંસ્થાઓના શિક્ષિત ગણાતા આગેવાનોની મહત્તા વધારવા તેઓની માંગણીથી કેટલીક સગવડો અને કામો કરી આપવામાં પણ આવતા હોય છે. તેથી તે સંસ્થાઓની પ્રતિષ્ઠા વધતી જાય અને તે સંસ્થામાં લોક સંખ્યાનું જુથ વધતું જાય–ત્યારે સામા પક્ષમાં ઘટતું જાય.

(ઇ) નિશાળો, કોલેજોમાં ભણીને ડીગ્રીધારીઓ મોટે ભાગે તેમાં જ દાખલ થતાં જાય. જેમ જેમ આધુનિક શિક્ષણનું ક્ષેત્ર વધતું જાય, તેમ તેમ એ વર્ગની નવી સંસ્થાઓમાં સંખ્યા વધતી જાય છે. ને તે સંસ્થાઓ પુષ્ટ થતી જાય છે.

(ઉ) આમ થવાથી નવી સંસ્થાઓને વેગ આપી સહાય કરી આધુનિક પ્રગતિને માર્ગે ઘસડાતી જવાય છે. જેમ જેમ વખત જતો જાય, તેમ તેમ ઉચ્છરતી પ્રજાને બંધબેસતી-નવી નવી ભાવનાઓ, નવા નવા કાર્યક્રમો ઉમેરાતા જાય, જુના સુધારકો જુનવાણી ગણાઇને તે છૂટા પડતા જાય, ને નવા નવા વધુ પ્રગતિશીલ તેમાં દાખલ થતા જાય એમ પરિવર્ત્તન થતું જાય, પરંતુ સંસ્થા તો અખંડ રહી વધુ ને વધુ પ્રગતિશીલ બનવા તરફ જાય, આ ગોઠવણ હોય છે.

એ મજબૂત બનાવ્યા પછી પરંપરાગત સંસ્થાઓને તોડી પાડતા કે અદૃશ્ય કરતાં શી વાર લાગે ? કેમકે અનુયાયિઓનો મોટો ભાગ મૂળ સંસ્થાઓથી જુદો પડી દૂરે દૂર ધકેલાતો ગયો છે.

–પં શ્રી પ્ર. બે. પારેખ

Phone : 8727541
868301

M/s. P. A. TRADING CORPORATION
Wing No. 1; 4, Keshavji Naik Road. BOMBAY-400 009

## સત્ય હિતના ચિંતકને અભિનંદન

o — o

"નવા પરંપરાના જાહેરમાં પાયા રોપનાર યુરોપીય સ્કોલરોએ માત્ર પોતાના વિચારો જ બતાવ્યા છે." એમ નથી. તેઓએ સંસ્થાઓ ઉભી કરી છે, ઉપરાંત આડકતરી રીતે રાજ્યસત્તાની સહાયથી પ્રચાર દ્વારા સંસ્થાઓ ઉભી થવા દઇ ભવિષ્યમાં તે આદર્શો ઉપર કાર્યો થાય અને પોતે માન્ય રાખેલી ઉન્નતિને વેગ આપી શકાય તે રીતે લોકો તેમાં દાખલ થાય. તેવા પ્રયાસોને પણ વેગ મળવાના બીજો રોપ્યા છે. જે આજે ફાલી-ફૂલી રહ્યા છે.

એ જ આદર્શો ઉપર શિક્ષણ આપીને તૈયાર કરાયેલો શિક્ષિત વર્ગ તેનું સંચાલન કરે માટે શિક્ષણ અને ડીગ્રીઓ આપી તેને સંપત્તિ અને પ્રતિષ્ઠાસંપન્ન બનાવતા રહે છે. તેમાં પણ વકીલ વર્ગને વધારે ઉંચુ સ્થાન પ્રાપ્ત કરાવાતું રહ્યું છે. જેના બળથી પ્રજાના જાહેર જીવનમાંથી પરંપરાગત વર્ગને દૂર હડસેલાવી શકાય, નવા ધંધાથી સંપન્ન થયેલ વ્યાપારી વર્ગ પણ વકીલ વર્ગની દોરવણીમાં આકર્ષાતો રહે તે તેના ટેકાથી પણ પરંપરાગત આગેવાનોને સ્થાન ભ્રષ્ટ કરી શકાય. પરંપરાગત નગરશેઠનું સ્થાન તોડી પાડવા મિલમાલિકો કે મોટા શહેરના ઉદ્યોગપતિઓને વધારે મહત્તા મળે તેવા પ્રયત્નો થતા રહ્યા છે.

વકીલ વર્ગનું માનસ અર્ધું ભારતીય ને અર્ધું વિદેશીય આદર્શોથી વાસિત કરવામાં આવેલું હોય છે. ભારતીય સંસ્કારો પણ મોટે ભાગે ભારતની જીવન પ્રણાલીકાના અભ્યાસી યુરોપીય સ્કોલરોના એક તરફી વિધાનોથી ઉત્પન્ન થયેલા અર્ધદગ્ધ સાહિત્ય-માંથી લેવામાં આવેલા હોય છે. તેથી તેઓના વિચારોમાં પણ અર્ધ-દગ્ધતા હોય એ સ્વાભાવિક છે. ધર્મગુરૂઓ પાસે ધર્મશાસ્ત્રોનું બળ હતું. તેમ વકીલ વર્ગને કાયદાના પુસ્તકોનું બળ આપવામાં આવ્યું છે. **—પં. શ્રી પ્ર. બે. પારેખ**

Gram : Cleanmal

Phone : 8511454
8513746

**Sha. Lalji Lakhamshi & Co.**

*Manufacturer & Dealers :*

KILAWAR Brand MooNG-MoTH-UDID- PoLISH, MooNG DAL CHHILTA, UDIDDAL CHHILTA

202,205-207, Narshi Natha Street, Bhat Bazar. **BOMBAY**-400009

Resi. 412712 Jakhubahi, 4366916-4373365 Hgrakhchndbhai

## પંડિત રત્નશ્રી-શુભેચ્છા-ઘાતકરૂપે પરિણમતી કેટલીક વિચાર-સરણીઓ

(૧) યદ્યપિ પ્રાચીન ધર્મોના એટલે ધર્મશાસનના અંગભૂત જુદા જુદા ધર્મ શાસનોના, ધર્મ સંસ્થાઓના, પાયા એટલા બધા દૃઢ અને ઉંડા છે, કે–તેઓને કેવળ ઝનુન કે સીધા બળથી ઉખેડી શકાય તેમ નથી. કારણ કે–લોકોના જીવનમાં તે એટલી બધી રીતે, એટલી બધી હદ સુધી વણાઇ ગયેલા હોય છે, કે–જન્મતાંની સાથે જ–અરે ! ગર્ભથી જ નવી પેઢીના જીવનમાં યે તે થોડાઘણા વણાતા જતા હોય છે.

(૨) તેને ઢીલા કરવા માટે પ્રથમ આડકતરા વિવિધ પ્રયાસો આદરવા પડે છે. તે તરફ જનતાને આકર્ષવી પડે છે. તેમાં અનેક યોજનાઓ મોટા મોટા ખર્ચે, અનેક લાલચો અને સાથે જ પરંપરાગતથી નુકશાનો થવાની ધમકીઓ, અનિષ્ટ અસરોઃ અને તેના નાશથી લાભોઃ વગેરે બતાવવા પડે છે. તેને અનુકૂળ કાયદા કરવા અને લોકમતના ટેકા લેવા પડે છે. અને એ રીતે નવરચના તુટી પડતાં, ધર્મો તુટી પડે એ સ્વાભાવિક છે. થાંભલાનો ટેકો ખસી જતાં ગમે તેવી મજબૂત ઇમારત પણ કડકભૂસ કરતીઃ તુટી પડયા વિના રહેતી નથી.

આજના આ પ્રયાસોના લગભગ પ્રકારો નીચે પ્રમાણે છેઃ–

સૌથી પહેલાં મૂળ પરંપરાઓને **"રૂઢીચુસ્ત"** નામ આપી તેની નિંદનીયતા પ્રચલિત કરી હોય છે. નવી પરંપરાને **"પ્રગતિશીલ"** નામ આપીને તેની ભવ્યતા અને પ્રશંસનીયતા ઉભી કરવામાં આવી હોય છે. વર્તમાન શિક્ષિતોના મગજમાં આ બે બાબતો શિક્ષણ સાથે જ ઠસાવી હોય છે અને તેઓ અંધશ્રદ્ધાથી તેને વળગી રહેતા હોય છે.

જો કે આ બન્નેય શબ્દોના વપરાશ ખોટા અર્થમાં કરાવવામાં આવ્યો છે. કેમકે રૂઢીઓની રૂઢતા પાછળ ચાર પુરૂષાર્થની અહિંસક મહા સંસ્કૃતિ અને વૈજ્ઞાનિક આધાર છે. તેને રૂઢિચુસ્તતાનું નામ આપવું એ જ સૂર્યને અંધકારનું નામ આપવા બરાબર છે. એજ પ્રમાણે એક પ્રજાના સ્વાર્થમાંથી માત્ર અદ્ધર બાજીએ અને અવ્યવસ્થિત રીતે કેવળ ભૌતિક વિજ્ઞાનના આધાર ઉપર સચેતન આત્માઓના યે જીવન માટે ઉભી કરેલી નવી વ્યવસ્થાને **પ્રગતિશીલ**નું નામ આપવુંઃ એ પણ એટલું જ બેહુદું અને વસ્તુસ્થિતિ સાથે અણબેસતું છે. માત્ર તે કલ્પના ઉપર રચાયેલ છે. આ સત્ય ઉંડા ઉતર્યા પછી કોઇને પણ સમજાય તેમ છે.

આમ પ્રજામાં જ મૂળથી જ બે ભાગ પડતા જાય. પ્રજા બે વિચાર છાવણીઃ અને બે પ્રકારના સંસ્થા જુથોમાં વ્હેંચાતી જાય. **ડીવાડ એન્ડ રૂલ**ની જેવી તેવી નીતિ નથી. ભારે અસરકારક નીતિ છે.

**–પં. શ્રી પ્ર. બે. પારેખ**

***Shah Soorji Anandji & Co.***

ALL KINDS OF DAR FRUITS & KARIANA MERCHANTS.

164-66, Samuel Street, Masjid Bunder, **Bombay**-400009

New Tele. Nos. 8557026 – 8556905 – 8558336 – 8559341

## સૂક્ષ્મવિચારક પંડિતવર્ય શ્રી પ્રભુદાસભાઇને હાર્દિક અભિનંદન

—※—

(શ્રી તીર્થંકર ભગવંતો **"નમો તિત્થસ્સ"** કહી શરૂઆતમાં જ જેને નમસ્કાર કરે છે તે વ્યક્તિગત સ્થાપક તીર્થંકરોની અપેક્ષાએ અનાદિ અનંતકાલીન સદા શાશ્વત શાસનને તેઓ નમસ્કાર કરે છે. જેના આશ્રયથી પોતે પણ તીર્થંકર–પદ સુધી પહોંચી શક્યા છે. અને અનંત જીવો તેનાથી મોક્ષ પામ્યા છે ને પામશે. શાસ્ત્રરૂપી તીર્થ તો હજી હવે રચવાનું છે. અને શ્રી સંઘરૂપ તીર્થની સ્થાપના હવે પછી પોતે કરવાના છે. તેથી તેને નમસ્કાર કેમ સંભવે ? યદ્યપિ ગૌણપણે તો નમસ્કાર સર્વ અંગોને સંભવે. શ્રી ગણધરો, આચાર્યો, ઉપાધ્યાયો, અને તેના કર્તવ્યો તથા તેઓની આજ્ઞાઓની મર્યાદાઓ અને મહત્તાઓ આગમમાં વર્ણવાયેલી છે તે સર્વ બંધારણીય તત્ત્વો છે. તેથી ધર્માચરણ અને શાસન–આજ્ઞાતંત્ર જુદા હોય છે. સાધુ મહારાજ ઉપવાસ કરે તે ધર્માચરણ છે પરંતુ બીજા સાધુ મહારાજાઓ પોતાને માટે ગોચરી વ્હોરી લાવ્યા હોય, તે વધી પડે તો પરઠવવા કરતાં જો કોઇ તે વાપરી જાય તો વધારે યોગ્ય માનવામાં ધર્મશાસ્ત્રકારોની વ્યવસ્થા છે. તેથી ગુરૂની આજ્ઞાથી ઉપવાસ કરનાર મુનિરાજ તે વાપરે, તો પણ તેમના ઉપવાસવ્રતનો ભંગ થતો નથી. આ બંધારણીય આજ્ઞાતંત્ર ગણાય. "ઉપવાસ કરવો" એ શાશ્વત ધર્મતંત્ર ગણાય. અને "આજ્ઞાથી વાપરી જવાય ને ઉપવાસ ન ભાંગે" તે શાસન તંત્ર ગણાય. આ રીતે આ ભેદ સમજવાથી **"નમો તિત્થસ્સ"** એ વાકય શરૂઆતમાં પ્રથમ સમવસરણમાં પ્રવેશ બાદ સિંહાસન ઉપર બિરાજમાન થતાં પહેલાં ચૈત્યવૃક્ષમાં શાસનની સ્થાપના માનીને અનાદિ અનંતકાલીન શાસનને જ નમસ્કાર કરે છે. એમ અનેક રીતે સમજવું યોગ્ય છે. શાસ્ત્રોમાં પણ આ વાત મળી આવવાની અમારી સમજ પ્રમાણે શકયતા છે. કેમકે તે વિના બીજી રીતે યોગ્ય સંગતિ બેસતી નથી. છતાં આ બાબતમાં બહુશ્રુતપુરુષો કહે તે તો અમારે પણ માન્ય જ છે.)

—પં. શ્રી પ્ર. બે. પારેખ

—※—

ફોન : ૪૧૩૧૨૨૦–૪૧૩૫૭૨૮

**卐 પ્રતાપ જ્વેલર્સ 卐**

[ પ્રો. ચંપાલાલજી જૈન ]

અબ્દુલ્લા બિલ્ડીંગ નં. ૧, ડી. આંબેડકર રોડ,

પરેલ ટી. ટી. મુંબઈ–૪૦૦૦૧૨.

**પંડિતવર્ય સાક્ષરશ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખને અભિનંદન...**

પ્રતિમાઓ પણ જુદા જુદા તીર્થંકરોની જુદી જુદી હોય, તે કદાચ કેટલાક બાળ જીવોના ધ્યાનમાં ન રહે. વળી પ્રતિમાઓ માટે એક વ્યવસ્થિત ચોક્કસ સ્થળ પણ જોઈએ. બાળ જીવોને બીજું કાંઇ પણ યાદ ન આવે–બીજી કોઇ પણ સૂક્ષ્મ વસ્તુએ. તરફ એકાએક તેઓનું ધ્યાન ન ખેંચાય, પરંતુ ગામની શેરીમાં ધ્યાન ખેંચે તેવી વિચિત્ર બાંધણીવાળું, ભવ્ય વાતાવરણવાળું મંદિર હોય, તેના તરફ અનેક વાર ધ્યાન ખેંચાય, એ સ્વાભાવિક છે. સંસારી જીવોને રહેવા માટે ઘર તો હોય જ, તેમજ રાજ-દરબાર, નિશાળ, ચોકી, કચેરી, પંચને એકઠા થવાનો ચોરો, જકાતી–દાણની મંડી. વિગેરે મકાનો હોય, કે જેમાં સાંસારિક સામુદાયિકનાં કામો થતાં હોય. નિશાળમાં જે કે વિદ્યા મેળવવાની હોય છે, પરંતુ "નિશાળે જઇએ છીએ" એમ બોલાય છે. રાજનું દાણ ચુકવવાનું હોય છે, પરંતુ "મંડીમાં જઇએ છીએ." એમ બોલાય છે. અર્થાત કામનો ઉદ્દેશ અને કામના સાધનો જુદા હોય છે, છતાં તેને માટેનું મકાન જ સૌનું ધ્યાન ખેંચતું હોય છે. તે ઉપરથી કામ સમજાય છે, સર્વ સામાન્ય સાધારણ જનસમાજનાં વ્યવહારમાં તે તે કામ માટેનાં મકાનો **પ્રતિક** તરીકે ઉપચારથી વિશેષ પ્રચલિત હોય છે. તે જ પ્રમાણે ધર્મ કરવાનું, ધર્મની શરૂઆત કરવાનું સૌથી પહેલું અને મુખ્ય સાધન ચૈત્ય છે. અને તેમના તરફ જનસમાજનું ધ્યાન ખેંચાઇ શકે. માટે જ **ચૈત્યને વંદન** કરવા તરફ ચિત્ત દોરવી તે મારફત તીર્થંકરોની પ્રતિમાને વંદન, અને તે મારફત તીર્થંકર ભગવંતોને વંદન થાય, અને તે મારફત પરંપરાએ સમ્યગ્દર્શન પ્રાપ્તિ-દ્વારા, શ્રુત, દેશવિરતિ અને સર્વવિરતિ રૂપ ધર્મની પ્રાપ્તિ થાય. એવી વ્યવહારૂ ગોઠવણ, વ્યવહારૂ શબ્દ ગોઠવીને સાધી દીધી; આ ખૂબીથી બાળ, મધ્યમ અને બુધજન એ સૌનું ધ્યાન ખેંચે, માટે **ચૈત્યવંદન** શબ્દ પ્રચલિત કર્યો છે.

**—પં. શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ**

ફોન : ઓ. ૩૨૯૯૯. રેસી. ૨૪૩૫૪

## 卐 ગણેશ મંડપ સરવીસ 卐

વિશાળ મંડપો, ગાદલા, રજાઇઓ, દરેક જાતના વાસણો
તથા નાના મોટા સ્ટેજ સરવીસ.

કેવડાવાડી મેઇન રોડ,
રાજકોટ

## સૂક્ષ્મચિંતક પં. શ્રી પ્રભુદાસભાઇને અભિનંદન

—o—

મંદિરોમાંના પ્રતિમાજીના દર્શન બે રીતે થાય છે:— (૧) ભાવિક ભક્ત તેની આધ્યાત્મિકતામાં પ્રેરણા આપવાની શક્તિથી રાજી થાય છે. (૨) ત્યારે આધુનિક શોધકો તેની આકૃતિ શિલ્પ વગેરેથી રાજી થાય છે.

બન્નેય બહાર આવીને પ્રતિમાજીની અદ્‌ભૂતતાના વખાણ કરે છે. પરંતુ બન્નેયની દૃષ્ટિમાં મોટો ફરક હોય છે અને તે વખાણની પાછળના હેતુઃ તથા પરિણામોઃમાં પણ મોટો ફરક હોય છે. શિલ્પના વખાણ કરનારાઓ તેના મસ્તક કપાવીને પણ તે ખરીદતા હોય તેવા દાખલા બહાર આવતા હોય છે. ત્યારે ભાવિક ભકત તેને પોતાના વસ્ત્રનો છેડો પણ સ્પર્શી જાય, તો કંપી ઉઠતો હોય છે. વિરહ-કાતર- પ્રેમી પત્નીની સાડીના કકડાને કે કાગળની ચબરખીને પણ પ્રાણ સમાન ગણી છાતીએ લગાડતો હોય છે. તેમ પ્રભુની હાજરી વિનાના કાળમાં આગમો અને પ્રભુપ્રતિમાને વિરહ-કાતર-ભકત, પ્રાણ કરતાં પણ અધિક માનતો હોય છે.

તે પ્રમાણે આગમોઃ અને શાસ્ત્રોની પ્રશંસા અને વખાણમાં તથા પ્રસિદ્ધિમાં પણ આજે બે હેતુઓ કામ કરી રહ્યા છે. તે સમજવું જોઇએ. આજે વાહવાહથી દીર્ઘદૃષ્ટિ વિના આપણે ગમે તે કરી બેસીએ અને તેના ભાવિ પરિણામો જ્યારે વિપરીત આવવા લાગે, ત્યારે કોણ તેને રોકી શકે? આપણા સંતાનોમાં એ તાકાત ભાગ્યે જ રહી હશે. અને તે પહેલાં તો તેના ઉપર બીજાઓનો સાક્ષાત્ કબજો થઇ ચૂકયો હશે. અને તેનો આધુનિક દૃષ્ટિથી જે ઉપયોગ કરવો હશે. તે ચાલુ થઇ ગયેલ હશે.

**—પં. શ્રી પ્ર. બે. પારેખ**

—o—

Grams : KANTISPICE Phone. No. 8551299 P.P. Sureshbhai

卐 શ્રીજી કૃપા ટ્રેડર્સ 卐

**મીતેશકુમાર સુરેશચંદ્ર એન્ડ કું.**

કરીયાણાના વેપારી અને કમીશન એજન્ટ.

૩૪, કાઝી સૈયદ સ્ટ્રીટ, મુડી બજાર—મુંબઈ—૪૦૦ ૦૦૩.

卐

જૈન તત્ત્વજ્ઞાનના મહાન
ચિંતક પં. શ્રી પ્રભુદાસ
બેચરદાસ પારેખને
હાર્દિક અભિનંદન......

"જે લોકો આખી જીંદગી ક્રિયા કરે છે છતાં તેના જીવનમાં કશો ફેર પડતો નથી. માટે તેવા લોકો ક્રિયા કરે તે નુકશાનકારક છે." આ વાતેય બિલ્કુલ માનવા જેવી નથી. કેમકે–તેઓને ક્રિયા ઉપર ઓછામાં ઓછો પણ જે પ્રેમ હોય, તેનો તો તે કરનાર લાભ ઉઠાવે જ છે. અને ક્રિયાની પરંપરા ટકાવી રાખીને ઉત્તરોત્તર ભાવી પ્રજાને તેનું પ્રયોગાત્મક જ્ઞાન વારસામાં આપીને પોતાની જૈન શાસન તરફની વફાદારી તે બજાવે જ છે. જેમ–વેદપાઠી બ્રાહ્મણો: જેમ બજારમાં ઉભો કરેલો દીવાનો થાંભલો: અનાજની ગુણ ઉપાડી જનારો પોઠીયો: તેમ–પોતાને લાભ ન મળવા છતાં બીજાના લાભના અંગભૂત બનીને ક્રિયા કરનારા શાસનની ભક્તિનો લાભ પરંપરા ટકાવીને ઉઠાવે જ છે. માટે તેને રોકી ન શકાય. આ તો ક્રિયા કરનારને માટે છેલ્લામાં છેલ્લી હદના ફળની અને સેવાની વાત થઈ.

પરંતુ દરેક જીવો તેવા નથી હોતા. દરેકને કોઇને કોઈ લાભ જીવોની તરતમતાએ અને સાધનોની તરતમતાએ થાય જ છે.

—પં. શ્રી પ્ર. બે. પારેખ

સૌરાષ્ટ્ર પેપર બોર્ડ મીલ્સ પ્રા. લીમીટેડ
પટણી બિલ્ડીંગ, જ્યુબેલી સામે,
રાજકોટ–૩૬૦૦૦૧

## ભારતીય મહાસંસ્કૃતિના પ્રતીક પંડિતવર્ય પ્રભુદાસભાઇને હાર્દિક અભિનંદન

— ૦૦ —

સંઘ કાઢવા, ઉજમણાં કરવા, વરઘોડા, જાહેર ઉત્સવો, ગુરુના તથા સંઘવીના સામૈયાઃ વિગેરે પણ જાહેર છ આવશ્યકમય અમુક અમુક પ્રધાન આવશ્યક હોય છે. એટલે શ્વે. મૂ. જૈન સંઘમાં પૂર્વાપરથી ચાલી આવતી કોઇપણ પ્રામાણિક ક્રિયા છ આવશ્યકની મર્યાદામાંની જ હોય છે. માટે ગુરુગમથી જાણ્યા વિના કોઇપણ પ્રવૃત્તિ ઉપર ટીકા કરવામાં વિરાધક ભાવ થવાનો ખાસ સંભવ છે. **વિરાધક ભાવ** એટલે સત્યને અસત્ય અને અસત્યને સત્ય માનવું. તે પણ "આ પ્રવૃત્તિઓ જતિએ ચલાવી છે, અમુક વૈષ્ણવોના અનુકરણ રૂપ છે, બૌદ્ધોના અનુકરણ રૂપ છે. વૈદિક લોકોના અનુકરણ રૂપ છે. સ્વાર્થી આચાર્યોએ ચલાવી છે" એવું એવું બોલતાં પહેલાં સંપૂર્ણ વિચાર કરવો જોઇએ. નહીં તો પગલે પગલે સ્ખલના અને મહાન્ આશાતના થવાનો સંભવ છે. માટે ડાહ્યાઃ સમજુઃ અને જૈન ધર્મની મહત્તા સમજનારા વિવેકીઓએઃ એવો વિચાર પણ લાવતાં પહેલાં બહુ સાવચેત રહેવું.

"લાંબી વિધિ છે; કંટાળો આવે છે, વિધિમાં પ્રક્ષેપ સૂત્રો છે, અનેક મત-મતાન્તરો છે. નકામો વખત જાય છે, રસ નથી પડતો, મજા નથી આવતી, સમજાતું નથી, લાયકાત આવ્યે કરીશું, બાર વ્રત ધારીને કરવાની એ ક્રિયા છે, તેના મૂળ ઉત્પાદક તીર્થંકર પરમાત્મા કે ગણધર ભગવંતો છે? કે કોઇ બીજા? એ નિશ્ચિત નથી. આ જમાનામાં આવો વખત ગાળવો એ નકામું છે."

આવાં આવાં બ્હાનાં કાઢીને પ્રતિક્રમણો જાતે તો ન કરે, પરંતુ બીજા કરનારને રોકે, એટલું જ નહીં, પરંતુ આવી મહાન્ ભવ્ય અને સર્વ કલ્યાણકર જૈન ધર્મની મૂળભૂત વસ્તુ તરફ કાદવ ઉડાડે, તેની અપ્રતિષ્ઠા કરે, તેને ઉતારી પાડવા પ્રયાસ કરે, તે આરાધનાઓની અવજ્ઞા–અશાતના કરે, યેનકેન પ્રકારે તેમાં અંતરાય પડે તેવા **પર્યુષણા વ્યાખ્યાનમાળા જેવા** આડકતરા કાર્યક્રમો ગોઠવી જૈનસંઘના બાળબુદ્ધિના સભ્યોને પ્રતિક્રમણઃ કલ્પસૂત્ર શ્રવણાદિ કરવા જતાં રોકવા યુક્તિ કરે, આમ નજીવા અને નકામા લાગણી ઉશ્કેરનારા પ્રસંગો યોજી તેઓને પ્રતિક્રમણ કરતાં ચૂકવી દેવા જેવું આ જગતમાં ઉતરતી કોટીનું (અધમતમ) બીજું કયું કાર્ય હોઇ શકે?

**—પં. શ્રી પ્ર. બે. પારેખ**

— ૦૦ —

**: હિંમતલાલ આર. ઝવેરી :**

માંડવી ચોક ✲ રાજકોટ.

## પંડિતવર્ય શ્રીપ્રભુદાસભાઇને હાર્દિક અભિનંદન

### ધાર્મિક ચીરાના શિક્ષણમાં—

ધર્મ અને વ્યવહારમય અહિંસક સંસ્કૃતિથી ધર્મને છૂટો પાડી દઇને તે દ્વારા સ્વતંત્ર રીતે પોત–પોતાના ધર્મશાસ્ત્રોના અભ્યાસમાં ધાર્મિક શિક્ષણને વેગ અપાય છે. પરંતુ તે ચીરો સંસ્કૃતિથી છૂટો પડી જવાથી તેમજ આધુનિક વ્યવહારથી વિપરીત હોવાથી તેની અત્યારે વધતી જતી નિસ્તેજતા પ્રતિ અવારનવાર આંગળી ચીંધવામાં આવે છે, જેનો મુખ્ય ઉદ્દેશ તો એ ચીરાને પણ પ્રતિષ્ઠિત બનાવવા માટે ભૌતિક આદર્શોમાં ફેરવીને છેવટે ધાર્મિક શિક્ષણ ઘટાડી દઈ, ધર્મથી ફલિત ન થતું જુદા જ પ્રકારનું નૈતિક શિક્ષણ આપવાનો છે. જેની શરૂઆત પણ થઇ ગઈ છે. કેમ કે ભારતના નવા ગણાતા બંધારણમાં જ્યારે ધર્મઃ અને મોક્ષઃનો માનવજીવનના આદર્શ તરીકે સ્વીકાર થયો નથી, એટલે ભૌતિક જીવનમાં પણ વ્યવસ્થાની દૃષ્ટિથી માત્ર નૈતિક શિક્ષણ આપવાનો જ આદર્શ બાકી રહે છેઃ ધાર્મિકને આજે થોડો ટેકો છે, પણ તે ભારતની પ્રજાને માત્ર ભ્રમણામાં નાંખવા પૂરતો જ છે. એટલા જ માટે ધાર્મિક શિક્ષણ આપવાની છુટ રાખીને પ્રજાના ખર્ચે નિશાળોઃ કન્યાશાળાઓઃ બોર્ડીંગોઃ હાઈસ્કુલોઃ વગેરે વ્યવહારિક સંસ્થાઓ પહેલા કઢાવી ને તે કાઢવા પણ દીધી. ભોળા શ્રીમંતોએ ધાર્મિક શિક્ષણની લાલચે કાઢી પણ ખરી. પછી ગ્રાંટ લેતી શાળામાં ધાર્મિક શિક્ષણ બંધ કરવાનો હુકમ કરી બંધ કરાવ્યું. હવે સર્વ ધર્મોનું ધાર્મિક શિક્ષણ સરકારી શાળાઓમાં આપવા સરકારે કમીટી નીમી છે. પરંતુ તેનો ઉદ્દેશ તો ઉપર જણાવ્યા પ્રમાણે, પરિવર્તન કરી અથવા ઘટાડીઃ નાંખવાનો જ છે. શરૂઆતમાં એટલા જ માટે હાલની કેળવણીને વેગ આપવા પાઠશાળાઓઃ સંસ્કૃત પાઠશાળાઓઃ મદ્રેસાઓઃ વગેરે કઢાવેલા હોવાનો ઇતિહાસ મળે છે. કેમકે તે પગથિયાનો આશ્રય લીધા વિના ભારતની પ્રજા એકાએક હાલનું શિક્ષણ લેવા દોરવાય તેમ નહોતી.

આપણી પણ પાઠશાળાઓ પહેલા તો મુંબઇમાં, પછી અમદાવાદમાં અને પછી મેસાણા વગેરેમાં શરૂ થયેલ છે. કેમકે તે વખતની ધર્મચૂસ્ત પ્રજાના માનસમાં પરિવર્તન લાવવાનો એ જ પ્રાથમિક ઉપાય હતો. અને તે વખતનાં ધાર્મિકોમાંના પણ જે કોઇ કાંઇક સુધારક વિચારના હતા, તેઓ એ કામમાં આગળ પડતા થતા હતા. તેને બહારથી આડકતરો સરકારી ટેકો પણ હતો. જો કે તે વખતના પરંપરાગત ધર્મતંત્રના સંચાલકોનો અને આગેવાનોનો રોષઃ વિરોધઃ પૂરતો હોવાના પ્રમાણો મળે છે. "કેવું કેવું પરિણામ આવશે," તેની સ્પષ્ટ કલ્પના તે વિરોધ કરનારાઓને જો કે નહોતી જ, પરંતુ "કાંઇક વિપરીત અને અનિષ્ટતા તરફ જવાય છે." એવા મોઘમ ખ્યાલથી તેઓને સખત અને પ્રામાણિક વિરોધ હતો જ.

—પં. શ્રી પ્ર. બે. પારેખ

卐 શાહ લખમણ વીરપાર મારૂ (સોળસલાવાળા) 卐

સનરાઇઝ પોટરી—થાનગઢ

## જૈન વિદ્વાન પંડિતશ્રી પ્રભુદાસભાઈ બેચરદાસ પારેખને હાર્દિક અભિનંદન

—*—

હમણાં વળી તત્ત્વજ્ઞાનની વાતો કરનાર વિદ્વાનો નીકળી પડયા છે. તે પણ ધર્મમાંની ચુસ્તતા ઢીલી કરાવવા માટે જ છે. તેવા માણસોને હજુ તત્ત્વજ્ઞાનની ગંધ પણ હાથ લાગી નથી. પણ તેવા મોટા નામથી થોડી અજાણી વાતો ગંભીર ચહેરે મીઠીમીઠી ભાષામાં કરે. એટલે તે તરફ આકર્ષાઇને અજ્ઞાન લોકો પોતપોતાના ધર્મોમાં શિથિલ થાય, એ શિવાય તેનો બીજો હેતુ કે પરિણામ વિશેષ જણાતું નથી.

**અમદાવાદ**માં થોડા જ વખત પહેલાં મારી યાદ પ્રમાણે **રાધાકાંત** કે એવા નામના કોઇ તત્ત્વજ્ઞાની પોતાની જાહેરાત કરી ગયા, અને મારા ખ્યાલ પ્રમાણે તેઓશ્રી કોઇ સરકારી સંસ્થામાં પ્રોફેસર તરીકે કામ કરતા હતા, કે કરવા રોકાયા છેઃ ખરી રીતે આ દેશમાં જન્મેલા અને તૈયાર થયેલા છતાં નવી સંસ્કૃતિના પગારદાર પ્રચારકો જ લાગે છે.

આપણા કેટલાક પત્રોને પણ–ઘણા વર્ષોથી આવી રચનાઓની તરફેણ કરીને આપણી રચનાના ખંડનમાં અજ્ઞાનપણે ભાગ ભજવતા જોઇએ છીએ. જે ઇષ્ટ અને યોગ્ય નથી.

પરંતુ બંધુઓ ! તમારે ભારતના પ્રાચીન સાહિત્યમાંથી જે વિજ્ઞાન જાણવું હશે, તે અને તત્ત્વજ્ઞાન જાણવું હશે, તો તે, સંપૂર્ણ સંતોષકારક રીતે જાણવાનું મળે તેમ છે. જન્મથી જ પરદેશી વલણના પાઠયપુસ્તકો ભણવામાં જીંદગીનો મોટો ભાગ ગાળવાથી તમને તમારૂં સાહિત્ય તમારી મૂળ રીતે વાંચવા ભણવા–વિચારવા–મનન કરવાનો વખત જ મળતો નથી. તો પરસ્પર સમન્વય કરવાની તો વાત જ શી ? અને તમારી દૃષ્ટિ પણ એવી જ ઘડાય છે કે–તેમાંથી દોષ જ જોવાના મળે છે. પણ સાર મળતો નથી, ને સાર દોષરૂપમાં જ ભાસે છે. ઘણું જ આશ્ચર્ય છે.

જે સાર તમને બીજે કયાંય મળે તેમ નથી છતાં આજની શિક્ષણ સંસ્થાઓમાં ખર્ચાતા અબજો રૂપિયા, ઈરાદાપૂર્વક તેના તરફ ઉચ્છરતી પ્રજાનું ધ્યાન ન જાય તેની સંપૂર્ણ ખબરદારી રાખે છે, અને ભળતું જ શીખવવા અનેક આકર્ષક પ્રયોગો કરે છે, માટે જ મહાખજાનો તેમના ભાગ્યથી તમારાથી દૂર જતો જાય છે, અગમ્ય થતો જાય છે.

—પં. શ્રી પ્ર. બે. પારેખ

—*—

* સ્વ. ગાંધી જેચંદભાઈ રાઘવજી *

કોલકીવાળા

" અમીભાવ "

હરિહર સોસાયટી, **રાજકોટ**

**સાક્ષર જૈન સિદ્ધાંત મર્મજ્ઞ પંડિતવર્યશ્રી પ્રભુદાસભાઇને અભિનંદન....**

— ❊ —

**પાંચ ભેદ ખંતિના, ઉવયાર:ડવયાર: વિવાગઃ રે,**
**વચન: ધર્મ: તિહાં તીન છે, લૌકિક દોઇ અધિક સોભાગરે. ૪–૨૫**

**—પૂ. મહો. યશોવિ. મ.**

**અર્થ:—** આ દશ યતિધર્મમાં પહેલા ક્ષમા–ધર્મના પાંચ ભેદ છે. તે એ કે— (૧) કોઇ પણ મનુષ્યે આપણો ઉપકાર કર્યો હોય. તો તે મનુષ્યના કડવાં–કઠીન વચન સહન કરવા, તે **ઉપકાર ક્ષમા** કહેવાય છે.

(૨) જે મનુષ્ય આપણા કરતાં વધારે બળવાન–સત્તાવાન હોય, તેથી આપણે તેને કાંઇ કરી શકિયે તેમ નથી; વાસ્તે "તેના બોલ સાંખી રહેવામાં જ ભૂષણ છે, નહીં તો અપમાનને પ્રાપ્ત થવાશે," એમ સમજીને સ્હામો જવાબ ન દેતાં ક્ષમાશીલ બને, તે **અપકાર ક્ષમા** કહેવાય છે.

(૩) "ક્રોધનાં ફળ નઠારાં છે, અને તેના વડે અનેક દુશ્મન ઉભા થતાં વિવિધ સંતાપ પ્રાપ્ત થાય, માટે દુર્વાકય ખમી રહેવામાં જ ફાયદો છે"–એમ કર્મવિપાકનો ભય રાખવામાં આવે, તે **વિપાક ક્ષમા** કહેવાય છે.

(૪) કઠીન વચન કહી કોઇનું દિલ દુભવે નહીં, તેમ પોતે પણ બીજાનાં કઠીન વચનોથી પોતાના દિલને દુભાવે નહીં, એટલે કે–વચન પરિસહનો ઉપસર્ગ સહન કરે, સાવદ્ય વચન ન બોલે, તે **વચન ક્ષમા** કહેવાય છે.

(૫) કોઇ છેદનઃ ભેદનઃ કરે, તો પણ ચંદનને કાપતાં, વહેરતાં, બાળતાં, પણ પોતાની સુગંધ છોડે નહીં, તેની પેઠે "આત્માનો ધર્મ ક્ષમા જ છે, માટે ક્ષમા જ રાખવી" એમ **ગજસુકુમારની** પેઠે ક્ષમા ધારણ કરે, મૂળ ધર્મમાં સ્થિર રહે, તેરમાઃ ચૌદમાઃ ગુણસ્થાનકની ઇચ્છા કરે, તે **ધર્મક્ષમા** કહેવાય છે.

આ પાંચ પ્રકારની ક્ષમા પૈકી પહેલી ત્રણ પ્રકારની ક્ષમાઓ લૌકિક સુખ દેનારી છે, અને પછીની બે ક્ષમાઓ મોક્ષ સુખ આપનારી છે.

**—પં. શ્રી પ્ર. બે. પારેખ**

— ❊ —

卐 **સ્વ. રમેશચંદ્ર હરગણ મેરગ દોઢીયા** 卐

**અંબિકા સ્ક્રીન પ્રિન્ટર્સ**

૧, રણછોડનગર, રાજકોટ

# જીવન જીવી જાણ્યું....મરણ માણી જાણ્યું....

શ્રી મોહનલાલ ચુ. ધામી–રાજકોટ

જીવન જીવી જાણવું અને મરણને માણી જાણવું એ એક જીવતરની શોભા છે. આવી શોભા પંડિતજી શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખના અણુએ અણુમાં રમતી હતી.

## વિદ્યા દાનનું પરબ

સંવત ૧૯૭૮ માં તેઓએ પાટણમાં **વિદ્યા ભવન** નામની એક સંસ્થા સ્થાપી અને વિદ્યાદાન આપવાનું પરબ માંડ્યું. ગુજરાતના ઘણા વિદ્યાર્થીઓ સ્વાવલંબી, સશક્ત, સંયમી, સ્વાશ્રયી બને તે તેમણે યોજ્યું અને ત્યાં વિદ્યાર્થીઓ દરેક કામ પોતાની હાથે જ કરે તેમ યોજ્યું. પંડિતજી પાસે પૈસો હતો નહીં, છતાં પણ તેમણે આ સાહસ કર્યું હતું અને તેમાં તેઓ સફળ થયા. વિદ્યાર્થીઓ દરેક રીતે શક્તિશાળી થવા લાગ્યા. જેમાં ખાસ કરીને શ્રી **મફતલાલ ઝવેરચંદ ગાંધી** એક વિદ્વાન પંડિત બન્યા. શ્રી **શાંતિલાલ સાંડેસરા** એક કવિ અને એક દાર્શનિક પંડિત બન્યા. શ્રી **મણીલાલભાઇ** વિનમ્ર અને પ્રામાણિક વેપારી બન્યા. શ્રી **મોહનલાલ ચુનીલાલ ધામી** તેમના હાથ નીચે તૈયાર થયા અને એક વાર્તાકાર બન્યા. આમ અનેક ક્ષેત્રમાં જુદા જુદા વિદ્યાર્થીઓની શક્તિ ખીલવા માંડી.

આશ્રમની સુવાસ એવી ફેલાણી કે તે વખતનાં વિદ્વાન પુરુષો પણ આ સંસ્થા પ્રત્યે આકર્ષાયા હતા. કાકા શ્રી **કાલેલકર**, શ્રી **સરદાર વલ્લભભાઈ**, શ્રી **મણીલાલ કોઠારી**, શ્રી ઇંદુલાલ **યાજ્ઞીક**. શ્રી **છગનલાલ જોશી**, શ્રી **રમણીકભાઈ મોદી**, **પંડિત શ્રી** સુખલાલજી મુનિશ્રી **જિનવિજયજી**. પંડિત શ્રી **બેચરદાસભાઇ**, શ્રી **ચીકમભાઇ** વિદ્યાપીઠના અર્થશાસ્ત્રી વિગેરે વિદ્યાભવનની મુલાકાતે આવતા હતા.

પૂજ્ય આચાર્ય શ્રી **વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ**. પૂ. આચાર્ય શ્રી **સાગરાનંદ સૂરીશ્વરજી**, પૂ. આચાર્ય શ્રી **સિદ્ધિસૂરીશ્વરજી** પૂ. **શ્રી વલ્લભસૂરીશ્વરજી** તથા પૂ. આચાર્ય **વિજયનીતિસૂરીશ્વરજી** વિગેરે મહાન આચાર્યોનાં સંપર્કમાં સંસ્થા આવી અનેક મહાત્માઓના સંસ્થાને લાભ મળતો અને આથી આ સંસ્થાના વિદ્યાર્થીઓ ઉપર ઉચ્ચ સંસ્કારની છાયા ઉપસી આવતી. પંડિતજીના શિષ્યરત્નો ઘણા પાક્યા અને તેમના સંપર્કમાં આવનાર સેંકડો સાધુઓ આર્ય સંસ્કૃતિ અને જૈન શાસ્ત્રના તત્ત્વના દર્શનનો પરિચય પામ્યા.

તેઓશ્રી એક મહાન દ્રષ્ટા પુરૂષ હતા. તેમને એમ જણાયું કે આર્ય સંસ્કૃતિ અને આર્ય ધર્મોને નષ્ટ કરવાની કોઇ વ્યવસ્થિત કાર્યવાહી પરદેશના બુદ્ધિજીવીઓ હોંશીયારીપૂર્વક કરી રહ્યા છે, તેથી તે અંગે વર્ષોથી સતત મનન અને ચિંતન કરવા લાગ્યા અને તેમને સ્પષ્ટ સમજાવા લાગ્યું કે ગોરી પ્રજાના ધાર્મિક અને પ્રજાકીય પુરુષો બીનગોરી

પ્રજાના ઉત્કર્ષને નામે વ્યવસ્થિત ચાલ રમી રહ્યા છે કે જેથી આર્ય દેશની પ્રજા તેમના જ આગેવાનોથી સંસ્કૃતિ વિહિન બને અને ધીમે ધીમે ધાર્મિક અને સામાજીક પરિવર્તનથી અધોગતિને પામે.

પંડિતજી શ્રી પ્રભુદાસભાઈ ૮૨ વર્ષની વયે સંવત ૨૦૩૧ ના આસો વદી ૧૩ ના દિવસે પોતાનો દેહ ત્યાગી પરલોક સિધાવ્યા, તેઓ આમ તો લાંબા સમયથી બીમાર હતા. છતાં ધર્મ રક્ષણની બાબતમાં તેઓ પોતાની બીમારી ભૂલી જતાં. તેઓશ્રીએ ગુજરાતીમાં ઘણા ગ્રંથો લખ્યા છે અને સંસ્કૃત પ્રાકૃત ઘણા ગ્રંથો સુધાર્યા છે અને સેંકડો જૈન સાધુઓને તેમણે માર્ગદર્શન આપ્યું છે. શ્રીમદ્ **શંકરાચાર્યજી શ્રી કરપાત્રીજી મહારાજ, મહાત્મા ગાંધીજી**, સ્વ. **ગોલવલકર** વગેરે ઘણા સાથે રાજકીય વિચારણા કરી હતી.

તેઓ જેવું જીવી જાણ્યા તેવું જ મૃત્યુને પણ માણી શકયા, લોકદૃષ્ટિએ તેઓ વિલય પામ્યા છે, પરંતુ તેઓના વિપુલ સાહિત્યમાં તેઓ આજ પણ જીવંત છે. તેઓશ્રી એક દ્રષ્ટા પુરૂષ હતા અને ૪૦ વર્ષ પહેલાં ભાખેલી ઘણી હકીકતો આજ પણ આંખ સામે દેખાય છે.

પ્રભુ તેમના આત્માને શાન્તિ આપો એ જ અભ્યર્થના.

---

બહારથી ધાર્મિક જણાતા અને નામ ધરાવતા જુદા જુદા નિમિત્તોનો આશ્રય લઇ તે સંસ્થાઓ ઉભી કરાતી હોવાથી, ધાર્મિકો પણ તેમાં નિઃસંકોચપણે ધર્મની ઉન્નતિની આશાથી જોડાઈ જતા હોય છે. પરિણામમાં તો દિવસે ને દિવસે અવનતિ જ જોતાં હોય છે. ને નિરાશ થતા હોય છે. ત્યાં તો નવી પેઢીના યુવાનો જુદા—જુદા ઉદ્દેશો આગળ કરીને નવી નવી સંસ્થાઓ કાઢતા હોય છે. અને પૂજ્ય પુરુષો પણ તેવા નામ-ધારી ઉદ્દેશોથી લલચાઈને કે પોતાની ધારણાના કાર્યોને વેગ આવશે, એવી આશાથી નવી નવી સંસ્થાને પ્રોત્સાહન પણ આપતા હોય છે, કે—સ્વયં સ્થપાવતાયે હોય છે. સ્નાત્ર. સમિતિઃ ને ભક્તિ સમિતિઃ જેવી શુદ્ધ ધાર્મિક દેખાતી બાબતો દ્વારા પણ એ તત્ત્વો ઘુસતા હોય છે. તેનો ખ્યાલ ન રહે એ સ્વાભાવિક છે. વળી તેવી સંસ્થાઓથી આજે કામ કરવાની અનુકુળતા વધતી હોય છે, અને સરકારીઃ અર્ધ સરકારીઃ તત્ત્વોનો સીધો કે આડકતરોઃ તેને ટેકો પણ હોય છે. કેમકે—તે ઉદ્દેશથી તો આડકતરી રીતે એવી સંસ્થાઓ કઢાવાતી હોય છે. આકર્ષક ગોઠવણોઃ ખુરશીઃ ટેબલઃ પંખાઃ બત્તીની સગવડોઃ આકર્ષક જાહેરાતોઃ યુગબળઃ જમાનાને અનુસરીનેઃ વગેરે આકર્ષક શબ્દો પણ વેગ આપતા હોય છે. આમ **"કોયલનાં ઇંડા કાગડી સેવતી"** હોય છે. પરંતુ જયારે પાંખો આવ્યા પછી કોયલના બચ્ચા ઉડી જાય, ત્યારે બીચારી કાગડી મોં વિકાસીને માથું હલાવતી જોઇ રહે છે. ને નિરાશ થાય છે. પરંતુ પછી શો ઉપાય ? —**પ્ર. બે. પારેખ**

# નર–શાર્દૂલ

## પંડિતશ્રી પ્રભુદાસભાઈ

—શ્રી દિનેશચંદ્ર એન. મહેતા રાજકોટ

છેલ્લા થોડાં વર્ષથી પંડિતશ્રી **પ્રભુદાસભાઈના** તેમના આશ્રમ સમા **'રત્નજ્યોતિ' રાજકોટના** મકાનમાં અંતેવાસી તરીકે રહ્યો. તેમના લેખોનુ સંપાદન કરતો અને–શાસન રક્ષા કાર્યાલયનું કામકાજ કરતો. અતિ નિકટના સહવાસમાં બે વર્ષ તેમની સેવાનો પણ મને લાભ મળ્યો, જેથી હું મને ભાગ્યશાળી સમજું છું.

ભગવાન મહાવીરની ૨૫૦૦મી ઉજવણીનો પ્રથમ વિરોધ કરનાર પ્રભુદાસભાઇ હતા. ઈંદીરાજી ઉપર પ્રથમ તાર પંડિતજીએ કર્યો હતો. એમાં લખેલું કે ભગવાન મહાવીર નિર્વાણ સમિતિ અમારા સંઘની રજા વગર ઉભી થયેલી છે. તેમાં પ્રધાન અને સરકારી અમલદારો જોડાયા છે. સરકાર પચાસ લાખ રૂપિયા આપવાની છે. આ બધું અમારા જૈન ધર્મમાં ડખલ કરવા રૂપ છે. ભાવિમાં આ ઉજવણી–અમોને નુકશાનકારક લાગે છે. તો આપશ્રી આમાંથી ખસી જાવ. ભગવાનની નિર્વાણ કલ્યાણકની ઊજવણી દર વર્ષે અમો ઉજવીએ જ છીએ!

આમ ભારતભરના જૈન સંઘોના પ્રચંડ વિરોધથી રાષ્ટ્રીય સ્તરની જે, ઉજવણીનું આજે લગભગ બંધ રહ્યા જેવું ઠંડુ વાતાવરણ સર્જાયું છે, એનો વર્ષો પહેલા વિરોધ કરનાર પૂ. પંડિતજી હતા.

ભારતમાં પોપ પોલ છઠ્ઠાનું આગમન થયું. મુંબઇમાં ઓવેલ મેદાનમાં મોટો માનવ મહેરામણ ઉભરાયો. તેમાં પ્રધાનથી માંડી દરેક વ્યક્તિઓ સામેલ હતી, તે વખતે પ્રભુદાસભાઇએ પ્રથમ તાર કરી તેનો વિરોધ ઉઠાવ્યો, અને કહ્યું કે, ખ્રિસ્તી ધર્મનો પ્રચાર **એટલે ભારતના ધર્મોનો નાશ.**

ભારતનું હાલનું રાજ્ય બંધારણ સાચું નથી. તેમાં યુરોપીયનોની બુદ્ધિ અને સલાહ દેખાય છે. વર્તમાન ચૂંટણી પદ્ધતિ અને બહુમત મળે તે જીતે આ વિષે પણ તેઓશ્રીનો વિરોધ હતો, ભારતના બંધારણમાં ૧૯ મી કલમ ધર્મ નિરપેક્ષ રાજ્ય છે એટલે રાજ્યમાં કોઇ ધર્મને સ્થાન નથી. ધર્મની બાબતમાં રાજ્ય અળગું રહે છે. આ વિષે તેમને ખૂબ દુઃખ લાગતું. તેઓશ્રી કહેતા કે, આના કરતા રાજાશાહી વધારે સારી હતી. રાજાઓ આર્ય સંસ્કૃતિને પોષક રાજ્ય ચલાવતાં. પ્રજાને પુત્રવત્ ગણી તેમનું પાલન કરતા અને ધર્મ પરાયણ જીવન જીવતા.

આવા તો અનેક વિરોધ તેઓશ્રીએ સત્ય ખાતર કર્યા. આથી સંઘમાં અને સમાજમાં તેઓશ્રી અળખામણા થયાં એમ કહીએ તો ચાલે! લોકો તેમને સંકુચિત દૃષ્ટિવાળા

કહેતાં. કોઇ ઝગડાખોર વ્યકિત તરીકે ગણાતાં. આ બધું મહેણાં-ટોણાનું વિષ ઘોળીને તેઓ નીલકંઠ થયા. આમ છતાં દુશ્મન તેઓ કોઇને ગણતા જ નહીં. આવી રીતે તેઓશ્રી અજાતશત્રુ હતા.

આવા સિદ્ધાંતપ્રેમી પંડિતજી ઉપર થોડાં વર્ષ પહેલાં **પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાનો કૃપા પત્ર** આવ્યો હતો, તેમાં તેઓશ્રી લખે છે, 'પ્રભુદાસભાઇ તમે શાસનની સેવા તમારી સમજ પ્રમાણે યથાશક્તિ કરી છે. જે અનુમોદનીય છે. તમારૂં શેષ જીવન ધર્મારાધનામાં ઉજ્જવળ બનો એ જ અભિલાષા.' આચાર્યશ્રીના આ ઉદ્દગારો કેટલા સૂચક છે!

પંડિતજીના જીવન દરમ્યાન આશરે સવાસો પુસ્તકો છપાયા છે. તેમાં તેઓશ્રીનું **'પંચ પ્રતિક્રમણ સૂત્ર'** પુસ્તક અજોડ છે. તેમાં જે પ્રસ્તાવના તેઓશ્રીએ લખી છે. જે આજે અક્ષરશ: સત્ય પડી છે. યુરોપીયનો પોતાનું સામ્રાજ્ય અને ધર્મ પ્રચારવા માટે એશિયાના મહાન રાજ્યોને પરસ્પર લડાવશે. ચીન, ભારત અને પાકિસ્તાન લડે છે. યુરોપીયનો શસ્ત્ર સરંજામ આપે છે, આ વાત આજે નજરે નિહાળીએ છીએ. તેઓ હંમેશાં યુરોપીયનોથી ચેતતા રહેવાની સલાહ આપતા. જે આજે તો ખૂબ જ યોગ્ય લાગે છે.

તેઓશ્રીનું સંસ્કૃત અને પ્રાકૃત વ્યાકરણ સારૂં હતું. તેઓશ્રી પંડિત સુખલાલજી સાથે ભણ્યા હતા છતાં પણ બન્નેના વિચારોમાં મતભેદ હતો. **પ્રભુદાસભાઇ** આગમને પ્રમાણ માનતા ત્યારે **સુખલાલજી** ઇતિહાસને પ્રમાણ માનતા. એક સિદ્ધાંતને માનતા ત્યારે બીજા યુગ પરિવર્તનને માનતા. પંડિત **બેચરદાસ**, પંડિત **દલસુખ માલવણીઆ** વગેરે સાથે પ્રભુદાસભાઇને મતભેદ રહેતો, પરંતુ કોઇ સાથે મનભેદ ન હતો. શેઠ શ્રી **કસ્તુરભાઇ**, શ્રી **ચીમનલાલ ચકુભાઇ** અને શ્રી **વાડીલાલ ગાંધી** સાથે મતભેદ હોવા છતાં મનભેદ જરા પણ નહોતો. એ તેમનામાં રહેલી સરળતા બતાવે છે.

તેઓશ્રીના હાથે **'સતત પરિજ્ઞા'** ગ્રંથનું છેલ્લું પ્રકાશન થયું હતું. તેઓશ્રી પાસેથી ત્યારે પ્રુફ રીડીંગ તથા સાહિત્ય-સંપાદન કરવાની તક મળી, જે આજે મને લાભકારી નીવડી છે.

તેઓશ્રીનું **'હિત-મિત-પથ્ય-સત્ય'** માસિક **અરવિંદભાઇ** ચલાવતા. જૈન સંઘમાં આ એક જ નીડર માસિક ગણી શકાય, જેમાં અસત્ય સામે હંમેશાં લાલબત્તી થતી.

વિવિધ વિષયો જેવા કે રાજકીય સામાજિક, આર્થિક ધાર્મિક ઉપર એમણે લખેલ આશરે પાંચ હજાર લેખોનું યોગ્ય સંપાદન કરી જાહેર જનતાના હિત માટે પ્રકાશન થાય એ ખુબ જ જરૂરી છે.

પાશ્ચાત્યોનું અંધ અનુકરણ કરવાની તેઓશ્રી સ્પષ્ટ ના પાડતા. ગોરી પ્રજા જેટલી બહારથી ઉજળી દેખાય છે, તેટલી જ હૃદયમાં કાળી છે, એમ તેઓ અનુભવથી કહેતા.

આ યુગના સત્યનિષ્ઠ, સિદ્ધાંતવાદી, નિઃસ્પૃહી, નીડર લેખક પાસેથી હું ઘણું શીખ્યો. તેઓશ્રીએ કોઇ દિવસ કોઇ શેઠીયા પાસે ધનની યાચના કરી નથી. તેઓશ્રી પોતાના કુટુંબ ઉપર પણ વિશેષ લક્ષ આપતા નહીં. છતાં પણ બધું સહજ મેળે ચાલતું. તેઓશ્રી કહેતા કે હું શાસન અને સંઘ સિવાય કોઇની વિશેષ ફિકર કરતો નથી. જગતમાં સારભૂત જૈન શાસનને જૈન સંઘ જ છે. તે જો ન મળ્યું હોત તો આ જીવ મોક્ષ માર્ગ સુધી કઇ રીતે પહોંચી શકત ?

છેવટ સુધી આત્મ સમાધિમાં અડગ રહી ધર્મનું શરણ અંગીકાર કરતાં આ નર શાર્દુલ આજે આપણી વચ્ચે નથી.

# જૈન શાસનના નભમાં શ્રાવક સિતારા

થોડા સમય માટે શ્રાદ્ધવર્ય પ્રભુદાસભાઇનો પરિચય થયેલો વિશ્વના-દેશના-રાજ્યના સંઘ આદિના સમાચારો જાણ્યા બાદ વિશ્વનું દેશનું રાજ્યનું પ્રજાનું હિત શામાં છે. એ અંગેનો પોતાનો યુક્તિ પુરસ્સરનો અભિપ્રાય રજૂ કરવો, આર્ય પ્રજા આર્ય સંસ્કૃતિનુ રક્ષણ કરવાના સચોટ વિચારો દર્શાવવા, જૈન સંઘ શાસનના પ્રશ્નો ઉકેલવા માટેની પોતાની આગવી બુદ્ધિનો ઉપયોગ કરવો, કયાં કયાંથી શા શા આક્રમણ સંઘશાસન આર્ય સંસ્કૃતિ ઉપર આવ્યા છે, આવે છે, આવશે એ અંગે સવિશેષ જાણકારી આપવી સંઘને સજાગ કરવો વગેરે દ્વારા એમણે શાસન સંઘની મહાન સેવા કરી છે.

ચાર પુરુષાર્થની આર્ય સંસ્કૃતિના અને જૈન સાધુના સાધ્વાચારના ટકાવમાં જ સમસ્ત વિશ્વની તમામ પ્રજાનું અસ્તિત્વ, શાંતિ, સમાધિ છે," એ વાત એમણે ખૂબ જ વિસ્તારથી જુદા જુદા દૃષ્ટિકોણથી જણાવી વિશ્વની તમામ પ્રજાની સેવા કરી છે. ભોજનમાં સાદાઇ ઉણોદરી, નાનામાં નાના સાધુ આગળ નમ્રતા, રહેણી કહેણીમાં આર્યતાનો આગ્રહ, નાના નાના કામમાં પણ ચોકસાઇ, જાતની કે કુટુંબની ખેવના કર્યા વગર શાસન સંઘ, આર્ય સંસ્કૃતિના કાર્ય કરવાનો અચિન્ત્ય ધગશ વગેરે એમના ગુણો એમની મહાનતાના સૂચક હતા.

જૈન શાસન પામીને એની ખૂબ સુંદર સેવા દ્વારા પોતાના જન્મને સફળ કર્યું છે, પોતાની લેખીત અને આગવી વિચારધારા દ્વારા અનેકના જીવનને ઉચ્ચ બનાવવાનો મહાન યશ સંપાદન કર્યો છે.

પૂ. મુનિ શ્રી ગુણસુંદરવિજયજી મ.
ચીકપેઠ બેંગલોર

## પં. શ્રી પ્રભુદાસભાઇને હાર્દિક અભિનંદન

o – o

આજે એમ કહેવાય છે, કે–"અમેરિકામાં ભારતના ધર્મોનો અભ્યાસ કરવાનો ભારે રસ જાગ્યો છે." વાત તદ્દન સાચી છે. પરંતુ "એ રસ શા માટે જાગ્યો છે?" તેની ઊંડી તપાસ કરવી જોઈએ. શું આત્મકલ્યાણ માટે એ રસ જાગ્યો છે? કે જુદી જુદી પ્રજાઓની સ્પર્ધાના કાર્યક્રમ તરીકે એ રસ જાગ્યો છે? જો આત્મકલ્યાણ માટેના રસથી એ અભ્યાસ થતો હોય, તો તેમાં જો આપણે સાથ ન આપીયે તો અંતરાયકર્મ બાંધીયે એ સ્પષ્ટ જ છે, પરંતુ બીજી પ્રજાઓ ઉપર સરસાઈ મેળવવા આક્રમક પ્રવૃત્તિમાં સહાય મળે માટે જે પ્રજા ઉપર આક્રમણ કરવું હોય, તેના ઊંડા અભ્યાસીઓ એક તરફથી ઉભા કરવા, અને તેઓ મારફત તમામ વસ્તુસ્થિતિનો અભ્યાસ કરી લેવાની સગવડ મેળવી લેવી. એ ઉંડા અભ્યાસીઓ કદી આક્રમણ ન કરે એ નીતિનું રક્ષણ કરવામાં આવે, તે પાર્ટી તો માત્ર ઉંડા રહસ્યો અને તેને લગતા હેવાલો જ બહાર પાડે, પરંતુ સાથે જ બીજી પાર્ટી તૈયાર રાખી હોય છે. બહાર પડેલા હેવાલો ઉપરથી છિદ્રો શોધી કાઢે, અને તે દ્વારા આક્રમણો થાય, બંનેય પાર્ટીઓને તૈયાર કરનાર ત્રીજી જ શકિત હોય છે. આ સ્થિતિ જો સાચી હોય, તો અમેરિકામાં જાગેલાં ભારતના ધર્મના રસને ઉત્તેજન આપ્યા બાદ તેમાંથી જન્મતાં આક્રમણના પ્રસંગો જ્યારે આવે, ત્યારે પછી તેનાથી ગભરાવાની કે આક્રંદ કરવાની સ્થિતિમાં ન મૂકાવું જોઇએ,

ખરી વાત એ છે, કે–ખ્રીસ્તી યુરોપીય પ્રજાઓનાં સંતાનો એક તરફથી નમ્રતાપૂર્વક ઊંડો અભ્યાસ કરતા હોય છે. અને બીજી તરફથી તેના ઉપર પોતાની સરસાઈ જમાવવાના પ્રયત્ન ચાલુ હોય છે. આ પ્રમાણેનો તેઓનો કાર્યક્રમ ઘણો જ જુનો છે.

–પં. પ્ર. બે. પારેખ

✿══✿

Gram : RICESAMRAT

Phone Offi. 864886
Gown. 321162
Sesi 5133420

**Rambhia Enterprise**

**Rambhia Brothers**

RICE, GRAIN, MERCHANTS & COMMISSION AGENTS

*Rambhia House 1st Floor 4 Keshavji Naik Road. BOMBAY-400009*

# ધર્મ એજ વિશ્વનો પરમ આધાર છે

વિશ્વ હિતૈષી સ્વ. પંડિત પૂ. પ્રભુદાસભાઇ બેચરદાસભાઇ પારેખને

## કોટી કોટી વંદન

મહા કરૂણાવંત આ વિશ્વ વંદ્ય વિભૂતિ જીવમાત્રના ભલા માટે જીવન પર્યંત ઝઝુમ્યા, ધર્મશાસ્ત્રો, અર્થવિજ્ઞાન, ઇતિહાસ વગેરેના પ્રખર અભ્યાસી તત્ત્વચિંતક આ મહાપુરૂષ ચાર ગુજરાતી જ ભણ્યા હતા. તેઓશ્રીએ શેષ જીવન રાજકોટમાં વિતાવ્યું ત્યારે શ્રી **ઇન્દુલાલ યાજ્ઞિક, શ્રી મીનુ મસાણી** વગેરે ઘણાં આગેવાનો મળ્યા હતા. ભારતમાં બ્રિટિશ શાસન દરમ્યાન જે ઘટનાઓ બની તેની કડીઓ મેળવીને આ વિચક્ષણ પુરૂષને ભવિષ્યમાં થનારી વધુ ખાના ખરાબીનો ખ્યાલ આવી ગયો. છેક **૧૯૩૯ થી લેખો** વગેરે દ્વારા અંગ્રેજોના મલિન ઇરાદાઓને ખુલ્લા પાડયા. ગાંધીજી પણ **અંગ્રેજોની** ચાલમાં ફસાયા.

વિશ્વમાં બનતી ઘટનાઓના અભ્યાસથી તેમણે જોયું કે સમસ્ત રંગીન પ્રજા ઉપર ઇ. સ. ૧૪૯૨ થી ભયંકર જોખમ છે. ઘણી રંગીન પ્રજાનો નાશ થઈ ગયો. જે અનેક બનાવોને સાંકળવાથી જ સમજી શકાય.

ભારતની પ્રાચીન, કાયમી પરોપકારી રાજ્ય વ્યવસ્થા, ન્યાય, અર્થ, શિક્ષણ, ખેતી અને આયુર્વેદ પદ્ધતિઓને તોડવામાં આવી. ખોટો ઇતિહાસ લખાવ્યો. પરંપરાના ઉચ્ચ સંસ્કારોનું ભક્ષણ કરનારૂં શિક્ષણ ગોઠવ્યું.

લોર્ડ **મેકોલેએ** અંગ્રેજી કેળવણીનું માળખું જયારે તૈયાર કર્યું ત્યારે કહ્યું હતું કે "આ અંગ્રેજી કેળવણી દેશમાં એક એવો વર્ગ પેદા કરશે જે માત્ર લોહી અને રંગથી જ હિંદી હશે પણ તેમનું સંપૂર્ણ વ્યક્તિત્વ, આચાર વિચાર આદર્શો, મંતવ્યો, નીતિ વગેરે તમામ અંગ્રેજી હશે.

ભારતની અસલ ધર્મ પ્રધાન રાજ્ય વ્યવસ્થા અને અન્ય પરોપકારી વ્યવસ્થાઓને મૃતઃપાય કરવા માટેના ગૂઢ ઇરાદાથી અંગ્રેજોએ એક નિવૃત અંગ્રેજ અફસર **ઓકોવીમન હયુમના** હાથે "કોંગ્રેસ"ની સ્થાપના કરાવી, અને તેમાં અંગ્રેજી કેળવણી પામેલા આર્યત્વથી પર એવા બેરીસ્ટરો વગેરેને સાંકળ્યા, અનેક રાજકીય પક્ષો ફુટી નીકળ્યા જે આર્ય પ્રજાની જીવન સંસ્કૃતિને ભયંકર નુકસાનકર્તા છે અને નીવડશે તેમ આ આર્યદ્રષ્ટા પુરૂષે કહ્યું : સામ્યવાદ, સમાજવાદ, મૂડીવાદ એ પરદેશી વિચારસરણી કમનસીબે ભારતમાં આયાત થઇ.

તેઓશ્રી કહેતા હતા કે "મત એટલે મોત બહુમતવાદ અહિતકર છે સંત અને શઠના મતનું મૂલ્ય સમાન હોય તેવી લોકશાહી લાખો વર્ષમાં હતી નહિં." ભારતમાં

"સંત શાસન" હતું અને રાજાઓ પ્રજાપાલક હતા અને તેમના પર ધર્મદંડ હતો. આપણી પરંપરાના સૂર્યવંશી મહારાણ બાપા રાવળના વંશ જ મહારાણા પ્રતાપના વંશ કે જેમનો અધિકાર છે તેમને આર્યવર્તની રાજ્ય સત્તા સોંપવાને બદલે અંગ્રેજોએ ગૂઢ હેતુઓ માટે સ્થાપેલી કોંગ્રેસના નેતાઓને હવાલે આ દેશને મૂકી દીધો. અંગ્રેજોએ ચાલ્યા જવાનો દેખાવ કર્યો પરંતુ તેમનું માળખું (ચોકઠું) જડબેસલાક કરતા ગયા અને આ ભોળી અને સરળ પ્રજાને ફસાવતા ગયા.

પ્રભુદાસભાઈ કહેતા કે પુરાતત્વ ખાતું અંગ્રેજોએ આપણી સંસ્કૃતિ અને ધર્મને ખતમ કરવા ખોલ્યું છે. ૨૩-૧૨-૮૫ ના રોજ એક અંગ્રેજી દૈનિક પત્રમાં ૧૮૪૩ ની સાલમાં કનીંગ હામનો જુનો પત્ર પકડાઇ ગયાના અને બ્રિટિશ કાવતરાના આ સમાચાર પ્રસિધ્ધ થયા છે. તે પુરવાર કરે છે કે સ્વર્ગસ્થનો અભ્યાસ કેટલો બધો ઝીણવટ પૂર્વકનો હશે. કતલખાના અને જીવહિંસાની યોજનાઓ પણ અંગ્રેજોએ કરી. આપણાં ધર્મોમાં હસ્તક્ષેપ કરનારી ટ્રસ્ટ એકટની કલમો સર્વોચ્ચ અદાલતમાં પડકારવામાં આવી. શ્રી પ્રભુદાસભાઇએ શાસ્ત્રના શ્લોકો રજૂ કર્યા પરિણામે અદાલતે ચાર કલમો ગેરકાયદે ઠરાવી.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરૂષાર્થની મહાન અહિંસક સંસ્કૃતિના પાયા પર રચાયેલ કાયમી બંધારણ જે "મનુ સ્મૃતિ"માં છે, તે અંગ્રેજોએ ઉડાવી દીધું. અને નવું બંધારણ અર્થ અને કામના પાયા પર રચાચ્યું. પ્રભુદાસભાઇએ તે વખતે ભારતની પ્રજાને લોઢાની બેડીથી મુકત કરીને સોનાની બેડીમાં જકડતા આ બંધારણ સામે જોરદાર ચેતવણીઓ આપી. સરદાર **વલ્લભભાઇ પટેલ** તેમને સાંભળવા તૈયાર થયા. પરંતુ તેઓશ્રી કાંઇ પણ જાણે તે પહેલા અવસાન પામ્યા.

સ્વ. **ઇન્દુલાલ યાજ્ઞિક** પ્રભુદાસભાઇને ત્રણ કલાક મળ્યા. હવે ઘણું મોડુ થઇ ગયું તેમ કહીને ખૂબ રડયા.

વિશ્વની સૌથી સમૃદ્ધ, ધનાઢય અને સુસંસ્કૃત પ્રજાને અંગ્રેજોએ માત્ર નીચોવી લીધી એટલું જ નહિ પરંતુ વંશ પરંપરાગત વેપાર, ધંધા, કલા, ગ્રામ્ય હુન્નર ઉદ્યોગ વગેરે પોષક અર્થ વ્યવસ્થાને છિન્નભિન્ન કરી નાંખી, પ્રજા નિરાધાર દુઃખી અને ત્રાહિમામ થઇ ગઇ.

જીવમાત્રને પરમાત્મા સદ્‌બુદ્ધિ આપ એ જ પ્રાર્થના,

પંડિતજીના અત્યંત ઋણી

(કુલછાબ-જયહિંદ)
(તા. ૩૧-૧૨-૮૫)

ડૉ. બળવંતરાય ઉમેદલાલ કામદાર
જયંતિલાલ લક્ષ્મીચંદ શાહ
સુમનલાલ છોટાલાલ કામદાર

# સાંસ્કૃતિક રાજ્યતંત્ર અને તેના મૂળ તત્ત્વો

**—પં. શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ**

૧. ભારત અને ચીન વિગેરે દેશોમાં કેટલાક રાજાઓને સાલીયાણા આપી રાજ્ય-વહીવટમાંથી દૂર રાખવામાં આવ્યા છે. પરંતુ [redacted] પડી ? એવી વ્યવસ્થા કરવા પાછળના મુખ્ય હેતુઓ કયા [redacted] આજે પણ પડદા પાછળ છુપાયેલા છે. 'રાજાઓ પ્રજા ઉપર [redacted] હતાં, રાજાઓ પ્રજા ઉપર જુલ્મ ગુજારતા હતા.' વિગેરે તો માત્ર તેમના વિરૂદ્ધનો વિદેશીયોનો દેશીયો મારફત પ્રચાર જ હતો. અલબત્ પાછળના રાજાઓને ભારતીય રાજ્યનીતિ ભૂલાવી દેવાથી તથા તેમને મોજશોખમાં પાડી દેવાથી કોઇ કોઇ વ્યક્તિગત રાજાનો નાનો મોટો જુલમ હશે પણ ખરો, પરંતુ તેવા ગણ્યા ગાંઠ્યા દૃષ્ટાંતો ઉપરથી સર્વ રાજાઓ જુલ્મી હતા, યા મોજશોખમાં પડેલા હતા એમ માનવાનું ડહાપણ સમતોલ બુદ્ધિનો કોઈ પણ વિદ્વાન ન જ કરે. સર્વથા તેમ કહેવાને કોઇ યોગ્ય કારણો નથી જ. કેટલાએ રાજવીઓ વ્યકિતગત રીતે સજ્જનો અને પ્રજાના હિતમાં સદા તત્પર રહેનારા હતા.

રાજાઓને વહીવટમાંથી બાજુએ હઠાવી દેવામાં આવ્યા પછી પ્રજા ઉપર જે સંખ્યા-બંધ કરોનો બોજો વધ્યો છે, અને હજુ પણ વધવાનો છે, તેની અપેક્ષાએ રાજાઓના વખતમાં પરંપરાગત ચાલ્યા આવતા કરો તદ્દન નજીવા જ હતા, વચલા કાળમાં કોઇ કોઇ રાજવીએ કેટલાક કરો વધાર્યાનાં પુરાવા રજુ કરી શકાય તેમ છે, પરંતુ તે રાજવી-ઓની કૃતિ નહોતી. ઉપરથી રેસીડન્ટો વિગેરેની સૂચના અને મૂંગી દોરવણી વિગેરે મુજબ આધુનિક શિક્ષણ લીધેલા કારભારીઓ અને દીવાનોની કૃતિ હતી, અથવા બ્રિટિશ રાજ્યનું આંધળું અનુકરણ હતું. અલબત્ તેમાં સહી તો રાજાઓની જ થતી, છતાં તે દોષના પાત્ર રાજાઓ સ્વેચ્છાથી નહોતા. કોઇ રાજા વ્યકિતગત–અન્યાય કરે તો તે વ્યકિતનો દોષ ગણાય. રાજ્યપદ્ધતિનો તે દોષ ન ગણાય. અને એવા વ્યક્તિગત દોષોના દાખલા આજે પણ રાજ્યના અમલદારોના અને પ્રધાનોના બહાર આવ્યા કરતા હોય છે. કેટલાક લોકો તો સારા પ્રમાણમાં કાનુની અથવા બીજી રીતના અન્યાયોમાં વધારો થયો હોવાની બૂમ મારે છે. વર્તમાન રાજ્યતંત્ર જ્યાં કાયદાને આધારે ચાલતું હોય, ત્યાં ન્યાયની આશા શી રીતે રાખી શકાય ? કાયદા ન્યાયને આધારે થવા જોઇએ, ત્યારે આજે ન્યાયને તો સ્થાન નથી ન્યાયની વ્યાખ્યા જ બદલી દેવામાં આવી છે. કાયદાને આધારે થતા ફેંસલાને આજે ન્યાય કહેવામાં આવે છે. અને છતાં ન્યાયાધીશ, ન્યાયાલય, ન્યાયની કોર્ટ વિગેરે શબ્દોનો પ્રચાર ચાલુ રાખવામાં આવ્યો છે. તેથી જ આજે ન્યાયને આધારે કાયદો કે કાયદાને આધારે ન્યાય એ જટિલ પ્રશ્ન ઉપસ્થિત થયો છે.

**'રાજાઓ ખરાબ હતા, તેઓની રાજ્યનીતિ ખરાબ હતી,'** એ કારણોને લઇને

તેમને ગાદી ઉપરથી ખસેડવામાં આવ્યા હોય એ કોઈપણ રીતે ગળે ઉતરે તેમ નથી જ. રાજાઓ ખરાબ હતા તો તેમાંનાં જ કેટલાક રાજાઓને ગવર્નર અને રાજ્યપ્રમુખ કેમ બનાવવામાં આવ્યા ? તેઓ એકાએક ક્યાંથી સારા થઈ ગયા ?

ઊંડાણથી વિચાર કરતાં જણાય છે કે, આંતરરાષ્ટ્રીય સામ્રાજ્યવાદના વિશ્વવ્યાપી ફેલાવામાં રાજાઓ અને તેની પરંપરાગત સત્તાઓ વિઘ્નરૂપ ન થાય, તે દૂરગામી હેતુને ઉદ્દેશીને રાજાઓને ખસેડવામાં આવ્યા હોવાનું વધારે બંધ બેસતું માની શકાય તેમ છે. અને તે હેતુ માટે તેમને ખસેડવાના પ્રયાસો તો ઘણા વખતથી ચાલતા હતા. પરંતુ યોગ્ય તક ન આવી ત્યાં સુધી તેઓને નામ સ્વરૂપે પણ ચાલુ રાખવામાં આવ્યા હતા. જે સંધિ પત્રો ઉપર તેઓ અટક્યા હતા, તે સંધિપત્રોને લોકશાસનનું બહાનું બતાવીને રદ ગણવામાં આવ્યા હતા. વડા પ્રધાન **મી. એટલી**ના ભાષણમાં એ સ્પષ્ટતા જોઈ શકાતી હતી.

અને છતાં કોઈ રાજા પોતાના રાજ્ય ઉપર ચાલુ રહેવા માંગે, તો તેઓને આધુનિક ઢબનાં શક્તિશાળી લશ્કરી શસ્ત્રો ન આપવાની જાહેરાત ઇંગ્લેંડના રાજ્યદ્વારી પુરૂષોના મતથી બહાર આવી હતી. તેની ગર્ભિત સૂચના એ હતી કે 'જો રાજ્ય ઉપરથી ખસી જવામાં નહીં આવે, તો શક્તિશાળી શસ્ત્રોના અભાવે યુદ્ધના પ્રસંગે હારવાનું જ રહેશે, અને તો ગાદી છોડવાનો પ્રસંગ આવશે.' આથી પ્રથમથી જ ગાદી છોડવાનું મન થઈ જાય.

વળી વકીલો વિગેરે શિક્ષિત સ્થાનિક પ્રજા તો ઘણા વર્ષોથી રાજાઓ સામે ઉશ્કેરાયેલી રહેતી જ હતી. (સરસ્વતીચંદ્રનો ચોથો ભાગ વાંચવાથી સમજાશે) બ્રિટિશ રાજ્યસત્તા ભારતની સ્વાભાવિક રાજ્યસત્તા હોય, અને દેશી રાજાઓ વચ્ચેથી ઘુસી ગયા હોય એવો વિકૃત ભાસ ઊભો થવાને કારણે, સૌ શિક્ષિતો ચિંતા કરતા હતા કે દેશી રાજ્યોનું શું કરવું ? કેમ જાણે કે બહારથી આવેલા એ કોઈ રોગ ન હોય ! કોઈ કોઈ બ્રિટિશ અમલદારો પણ ડાહ્યું મોં રાખીને દેશી રાજ્યોનું શું કરવું એવી ચિંતામાં પડયા હોવાનો દેખાવ કરતા હતા.

આમ છતાં ઋષિમુનિઓ પ્રણીત રાજ્યનીતિને વળગી રહીને પ્રજાનું રક્ષણ કરવાને રાજાઓ બંધાયેલા હતા. તેથી રાજ્ય સંભાળી રાખવાની ફરજથી, મરણને ભોગે પણ સ્વેચ્છાથી ચ્યુત થવાનું તેઓને માટે શક્ય નહોતું. પરંતુ સાંભળવા પ્રમાણે રાજાઓને એવી આશાઓ આપવામાં આવી હતી કે, 'સ્વરાજ્ય મળ્યા પછી પ્રજા ઘણી સુખી થઇ જશે. દેશમાં દૂધ અને ઘીની નદીઓ વહેશે, પ્રજા સ્વર્ગનું સુખ ભોગવશે.' આવા વચનોથી સમજુ રાજાઓ એ ખ્યાલમાં રહ્યા કે, 'જો રાજ્યના વહીવટમાંથી દૂર ખસી

જવાથી પ્રજા સુખી થતી હોય, તો અમે રાજી છીએ. અમારૂં પણ એજ ધ્યેય છે. અને તો અમારે ખસી જવું યોગ્ય છે.' આવી ધારણાથી કેટલાક રાજાઓ પ્રામાણિકપણે ખસી ગયા. બીજા કેટલાક રાજાઓએ તેમનું અનુકરણ કર્યું. કેટલાક યુવાન રાજાઓ પોતાના વડવાઓની રાજ્યનીતિથી અપરિચિત હોવાથી, તેમજ મોટે ભાગે, તેઓને નામે રાજ્યમાત્ર હોવાનો અમલદારો કે વિદેશી સલાહકારો ચલાવતા હોવાથી, અને પોતે દેશ-વિદેશમાં મોજશોખ માણતા હોવાથી, તેમના મનમાં થયું કે, 'રાજ્યના વહીવટમાં નામની સહી કરવાથી યે શું અને ન કરવાથી યે શું ?' એ વિચારે પણ એકબીજાની દેખાદેખીથી તેઓ ખસી ગયા. આમ એક જ ઝપાટે રાજવીઓ ખસી ગયા અને સાલીયાણાથી સંતોષ પામી ગયા. સામ્રાજ્યવાદી મુત્સદ્દીઓને રાજ્ય છોડાવવામાં એટલી રકમ આપવી કોઈ મોટી વાત હોય જ નહીં. સાલીયાણાને વ્યવહારથી લાંચ શબ્દ ન જોડી શકીએ, પરંતુ તેનો વાસ્તવિક અર્થ વિચારીએ તો તેનો બીજો કોઇ અર્થ એ દષ્ટિથી થઈ શકે તેમ નથી.

સ્વરાજ્ય મળ્યા પછી ખરી રીતે દેશી રાજ્યોમાં બ્રિટિશ રાજ્યને સમાવી દેવું જોઇતું હતું. અથવા જેના પ્રદેશો બ્રિટિશ રાજ્યમાં ભેળવાયા હતા, અથવા જે જે દેશી રાજ્યોનું બ્રિટિશ રાજ્ય બન્યું હતું, તેમાં બ્રિટિશ રાજ્યને ન્યાયપૂર્વક વહેંચી દેવાનું યોગ્ય હતું. તેને બદલે બ્રિટિશ રાજ્ય સ્વદેશી રાજ્ય હતું અને દેશી રાજ્યો વિદેશી રાજ્યો હતા એવા ભાસથી, બ્રિટિશ રાજ્યમાં દેશી રાજ્યોને ભેળવી દઇ, તે દેશી રાજ્યોની પ્રજાને સ્વરાજ્યની પ્રાપ્તિ થઇ એમ મનાવવામાં આવ્યું. શિક્ષિતોના માનસ ઉપર પરદેશી મુત્સદ્દીઓનો અસાધારણ કાબુ હોવાનું આથી પૂરવાર થાય છે.

ભારતમાં એકંદરે સર્વ રાજાઓ એકી ઝપાટે રાજ્યવહીવટમાંથી દૂર થઇ ગયા. અથવા તેમને દૂર કરવામાં આવ્યાં. રાજાઓને ગાદી ઉપરથી ખસેડવાની ઘણા વર્ષોથી ચાલી આવતી યુક્તિ-પ્રયુક્તિઓનું એ પરિણામ મેળવી લેવામાં આવ્યુ., અને એ બાબતના મોટામાં મોટો યશ દેશી-વિદેશીયોયે **સરદાર વલ્લભભાઇ પટેલને** આપ્યો. જો કે 'રાજાઓને સદંતર દૂર કરવા' એ પ્રકારની ગંધ શ્રી **ગાંધીજીની** કોઇપણ વાતમાં નહોતી, છતાં તે પરિણામ લાવવામાં આવ્યું.

૨. રાજવીઓને ગાદી ઉપરથી દૂર કરવામાં આવ્યા એ એટલી ચિંતાનો વિષય નથી. જેટલી ચિંતાનો વિષય તેમના ગાદી ઉપરથી દૂર થવાથી, ઋષિમુનિઓ પ્રણીત કલ્યાણકારી ભારતીય આર્ય રાજ્યનીતિ પ્રજાના જીવનમાંથી દૂર ખસી ગઇ-તે છે. ભારતીય આર્ય રાજ્યનીતિ પ્રજાના જીવનમાંથી ખસી જવાથી બ્રિટિશ પાર્લામેન્ટ અને યુ. એન. ઓ. વિગેરેની વિદેશીય રાજ્યનીતિ, તેના આદર્શો તથા તેની પાછળ જોડાયેલી સર્વયોજનાઓ અને તેનું અમલીકરણ વિગેરે, સમગ્ર ભારતમાં એક છેડેથી બીજા છેડા સુધી કોઇ પણ પ્રકારના અંતરાય વગર પ્રસરી શકે.

જેઓ માને છે કે સ્વરાજ્ય મળવાથી બ્રિટિશોનું અથવા વિદેશીઓનું વર્ચસ્વ ભારતમાંથી ચાલ્યું ગયું છે. તેઓ સરિયામ ભ્રમણામાં જ છે. યુ એન. ઓ. દ્વારા અને બીજી રીતે આજે પણ તે વર્ચસ્વ ચાલુ જ છે. ભારતનું વિધાન બ્રિટિશ પાર્લામેન્ટના કાયદા પ્રમાણે છે તેમાં જરાપણ શંકા નથી. ભારતની ચાર પુરૂષાર્થની સંસ્કૃતિના આધાર ઉપર તે નથી જ. તેને તો ઇરાદાપૂર્વક દૂર રાખવામાં આવેલ છે એ વાસ્તવિક હકીકત છે. આ સંબંધમાં 'જન્મભૂમી પ્રવાસી'મા પ્રગટ થયેલું **શ્રી કેશવલાલ શાહ** બી. એ. એલ. એલ. બી. નું લખાણ ખાસ ધ્યાન ખેંચે તેવું છે.

**સત્તાનું મૂળ**

એક શહેરની મ્યુનિસિપાલીટીએ એક પેટા કાનુન ઘડયો કે, 'હાથગાડી રાખવી નહી'.'

એ પેટા કાનુન ઘડવાની સત્તા તેને કોણે આપી ? જવાબ મળશે કે, 'મ્યુનીસિપલ કાયદાએ.'

'તો એ મ્યુનિસિપલ કાયદો કોણે ઘડયો ? રાજ્યની વિધાન સભાએ.

રાજ્યની વિધાનસભાને એ કાયદો ઘડવાની સત્તા કોણે આપી ? 'બંધારણે.'

'બધારણ કોણે ઘડયું ? બંધારણ સભાએ.'

'એ સભાને એવું બંધારણ ઘડવાની સત્તા કોણે આપી ?' ઇંગ્લેંડની પાર્લામેન્ટે.

'ઇંગ્લેંડની પાર્લામેન્ટને એ કાયદો ઘડવાની સત્તા કોણે આપી ?' તેનો જવાબ અટકી પડે છે. કારણ કે ઇંગ્લેંડની પાર્લામેન્ટ સાર્વભૌમ છે. તે ધારે તે કરી શકે. તેના ઉપર કોઇ નિયંત્રણ નથી. કોઇ કાયદાથી તે બંધાયેલ નથી.'

(જન્મભૂમિ પ્રવાસી તા. ૧૧–૧૧–૫૮ સોમવાર પૃષ્ઠ ૧૨–અદાલતને આંગણે)

વળી મંત્રી મિશનની ૨૬ કલમની દરખાસ્તો અને **મી. સ્ટેફર્ડ ક્રીપ્સે** બ્રિ. પાર્લામેન્ટમાં પસાર કરાવેલો હિંદ સ્વાતંત્ર્ય ધારો વાંચવાથી ભારતમા નવા બંધારણનું મૂળ ઇંગ્લેંડની સત્તા કેવી રીતે છે તે ખ્યાલમાં આવશે.

વાસ્તવિક પરિસ્થિતિ આ હોવા છતાં, સ્વરાજ્યના પ્રાપ્તિના નશામાં સૌ ચકચૂર હોવાથી, નગ્ન એવું પણ આ સત્ય સમજાતું નથી.

૩. ભારતીય આર્ય રાજ્યનીતિ સર્વ કલ્યાણકારિણી રાજ્યનીતિ છે એમાં શક નથી. આધુનિક વિદેશીય રાજ્યનીતિ ઘણી વ્યવસ્થિત અને ઉંચા પ્રકારની લેખાતી હોવા છતાં તેની પાછળ એક પ્રજાના સ્વાર્થો અને બીજી પ્રજાઓના માનવો તથા બીજા પ્રાણીઓની ગૂઢ કે પ્રત્યક્ષ હિંસા ગોઠવાયેલી છે. તેથી વાસ્તવિક રીતે તે રાજ્યનીતિની ભયંકરતા અત્યંત વધી જાય છે.

૪. ભારતમાં કે કયાંય લોકશાહી કે રાજાશાહી હતી જ નહીં. સર્વત્ર સંતશાહી જ હોવાનાં પ્રબળ પ્રમાણો છે. માત્ર અર્થ પુરુષાર્થના એક ભાગ તરીકે રાજ્યતંત્ર ગોઠવવામાં આવેલું છે. રાજ્યતંત્ર સિવાય પ્રજાનાં બીજા કોઈપણ અંગો ઉપર રાજાનો અધિકાર છે જ નહીં; હતો જ નહીં, તેમ છતાં ભારતીય રાજ્યનીતિ અને રાજાઓને હલકા પાડવા 'રાજાશાહી, સામંતશાહી.' વિગેરે શબ્દોનો વિદેશીઓએ પ્રચાર કર્યો છે.

૫. મહાસંતોએ પ્રજાને ધર્મગુરુઓ, ધંધાદારી આગેવાનો, અને સામાજિક જાતિ-જ્ઞાતિ વિગેરેના આગેવાનો નીચે મુકેલી છે. ધર્મશાસ્ત્રના નિયમોને, સામાજિક નિયમોને તથા ધંધાદારી શ્રેણિઓના નિયમોને ધ્યાનમાં રાખીને પ્રજા જીવે, તેમાં રાજ્યને કયાંય વચ્ચે આવવાનું છે જ નહીં. તે વ્યવસ્થામાં કોઈપણ ભૂલ કરે, તો તે તે વ્યવસ્થાના આગેવાનો તેને નિયંત્રણમાં રાખી ભૂલ સુધારે.

રાજાઓ અને રાજ્યતંત્રને તો મુખ્ય ત્રણ જ કાર્યો કરવાનાં.

(૧) સામાજિક, ધાર્મિક અને ધંધાદારી નિયંત્રણોથી પર થયેલા વધુ ઉદ્ધત લોકોને બાહ્ય બળથી નિયંત્રણમાં રાખવા પૂરતો ન્યાય ચૂકવવો.

(૨) લડાયત સામગ્રી ધરાવતા યુદ્ધથી બહારનાં આક્રમણો નિવારવાં.

(૩) પ્રજા તરફથી દેશમાં ચાલતી પ્રવૃત્તિઓ પરસ્પર અથડાઇ ન પડે, તે માટે યોગ્ય વ્યવસ્થા અને નિયમન જાળવવાં.

જેમ ધર્મ, ધંધા અને કુટુંબોની સંસ્થાઓ પોતપોતાની રીતે ધર્મ પ્રધાન સાંસ્કૃતિક જીવન જીવવામાં પ્રજાને સહાયક થાય, તે પ્રમાણે રાજ્યતંત્રને પણ બાહ્ય બળથી તેમાં સહાયક થવાનું. કોઈના ઉપર સત્તા ચલાવવાની નહીં. રાજ્યતંત્ર પણ મહાસંતોએ ફરમાવેલી પ્રજાની એક સંસ્થા જ છે, અને તેનું સંચાલન ચક્રવર્તીના હાથ નીચે રાજાઓને સોંપવામાં આવેલું છે.

૬. ધાર્મિક આદિ કોમળ નિયંત્રણોથી પણ નિયંત્રણમાં ન રહે તેવા લોકો પણ કુદરતી રીતે સંભવે જ. તેવા લોકો સામે રાજાની જાજવલ્યમાનતા તથા ભીષણતા રાખવામાં આવે. ઉદ્ધત, અવિનયી, અને ઉચ્છૃંખલ લોકો સામે રાજ્યતંત્ર ભયંકર સ્વરૂપે દેખાય એવો તેનો ફટાટોપ હોવો જોઈએ, અને તે હોવો તે એટલા અંશે વ્યાજબી પણ છે. જેથી તેવા લોકો ભયથી પણ નિયંત્રણમાં રહી, અન્યાય, અનીતિ, ભયંકર ગુન્હા અને અવ્યવસ્થા જન્માવી ન શકે.

પરંતુ સજ્જનો સામે કશાય ફટાટોપની જરૂર નહીં. સજ્જનોના તો રાજાઓ અને

રાજ્યતંત્ર સદા દાસ જ રહેતા આવેલા છે. 'ત્રણ લોકના નાથ જેના નાથ છે એવા સજ્જનોના તો રાજાઓ પણ સેવકો જ હોય છે.' પ્રાચીન શાસ્ત્ર-ગ્રંથનું આ વાક્ય યથાર્થ જ છે.

ભારતીય આર્ય રાજ્યનીતિ રાજાઓએ ઘડેલી જ નહોતી. તેના ઘડનારા તે મહાસંતો. ઋષિમુનિઓ હતા. ધર્મથી અનિયંત્રિત, અનાત્મવાદી, અને ભૌતિક આદર્શો ઉપર રચાયેલી રાજ્યનીતિનો પ્રચાર કરવો હોય તો આત્મવાદના પાયા ઉપર રચાયેલી રાજ્યનીતિ ખસેડવી જ પડે. અને તે ખસેડવા માટે રાજાઓને પણ દૂર કરવા જ પડે. અને તે આબાદ રીતે પાર પાડવામાં આવ્યું.

વર્તમાન ઉથલપાથલનો નિર્દેશ આ સ્થળે ટુંકમાં કર્યો છે.

---

સ્થાનિક સંઘોએ જુદાં જુદાં બંધારણો ઘડવાની જરૂર નથી. નહિંતર દરેક સંઘને પોતાની મરજી મુજબ બંધારણ ઘડવાનો અધિકાર મળી જાય છે. અને તેથી ગમેતેવું બંધારણ ઘડી કાઢે. ખરી રીતે સૌ સ્થાનિક સંઘો પ્રભુએ સ્થાપેલા જૈન શાસનના બંધારણ પ્રમાણે વર્તવા બંધાયેલા છે, કારણ કે તે સર્વ બ્રાન્ચો છે. સ્થાનિક સંઘોએ સુવિહિત ધર્મગુરુઓની આજ્ઞા પ્રમાણે અને પરંપરાગત રિવાજ પ્રમાણે શાસન અને સંઘને અનુસરીને ચાલવું શ્રી સંઘની એટલે કે ધર્મગુરૂઓની આજ્ઞા વિના અમારાથી કોઇપણ ફેરફાર થઇ ન શકે એવું વલણ સ્થાનિક સંઘોએ રાખવું જોઇએ. નહીંતર આપણે જ હાથે ભગવાનનું શાસન અને તેનો સંઘ નથી એવી કબુલાત થઇ જાય છે અને તેના લોપના મહાપાપના ભાગીદાર બનીએ છીએ.

અત્યંત દુઃખનો વિષય તો એ છે કે પરમ પૂજ્ય આચાર્ય મહારાજાઓ અને આગેવાન પુરૂષોને એ ખ્યાલમાં જ નથી કે અમારી ઉપેક્ષાથી આ રીતે શાસનની મહા અપભ્રાજના થઇ રહી છે. હિંસાના પાપ કરતાં પણ શાસનની અપભ્રાજનાનું પાપ વધારે મોટું છે એમ શાસ્ત્રકાર ભગવંતોએ ફરમાવ્યું છે, કારણ કે તે મિથ્યાત્વ જેવા મોટા દોષને પોષણ આપનાર છે.

હિત-મિત-પથ્યમ્ સત્યમમાંથી સાભાર.

# બહુમતની ચુંટણીની ઘાતક પ્રક્રિયા

**પંડિત શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ**

આજે એમ કહેવામાં આવે છે. કે–"બહુમતના આધાર ઉપર ચુંટણી એટલા માટે કરવામાં આવે છે, કે–આગેવાનો શી રીતે પસંદ કરવા? અને તેઓના અધિકારો શી રીતે નક્કી કરવા? માનવો રાગદ્વેષથી ભરેલા છે. પક્ષાપક્ષથી ભરેલા છે. તેથી હિતા-હિતનો નિર્ણય કરવાનું બીજું કોઈ સાધન જ નથી. આ સંજોગોમાં બહુમતઃ અને નીચેથી ચુંટણીઃ એ સિવાય બીજો ઉપાય જ નથી. રાગદ્વેષ રહિત સર્વજ્ઞો હોય, તો આવી ચુંટણી વગેરેની જરૂર ન રહે. પરંતુ તે નથી. માટે તે સિવાય બીજો ઉપાય નથી."

આ દલીલ ખોટી છે. કેમકે–સર્વજ્ઞ વીતરાગોની વ્યવસ્થા જ સર્વ મંગળમય છે. જગતભરમાં એ જ ફેલાયેલી છે. પરંતુ જગતની ગોરીપ્રજાએ બીજી પ્રજાઓ કરતાં જુદા પડીને ઇ.સ. ૧૪૯૨થી જ્યારે પોતાના જ વિશિષ્ટ સ્વાર્થો માટેની યોજનાઓ અમલમાં લાવવાની ગોઠવણો કરવા માંડી ત્યારથી પોતાને ત્યાં તે આંતરિક રીતે આજ્ઞાપ્રધાન પરંપરા ચાલું રાખવા સાથે, બીજી પ્રજાઓમાંથી આજ્ઞાપ્રધાન વ્યવસ્થાને નકામી કરી નાંખી ઉડાડી દેવા માટે બહુમતઃ અને ચુંટણીઃનો પ્રચાર કર્યો છે. તે પહેલાં પોતાને ત્યાં બહારથી દેખાવ પૂરતા ને કામચલાઉ બહુમતઃ અને ચુંટણીપ્રધાન વ્યવસ્થાઃનો દેખાવ રાખી બીજા દેશોની પ્રજામાં તે ફેલાવવામાં આવેલ છે. કેમકે–એ શસ્ત્રથી આજ્ઞાપ્રધાન વ્યવસ્થાને છિન્ન–ભિન્ન કરી નાંખવા બહુમત, ચુંટણીઃ મતાધિકારઃ વગેરેના મોટા મોટા સ્ટંટો ઉભા કરવા–કરાવવામાં આવ્યા છે. પછી તો આજ્ઞા–ઓર્ડરને તેઓ પણ પ્રાધાન્ય આપે છે. જ્યાં સુધી મહાપુરૂષોની આજ્ઞાનું તંત્ર તુટે ત્યાં સુધી જ મતાધિકાર વગેરે છે. તેમાં સ્થાનિક વકિલવર્ગ વગેરે કે જે તેને તેઓ દ્વારા અનુસરતા કાયદાઓનાં નિષ્ણાત છે, એ વર્ગને જોરદાર બનાવી. આજ્ઞાપ્રધાન આગેવાનોઃ સંસ્થાઓઃ તેના બંધારણીય તત્ત્વો વગેરેને નકામાં જેવા બનાવી દેવામાં આવતા જાય છે. તે સંસ્થાઓના સમ્મે-લનોમાંયે આડકતરા અંતરાયો નંખાવી, હવે તો લગભગ તેને બંધ જેવા જ કરાવી નંખાતા જાય છે. જેથી આગળની પેઢીઓ તેને તદ્દન ભુલી જ જાય, તથા તેના વિજ્ઞાન અને પરંપરાગત અનુભવથી વંચિત થતા જાય. ઉલટા મતાધિકારની પદ્ધતિથી પરિચિત થતી ગઈ હોય. કારણ કે–તેના અનુભવ આપવા માટે નાના નાના મંડળોઃ સભાઓઃ સોસાઈટીઓઃ એસોસીએશનોઃ સમિતિઓઃ વગેરે સ્થાપવાને વેગ આપ્યો હોય છે. તેના કાયદેસરપણાના ટેકો ઉભો કર્યો હોય છે. તે નવી સંસ્થાઓ અન્યાયી રીતે પણ મૂળભુત સંસ્થાઓ સામે શિંગડા માંડે, તેને આડકતરો મુંગો ટેકો હોય છે. આવી આવી વિરૂદ્ધ

પ્રક્રિયાઓથી પરસ્પર ઘર્ષણુઃ કુસંપોઃ દરેક વર્ગોમા વધતા જતા હોય છે. અને છેવટે સત્તાના ટેકાથી નવી સંસ્થાઓને ઉત્તેજન અને પ્રધાનતા આપવામાં આવતા હોય છે.

પ્રથમની પરંપરાગત સંસ્થાઓને જુદા જુદા બ્હાનાથી નિયંત્રણમાં લઇને તેના ઉપર કાયદાના દબાણો અને આડકતરી મુશ્કેલીઓ મૂકાતી. અને પછી ક્રમે ક્રમે વધારતા જવાતીઃ હોય છે. આ બધી પ્રજાની ધર્મભાવનાની અને ધાર્મિક સામાજિક બળોની નિર્બળતાના મુખ્ય કારણો છે. આર્થિક અને પ્રજાકીય બળોની પણ એ જ દશા છે.

---

બીજી તરફ કોંગ્રેસના નેતાઓના મનમાં એવું આર્થિક ભૂત ભરાવ્યું હોય છે. કે-દેશહિતને માટે સરખી નજરથી દરેકને જોવાની એવી મગજમાં પીચકારી મારી હોય છે કે-"દેશની ખેતીની ઉન્નતિના સર્વના લાભના પ્રશ્ન ખાતર આવા કોમી ધર્મસ્થાનો દેશે જતા કરવા જોઇએ." પરંતુ સ્થાનો ટકાવમાં દેશનું પ્રજાનું કયાં ભલું છે ? તેની તેઓને માલુમ નથી હોતી, અને કમીટીમાં તેવાજ માણસો લગભગ હોય, એટલે કાયદેસર કર્યું ગણાય અને આ મહત્ત્વના સ્થાનોને ભવિષ્યમાં ફટકો પડી જવાના સંજોગો ઘેરાતા જાય. ખરી રીતે આપણે એવી લાગવગ લગાડીને **પાર્લામેન્ટ** મારફત સ્પેશ્યલ કાયદો કરાવી લેવો જોઇએ કે "ખેતી, વેપાર, શહેરરચના ગ્રામ્યરચના કારખાનાનો વિકાસ, કે એવા કોઈ પણ કાયદાને લગતી ગમે તે કલમ એવી હોય છતાં આપણા **કલ્યાણક સ્થાનો તીર્થ-સ્થાનો** કે કોઈપણ **પવિત્ર ભૂમિઓને** અસર ન કરે." નહીંતર કાળાન્તરે તે સ્થાનો ઉપર મોટો ફટકો પડવાના સંજોગો ઘેરાતા જાય છે. આજે કેટલાક ત્યાંની દુરસ્તી કરાવવાનો વિચાર કરી રહ્યા છે. પરંતુ તેમાં ત્યાંની સત્તાની મંજુરી માંગવી પડે. કદાચ મંજુરી મળે પણ ધર્મસ્થાનોની રક્ષા માટે નહીં. માત્ર આજની આપણી શરમને લીધે મંજુરી મળે. પરંતુ આજે મંજુરી માંગવાનું આપણે સ્વીકાર્યા પછી આપણી ભાવિ સંતતિને મંજુરી આપવામાં કેટલાં ગલ્લાં તલ્લાં કરવાની રીત અખત્યાર થશે, તે આપણને ભયરૂપ નિવાડવા મોટો સંભવ છે. જ્યારે પ્રથમ આવી મંજુરી લેવાની આવશ્યક્તા જ નહોતી, મંજુરી લેવા સામે કદાચ વાંધો ન લઇએ. પરંતુ તે મંજુરી પૂરતો જ અંકુશ નથી. ભાવિમાં "જેની મંજુરી માંગવી પડે છે તે વાસ્તવિક રીતે આપણું નથી." એવો તેનો ગર્ભિત અર્થ થવાનો છે. ધારો કે ભવિષ્યમાં રાજ્યક્રાંતિ થાય, પરંતુ તે દરમ્યાન આવા મુખ્ય સ્થાનો ઉચ્છિન્ન થઇ જાય, તો તેનું શું થાય ? માટે ઉપેક્ષા કરવા જેવું નથી.

**-પં. શ્રી પ્ર. બે. પારેખ**

卐

# હાલના કેવળ ભૌતિક વિજ્ઞાને માનવોને કરેલી ભયંકર હાનિઃ

—પં. શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ

આત્માઃ અને તેના વિકાસઃ વિકાસના ઉપાયોઃ અને છેવટના પરિણામોઃ સુધીની જે ઉત્તમ વિચારણાઓ થયેલી છે, તેના અનુસંધાનમાં–(૧) વિશેષ શોધોઃ અને વિચારણાઓઃ ન કરતાં, હાલના વિજ્ઞાને (૨) તે સર્વને બાજુમાં જ રાખીને–ધકેલીને–સ્વતંત્ર રીતે વિશ્વનો વિચાર કરવાની શરૂઆત કરી છે. (૩) સ્વતંત્ર રીતે જ મૌલિક અને વિભાગીય આ તમામ નવા શાસ્ત્રો રચવા માંડયા છે. (૪) ત્યાં સુધી તો કદાચ ઠીક પણ (૫) તે અપૂર્ણ અને અધકચરી શોધોના આધાર ઉપર (૬) માનવી જીવન વ્યવસ્થાય સર્જી છે, (૭) ને સર્જાવાય છે. અને (૮) તેનો મોટા પાયા ઉપર મોટા ખર્ચે પ્રચાર કરાય છે. (૯) કરાવાય છે. એટલેથી ન અટકતાં–(૧૦) આત્મવાદ ઉપરના–કાંઇક કાળથી રૂઢ થયેલા પરંપરાગત ચાલ્યા આવતા–જીવનધોરણોને માનવોના જીવનમાંથી (૧૧) કાઢી નંખાવવા–(૧૨) અબજો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે, (૧૩) તે કારણે કરોડો માનવીઓને તે કામે રોકવામાં આવેલા છે. તથા (૧૪) બીજા અનેક પ્રપંચોમયઃ સાચા–ખોટાઃ આકર્ષકઃ અને ભયભીત કરાવનારાઃ કે લલચાવનારાઃ પ્રયાસોય કરવામાં આવે છે. (૧૫) તે જ નવા જીવનધોરણોને (૧૬) વ્યવહારુઃ (૧૭) ઉપયોગીઃ અને (૧૮) પ્રાગતિક કહેવામાં આવે છે. (૧૯) તેને શિક્ષણઃ કાયદાઃ રાજયતંત્રોઃ શોધોઃ યંત્રોઃ વગેરેનું પીઠબળ આપવામાં આવે છે. (૨૦) લોકશાસનઃ ગણતંત્રઃ (૨૧) ધારાસભાઓઃ (૨૨) ચુંટણીઃ (૨૩) બહુમતવાદઃ (૨૪) બહુમત પ્રાપ્ત કરવા–સત્યાસત્યમિશ્ર વર્તમાનપત્રોનો બહોળો ફેલાવો (૨૫) મતાધિકારની પદ્ધતિ ઉભી કરવીઃ (૨૬) નાટક–સીનેમા–મનોરંજન–વગેરે પ્રચારક સાધનોઃ (૨૭) સત્યાસત્ય મિશ્રિત ભાષણો–વક્તવ્યો ફેલાવવાઃ ને (૨૮) તેનું ખોટી રીતે પ્રવચન નામ આપવું. વગેરે ધમધોકાર ચાલે છે. (૨૯) બીજી અનેક લાલચો દ્વારા જનતાને તે તરફ આકર્ષવામાં આવે છે. એટલું જ નહીં પરંતુ (૩૦) ધંધાઃ અને આજીવિકાઃ તથા આર્થિક મુશ્કેલીઓઃમાં મૂકી તે દૂર કરવા માટે જનતાને ન છુટકે લલચાવું પડે (૩૧) તેવી સ્થિતિ ઉત્પન્ન કરવા માટે (૩૨) જુદા જુદા નિમિત્તોથી (૩૩) વંશપરંપરાગત ધંધાઓ તોડાતા જાય, (૩૪) લોકો મુશ્કેલીમાં મૂકાતા જાય, (૩૫) પ્રાગતિક જીવન–ધોરણને પાટે જે લોકો ન ચડે, ત્યાં સુધી તેઓને નવા ધંધાઃ કે આર્થિક સગવડોઃ આપવામાં ન આવે અથવા અતિ કરકસરથી અપાય, અથવા ઢીલ કરવામાં આવે (૩૬) મોંઘવારીઃ (૩૭) કરોઃ વધારાય. (૩૮) પરંપરાગત સાધનોનો અનેક પ્રકારે અભાવ કે દુર્લભતા ફેલાવાય. (૩૯) નવાજુના વિચારોના ઘર્ષણોઃ (૪૦) ધર્મઃ (૪૧) અર્થઃ (૪૨) કામઃ પુરુષાર્થના સાંસ્કૃતિક સાધનો અને (૪૭) તેના આધાર ઉપરના જીવનધોરણોમાં (૪૪) જુદી જુદી દિશાએથી (૪૫) સુધારાઃ (૪૬) પરિવર્તનઃ

(૪૭) યુગાનુસારતાઃ (૪૮) બાળવિકાસઃ (૪૯) સ્ત્રીસ્વાતંત્ર્ય, (૫૦) પ્રજા સ્વાતંત્ર્યઃ (૫૧) દેશનો ઉદયઃ (૫૨) જુનવાણીને વિદાયઃ વગેરે જુદા જુદા નિમિત્તો આગળ કરીને કાપ મૂકવાની યોજનાઓ કરાય.

(૫૩) નવનિર્માણને અનુરૂપ પાંચ પાંચ વર્ષીય યોજનાઓ મોટે ભાગે બહારનાં સાધનથી અમલમાં મૂકાવાય. (૫૪) ભાષા પરિવર્તનઃ (૫૫) પ્રજાના રોજીંદા વેશમાં પરિવર્તનઃ (૫૬) તોલ—માપમાં પરિવર્તનઃ (૫૭) સિક્કા—પરિવર્તનઃ (૫૮) કાળ અને વખતના પારિભાષિક શબ્દોમાં અને (૫૯) વ્યવહારોમાં પરિવર્તનઃ (૬૦) શિલ્પમાં અને તેના ઉપયોગમાં પરિવર્તનઃ (૬૧) ખાનપાનમાં પરિવર્તનઃ (૬૧) આરોગ્ય અને (૬૨) શારીરિક ચિકિત્સા—પદ્ધતિમાં પરિવર્તનઃ માત્ર શારીરિક જ ચિકિત્સા પદ્ધતિનો આશ્રય. (૬૩) વ્યાપારઃ (૬૪) ખેતીઃમાં પરિવર્તનઃ (૬૫) માલિકી હક્કોમાં પરિવર્તનઃ (૬૬) રાજ્યનીતિ (૬૭) અને તેના આદર્શોમાં પરિવર્તનઃ (૬૮) મોટા મોટા કારખાના (૬૯) બહારના ધન અને માલિકો દ્વારા નંખાવવાથી (૭૦) સ્થાનિક ધંધાદારીઓના ધંધાનો નાશઃ (૭૧) અથવા થોડાઓને ધંધાઃ ને ધનઃ મળે, મોટી સંખ્યાના લોકો ધંધારહિત થાય. (૭૨) કારખાનાઓને ક્રમે ક્રમેઃ જરૂરીયાત પ્રમાણેઃ દેશમાંની પ્રજાના ધન—બુદ્ધિ—કુશળતા અને આવશ્યકતાઃ પ્રમાણે ઉભા કરવાને બદલે, એકદમ આગળ વધવાના બહાના નીચે જલ્દી જલ્દી મોટા પાયા ઉપરના વિદેશીયઃ બુદ્ધિઃ ધનઃ સંચાલકોઃ નિષ્ણાતોઃને આધારે બહારનાઓની સલાહ અને યોજનાઓઃથી પરિણામે તેઓના જ મુખ્ય હિત માટે જ સ્થાપિત કરી દેવા. (૭૩) ભારતના આર્યો પોતાનું બીજું પ્રસિદ્ધ નામ "હિંદુ" શબ્દ પણ ન વાપરી શકે, તેવા ઉપદેશનો પ્રાથમિક પ્રચાર જેથી એક વિશિષ્ટ પ્રજા પોતાનું વ્યક્તિત્વ અને અસ્તિત્વ ભવિષ્યમાં ટકાવી ન શકે. (૭૪) પ્રજાકીય ઇતિહાસની વ્યવસ્થાની *મૂળભૂમિકારૂપ વહીવંચાની જાતિઓઃ ને તેના ચોપડાઃ* રહેવા ન પામે. તેની તે જાતિઓના કાર્યને નિષ્ફળ બનાવી દેવામાં આવેલ છે. (૭૫) એકંદર આત્મવાદ ઉપરની જીવન સંસ્કૃતિઃ (૭૬) સ્વતંત્ર પ્રજા તરીકેનું અસ્તિત્વ વગેરે ઉપર અસાધારણ માઠી અસર ઉત્પન્ન કરનારા અને (૭૭) બહારની પ્રજાને ભવિષ્યમાં આ દેશના વતની તરીકે સ્થાયિ વસવાટ મળે. તેને માટે સેંકડો પ્રાગતિક દૃષ્ટિથી રચનાત્મકઃ અને સાંસ્કૃતિક દૃષ્ટિથી ખંડનાત્મકઃ બાબતો શરૂ કરવામાં આવેલી છે. (૭૮) અણુવિકસિત દેશ કહીને સંતતિ નિયમન મારફત ભવિષ્યમાં એક સંસ્કારી પ્રજાને ક્રમે ક્રમે ઉચ્છિન્ન કરવાની કરાયેલી ગોઠવણ ધીમે ધીમે આગળ વધતી જાય છે. (૭૯) અને વિકસિત દેશોને મોટી સંખ્યામાં પ્રજા ઉત્પન્ન કરવાનો હક્ક હોવાનો માની લઈને તેના સંતાનોને, બીજા દેશોના વિકાસમાં આર્થિક વગેરે મદદ કરવાને બહાને વિકસિત કરી ત્યાં ત્યાં (૮૦) બીજા નિમિત્તોથી મોકલીઃ વસાવીઃ (૮૧) સ્થાયી નાગરિક તરીકે—કાયમ વસવા માટેના (૮૨) સ્થાનિક કાયદાઓ કરાવી લેવડા-

ચવામાં આવ્યા છે. (૮૩) એકપત્નીપણાનો કાયદો વગેરેથી પરંપરાગત જીવનમાં સંયમ: વગેરે ઉપર કાપ ઉત્પન્ન કરીને, વસતિ વધવાનો માર્ગ ખુલ્લો કરી આપીને (૮૪) તેના ઉપર પછી કાયદાથી અંકુશ મૂકવાની અને (૮૫) સ્ત્રી–પુરૂષના જનન અવયવોને કપાવી નાંખવાની ગોઠવણને વેગ આપવામાં આવે છે. (૮૬) જન્મ થાય તેના ઉપર કર કે ફી કે દંડ નાંખવાની ગોઠવણના પ્રયાસો (૮૭) પરિણામે સ્વતંત્ર અને વિશિષ્ટ વ્યક્તિત્વવાળી એક પ્રાચીન પ્રજાને વિનાશ તરફ ધકેલવાની ગોઠવણને વેગ અપાઈ રહ્યો છે. જો આ જાતના મહાપરિણામ તરફ પ્રજાને ન ધકેલવી હોય, તો પ્રજાહિતનો કોઈપણ જરૂરી કાયદો થાય. તેમાં વાંધો લેવાને કારણ હોતું નથી.

(૮૮) પ્રજાનો મોટો ભાગ–સાધુ–સંત ત્યાગી બનતો હતો. તેની આજીવિકા યદ્યપિ ગૃહીજન ઉત્પાદકો ઉપર નિર્ભર છે.” એમ કહી, તેની સંખ્યા પર કાપ મૂકવામાં આવે છે. પરંતુ તે વર્ગમાંના લાખો ત્યાગી સ્ત્રી–પુરુષોના સંતાનો ૫૦ વર્ષમાં કરોડોની સંખ્યામાં આવી જાય અને તેનો બોજો બીજાના ધંધાઓ ઉપરના કામમાં–ભાગ પડાવવામાં કે પ્રજા ઉપર બીજી રીતે આવ તેને ધ્યાનમાં લીધા વિના તે વર્ગને ઘટાડવાના પ્રયાસો થાય. અથવા તેમાં લોકો દાખલ ન થાય, તેવા પ્રયાસો થાય પરિણામે–વસતિના વિશેષ વધારાને એક તરફથી મદદ આપો, અને પછી બીજી તરફથી વસતિ વધારા ઉપર નિયમનો યોગ્યાયોગ્ય રીતે મૂકવામાં આવે. (૮૯) સ્ત્રીજાતિના જન્મના સ્વાભાવિક વધારાને લીધે એક પુરુષને અનેક સ્ત્રીઓ હોવાથી પણ વસતિના વધારા ઉપર અંકુશ રહી શકતો હતો. કારણ કે–સંયમનું તત્ત્વ મુખ્ય હતું. દશ સ્ત્રીઓ જુદા જુદા પુરુષ પતિઓ મારફત–૫ ને હિસાબે અંદાજ ૫૦ સંતાનોને જન્મ આપી શકે: ત્યારે એક પુરુષ પાસેની ૧૦ સ્ત્રીઓ ૧૦ થી ૧૫ સંતાનોને કે થોડાઘણા વધારેને કદાચ જન્મ આપી શકે. ૫૦ ને જન્મ ન આપી શકે એમ સંયમદ્વારા પણ સંતતિ નિયમન ભારતમાં જળવાતું હતું. વિધવા વૈધવ્ય પાળતી હતી, જેથી સંતતિ નિયમન રહેતું હતું. તે દરેકને છૂટ આપીને: સંતતિ વધે, તેવા માર્ગ ખુલ્લા કરીને: હવે તેના ઉપર અંકુશો: ખાનપાનની તંગીનું નિમિત્ત આગળ કરીને. ઓપરેશનની સગવડ કરી આપીને વિકૃત સંજોગો ઉભા કરવામાં આવે છે, જેમ બને તેમ સ્ત્રીજાતિને છુટ આપીને, સંતતિ વધવાના માર્ગો ખુલ્લા કરવામાં આવે છે. ને સંયમને તોડવામાં આવે છે. (૯૦) ને પછી નાડાતું આરોગ્ય અને જીવનમાં આર્થિક મુશ્કેલીઓ વધારીને પરિણામે પછી પ્રજા જ ધીમે ધીમે ઘટી જાય, તેવો પ્રબંધ શરૂ કરવામાં આવ્યો છે. આવી આવી નાની–મોટી બંનેય તરફની: (સાંસ્કૃતિક તત્ત્વોને અદૃશ્ય કરવા: અને પ્રાગતિકને વિકસાવવા) હજારો બાબતો છે. પ્રથમ પ્રવેશેલી નવી બાબતો આજે પરાકાષ્ઠાએ પહોંચતી જાય છે કેટલીક મધ્યમ હદે પહોંચી છે. કેટલીક શરૂ થઇ છે. કેટલીક હવે પછી પ્રવેશવાની છે. ને દિવસે ને દિવસે નવી પ્રવેશતી જાય છે.

(અ) બહારની પ્રજાઓના સંતાનો વધતા જાય. અને (આ) સ્થાનિક પ્રજાના સંતાનોને પોતાના જ આ દેશમાં રહેવું ભારે પડતું જાય. સાંસ્કૃતિક જીવન જીવવું ભારે પડતું જાય, અને છેવટે વિનાશ તરફ ધકેલાતી જ જાય–ધકેલાતી જ જાય. (૯૧) માત્ર કૃત્રિમ લાલચોથી અને બહારથી અપાતા દયા–દાનથી કે સાધનોથી પ્રજા પોતાને જીવંત અને સુખી માનતી રહે, ને વાસ્તવિક રીતેઃ પરાશ્રિત થતી જાય.

"નંખાતા કરોથી પ્રજાના જીવનમાં કેટલી ભયંકર અસર થશે." તેનો ખ્યાલ આવવા છતાં, તે દૂર ન કરતાં તેના ઉપાય તરીકે સાથે જ "ગરીબ પ્રજા માટે સસ્તી ચીજો મળે, તેવી દુકાનો સરકારે ખોલવાની" ભલામણો સ્પષ્ટ શબ્દોમાં થતી રહી છે. તે ઉપરથી ગરીબો તરફ ધારાસભ્યોની સહાનુભૂતિ દેખાઇ આવે, પરંતુ તેમાં એક દોષ મોટામાં મોટો એ દાખલ થતો હોય છે, કે–પ્રજા આશ્રય ખાતાઓ ઉપર જીવતા એક માનવસમૂહ જેવી બનતી જાય છે–બનાવાતી જવાય છે. પોતાના જાતમહેનતના ધંધા ઉપર પ્રજા સૂકો રોટલો ખાય તો પણ તેનું ખમીર ટકી શકે છે. પરંતુ જેમ જેમ આશ્રયો ઉપર જીવન જીવતી થાય, તેમ તેમ તેનો નાશ વ્હેલો જ થાય. એટલે કે પ્રજાને એક તરફથી નિર્બળ બનાવીને બીજી તરફથી સહાય આપીને આશ્રયે જીવતી રાખવાની તો પરદેશીઓની મૂળભૂત નીતિ છે જ. તેને ધારાસભ્યો ટેકો આપતા હોય છે. એ પ્રજાના અહિતમાં જતુ હોય છે. બહારથી ભલે પ્રજા તરફ દયા અને સહાનુભુતિ દેખાતા હોય. એનાથી બીજી કઇ ઘટના ભયંકર હોઇ શકે? જુદા જુદા નિમિત્તો આગળ કરીને ઠામ ઠામ સરકારી અંકુશો; દરેક બાબતોમાં નિયંત્રણઃ અને બીજી તરફથી વિશાળ પાયા ઉપર આશ્રયખાતાઓના ઉદ્‌ઘાટનો; આ પ્રક્રિયા જ પ્રજાના ખમીરના નાશની સ્પષ્ટ રીતે જ નિશાની કેમ ન ગણી શકાય? દુનિયાભરનું નાણાંકેન્દ્ર હોવાથી ભારતમાં પ્રાચીન કાળમાં પ્રજા પાસે ધન ઘણું દેખાતું નહોતું, પરંતુ દરેક પોતાના રળેલા રોટલા ઉપર કુટુંબના જીવનનો પાયો ટકાવતા હતા. કોઇના ઓશીયાળા રહેવાનું પસંદ કરતાં જ નહીં. એટલે પ્રજાનું જીવન સાદુઃસંયમીઃ છતાં સ્વાશ્રયી હતું. આજે તે તત્ત્વ તુટતું જાય છે.

(૯૨) બોર્ડીંગોઃ જેલોઃ હોસ્પીટાલોઃ આશ્રમોઃ અનાથાશ્રમોઃ હોસ્ટેલોઃ સસ્તા અનાજની દુકાનોઃ સ્રીઓના આશ્રમોઃ વગેરે રૂપ આશ્રયસ્થાનો વધતા જ જાય છે, વધતા જ જાય છે, એ એક સ્વતંત્ર અને શક્તિશાળી પ્રજાની અવનતિના સચોટ પૂરાવા છે. કવચિત્ એવા સાધનો હોય તે જુદી વાત છે. પરંતુ તેમાં વધારો થતો જાય એ મહાદોષ વધતા જવાનો સચોટ પૂરાવો છે.

(૯૩) ભારતની સ્થાનીક પ્રજા ધંધા દેશમાં ન મળવાથી બહાર તેને જવું પડે જ. અને બહારનાઓને કારખાના કરવાની–ધંધા કરવાની–મૂડી રોકવાની નિષ્ણાતતા બતાવવાની સગવડ અહીં વધતી જાય છે. ને કોઇ કોઇ અહીંના વતની બનતા જાય છે. બહાર ખેંચાઈ જવાની આંતરરાષ્ટ્રીય યોજનાના બીજરૂપે અમેરિકાએ પ્રથમ ૧૦૦) સો ભારતીયોને વસવાનો નિયમ રાખ્યો હતો. હવે પ્રે૦ આઇકે તે સંખ્યામાં વધારો કરવાની પ્રવૃત્તિ શરુ કરી છે. એ ભારતની આર્ય પ્રજાને વેરવિખેર કરવાની યોજનાના બીજો છે. (૯૪) વળી આશ્રમ શબ્દે ભારે ગોટાળો ઉભો કર્યો છે. આશ્રમ શબ્દ પ્રાચીનઋષિઓના તપો આશ્રમોનોઃ અથવા જીવનની ચાર ક્રમિક આધ્યાત્મિક વિકાસની કક્ષાઓને પણ–બ્રહ્મચર્યાશ્રમઃ ગૃહસ્થાશ્રમઃ વાનપ્રસ્થાશ્રમઃ અને સન્યસ્તાશ્રમઃનો સૂચક છે. તે શબ્દ આજના આશ્રયસ્થાનની સંસ્થાઓને લાગુ પાડીને તેની પ્રતિષ્ઠા ઉભી કરવામાં આવી છે. (૯૫) મુંબઈઃ કલકત્તાઃ કરાંચીઃ અને મદ્રાસઃ આ ચાર પશ્ચિમની પ્રજાની પ્રગતિના તથા ધંધાના કેન્દ્ર શહેરોએ દેશના ગામડા અને બીજા શહેરોના સંગઠિત સાંસ્કૃતિક જીવનનો કચ્ચરઘાણ કાઢી નાંખ્યો છે. અને બીજા નવા મોટા શહેરો રચવાની ગોઠવણો ચાલુ થઇ ગઇ છે. ગામડા નવેસરથી વસાવી ત્યાંપણ પાશ્ચાત્ય પ્રગતિ લઈ જવા માટે આધુનિક પ્રાગતિક આદર્શના ગ્રામ્યોદ્ધારની વાતો કરવામાં આવે છે. (૯૬) પ્રથમની મહાજન સંસ્થાની ગ્રામ્ય પંચાયતને ઉત્તેજન આપવાને બ્હાને તેને સ્થાને કહેવાતા લોકશાસનની ખરી રીતે સરકારી કાયદા મુજબની પંચાયતો સ્થાપી દીધી છે, ને તેઓ મારફત આધુનિક પ્રગતિને આગળ વધારવા સત્તાઓઃ અને સગવડોઃ આપવામાં આવેલ છે. ને તેમાં વધારો કરાતો જશે. જેથી ગામડાઓના સાંસ્કૃતિક સ્વાશ્રયી જીવન તૂટશે અને પરાશ્રિત તથા બ્હારના ધનથી પ્રાગતિક પરાશ્રિત જીવન ખૂબ વિકસિત થશે. મોસાળ વિવાહ: અને મા પીરસનાર જેવો ઘાટ થયો છે.

આમ હરેક રીતે આત્મવાદના પાયા ઉપરનું જીવનધોરણ તોડાઇ રહ્યું છે, જે આપણી પ્રજાના અણુવિકાસઃ અવનતિઃ પાછળપણાઃ વગેરેનાં કારણરૂપ છે. અને એજ વિદેશીઓના વિકાસઃ ઉન્નતિઃ આગળ વધવાપણાઃના કારણરૂપ છે. એવા નાના મોટા હજારો પ્રયાસો ચાલુ થયા છે. તે સર્વને યોજનાનું રૂપાળું નામ અપાયું છે. અને મોટી મોટી યોજનાઓમાં બીજી રીતે નાની મોટી હજારો યોજનાઓનો સમાવેશ થતો હોય છે. આનું નામ ક્રાંતિઃ મહા પરિવર્તનઃ નવસર્જનઃ છે. આથી વિશેષ અહીં લખવાને સ્થાન નથી.

卐

સંસ્કૃતિના પ્રખર અભ્યાસી અને મહાન વિચારક જૈન પંડિતજી
શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખે શ્રી પોપ ઉપર કરેલ તારનું

# અસલ ગુજરાતી લખાણ

પોપ પોલ છઠ્ઠા
મુંબઈ.

૧૦, ભક્તિનગર સોસાયટી,
રત્ન જ્યોતિ, રાજકોટ—૨
તા. ૨—૧૨—૧૯૬૪

કોઇપણ ધર્મના ધર્મગુરૂ હોવાથી તમે ધર્મનો અને માનવોના ભલા માટે ધર્મની જરૂરીયાતનો સ્વીકાર કરો છો એમ સમજવામાં હરકત નથી.

ધર્મ સન્માનને પાત્ર છે. તેથી કોઇપણ ધર્મ માનનારા સાચા સંત ધર્મગુરૂ તરફ સામાન્ય રીતે પણ સન્માનની દૃષ્ટિથી જોઇ ઉચિત આચરણ જાળવવાની દરેક સંસ્કારી માનવની અનન્ય ફરજ છે.

તમે યુકેરીસ્ટીક ખ્રીસ્તી કોન્ફરન્સમાં હાજરી આપવા તથા બીજા બહાર બતાવાતા કારણોથી ભારત આવો છો, પરંતુ વિચાર કરતાં એ બધા બહારના બહાના જ પૂરવાર થાય છે. કેમકેઃ—ગુપ્ત રાખવામાં આવેલ ખરા કારણો જુદા જ છે, તે ગુપ્ત રાખવાની કોશીષ જ મર્મજ્ઞોના મનમાં સહજ રીતે ભારે શંકા જન્માવે છે.

મી. કાર્ડીનલ વેલેરીયન ગ્રેશીયરો ઐતિહાસિક સંસ્થા તરીકે ઓળખાવેલી ચર્ચ સંસ્થાનો સાડા ચારસો વર્ષોના ઇતિહાસના આંતરિક ભાગમાં ડોકીયુ કરાયુ તો તે બહારની ઉજળામણ કરતાં હિંસા, અશાંતિ, અન્યાય, વિગેરેને લીધે કાળાશથી વધુ ભરપૂર છે.

ઉજળા ભવિષ્યની આશાના તોરણ બાંધવા છતાં તેની ભવિષ્યની કાર્યવાહી પણ તેના કરતાં ય વધુ કાળા રંગથી રંગાયેલ હશે. એમ ભૂત અને વર્તમાનથી પુરવાર થાય તેમ છે.

ટૂંકામાં તેના મુખ્ય છ કારણો આપી શકાય છે.

૧. વિશ્વ વત્સલ મહા સંત પુરૂષોના અહિંસક સંસ્કૃત્તિમય ન્યાયી સન્માર્ગને તથા તેના સર્વ કલ્યાણકર મહા વ્યવસ્થા તંત્રને તમારી ચર્ચ સંસ્થાએ છિન્ન ભિન્ન કરી નાંખેલ છે. અને ખ્રીસ્તી ધર્મ પણ જેનો એક ભાગ છે; તેના ઉપર પણ પોપના સર્વાધિકાર અને સર્વાધિશપણું સ્થાપી રાખવા માટે બીજા સર્વ ધર્મોના કેન્દ્ર ધર્મ સંસ્થાઓ અને તેના પરંપરાગત મૂળ ધર્મગુરૂઓને નકામાં બનાવી નાંખીને મહાપ્રપંચ દોષ કરવો પડયો છે.

એ વ્યવસ્થા તંત્રને હરકત પહોંચાડવા જેવું બીજું પાપ જગતભરમાં સંભવતું નથી. : આ પહેલું કારણ :

૨. સમગ્ર વિશ્વના સજીવ અને નિર્જીવ સર્વ પદાર્થો ઉપર સાડાચારસો વર્ષોથી પોપના સર્વસર્વા માલિકી હક્ક અન્યાયથી સ્થાપિત કરી રાખવામાં આવેલ છે. તેથી પોપ વિશ્વના સર્વ રાજ્યતંત્રના સાર્વભૌમ રાજ્યકર્તા માનવામાં આવે છે. અને સર્વ ધર્મોના સત્તાધીશ ધર્મ સાર્વભૌમ પણ માનવામાં આવે છે. તેનો ભારતની પ્રજામાં જાહેર નિર્દેશ કરવા માટે સૌથી મોટા મુગટ પહેરેલા પોપના ફોટાઓ પ્રસિદ્ધ થવા દેવામાં આવેલ છે.

આંતરિક રીતે એમ હોવા છતાં આજે બહારથી તેમને સાર્વભૌમ વેટીકનના રાજા અને ખ્રીસ્તી ધર્મ પાળનારાઓના વડા તરીકે ઓળખાવવામાં આવે છે. આવી આવી ઘણી બાબતો ચલાવવામાં આવે છે.

આ સાર્વભૌમપણાનું લીધે જમાનાનું નામ આગળ કરીને નવસર્જન કરાવવામાં આવે છે, તથા કલ્પિત લોકશાસનને નામે અપાયેલા સ્વરાજ્યો મારફત બીજા ધર્મોના તંત્રો ઉપર કાયદાના બંધનો પહેલ વહેલા મુકાવવાની શરૂઆત કરી છે. આ બીજું કારણ.

૩ આંતરિક રીતે પોપને વિશ્વના અને સર્વ ધર્મોના સાર્વભૌમ માનવામાં આવે છે. તેમાં સાચા ન્યાયનો કોઈ આધાર નથી. તથા ખ્રીસ્તી ધર્મમાં ધર્મને લાયકની સર્વ લાયકાતો સંભવતી નથી. એ ત્રીજું કારણ.

૪. ચર્ચ સંસ્થાનું દૂરના ભવિષ્યનું ધ્યેય બહુમતના ખોટા સિદ્ધાંતને આધારે ખ્રીસ્તી અને બિનખ્રીસ્તી રંગીન પ્રજાઓને તથા બિનખ્રીસ્તી ધર્મોને જગતમાંથી અદ્રશ્ય કરવાના છે. જેથી જગતમાં માત્ર ક્રિશ્ચિયન શ્વેત પ્રજા જ વિદ્યમાન રહી શકે. આ મહા હિંસા અને મહા અન્યાય છે- ચોથું કારણ.

૫. વિશ્વ વત્સલ મહાપુરૂષોના પ્રતિનિધિઓ અને વિશ્વ કલ્યાણની ભાવનાથી જીંદગીભર પ્રયાસો કરતા ભારતના પ્રાચીન મહાધર્મોના તથા બીજા ધર્મોના ધર્મગુરૂઓની અપમાન ભરી ગંભીર ઉપેક્ષા ચર્ચ સંસ્થાએ કરેલી છે. વિશ્વાસનો દુરૂપયોગ કર્યો છે અને તેમાં તમારો પણ સાથ છે. તે શી રીતે ક્ષમ્ય ગણી શકાય ?

સર્વ ધર્મ મૈત્રી, સર્વધર્મ સંશોધન, સર્વધર્મ સમન્વય, સર્વ ધર્મ અભ્યાસ વિગેરે કેવળ બહાર બતાવવાની બાબતો છે. જે બીજા સર્વ ધર્મો માટે ખતરનાક નિવડે તેમ છે. : આ પાંચમું કારણ.

૬. આંતરિક રીતે તપાસતાં તમારી ચર્ચ સંસ્થા બીજી પ્રજાઓ તથા બીજા ધર્મો માટે ભૂતકાળની તથા ભવિષ્ય કાળની તમામ આંતરિક કાર્યવાહી અન્યાય, અશાંતિ, હિંસા, જુઠ, પ્રપંચ, દંભ, શબ્દછળ, ભ્રમ પ્રચાર, વિશ્વાસ ભંગ, શોષણ, લુંટ, જુલ્મ, શોષણથી લાચારી ઉત્પન્ન કરવી, જુઠી લાલચો આપવી વિગેરે દોષોથી ભરેલી છે. જેથી આધુનિક વિશ્વનું આડંબરી વ્યવસ્થા તંત્ર આંતરિક રીતે અપ્રમાણિક સાહિત્ય અને ઘણા અપ્રમાણિક દસ્તાવેજોના સંગ્રહ વિગેરેથી ભરપૂર છે. : આ છઠું કારણ.

આ બધી બાબતોનો વિચાર કરી જોતાં ભારતની શાંત, ધર્મપ્રિય અને વિશ્વકલ્યાણમાં સતત આશકત ધર્મગુરૂઓની સેવા કરતી ભારતની પ્રજાને માનવ બંધુને નાતે તમારા સાના વર્તનથી પારાવાર દુઃખ થાય. તેમાં શું આશ્ચર્ય છે ?

ભારતની ભૂમિનો સંપર્ક કરવાની તમારી સાચી મનોભાવના હોય તો તમારી ચર્ચ સંસ્થાએ કરેલા મહાપાપોનું પશ્ચાતાપ પૂર્વક તમે અને તમારૂં ખ્રીસ્તી જગત અંતઃકરણથી પ્રાયશ્ચિત અગ્નિથી શુદ્ધ થાઓ. અને બીજી પ્રજાઓને કરેલા ભારે નુકશાનો ભરપાઇ કરી આપવા તત્પર રહી શુદ્ધ બનો, ખોટી રીતે જમાનાને નામે સ્વાર્થી નવ-સર્જન બંધ કરો તો જ સાચી વિશ્વશાંતિ થાય તેમ છે. અને તોજ મહાપુરૂષોની ચરણરજથી પવિત્ર ભારતની ભૂમિ ઉપર પગ મૂકવાના અધિકારી બની શકો છો. અને તોજ ઉભા કરાયેલા બનાવટી સન્માનોને બદલે ભારત તરફના યથોચિત સાચા સન્માનોને પાત્ર બની શકશો. જેથી પરસ્પરને આનંદ થશે. અને એ રીતે તમારૂં ઉચિત સન્માન કરવામાં પરસ્પરનું ગૌરવ જળવાશે.

આ દેશની મહાન પવિત્ર ભૂમિમાંથી કંઇક શીખીને જાઓ કે જ્યાં ભગવાન રૂષભદેવ સ્વામી, બુદ્ધ, મહાવીર સ્વામી, રામ, શિવ, કૃષ્ણ કે જેમણે પોતાના જ શરીરને કષ્ટ આપીને પોતાનો ભોગ આપીને નાનામાં નાના પ્રાણીઓ ઉપર પણ કરૂણા દાખવીને જેમણે ધર્મનો સાચો ઉપદેશ આપેલ છે, જેનો વિશ્વમાં જોટો નથી. તમારી ભવિષ્યની ખતરનાક ચાલને તાત્કાલીક અટકાવીને કલ્યાણકારી સાચા ધર્મના માર્ગે પાછા વળો.

પરમાત્માના તમારા ઉપર આશિર્વાદ ઉતરો.

**–પ્રભુદાસ બેચરદાસ પારેખ**

---

સર્વધર્મ સમભાવની વાતો કરી ચુસ્તતા ઢીલી કરાવી ખ્રિસ્તી ધર્મ તરફ આકર્ષવાની મોટી મોટી યોજનાઓ, તેમાં આપણા મોટા આગેવાનોનો સહકાર લેવાજ **વિશ્વધર્મ પરિષદ** અને **સર્વધર્મ પરિષદો** મારફતની સજ્જડ યોજનાઓ ચાલે છે.

**પ્ર. બે. પારેખ**

# જૈન શ્રુતનું મહત્ત્વ

પં. પ્રભુદાસ બેચરદાસ પારેખ

આધુનિક વિજ્ઞાનની શોધોના ઇતિહાસના લેખકો કહે છે કેઃ "હજુ તો આટલી બધી મહેનતને અંતે પણ પાશેરામાં પહેલી પૂણી કંતાઇ છે." અર્થાત્ હજુ તો જગતના તત્ત્વો આધુનિક શોધ ખોળથી શોધાયા છે, તેના કરતાં અનંત ગુણા શોધવા બાકી છે. માટે આધુનિક વિજ્ઞાન સાધ્યમાન છે. તેથી તેનું સાહિત્ય પણ સાધ્યમાન છે, સિદ્ધ નથી.

સર્વ વિજ્ઞાનો શોધાઇ રહે, અને સર્વ વિજ્ઞાનોના તારણ રૂપ તત્ત્વજ્ઞાન વ્યવસ્થિત થાય, ને પછી નિશ્ચિત જીવન માર્ગ શોધાય, પછી જગત તે માર્ગે ચાલે અને શાશ્વત્ કે સર્વોત્તમ–વૈજ્ઞાનિકોએ છેવટનો જે ઠરાવ્યો હોય–તે આનંદ મેળવી શકે. શું આ અનંતકાળે પણ શકય છે? નથી જ. માટે આધુનિક વિજ્ઞાન અને તેને લગતું સાહિત્ય વિશ્વાસ કરવા લાયક જ નથી. તેમજ તે ઉત્તેજન પાત્ર પણ નથી. માત્ર નવી નવી ફોસલામણી વાતો અને દેખાવો કરીને અત્યારની ગોરી પ્રજા પોતાના સ્વાર્થો સિદ્ધ કરવા મથે છે, તે શિવાય કાંઇ પણ તાત્પર્ય દેખાતું જ નથી. અમુકને પાડે છે, અને અમુકને ચડાવે છે. અમુકને મોટા બનાવે છે, અમુકને આશ્રિત બનાવે છે, આજે અમુક સિદ્ધાંતો મૂકે છે, કાલે અમૂક નવા સિદ્ધાંતો મૂકે છે. પરમ દિવસે તેને રદ કરે છે. આમાં જગતના કલ્યાણનું કાંઇપણ સ્થાયિ તત્ત્વ નથી. તેથી અત્યારનું સાહિત્ય એ સાહિત્ય જ નથી, ખાલી ઇંદ્રજાળ છે.

પ્રાચીન સાહિત્યમાં–દરેક ધર્મગ્રંથો જેવાકે–**વેદો, ઉપનિષદો, અવેસ્તા, બાઇબલ, કુરાન, ગણિપિટકો.** વિગેરેનો અને તેને અનુસરતા ધર્મગ્રંથોનો, અને દાર્શનિક ગ્રંથો તથા જુદા જુદા વિજ્ઞાનો, કળાઓ, નોંધો વિગેરેનો સમાવેશ થાય છે.

પરંતુ તે દરેક પણ જુદા જુદા વિજ્ઞાનો પૂરા પાડે છે. **બાઇબિલ** માત્ર નીતિનો ઉપદેશ આપીને ચૂપ રહે છે. **કુરાન** મોઘમ નીતિ અને ધર્મ સમજાવીને બાજુએ રહે છે. તેમજ **અવેસ્તા** અને **વેદોમાં** પણ લગભગ એવા મોઘમ વિષયો જ છે. **વેદાંત, વૈશેષિક,** વિગેરે દર્શનો જગતનું એકીકરણ કે પૃથક્કરણ વિગેરે જુદા જુદા વિજ્ઞાનો જ સમજાવે છે. **યોગશાસ્ત્ર, અર્થશાસ્ત્રો, વૈદ્યક, ધનુર્વેદ, પુરાણ** વિગેરે તો સ્પષ્ટ જ જુદા જુદા વિજ્ઞાનો છે. **બૌદ્ધો** કેવળ વૈરાગ્યનું વિજ્ઞાન પૂરું પાડે છે.

ત્યારે **જૈન શાસ્ત્રો** લાખો બલ્કે કરોડો વિજ્ઞાનો સમજાવી દે છે. અને ઉપરાંત **સ્યાદ્વાદમય તત્ત્વજ્ઞાન** સમજાવે છે અને સમ્યગ્દર્શન–જ્ઞાન ચારિત્રમય જીવન માર્ગ નક્કી કરી આપે છે. જો કે એ માર્ગથી વિરુદ્ધ તો જગતમાં કોઇથી જઇ શકાતું જ નથી.

પણ એ માર્ગની સાબિતી અને જીવન સિદ્ધિમાં સાંગોપાંગ ઉપયોગીતા જૈન શિવાય કોઇથી સાબિત કરી શકાઇ નથી. આ દૃષ્ટિથી આ જગતમાં આજે પણ એકલું જૈન દર્શનજ સંપૂર્ણ તત્ત્વજ્ઞાન દર્શન છે, અને યોગ્ય જીવન માર્ગનું તેણે જ સંશોધન કર્યું છે. તે માટે જ છે તે **સિદ્ધ** છે, પણ સાધ્યમાન નથી.

જૈન ગ્રંથોની ભલે સંખ્યા ઓછી હોય, પણ તે અમુક માનવોનાજ હિત માટે નથી, પણ સમસ્ત પ્રાણી માત્રના કલ્યાણની મહા અહિંસા તેમાં ઉપદેશાયેલી છે. તેનો ઉદ્દેશ ઘણો ઉંચો છે. તેમાં અનેક વિજ્ઞાનો અને તાત્ત્વિક વસ્તુઓ છે. એટલું જ નહીં પણ તેના ઉપદેષ્ટા મહાન્ પરોપકારી પુરુષો છે. અને તેને પ્રચારમાં લાવનારા પણ એવાજ સર્વોત્તમ જીવન જીવનારા છે. તે નીચેના ટુંક ઇતિહાસ ઉપરથી સમજી શકાશે.

હાલના જૈન આગમો પ્રભુ મહાવીર સ્વામી પ્રભુએ આપેલા ઉપદેશને અનુસરીને ગણધર ભગવંતોએ રચેલા, તે જ કાળક્રમે જે બચ્યા છે, તે અત્યારે આપણને વારસામાં મળ્યા છે.

ગણધર ભગવંત સુધર્મા સ્વામીના ગણના આગમો પરંપરાએ પૂર્વાચાર્યોએ પોતાના શિષ્યોને સંભળાવ્યા તે પ્રમાણે તેઓએ મોઢે રાખ્યા. જેમ જેમ મોઢે રાખવાની શકિત ઘટતી ગઇ, તેમ તેમ કેટલોક ભાગ તુટક પડતો ગયો. અને ભયંકર દુષ્કાળ જેવા પ્રસંગમાં જ્યારે જ્યારે વધારે છિન્ન ભિન્નતા થઇ ત્યારે ત્યારે દરેક મોટા આચાર્યો મળીને જે કંઇ બચ્યું હોય તેનો સંગ્રહ કરી લેતા હતા. એવા સંગ્રહ ત્રણ વખત થયા છે. પહેલીવાર પાટલીપુત્ર (પટણા)માં, બીજીવાર મથુરામાં અને ત્રીજીવાર વલ્લભીપુરમાં પુસ્તાકારૂઢ થયા છે. જે પુસ્તક રૂપે લખાયા હતા તે ઉત્તરોત્તર લખાતા લખાતા આવીને આજે પણ વિદ્યમાન છે.

આગમોનો મૂળવિષય સમ્યગદર્શન–જ્ઞાન–ચારિત્રમય સામાયિક ધર્મ છે. અને તે સામાયિક ધર્મનું આરાધન જુદા જુદા દ્રવ્યઃ ક્ષેત્રઃ કાળઃ અને ભાવઃ ને ઉદ્દેશીને થઇ શકે છે, તે સમજાવતાં–આખા વિશ્વનું તત્ત્વજ્ઞાન સમજાવતાં સ્યાદ્વાદ સિદ્ધાંતના આશ્રયથી જગતના જુદા જુદા લાખો કરોડો વિજ્ઞાનો અને સમગ્ર વિજ્ઞાનના સારરૂપ તત્ત્વજ્ઞાનનું પ્રતિપાદન કર્યું છે. અર્થાત્ તેનો મુખ્ય વિષય એકજ છે પણ તે એટલો બધો વિગતવાર ટુંકામાં સમજાવવામાં આવેલ છે કે–તે આખા શાસ્ત્રના બાર ભાગો પાડવામાં આવ્યા છે. જે બાર અંગોને નામે કહેવાય છે. તેનું પુરૂં નામ **દ્વાદશાંગી** છે, હાલ અગ્યાર અંગો મોટે ભાગે વિદ્યમાન છે. પણ બારમું અંગ નાશ પામ્યું છે. જેમાં ચૌદપૂર્વો, પ્રથમાનુયોગ, વિગેરે વિસ્તૃત ભાગો હતા, લાખો કરોડો વિજ્ઞાનો સમજાવતાં અને સૂત્ર રૂપે ગુંથતાં પણ હજારો હાથી પ્રમાણ શાહીથી લખાય તેટલું દ્વાદશાંગીનું પ્રમાણ થવા

જાય એ સ્વાભાવિક છે. જો કે બારમું અંગ નાશ પામેલ છે, છતાં તેમાંથી ઉધ્ધૃત ઘણા ગ્રંથો વિદ્યમાન છે. જેમકે-**દશાશ્રુતસ્કંધ** કે જેમાં **કલ્પસૂત્ર** આવે છે, ને **પચ્ચક્ખાણ પ્રવાદ** નામના પૂર્વમાંથી ઉધ્ધૃત છે. છઠ્ઠો કર્મગ્રંથ બીજા **આગ્રાયણીયપૂર્વમાંથી** ઉધૃદ્ત છે. **કમ્મપયડી પંચસંગ્રહ** વિગેરે **કર્મપ્રવાદપૂર્વમાંથી** ઉધ્ધૃત સંભવિત છે. તે શિવાય **આવશ્યક નિર્યુક્તિ, ભાષ્ય,** વિગેરેમાં જુદી જુદી પૂર્વાન્તર્ગત ગાથાઓ છે. વળી-**યોનિપ્રાભૃત, સિદ્ધપ્રાભૃત, નિમિત્તપ્રાભૃત શબ્દપ્રાભૃત, ગણિતપ્રાભૃત. વિદ્યાપ્રાભૃત' [ચિકિત્સાપ્રાભૃત,]** વિગેરે **પ્રાભૃતો પૂર્વમાંથી** ઉધ્ધૃત હોવાનો સંભવ છેજ. કેમકે પૂર્વોમાંના અમુક પ્રકરણો પ્રાભૃત કહેવાય છે.

હાલના આગમો તુટક છે. છતાં જે ભાગ છે તે અસલનો છે, પણ નવી રચના નથી. તેમજ સંપૂર્ણ જેટલા હતા તેટલા પ્રમાણમાં નથી. તદ્દન નવાંજ છે એમ પણ નથી. માટે તે માન્ય છે.

ત્યાગી પ્રભુએ જગત શ્રેષ્ઠ રીતે ચારિત્ર પાળી મહાન ઉચ્ચ જીવન જીવી સર્વજ્ઞ થઇ કેવળ જગતના કલ્યાણ માટે નિઃસ્વાર્થ ભાવે ઉપદેશ આપ્યો છે. અને તેમના શિષ્યોએ પણ એવુંજ જીવન ગાળી તેની રચના કરી છે. તેમજ પાછળના આચાર્યોએ પણ એવી જ રીતે સંપૂર્ણ ભોગો આપીને તેને કેવળ જગતના હિતને માટે ભયંકર કષ્ટો સહન કરીને ટકાવી રાખેલ છે. તેમાંના ઘણા ઋદ્ધિવંત કુટુંબનાં પુત્ર પુત્રીઓ હતા. અને જગતમાં ભોગવી શકાય તેવા ભોગો ભોગવવાની સગવડવાળા હતા. તેમજ પોતે નવો ધર્મ ચલાવી શકે તેવા સમર્થ હતા. છતાં તેમાંનું કાંઇ ન કરતાં કેવળ આ આગમોને જ વળગી રહ્યા અને નિઃસ્વાર્થ ભાવે તેનું મનન કરતા રહ્યા. અને ટકાવના ઉપાયો લેતા રહ્યા. તથા તેનો આશય સમજાવનારા અનેક ગ્રંથો જુદા જુદા પાત્રોને ઉદ્દેશીને રચ્યા. નિર્યુક્તિઓ, ભાષ્યો, ચૂર્ણિઓ, ટીકાઓ, વૃત્તિઓ, અવચૂરિકાઓ, ટીપ્પણો, અવતરણો, નોંધો ઉતારાઓ, ટબાઓ, વિવેચનો, સ્વતંત્ર ગ્રંથો, રાસાઓ. વિગેરે અનેક ગ્રંથો રચીને એક યા બીજી રીતે આગમો સમજાવવા, પાત્રોને તેનો રસ ચખાડવા જીવનનો મોટો ભાગ રોકયો છે. માણસને બીજો સ્વાર્થ ન હોય પણ માન તો હોયજ, તે માન પણ મૂકીને પોતાની બુધ્ધિ કે વિચારણાને દૂર મૂકીને કેવળ પ્રભુના વચનઆજ્ઞાને અનુસરવામાંજ પોતાનું કર્તવ્ય માન્યું છે. એટલે સુવિહિત આચાર્યોની રચનાઓ પણ માન્ય અને વિશ્વાસ પાત્ર ગણવા લાયક ઠરે છે.

આગમોની ભાષાના શબ્દો જગત્નો કોઇપણ સાહિત્યની ભાષાના શબ્દો કરતાં જુદોજ ધ્વનિ ઉત્પન્ન કરનારા છે. તેની પરિભાષાઓ ઘણી જ ગૂઢ છે. સ્યાદ્વાદને લીધે એક એક શબ્દ અનેક પ્રતિબિંબો ઉભા કરે છે. રચના શૈલી કળામય, અને અદ્ભુત છે.

જેની તુલના જગતના કોઇ પણ સાહિત્ય સાથે થઈ શકે તેમ નથી. આ તેની રચના શૈલીનું જ્ઞાન સ્વતંત્ર અભ્યાસ સિવાય થઇ શકે તેમ નથી.

તેના ટીકા વિગેરે વિવેચનો પણ અમુક ભાગજ સમજાવતા હોય છે, છતાં ઘણી બાજુઓ બાકી રહી જાય છે. અનેક અનુયોગો અને અનેક નયનિક્ષેપો, અનુપુર્વી અને અનાનુપુર્વી વિગેરે દૃષ્ટિબિંદુથી એકજ સૂત્રપાઠ અનેક સ્વરૂપ ધારણ કરી શકે છે. એકજ સૂત્ર કથાનુયોગ, ચરણાનુયોગ દ્રવ્યાનુયોગ, અને ગણિતાનુયોગની દૃષ્ટિથી વિવેચી શકાય છે.

આવા સૂત્રોના ભાષાંતરો કરવામાં તેની ભયંકર આશાતના અને ભયંકર અપમાન છે. આજ આગમો છપાય તો અન્યથા યોજનાથી જડવાદની સંસ્કૃતિની અસર થવાથી યથાકંથચિત્ મિથ્યાત્વ વાસિત થઈ જાય છે. તે વાંચવા, ભણવા, ભણાવવાની સરણિ પણ આગમમાં બતાવી છે તે પ્રમાણે રાખવાથીજ સમ્યગ્દર્શન રૂપે રહે છે. આજના જડવાદ અને વૈજ્ઞાનિક સાહિત્યના ઉત્કર્ષ માટેના પ્રયત્નમાં આગમસાહિત્યની જગતમાં વિદ્યમાનતા વિઘ્ન રૂપ છે. તેથી તે પોતાના વિજય માટે વિશ્વાસમાં લઇને તેનો નાશ કરવાના ઉપાયો રચે છે. જ્યાંસુધી આગમો જગતમાં જાગૃત ભાવે હોય, ત્યાંસુધી માનવોના જીવન પર તેની અસર રહેજ. તેવા સંજોગોમાં હાલનું વૈજ્ઞાનિક જમાનાનું જીવન શી રીતે વિજય મેળવી શકે ? હમણાંજ અમદાવાદમાં યુરોપના એક વિદ્વાન પરદેશી ગૃહસ્થે ભાષણ આપ્યું હતું. તેનો વિષય એ હતો કે "વિજ્ઞાન અને ધર્મઃ" તેનો આશય એ હતો કેઃ "ધર્મ વ્હેમ વધારે છે. અને વિજ્ઞાન સત્ય સમજાવે છે. માટે વિજ્ઞાનની ખીલવણીમાં ધર્મો આડે આવે છે. લોકો ધર્મો છોડે, તો વિજ્ઞાનની શોધોનો વધારે ભાવ પૂછાય, અને તેની ચીજોના વધારે વકરાથી વિજ્ઞાનને ખીલવામાં નાણાની મદદ પણ મળે. માટે ધર્મોની જરૂર નથી" એવો આશય હતોઃ વિષયનું નામ પણ એવું હતું કે "હિંદને ધર્મોની જરૂર છે કે-વિજ્ઞાનની?" આ ઉપરથી હાલનો જમાનો ધર્મ અને તેને લગતા સાહિત્યને યુકિતપૂર્વક ધીમે ધીમે અદૃશ્ય કરવા માંગે છે, એમ સમજાય છે. ચાલુ જીવનપ્રવાહમાંથી તેને ખસેડીને માત્ર પ્રાચીન શોધખોળની વસ્તુ ગણીને તેનો સંગ્રહ પણ સત્તાની માલિકીમાં લાવીને કેટલોક કાળ ગયા પછી "હવે આ વસ્તુઓ જીવનમાં ઉપયોગી નથી, માટે તેને સાચવવાનો બોજો શા માટે ઉપાડવો ? શા માટે મકાનો અને ખર્ચ રાખવા. જે જોઇએ તે વિજ્ઞાન આપણને આપે છે. આવી મનોદશા થયા પછી જેમ ભારતના ઘણા પ્રાચીન અવશેષોનો ઇંડિયા ઓફીસ તરફથી ઇંગ્લાન્ડમાં નાશ કરવામાં આવ્યો. તથા હમણાં બે વખત મનુસ્મૃતિ બાળવામાં આવી. આ વિગેરે ભણકારા ભાવિ અનિષ્ટના જરૂર સૂચક છે. એક તરફથી તેના વખાણ થાય છે. તેમ કરીને પ્રાચીન મિલ્કતો સાચવવાને બ્હાને કબ્જો કરવા માટે પ્રયત્નો જણાય છે.

માટે બહુજ ચેતીને ચાલવા જેવું છે. આ જગતકલ્યાણી પ્રભુમહાવીરની વાણી માટે ઉત્તરોત્તર વધારે ભય ભરેલો જમાનો આવતો જતો હોય તેવું અનુમાન કરી શકાય છે.

આ આગમ જ્ઞાનની મજબુત રક્ષા માટે પૂર્વાચાર્યોએ સાત ક્ષેત્રોમાં **જ્ઞાનખાતું** રાખ્યું છે. પણ આજે તો તે જુદા જુદા પુસ્તકો છપાવવામાં અને પંડિતોના પગારમાં ખર્ચાય છે, અને કદાચ સરકારી અધિકારી નીચે આવ્યા પછી તો તે નાણાં છપાવવામાં વિશેષ ખર્ચાય એ સ્વભાવિક છે. ત્યારે આપણે એ નાણાં આ જમાનો ચાલ્યો જાય કે તે પછી ગમે તેવા જમાના ચાલ્યા જાય, તોપણ તે વખતે પણ જે વિજ્ઞ માનવો હોય તે વખતે અત્યારનાં આગમો અને તેના વિવેચન રૂપ રસ વિગેરે પણ લીંટીએ લીંટી જેમ બને તેમ બચી રહે, અને તેના હાથમાં મળી શકે, તેવી મહા દીર્ઘદૃષ્ટિવાળી યોજના આજથી કરવી જોઇએ. નહીંતર છપાયેલા ગ્રંથોનું આયુષ લાંબુ નથી. તથા નવી આવૃત્તિઓ હવે પછીના વધતા જતા વિજ્ઞાનના જમાનામાં લગભગ અલ્પસંભવિત બનશે. અને સો વર્ષ સુધીમાં તો તે ઘણું કબજે પડી ગયું હશે. પઠન પાઠન પણ ઘણે ભાગે તેનું બંધ જેવું હશે. કોલેજોમાં મોટે ખર્ચે કોઇકજ ભણશે: અને તે વખતે કહેવાતું વિજ્ઞાન ઘણું આગળ વધી ચૂક્યું હશે. જૈન સંઘ કે જૈન સાધુને તેને જૈન શૈલી અનુસાર વાંચવું વિચારવું કે ઉદ્ધરવું હશે, તો તે તેને મળી શકશે કે કેમ એ પણ સંશય છે. કારણકે તેના માલિકી કોઇ જુદી જ સત્તાની હશે. દેશનાયકો ભંડારોમાંથી ચોરી જવાની વાત કરે છે અને કેટલાક જાહેર ભંડારમાં મૂકવાની વાત કરે છે, એ બધા ઉપરથી આપણે ઘણો ધડો લેવા જેવો છે. આજે કોલેજોમાં ચાલતા અર્ધ માગધી કોર્સ ૩૦–૩૫ વર્ષથી વધારે વખત ટકી શકશે નહીં. અમુક સંખ્યામાં વિદ્વાનો તૈયાર થયા પછી તેની જરૂર નહીં રહે.

અલબત્ત ગમે તેવા પ્રતિકૂળ સંજોગોમાં પણ જૈન સંઘ ધારે તો પોતાના પૂજ્ય આગમોને માટે ઘણીજ—અત્યન્ત દીર્ઘદૃષ્ટિથી પોતાની ઘણે દૂરની ભાવિ પ્રજા માટે પણ જગતમાં વારસો મૂકી જઇ શકે તેમ છે.

મુદ્રણ, ભાષાંતરો વિગેરે તરફ શક્તિ ખર્ચવાને બદલે, જો જૈન સંઘ આગમો આ વિશ્વમાં લાંબો કાળ કેમ ટકી રહે તેને માટે પ્રયાસ કરે, તો તેજ પ્રયાસ વધારે યોગ્ય છે. બીજી પ્રજાઓ ભણશે, જાણશે, ને બચાવશે. એ વિચાર યોગ્ય નથી. તેમાં આપણી અશક્તિની અને બીજા ઉપર આધારની કબુલાત છે. બીજી પ્રજાઓ વાંચે ભણે છે. તે માત્ર વ્યાપારી બુદ્ધિથી અને પોતાના રાષ્ટ્રની સ્વાર્થ દૃષ્ટિથી તેઓ વાંચે ભણે છે. નહીં કે આધ્યાત્મિક હેતુથી. કારણ કે તે પ્રજામાં આર્ય લોહી નથી. ધર્મોમાં પ્રવેશ પણ રાષ્ટ્રીય દૃષ્ટિ જ હોય છે. મોટા વિદ્વાનો પ્રવેશ કરે છે. તેઓએ યુનિવર્સીટીની પદવી લીધી હોય છે. અને આત્મા તથા પુનર્જન્મ વિષે તો સર્વથા સંદિગ્ધજ હોય છે. માત્ર જાણવા તથા અનેક રાષ્ટ્રીય હેતુઓથી અભ્યાસ કરે છે, તથા ધર્મ પાળવા દોરાય છે. અને એક જર્મન બાઇના એક લેખ ઉપરથી તો ધર્મગુરુઓને બદલે ઉપદેશક અને

અધ્યાપક બનવા માટે પણ તેઓનો પ્રયાસ છે. છતાં કોઇ હાર્દિક રીતે જૈન વિગેરે આર્ય ધર્મોનો અભ્યાસ નજ કરે તેમ નથી. પણ હાલ એવા ચિહ્નો દેખાતા નથી કારણ કે–તેઓના હૃદયોમાં આજે રાષ્ટ્રીય સ્વાર્થ છલોછલ ભર્યો છે. વિજ્ઞાન જ્યાં સુધી આત્મા અને પુનર્જન્મ ન શોધે ત્યાં સુધી તેઓ હૃદયથી કબુલવા તૈયાર નથી. આ સ્થિતિમાં તેઓ ઉપર વિશ્વાસ મૂકવો અસ્થાને છે.

જો કે સાચા વિજ્ઞાનને અને સાચા ધર્મને પરસ્પર વિરોધ નથીજ, પણ સંબંધ છેજ. વિજ્ઞાન વિના ધર્મ નથી. અને ધર્મ વિના વિજ્ઞાન નથી. પણ આ બાબત આજે કોઇ વિચારે તેમ નથી. માટે ટુંકામાં **સિદ્ધ** આગમોને આજે પણ પરમપૂજ્ય માનીને–સુશ્રદ્ધેય માનીને, સર્વકલ્યાણપ્રદ માનીને તેને જ અનુસરવું એ આજના જમાનામાં પણ જૈનોનો પરમધર્મ છે. આર્ય સંસ્કૃતિ ટકાવવાનો માર્ગ છે. વૈદિક દર્શનો, ઇસ્લામ, અવેસ્તા બૌદ્ધ, બાઈબલ એ પોત પોતાના ક્ષેત્રમાં સ્વતંત્ર છતાં આર્યસંસ્કૃતિના વિરોધી નથી. પણ આજનો **સીવીલાઇઝ** અને તેને અનુસરતા દર્શનો–આર્યસમાજ, અસહકાર, થીઓસોફીસ્ટ, ભ્રાતૃભાવની ભાવના, કોમ્યુનિસ્ટ પક્ષ, સર્વ ધર્મ પરિષદ્, વિજ્ઞાન વાદી વિગેરે આર્યસંસ્કૃતિના વિરોધી છે. ઉંચામાં ઉંચા જૈન કુટુંબમાં જન્મેલી વ્યકિત પણ જેટલે અંશે આજની સીવીલાઇઝ સંસ્કૃતિને હાર્દિક જાણતાં અજાણતાં ટેકો આપે, તેટલે અંશે એક મુસલમાન કે એક ખ્રીસ્તી કરતાં પણ વધારે આર્યસંસ્કૃતિને ધક્કો પહોંચાડે છે. કારણ કે ઇસ્લામ કે બાઇબલનો ચુસ્તભક્ત આર્યસંસ્કૃતિને ટેકો આપનાર નહીં હોય, પણ તેટલો વિરોધી તો નથી. ત્યારે આજ સીવિલાઇઝ સંસ્કૃતિ સર્વ સંસ્કૃતિને અને સર્વની શિરોમણિ આર્યસંસ્કૃતિને બદલે પોતાનું સ્થાન જમાવવા માંગે છે. માટે ખાસ વિરોધી છે. આર્ય સંસ્કૃતિનું કેન્દ્ર જૈન આગમો છે. માટે આ જમાનામાં જૈન આગમોનો બચાવ અને તેની પ્રતિષ્ઠાનો વાસ્તવિક બચાવની મોટામાં મોટી જવાબદારી જૈન સંઘ ઉપર આવી પડી છે. પરંતુ જ્યાં સુધી જૈન સંઘના સર્વ અંગોના હૃદયમાં એ આગમો તરફ અનન્ય શ્રદ્ધા અને ભકિત હશે, અને આગેવાનો ચેતતા હશે ત્યાં સુધી બહુ ભયને અવકાશ નથી. પણ **ચેતતા નર સદા સુખી.** હજારો વર્ષ ટકી શકે તેવી રીતે સુવૈજ્ઞાનિક સાધનોથી લખાવવા અને હજારો વર્ષ ટકી શકે તેવી રીતે સુરક્ષિત રાખવા યોજના કરવી. તથા પઠન પાઠન ચાલુ રાખવું. જ્ઞાન પંચમી વિગેરે આગમભકિતના દિવસોને ઉજવવા. દીક્ષિત થઇ સારા માણસો સાંસારિક સુખોનો ભોગ આપી આગમોનું જ્ઞાન લોકપ્રિય કરવા જીંદગી આપે વિગેરે ઉપાયો જણાય છે. રોજની આવશ્યક ક્રિયામાં આ દૃષ્ટિથી આગમોની સ્તુતિ, કાઉસ્સગ્ગ ખાસ પૂર્વાચાર્યોએ ગોઠવ્યા છે. તે દરરોજ સંઘને જાગૃત રાખવા માટે છે, તે હવે સ્હેજે સમજાશે. અને પ્રતિક્રમણાદિ વખતે **પુક્ખરવર૦** સૂત્ર કેવા ભાવથી ઉચ્ચારવાનું છે ? તે પણ સમજાશે. આજનો સંઘ જો બેદરકાર રહેશે, તો ભાવિકાળમાં આગમ જ્ઞાનને જબ્બર ફટકો પડશે, આજે થતી ગ્રંથપ્રસિદ્ધિ ભૂલ ખવડાવનારી છે.

## પંડિતવર્ય શ્રી પ્રભુદાસભાઇને અભિનંદન

## પંડિત સુખલાલજીના સાહિત્યની મહાઘાતકતા

૧. પંડિત સુખલાલજીનાં સાહિત્યનો ઉંડાણથી અભ્યાસ કરી જોતાં સ્પષ્ટ રીતે માલુમ પડી આવે છે કે તે જૈન-શાસનઃ સંઘઃ ધર્મઃ અને એકંદર આત્મવાદનાં સર્વ ધર્મો માટે ભારતમાંયે એક અસાધારણ ફટકારૂપ છે. માટે જ વર્તમાન પ્રગતિમાં તેમને યશ કલગી મળવાની સંભાવના ગણી શકાય. તેનું સર્જન અનાત્મવાદી ભૌતિકવાદના અંતિમ આદર્શોને સામે રાખીને જ કેમ જાણ્યે લખાતું હોય તે રીતનું સર્જન ભારતના મુખ્ય પ્રાચીન આત્મવાદી ધર્મોને તે તરફ ઘસડી જવાના સંગીન પ્રયાસરૂપે જ જણાઈ આવે તેમ છે. સર્વતોમુખી તુલના ઘણા ઓચ્છા લોકો કરતા હોય છે. તેથી આ સત્ય એકાએક ભલભલા વિદ્વાનોનાયે ધ્યાનમાં આવી શકતું નથી; તેમાં કોઇવાર સ્પષ્ટ રીતે, અને કોઈ-વાર ગુઢ રીતે સૂચિત કર્યાનું જોઇ શકાય છે, કે—'અનાત્મવાદ અને તેના આધાર ઉપરનું વર્તમાન પ્રાગતિક જીવન જ માનવો માટેનું હિતકર અને આદર્શ જીવન છે' આ સૂર તેમના પ્રત્યેક લખાણોમાં એક યા બીજી રીતે લખાયેલો હોય છે.

૨. તેમના લખાણોમાંથી આત્મવાદી જીવનધોરણના સિદ્ધાંતો અને મંતવ્યોના શાસ્ત્રોનું ખાસ કરીને સીધે-સીધું અને સ્પષ્ટ ખંડન મળશે નહિં, પરંતુ "તે શાસ્ત્રોના વિધાનો જ અનાત્મવાદી-ભૌતિક આદર્શોના પ્રતિપાદનનું સમર્થન કરતા હોય છે." એમ વાચકોના મગજમાં યુક્તિઓ લડાવીને ઠસાવવાનો પ્રયત્ન હોય છે. એ રીતે તેનો ખંડન કરતાંયે વધારે જોરદાર ઉપાય તરીકે તેને ઉથલાવી નાંખીને તેને જુદા જ સ્વરૂપમાં રજુ કરી જુદી જ વસ્તુસ્થિતિ અને આશય સ્થાપિત કરી દેવાતો હોય છે.

૩. તેરાપંથ (શ્વે૦) સંપ્રદાયને લગતી ચર્ચાની એક પુસ્તિકામાં તેમના પત્રનો થોડો ભાગ શરૂઆતમાં છપાયેલો છે. જેમાં તેમણે પરંપરાગત પ્રાચીન ધર્મ માત્ર ઉપર માનવોને અવળે રસ્તે દોરવવાનો શબ્દાન્તરથી સખ્ત આક્ષેપ કર્યો છે. અને તેવા ધર્મોથી છૂટા પડવાના વિચારને વાસ્તવિક ગ્રંથિભેદ તરીકે ખુબીથી ઓળખાવેલ છે. ભયંકર અજ્ઞાન અને ભ્રમણાઓની ગાઢ ગાંઠના નાશ પછી જ ગ્રંથિભેદ થાય, ને પછી સમ્યગ્-દર્શનની પ્રાપ્તિ થવાનું શાસ્ત્રોમાં વર્ણન છે, તેને તેઓ 'કોઇપણ ધર્મને માનવો એ જ મિથ્યાત્વની ગાંઠ છે.' અને તેનાથી છૂટવું તેને ગ્રંથિભેદ તરીકે ઓળખાવવાનો ઘણે ઠેકાણે પ્રયાસ કર્યો છે.

**—પં. શ્રી પ્ર. બે. પારેખ**

o—o

ગેલક્સી પ્રિન્ટર્સ
ઢેબર રોડ, અલંકાર ચેમ્બર રાજકોટ

## પંડિતરત્ન શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખને અભિનંદન

— ૦ —

આધ્યાત્મિક વિકાસ એ જગત્‌માં એટલું બધું ગહન કામ છે, કે—કેટલાયે ભવાંતરો થાય, ત્યારે થોડોક જ આધ્યાત્મિક વિકાસ થાય છે. એટલે સ્વભાવઃ રહેણી—કરણીઃ વિગેરે બધા જીવોના એક જ ભવમાં એટલા બધા બદલી ન જ જાય. પરંતુ ભવાન્તરમાં ક્રમે ક્રમે તેનું પરિણામ જણાય, અને એમ ક્રમે ક્રમે ઉત્તરોત્તર પરિણામ વધતું જાય છે

છતાં આજે નિંદા કરવામાં આવે છે કે "ગમે તેટલી ક્રિયા કરવા છતાં ઘણાના સ્વભાવો ઘણા વિચિત્ર હોય છે." એ વાતમાં કંઇક સમજ—ફેર પણ છે. સ્વભાવની વિચિત્રતા તો દુન્યવી અને વ્યાવહારિક કર્તવ્યોની જવાબદારીને આભારી પણ હોય છે. જવાબદારી ઉપાડવામાં ન આવે, અને શાંતિ રાખવામાં આવે તો તે શાંતિની કિંમત શી ?

નોકરીઃ આજની વકિલાતઃ કે ડોકટરીઃ કરનારમાં શાંતિ વધારે દેખાય, તેમાં નવાઇ શી ? કેમકે—જવાબદારી જ ઓછી હોય છે, મહીનો થાય કે બાંધેલો પગાર અને ઠરેલા ચાર્જ લઇ લેવાના હોય છે.

પરંતુ વેપારની જવાબદારી ઉપાડનારને શાંતિ રહેવી મુશ્કેલ હોય છે. કેમકે તેના માથે જવાબદારીનો ભાર પહાડ જેટલો હોય છે. છતાં તે શાંતિ રાખે, તેમાં ઘણી બહાદુરી ગણાય છે. માટે ક્રિયા કરનાર અને જવાબદારીવાળી વ્યક્તિના સ્વભાવની વિચિત્રતાના દાખલા તદ્દન ખોટા છે.

આવા અણુઘટતા એકદેશી દાખલા આપીને ઘણા ક્રિયાની વિરૂદ્ધ પ્રચાર કાર્ય કરે છે. પરંતુ તે ઉપેક્ષા કરવા લાયક છેઃ તેવી અર્ધદગ્ધ વાત સાંભળવી ન જોઇએ.

આજે "સમજીને કરવા"ની વાતો પણ ક્રિયાથી વંચિત રાખવા માટે જ થાય છે. આપણે શાસનના સભ્યોએ ક્રિયા કરવી, અને સાથે સમજવું. દવા ખાવી ને સાથે સમજાય તેટલું સમજવું, પણ દવાના પ્રયોગથી રોગ મટાડવો. સમજીને દવા ખાવા જઇએ, તો સમજતાં જ આયુષ્ય પૂરું થાય. —પં. શ્રી પ્ર. બે. પારેખ

— ✲ ✲ —


卐 શાહ શિવલાલ ભુદરભાઈ 卐

સપરિવાર

૧ વર્ધમાનનગર, રાજકોટ

# તત્ત્વાર્થાધિગમ સૂત્ર

(૧) વિશ્વમાં અનંત પદાર્થો છે. છતાં તે દરેકના મૂળભૂત તત્ત્વભૂત–પદાર્થો કયા કયા છે? તે તત્ત્વનો વિચાર આ સૂત્રમાં છે.

૨. તે દરેક તત્ત્વનું અર્થ–ક્રિયાકારિત્વ શું શું છે? અર્થાત્ તે દરેક તત્ત્વો વિશ્વમાં શા શા ભાગ ભજવે છે? તે અર્થો પણ તેમાં બતાવેલા છે.

૩. ગમે તેટલા તત્ત્વો હોય, અને ગમે તે પ્રયોજનો–અર્થક્રિયાઓ તે સફળ કરતા હોય, તેથી શું? તેનો પ્રત્યેક આત્માને ઉપયોગ શો? તે જાણવાનીઃ સમજવાનીઃ તેને જરૂર પણ શી? ભલે જેમ હોય, તેમ વિશ્વઃ અને વિશ્વના પદાર્થો હોય. તેમાં આપણે શું? પરંતુ ને પદાર્થો આપણા આત્માના વિકાસ વગેરેમાં કેવી રીતે ઉપયોગીઃ કે નિરુપયોગીઃ થાય છે? એટલે કે કયારે અને કેવી રીતે ઉપાદેય અને હેયઃ હોય છે? તે વિચાર વાસ્તવિક **તત્ત્વાર્થ** છે. માટે તત્ત્વોના અર્થ પ્રયોજનો–અર્થક્રિયાત્વ જાણવાની જરૂર રહે છે.

૪. કેટલાક આત્માઓને કુદરતી રીતે ખાસ બાહ્ય નિમિત્તો વિના અને કેટલાકને બાહ્ય નિમિત્તોની સહાયથી તત્ત્વબોધ થાય છે. તત્ત્વબોધ થયા વિના તેઓનો મોક્ષ માર્ગ જ પ્રવૃત્ત થઇ શકતો નથી. જેમ કેટલાકના કેટલાક રોગ ખાસ ઔષધ કર્યા વિના ઉપશાંત થતા જ નથી, તેમ કેટલાક જીવોના કર્મો જ એવા હોય છે, અથવા તેઓની **તથાભવ્યતા** વિકાસ પામી શકતી નથી. તથાભવ્યતાનો પરિપાક થઇ શકતો નથી.

૫. તેવા આત્માઓને મોક્ષની પ્રાપ્તિ કરતાં પહેલાં તત્ત્વોના અર્થોનો બોધ મેળવવો પડે છે. તેવો બોધ ટુંકામાં મેળવવાનું સાધન આ **તત્ત્વાર્થાધિગમ** શાસ્ત્ર છે.

૬. **અધિગમ** એટલે બોધઃ બાહ્ય નિમિત્તઃ ઉપદેશઃ વાંચનઃ મનનઃ વગેરે તેના અર્થ થાય છે. અધિગમોરૂપે પરિણમીને મોક્ષની સાધનામાં ઉપયોગી થાય, તેવો તત્ત્વાર્થ-બોધ કરાવે તે **અધિગમ** કહેવાય છે.

૭. ભલે તમામ તત્ત્વોનું અને તેના અર્થોનું જ્ઞાન થાય, પરંતુ તે જ્ઞાન **અધિગમરૂપ** ન બને ત્યાં સુધી મોક્ષ તરફ પ્રયાણ થઇ શકતું નથી, એથી આ સૂત્રના નામમાં **અધિગમ** શબ્દ જોડવામાં ખાસ સંકેત છે.

૮. એટલે આ ગ્રન્થ તત્ત્વો અને અર્થોનો બોધ કરાવે છે. તે થવા ઉપરાંત, અધિગમ પણ કરાવે છે. "**तन्निसर्गादधिगमाद्वा**" ૧–૩. આ સૂત્રમાં મોક્ષમાં પ્રધાન બીજભૂત સમ્યગ્-દર્શનની ઉત્પત્તિનું કારણ **અધિગમ** બતાવેલ છે.

૯. તે **અધિગમ** કરવાનું સામર્થ્ય આ ગ્રંથ ધરાવે છે. તે ભાવ બતાવવા માટે પણ આ ગ્રંથના નામની સાથે **અધિગમ** શબ્દ ખાસ જોડવામાં આવેલો છે.

૧૦. **તત્ત્વજ્ઞાનના** ગણાતા બીજા ઘણા ગ્રંથોના નામોમાં આ જાતની વિશિષ્ટ ખુબી હોતી નથી. **તત્ત્વજ્ઞાનઃ તત્ત્વબોધઃ** વગેરે નામો હોય છે. પરંતુ "જ્ઞાનઃ કે બોધથી અધિગમ થાય જ એમ ચોક્કસ કહી ન શકાય." અને **અધિગમ** વિના તેવા ગ્રંથોની રચનાનું પ્રયોજન સિદ્ધ ન થાય.

૧૧. પરંતુ "આ ગ્રંથ એ પ્રયોજનની સફળતા માટે રચવામાં આવેલો છે" તેથી તથાપ્રકારના જીવો માટે જેમ બને તેમ આબાદ રીતે પ્રયોજન કરી આપનાર છે. તે સૂચન કરવા માટે ગ્રંથના નામમાં **અધિગમ** શબ્દ ખાસ કરીને જોડવામાં આવેલો છે.

૧૨. મહાઅધ્યાત્મશાસ્ત્ર અને સકળ વિશ્વજ્ઞાન દ્વાદશાંગીના સંક્ષિપ્ત પ્રતિબિમ્બરૂપ હોવાથી આ ગ્રંથ પણ અધ્યાત્મ અને વિશ્વજ્ઞાનમય શાસ્ત્રનો ગ્રંથ છે. આ રીતે નામમાં ગોઠવાયેલા **તત્ત્વઃ અર્થઃ** અને **અધિગમ** ત્રણે શબ્દો સંપૂર્ણ રીતે સાર્થક છે.

**—પં. શ્રી પ્ર. બે. પારેખ**

---

તમામ જ્ઞાનભંડારોઃ કે પૂજ્ય પુરૂષો હસ્તકના શાસ્ત્રગ્રંથોઃ પણ પ્રભુસ્થાપિત મહાશાસનની મિલ્કતો છે. અને તેના ઉપર પણ શ્રમણ પ્રધાન ચતુર્વિધ સંઘનો વહીવટ અને સંચાલન છે" એમ સમજીને કોઇપણ સ્થાનિક સંઘ કે ત્યાગી કે ગૃહસ્થ જૈનધર્મના અનુયાયિ વ્યક્તિને પોતાની ઇચ્છા પ્રમાણે શાસ્ત્રોનોઃ ને શાસ્ત્રભંડારોનો ગમે તેમ ઉપયોગ કરવાનો કે કરવા દેવાનો અધિકાર નથી. રાજ્ય કે સામાજિક બળોનો પણ વાસ્તવિક રીતે અનિવાર્ય સંજોગોમાં સેવક તરીકે રક્ષણ કરવાનો અધિકાર છે, નહિં કે પોતાની માલિકી માનીને કબજે લેવાનો, અને રક્ષણને બ્હાને કબજે લીધા પછી તેના ઉપર પોતાનો માલિક હક્ક કે સર્વોપરિ સત્તા સ્થાપિત કરી દઇ, ગમે તેમ ઉપયોગ કરવાનો કે કરવા દેવાનો કે કરાવવાનો અધિકાર છે. તેવો કોઇ અધિકાર છે જ નહીં. પોલીસ ચોકી કરે, કે રક્ષણ માટે કામચલાઉ વખત માટે કોઇ વસ્તુ કબજે રાખે, માટે તેની માલિકી કે ગમે તેમ તે વિષે કરવાનો અધિકાર તેને થતો નથી. તેમ ગુરુઆજ્ઞાનિષ્ઠ શ્રમણ ભગવંતો સિવાય બીજાઓ માટે આ પ્રમાણે સમજવું જોઇએ. શ્રી શ્રમણ ભગવંતો પણ ગીતાર્થમાન્ય આજ્ઞાવિરૂધ્ધ વર્તવાનોઃ ઉપયોગ કરવાનોઃ કે વહીવટ કરવાનોઃ અધિકાર ધરાવતા નથી. આ ન્યાયપૂર્વકની વ્યવસ્થા છે.

**—પં. શ્રી પ્ર. બે. પારેખ**

# ભારતીય સંસ્કૃતિની જતના

એક જૈન સાધુ એક ખુણામાં બેસીને જે ધાર્મિક ક્રિયા કરે, તેની અસર આખા જગત ઉપર કલ્યાણની થાય છે. તેની એ ક્રિયાથી તેના આત્મામાં પવિત્રતા વધે છે. લાયક માણસો તેને ટેકો આપે છે. અને તેની અસર સામાન્ય જનસમાજ ઉપર પડે છે. જેથી પાપી માણસો પાપ કરતાં સંકોચાય છેઃ પાપ દૂર રહે છેઃ જુલમ દૂર રહે છે. એ સર્વ એ ક્રિયાનો પ્રતાપ હોય છે. પ્રત્યક્ષ સેવા કરતાં માનસિક, અને તે કરતાં આધ્યાત્મિક સેવા તીવ્ર હોય છે. આ દેશની પ્રજા હજુ પોતાનું વ્યકિતત્વ જાળવી રહેલ છે. તેનું પણ મુખ્ય કેન્દ્રભૂત કારણ આ જ છે. નહીંતર **અમેરીકાની** મૂળ પ્રજાના મોટા ભાગનો નાશ કરીને ગોરી પ્રજા એ પ્રદેશમાં સંસ્થાનિક સ્વરાજ્ય ભોગવે છે. તે પ્રમાણે અહીં પણ ક્યારની સંસ્થાનિક સ્વરાજ્ય ભોગવતી હોત. પરંતુ હજી તે સ્થિતિ દૂર છે. જો કે તે સ્થિતિ લાવવા માટે કોન્ગ્રેસ ઉભી કરીને તે મારફત ગોરી પ્રજાના તમામ મુત્સદ્દીઓ તે સંસ્થાનિક સ્વરાજ્યની સ્થાપના કરવાની ક્રિયાઓ કરી, કરાવી રહ્યા છે. "મોતને વળગે એટલે તાવ આવે." કોન્ગ્રેસ મારફત સંપૂર્ણ સ્વરાજ્ય માટે હીલચાલ ઉપડાવે. અને અહિંસક [પરિણામે મહાહિંસક] લડાયક બળ—માનસિક વિચારોમાં પરિ-વર્તન—અજમાવે, એટલે પરિણામે વચલે માર્ગે સંસ્થાનિક સ્વરાજ્ય પ્રજાને ગળે વળગાડી શકાય.

તે કાર્યમાં તેઓને અહીં ચાલતી—દરેક ધર્મોવાળાઓની ક્રિયાઓની અસર મારફત ટકી રહેતી અહીંની સંસ્કૃતિ નડે છે, તે હઠાવવા આ દેશમાંના લોકોની કેટલીક સંકુચિતતાનો નાશ કરોઃ ધર્મ કરતાં રાષ્ટ્રધર્મ મુખ્ય છેઃ વર્ક ઇઝ વર્શીપઃ [પ્રાર્થનામાં વખત ગાળવાને બદલે કામ ધંધા કરો.] ધર્મગુરુઓ નવરા બેસી રહે છે. સેવાનું કામ કરે." વિગેરે હિલચાલોમાં ધાર્મિક ક્રિયાઓનો ગર્ભિત વિરોધ છે. [આજના દેશનેતાયે કોઇપણ ધર્મની રૂઢ ક્રિયા નથી કરતા હોતા. કેમકે તેમનો કોઇપણ એક ધર્મ નથી. અર્થાત્ એકેય ધર્મમાં તેઓ નથી. કોઇવાર ચાંદલા કરાવે છે, અને ચોખા ચોડાવે છે, તે તો પોતાના કાર્યની જાહેરાત માટે અને લોકપ્રિયતા મેળવવા માટે હોય છે.] એવી એવી વાતો કરાવીને અહીંની પ્રજાને પોતાને ખરે માર્ગેથી ચલિત કરવા જ પ્રયાસો થઇ રહ્યા છે. "રૂઢિ ચુસ્ત લોકો પ્રણાલીકાના પત્થરને જળો માફક ચોંટી રહેલા છેઃ તેમાંથી પ્રજાને છોડાવવા યુવકોએ યા હોમ કરીને ક્રાંતિ કરવી જોઇએ." [ક્રાંતિનો ઉપદેશ, પ્રણાલીકાવાદનું નામ આપીને અહીંની સંસ્કૃતિ સામે જ ક્રાંતિના ઉપયોગ માટે છે. કેટલાક યુવકો બિચારા અજ્ઞાન હોવાથી આમ હથીયાર બની જાય છે.] વિગેરે આકરા અને નિંદાના શબ્દો કહીને તથા દેશસેવા માટે પ્રાણ આપવાની તૈયારીના લલચામણા શબ્દો કહીને મૂળ રસ્તેથી પ્રજાને ભ્રષ્ટ કરાવાના અનેક પ્રયાસો ચાલે છેઃ છતાં પ્રજાનો

મોટો ભાગ હજુ પોતાનું હિત સમજીને પોતાના હિતસ્વી પૂર્વ પુરૂષોના ઉપદેશને વળગી રહ્યો છે વળી, દેશમાંથી ઉત્પન્ન થતા વાર્ષિક આર્થિક ઉત્પન્નનો મોટો ભાગ પરદેશીઓ વ્હેંચી લે છે. અને આ દેશમાં પણ જેમ બને તેમ નવી સંસ્કૃતિને મદદ કરનારાઓમાં વધુ વેંચાય છે. જુની સંસ્કૃતિને મદદ કરનારમાં માંડ માંડ જેવો તેવો ધનનો પ્રવાહ જાય. અથવા જેટલા ધંધાના મથકો તેઓના હાથ નથી ગયા, તેમાંથી જુના ધંધાર્થીઓ કમાઇ ખાય છેઃ તે શિવાય તેઓમાં બેકારી ફેલાય તેવા સંજોગો દિવસે ને દિવસે ઉત્પન્ન થયે જાય છે, કેમકે–બેકાર થયા વિના જુનો ચીલો છોડીને નવે ચીલે પ્રજા ચડેજ નહી. અને નવે ચીલે ચડયા પછી તેને માટે અનેક સગવડો આપવામાં હરકત પણ નહીં. આમ છતાં ઘણો મોટો ભાગ પોત પોતાના ધર્મોમાં મક્કમ છે. તે સદ્ભાગ્યની વસ્તુ છે.

**—પં. શ્રી પ્ર. બે. પારેખ**

---

**વિજયહીરસૂરીશ્વરજી** મહારાજ અને **શ્રી વિજયસેન સૂરીશ્વર** મહારાજના સમય કરતાં આજનો સમય વધારે ભય ભરેલો જણાય છે. છતાં આજે આપણે છુટા છુટા વર્ગમાં છુટી છુટી સંસ્થાઓને નામે વ્હેંચાઇને આપણા પગમાં જ કુહાડા મારી રહ્યા છીએ, જે પરમ આશ્ચર્ય છે. સૌ પોતપોતાની જ ધૂનમાં ચકચૂર છે. આજની આપણી સામેની તમામ સ્થિતિનો પ્રજાકીય સંરક્ષણની દૃષ્ટિથી આપણે સ્વતંત્ર વિચાર કરવાની જરૂર છે. અને તેને માટે યોગ્ય અને ધોરણસરના શકય અને પરમ હિતાવહ જે માર્ગ હોય, તે લેવાને ક્ષણવારનો વિલંબ કરવો જરાપણ યોગ્ય નથી. આજે આપણે દિવસે દિવસે વિષમ વિટંબણામાં ઉતરતા જઇએ છીએ. આપણી અને આપણી સંસ્કૃતિની આજુ બાજુ ઘેરો ઘલાતો જાય છે. તેમાંથી આજની કોઇ પણ કોન્ગ્રેસ વિગેરે સંસ્થા, ધારાસભાઓ, પ્રજાપરિષદો, કોમી કોન્ફરન્સો, એસોશીએશનો, સોસાઇટીઓ, મંડળો, પત્રો, વર્તમાનપત્રો, શિક્ષણ સંસ્થાઓ, વિગેરે કોઇપણ બચાવી શકે તેમ નથીજ. પરંતુ એ સર્વ ઉલટા આપણને વધુ ગુંચવે તેમ છે. આપણને થતું નુકશાન આપણી નજરે ચડવા દેતા નથી, તેમજ તેમાંથી બચવાનો માર્ગ પણ સૂજવા દેતા નથી ઉલટા ભળતેજ રસ્તે આપણી બુદ્ધિને દોરી જાય છે. આવો બુદ્ધિ ભેદ થાય, માટેજ આ જમાનાના પરદેશી ધુરંધરોએ એવા સાધનો લોકસમાજમાં લોકપ્રિય બનાવ્યા છે. માટે તેવા લાક્ષાગૃહ જેવા આશ્રય સ્થાનોથી સો ગાઉ દૂર ન્હાસીને, પચ્ચાસ વર્ષ પહેલાના ભૂતકાળ અને પચ્ચાસ વર્ષ પછીના ભવિષ્ય કાળનો બુદ્ધિથી અનુસંધાન કરીને બચાવના સંગીન માર્ગો શોધી કાઢવા જોઇએ. આજની સભાઓ ફસાવવાની જાળો છે, અને આપણી મૂળ સંસ્થાઓને તોડવા માટે લોકોને આકર્ષિ બુદ્ધિભેદ કરવાનું સાધન છે. આપણી મૂળ સંસ્થાઓમાં બંધાયેલા આપણને એવી સભાઓમાં જવાને કાયદેસર હક્ક નથી, છતાં જેઓ જાય છે, તેઓ સ્વદ્રોહ કરે છે. એ ઝેરી જાળો છે.

**—પં. શ્રી પ્ર. બે. પારેખ**

## અનુષ્ઠાનની સમજ

—પં. શ્રી પ્ર. બે. પારેખ

અનુષ્ઠાન તે ચાર છે, પ્રીતિ: ભક્તિ: ને વચન: અસંગ રે;
ત્રણ ક્ષમા છે દોયમાં, અગ્રિમ દોયમાં દોય ચંગરે, સંવે૦ ૪–૨૬
વલ્લભ–સ્ત્રી: જનની: તથા, તેહના કૃત્યમાં જુઓ રાગરે;
પડિક્કમણાદિ કૃત્યમાં, એમ પ્રીતિ: ભક્તિ:નો લાગરે, સંવે૦ ૪–૨૭
વચન તે આગમ આશરી, સહેજે થાયરે અસંગરે;
ચક્રભ્રમણ જિમ દંડથી, ઉત્તર તદભાવે ચંગરે, સંવે૦ ૪–૨૮

—પૂ. મહો. શ્રી યશો વિ. મ. સા.

**અર્થ:**—ક્ષમાનાં ચાર અનુષ્ઠાન એટલે ક્રિયાઓ છે, ને તેના છ **આવશ્યક** છે. એટલે શ્રાવકનું પ્રતિક્રમણ અને યતિ–પગામ સજ્ઝાય, અતિચાર, આલોચના વગેરે તે–**પડિક્કમણાવશ્યક** કહેવાય. તથા જ્ઞાન, દર્શન, ચારિત્ર: સંબંધી કાઉસ્સગ્ગ કરવા, તે–**કાઉસ્સગ્ગ આવશ્યક** કહેવાય. શક્તિ મુજબ પચ્ચક્ખાણ કરવું, તે **પ્રત્યાખ્યાનાવશ્યક** કહેવાય. આ ત્રણે આવશ્યકની અંદર **પ્રીતિ–અનુષ્ઠાન** જાણવું.

અને **સામાયિક: ચઉવિસત્થો** જિનવંદનાવશ્યક એ બેઉ: તથા વાંદણાં દેવાં એ **ગુરૂવંદનાવશ્યક:** એ ત્રણેય આવશ્યકની અંદર **ભક્તિ અનુષ્ઠાન** છે.

આગમનુસારે પ્રવર્ત્તવું તે **વચનઅનુષ્ઠાન.**

અને સહેજે બની શકે તે **અસંગાનુષ્ઠાન** કહેવાય છે.

આ ચારેય અનુષ્ઠાનને આગળ કહેવામાં આવેલી પાંચેય પ્રકારની ક્ષમાઓ, પૈકી પહેલી ત્રણ ક્ષમાઓમાં પ્રીતિ: અને ભક્તિ: એ બન્નેય અનુષ્ઠાનનો સમાવેશ છે. ચારેય પાછળનાં બે અનુષ્ઠાન સુંદર માનીને અંગીકાર કરવાં.

અનુષ્ઠાનનાં લક્ષણ શું હોય ? તે હવે કહેવામાં આવે છે. પોતાની સ્ત્રી: અને પોતાની માતા: એ બન્નેય સ્ત્રીજાતિ છે, અને બન્નેય ઉપર વ્હાલ પણ હોય છે. તથાપિ તે બેઉનાં કાર્યોની અંદર જુદા જુદા પ્રકારનો રાગ હોય છે, મતલબ કે સ્ત્રી ઉપર પ્રીતિરાગ: અને માતા ઉપર ભક્તિરાગ: હોય છે. તે જ મુજબ **પડિક્કમણ: કાઉસ્સગ્ગ:** અને **પચ્ચક્ખાણ:** એ ત્રણ આવશ્યકમાં પ્રીતિ અનુષ્ઠાન છે, કેમકે–તેઓના સંગથી આગળ વિશેષ ગુણ વધે, એથી **પ્રીતિરાગ** હોય છે, અને **સામાયિક** રૂપ ચારિત્ર: **ચઉવિસત્થો રૂપ** પ્રભુવંદન: અને **વાંદણાં** રૂપ ગુરૂવંદન: એ ત્રણ આવશ્યકમાં ક્રિયા **ભક્તિપૂર્ણ** છે. એમ પ્રીતિ આ લોકના આશ્રયી અને ભક્તિ પરલોકની આશ્રયી હોવાથી અનુષ્ઠાનના લાગ હોય. વચન: અને અસંગ: એ બે અનુષ્ઠાનના ખુલાસા હવે કહે છે. કે–જેમ કુંભારનો ચાકડો પ્રથમ દાંડાના લાગથી વેગમાં ચાલી શકે છે, પણ પછીથી પોતાની મેળે સ્હેજે ફરી શકે છે, તેમ શ્રી વીતરાગ પ્રરૂપિત આગમની અંદર જેવી રીતે જ્ઞાનક્રિયાનાં આલંબન કથેલ છે, તેના અનુસારે આજ્ઞા મુજબ ધર્મમાં પ્રવર્ત્તન કરે, તે **વંચનાનુષ્ઠાન** સમજવું, અને પાછળથી ઉત્તર કાળે તેના અભાવ વડે કોઇના આધાર વગર પણ સહેજે આદત પડી રહેતાં પાંચ ક્રિયા થાય, તે **અસંગાનુષ્ઠાન** સમજવું." વિગેરે.

## પંડિતવર્ય શ્રી પ્રભુદાસભાઇને અભિનંદન

અમેરીકા વગેરે ખુલ્લા શબ્દોમાં બોલતા હોય છે, કે–"અમારા સ્વાર્થ માટે દૂરપૂર્વના દેશોની વિકાસયોજનાઓમાં અમે પૈસા આપીયે છીએ."

આ અર્થતંત્રના પરિવર્તનથી એક તરફ વિકાસ અને બીજી તરફ શોષણ, કરો, ફી, પ્રથમના ધંધા તૂટવા, નવી નવી ગ્રામ્યયોજનાઓ, જગાતો વગેરેથી ગરીબી, બેકારી, અજ્ઞાન, આપઘાત વગેરે વધતા જાય છે. તેથી ધંધા ખાતર શિક્ષણ લેનારા વધતા જાય છે, અને રંગીન પ્રજાઓ વધુ ને વધુ ગુલામ બનતી જાય છે. પરંતુ **વડાપ્રધાન પં. જવાહરલાલ નહેરૂજી** જણાવે છે, કે—

"આધુનિક ભારતમાં જન્મ, નાણાં, નાત, જાત અને કુટુંબ પર આધાર રાખતી જુના જમાનાની પ્રણાલિકાને કશું પણ સ્થાન રહેશે નહીં...જે લોકો આ જુની પ્રણાલિકામાં માને છે. તેઓએ કાંતો પોતાની વિચારસરણિ ફેરવવી જોઇએ, અથવા તો જાહેરમાંથી દૂર થઇ જવું જોઇએ" ......"નહીં કે બીજાઓની મહેનત ઉપર જીવનારાઓની." (આ ધર્મગુરૂઓ કે જેઓ ત્યાગપૂર્વક જીવી જનતા ઉપર ઉપકાર કરે છે. તેની સામે કટાક્ષ છે. લે૦) **મુંબઈ સમાચાર** પૃ૦ ૧૩ તા. ૧–૧૧–૬૧

ચાર પુરૂષાર્થની જીવનસંસ્કૃતિને જુની પ્રણાલિકા વિદેશીઓએ નામ આપ્યું. તે નામ ભારતવાસીઓ પણ ઉપયોગ કરે. એ કેટલું અસત્ય અને હિંસા ?

તેમણે કહ્યું હતું કે–"હવે દુનિયા એક બાજુ પ્રગતિ અને બીજી બાજુએ વિનાશને આરે ઉભી છે." "શકય છે, કે–ભાવિ પેઢીઓ અપંગ બને અથવા ખોડખાંપણ સાથે જન્મે." "એક બાજુ વિજ્ઞાન સારા જીવન માટે તમામ સગવડો પૂરી પાડે છે. અને બીજા હાથ પર તે માણસ જાતને પાંગળી બનાવી અને નાશ કરે તેવી શોધો કરે છે" "અણુપ્રયોગો અનિષ્ટ છે અને કોઇપણ પ્રકારની દલીલ તેને ઇષ્ટ બનાવી શકશે નહીં. સલામતી અને રક્ષણ માટે આ પ્રયોગો કરાય છે, એવી દલીલને વ્યાજબી ઠરાવી શકાય નહી.
**મુંબઈ સમાચાર** પૃષ્ઠ ૧૬ તા. ૧–૧૧–૬૧

વર્તમાન પ્રગતિમાં અનિવાર્ય રીતે જન્મનારા આ સર્વ પરિણામો છુપાયેલા જ હતા અને છે. આ વાત વડાપ્રધાનજીના લક્ષ્ય બહાર હતી અને છે.

ઉપરના તેમના વકતવ્યથી પણ જુની જીવનપદ્ધતિ એટલે વાસ્તવિક રીતે તો તે સંસ્કૃતિનું જીવન જીવવાથી ને તેને વળગી રહેવાથી નાશ થવાની સ્પષ્ટ આગાહી છે.

—o— **—પં. શ્રી પ્ર. બે. પારેખ.**

**HIRJI SHIVJI & CO.**
Office Telephones : 86 28 70
86 33 64 / 872 16 85
Merchants & Commission Agents
107, Keshavji Naik Road, BOMBAY-400009

## સૂક્ષ્મચિંતક દીર્ઘદર્શી પંડિત શ્રી પ્રભુદાસભાઇને અભિનંદન...

— ૦૦ —

આધુનિક સંશોધકો "પ્રથમ માનવો જંગલી હાલતમાં હતા અને પછી ધીમે ધીમે સુધર્યા હતા." તેને માટે જુદા જુદા કાળના જુદા-જુદા હપ્તા બતાવે છે. પત્થર યુગ, લોહ યુગ, વિગેરે. અને મળી આવેલા પ્રાચીનકાળના ફોસિલોઃ વગેરે સાધનોઃ માનવીય હાડપીંજરો તથા બીજા અવયવો: ઉપરથી એ બધું સમજાવે છે. તે ઉપરથી એટલું નક્કી થાય છે, કે આજના કરતાં પ્રાચીનકાલમાં માનવ શરીરો ઘણા મોટા સંભવિત હતા. બીજા પ્રદેશોમાં જંગલી હાલતમાં માનવો હોય, એ પણ સંભવિત માનવામાં હરકત નથી. પરંતુ ભારતમાં તો પ્રાચીનકાળથી જ સંસ્કારી માનવો હોવાના પ્રમાણો જગતભરના ધર્મશાસ્ત્રો અને "ભારત તરફથી નિડર થાલ કાળમાં જે લોકો યુરોપ તરફ ગયા, તે સંસ્કારી હતા" એ જાતની લગભગ એચ. જી. વેલ્સની નોંધ; ઉપરથી "ભારતમાં સંસ્કારી માનવો પ્રાચીનકાળથી હતા" એમ કહી શકાય તેમ છે. આધુનિક લેખકો પ્રાચીન ઈતિહાસ વિગેરેની શરૂઆત ભારતથી ન કરતાં ગ્રીકઃ રોમઃ અને બીજા પાશ્ચાત્ય પ્રદેશોથી કરે છે. એટલે સાચી વાત જ ન મળતાં દરેક બાબતોમાં વિકૃત અને ભૂલ ભરેલી હકીકત રજુ થાય છે, અને તે ફેલાય છે. કેમકે ભારતના વ્યકિતત્વને ભાવિ પ્રજાના માનસમાં જરાપણ સ્થાન ન પામવા દેવાનું મજબૂત વલણ: તેઓને આ જાતના વિધાનો કરવા કાયમ માટે પ્રેરણા કરતા હોય છે. પરંતુ ભારતના નેતૃત્વ નીચે ચાર પુરુષાર્થની વ્યવસ્થિત સંસ્કૃતિ ભારત અને બહારના લોકોમાં અને જીવનમાં વ્યવસ્થિત રીતે વણાયેલી, ગુંથાયેલી, આજે પણ વિદ્યમાન છે. એ કોઇ પણ એક મહાદીર્ઘ-દૃષ્ટિ વ્યકિતની રચના શિવાય બીજી રીતે સંભવિત નથી. અને દરેક ધર્મોના પ્રાચીન ધર્મ-શાસ્ત્રોમાંની નોંધ એના પૂરાવામાં છે. "પ્રથમ વાંદરા હતા, તેમાંથી મનુષ્ય રૂપે તે વિકસિત થયા." વિગેરે વાતો બુદ્ધિગ્રાહ્ય નથી. ને સાથે જ આધુનિક સંશોધકોએજ એવી વાતોને લગભગ ખોટી અને હાસ્યાસ્પદ ઠરાવી દીધી છે.

—પં. શ્રી પ્ર. બે. પારેખ

— ૦૦ —


## શાહ જગજીવનદાસ જીવરાજ—ભાડલાવાળા

'જિતેન્દ્ર' ૬, એ-વર્ધમાનનગર, રાજકોટ

જિતેન્દ્ર જ્વેલર્સ– શરાફ બજાર, રાજકોટ

## હાર્દિક અભિવંદન સાથે અભિનંદન...

— ૦૦ —

## સ્યાદ્વાદની સમજ.

દરેકનો પરસ્પર સમન્વય સ્યાદ્વાદની મદદથી જ નિરૂપિત થઇ શકતો હોય છે.

આથી "તે અનિશ્ચિતઃ અવ્યવસ્થિતઃ ડામાડોળઃ દર્શન છે" એમ માનવાની કોઇએ કદી પણ ભૂલ કરી ભ્રમણામાં પડવાની જરૂર નથી. કેમકે અપેક્ષાઓના દૃષ્ટિભેદે એ સઘળી વ્યવસ્થા સુસંગત હોય છે.

**દા૦ ત૦** એક માણસ બાપ છે અને તે જ દીકરો પણ છે. બાપ પણ નથી ને દીકરો પણ નથી. જેનો બાપ છે તેનો જ તે બાપ છે, બીજાનો નથી. બાપ બીજાનો છે ત્યારે એ જ માણસ દીકરો બીજાનો છે. જેનો બાપ છે તેનો દીકરો નથી. બીજાનો દીકરો છે. એમ જ્ઞાન એ જ આચાર, અને આચાર એ જ જ્ઞાન એમ અનેક અપેક્ષાએ પણ પદાર્થો નિરૂપાયેલા હોય છે.

આ વિશ્વમાં આવું આ અતિગહનતમ દર્શન છે, શાસ્ત્ર છે, શાસન છે, ધર્મ છે. કેમકે વિશ્વની વસ્તુસ્થિતિ પણ આ પ્રકારની છે.

આ જૈનદર્શન સર્વ દર્શનોનોઃ સર્વ જ્ઞાનમાત્રાઓનોઃ સમન્વય કરનાર છે. તેમજ તેમાંના નિર્દેશોની સંપૂર્ણતાનો અને પરસ્પર સંબંધોનો ખ્યાલ પણ બરાબર આપનાર છે. કોઇએ તે સમજી જવાનું: જલ્દી જલ્દી સમજી લેવાનું અભિમાન કરવું નહીં. પહાડ ઉપર ચડનારા શરૂઆતમાં દોડતા માલુમ પડે છે. પરંતુ માઇલો સુધીના ચઢાણ આવતાં પછી ધીરે ધીરે પગ માંડવા પડે છે.

જૈનધર્મ આધ્યાત્મિક વિકાસની તમામ સાધનાઓનું કેન્દ્ર છે. વ્યાવહારિક યોજનાઓનું મધ્યબિંદુ છે. સર્વોપરિ જીવનધોરણને પરાકાષ્ઠાએ પહોંચવાની સંપૂર્ણ શકિત તેનામાં છે. તે સર્વ ધર્મોનો આત્મા છે. સર્વ ધર્મોનો મૂલભૂત આધાર છે. તે સ્યાદ્વાદની મદદથી બરાબર સમજી શકાય છે.

—પં. શ્રી પ્ર. બે. પારેખ

— ૦૦ —

Tel. 855 85 77 C/o. 855 35 59

* હેમા ટ્રેડીંગ કું. *

અનાજ અને કઠોળના વેપારી

૨૭૮, નરસી નાથા સ્ટ્રીટ, ભાત બજાર, મુંબઇ–૪૦૦ ૦૦૯

# એક જ ધર્મ રાખવા અને બીજા ધર્મોને નિઃશેષ કરવા તરફની પ્રવૃત્તિનો નિર્દેશ–

પંડિત શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ.

પાશ્ચાત્યોએ ભારતમાં આવતાંની સાથે પોતાની બાબતો અને તેની મહત્તાઓ ખુબીથી ફેલાવવા માંડી હતી, એમ જણાઇ આવે છે. ભારતના પ્રચલિત મોટા મોટા ધર્મોની હરોળમાં દાખલ થવાની ગોઠવણ–દીને–ઇ–લાહી પંથ કઢાવી કરી હતી. ઇસ્લામી રાજ્ય તરફની ભેટો વગેરે અપાવી ભારતમાં પણ ધર્મને રાજયના અંગ રૂપ ગણાવવાનું ચાલુ કર્યું હતું. તેવી જ રીતે ભારતની બીજી ગમે તેવી ઉચ્ચ કક્ષાની બાબતોને ગૌણ અને ઉપેક્ષિત રાખવાના પાશ્ચાત્યોના પ્રયત્નો થતા રહ્યા જણાય છે. હવે તો તે દરેકને જગત્‌માંથી દૂર થવા દેવા તરફનું અગમ્ય રીતે વલણ વધતું જાય છે, જેથી જગત્‌ને અને માનવ જાતને સાચી અને હિતકર બાબતોથી વંચિત રહેવું પડતું જવાય તેમ કરાવી રહેવાયું છે. આ બધું અતિ ધીમી શરૂઆતથી અને જેમ બને તેમ ગૂઢ રીતે શાંતિથી થતું–કરાતું ભારતમાંયે ચલાવાતું રહ્યું છે

જો કે, આખી દુનિયાનું સાહિત્ય અને ધર્મ સાહિત્ય પણ તેઓ તરફથી મોટા પાયા ઉપર છપાવાય છે, પ્રસિદ્ધ કરાય છે. છતાં મુખ્ય પઠન–પાઠન, પ્રચાર, મહત્તા અને જીવનમાં મુખ્ય સ્થાન તેને અપાવવાથી તેઓ ખુબીથી દૂર–રહે છે. જેને મહત્ત્વ આપવાનું પોતે માનતા હોય છે, તેનું જ મહત્ત્વ તેઓ તરફથી રખાવાય છે. આખા જગત્‌માં લગભગ ઓછે વધતે અંશે તે પ્રકારનું શિક્ષણ ગોઠવવામાં આવ્યું છે, ને ગોઠવાય છે. વખત જતાં જગત્‌ની માનવ જાત જીવનમાં—તેને જ મુખ્ય સ્થાન આપે, તે જાતનું વલણ સર્વત્ર રખાવાઇ રહ્યું છે. અનેક ખુબીઓથી પોતાના ધર્મની પ્રધાન ક્રિયા ખાસ કરીને જે **પ્રાર્થના** છે, તેને તેઓ તે શબ્દથી મોટા પાયા ઉપર પ્રસારે છે, ને બીજા મારફત પ્રસરાવે પણ છે.

આજે મોટા પાયા ઉપર ખ્રિસ્તી ધર્મ અને તેના ધર્મ શાસ્ત્રને જે સ્થાન જે રીતે અપાય છે, તે માનવ જાતિ ઉપર ન્યાયની દૃષ્ટિથી એક જાતના અન્યાયરૂપ બની રહે તેમ કહી શકાય તેમ છે. પહેલાં તેમ નહોતું. છેલ્લા પાંચસો વર્ષથી–આ સ્થિતિ તેના અનુયાયીઓએ ઉભી કરી છે. પોતાનો ધર્મ પ્રચારવો એ જુદી બાબતો છે, અને તેને જે દુનિયાનો એક જ ધર્મ કરી, એ એક જ ધર્મ રાખવો અને બીજા ધર્મોને અસ્તિત્વરહિત કરવા, એ જુદી બાબત છે. બીજા ધર્મો દૂર કરાવવા. અસાંપ્રદાયિકતાનો (ધર્મ

રહિતતાનો નહી) પ્રચાર કરવો એ કેટલું અયોગ્ય ગણી શકાય? "પોત પોતાની રીતે સૌ પોત પોતાના ધર્મમાં, રહે, ને બધા ધર્મોને–ટેકો અપાય છે." વગેરે વિશ્વાસ પમાડવા પ્રથમ પ્રચારાયું હતું. પરંતુ–તે તે દરેક ધર્મોને ધીમે ધીમે ખુબીથી હાથમાં લઇ, તેનો અભ્યાસ કરવામાં આવ્યો અને તેનો સહકાર મેળવી, "જગતમાં બહુમતનો એક જ ધર્મ રાખવો, અને બીજા બધા ધર્મોને સંપ્રદાય ઠરાવી, તેઓનું–વિસર્જન થવા દેવું." જગતમાં તે જાતની નવી સ્થિતિ ઉત્પન્ન કરવાના પ્રયત્નો થતા જણાઇ આવતા જાય છે. બીજા ધર્મોને–જગતમાંથી દૂર કરવાની સ્થિતિ સર્જવા બીજા દરેક ધર્મોની સેવા, પાલન, ધર્મોમાં પ્રવેશ, તે તે ધર્મના નવા આકારોના સર્જન, તથા તેને પ્રચારોને વેગ વગેરે અપાય છે. પરંતુ એક શિવાયના બીજા બધા ધર્મોના વિસર્જનમાં પરિણામ લાવવા માટે એ બધું કરાતું જણાય છે. કોઇ મહાપુરૂષ આ સ્થિતિ અટકાવે તેવી આશા સેવવામાં કશું અયોગ્ય–જણાતું નથી. ઉચ્ચ કક્ષાના ધર્મોને પણ સંપ્રદાયો ઠરાવી અસાંપ્રદાનિકતા કરવાના એક જ ધડાકાથી તે બધાયને રદ કરવાની સ્થિતિ સર્જવી, એ કેટલો અન્યાય છે? એક જ ધર્મ રાખવો કે કરવો હોય તો—જગતમાં જે કારણે ધર્મની જરૂર છે, તે માટેની પૂરી લાયકાત, યોગ્યતા, કાર્યક્ષમતા વગેરેથી ધર્મની પરીક્ષા કરી; તે એકને ટકાવવો જોઇએ. બહુમત–લઘુમત–એ કોઇ ધર્મની ધર્મ તરીકેની

---

પરોપકાર કરવામાં એક શરત હોવાનું અનિવાર્ય જણાય છે. પરોપકારમાં પોતાનું સર્વસ્વ તજવામાં હરકત નથી. પરંતુ પવિત્રતા તજવી જરૂરની નથી. પરંતુ તે ન તજવી એ ખાસ અનિવાર્ય શરત છે. કારણ કે–પરોપકારનું આચરણ પણ આત્માની પવિત્રતા વધારવા માટે છે. તો પરોપકાર કરવા જતા જો પવિત્રતા ખોઇ બેસાય, તો પછી મેળવ્યું શું? સતી સ્ત્રી કામી પુરુષના કામની શાંતિ માટે શિયળ ભંગ કરીને પરોપકાર ન કરી શકે. તે જ પ્રમાણે મુનિઃ બ્રાહ્મણઃ ઉચ્ચ કુળવાનોઃ પોતાનો વારસાગત કે સંજોગ ગતઃ સંપાદન કરેલીઃ નૈતિક ગુણ રૂપ કે જાતિગત જે પવિત્રતા હોય, તેને ભોગે પરોપકાર ન કરી શકે. સારાંશ કે–પવિત્રતા જાળવીને, જીવનસિદ્ધાંત જાળવીને, જે પરોપકાર કરવામાં આવે, તે જ ખરો પરોપકાર છે. શિવાયના પરોપકારની કિંમત પણ નથી અને તે નામ માત્ર પરોપકાર છે. આની સામે ઘણા પરોપકારી પુરૂષોએ ખોટા કલંક પોતાને માથે ઓઢી લીધાના, અપયશના ભાગી થવાના, તથા પરોપકારની લાગણીને વશ થઇને ગમે તેવી હીન સ્થિતિમાં પ્રવેશ્યાના દાખલા રજુ કરશે.

પરંતુ તેમાં પરોપકારી પુરુષોએ પોતાની જાતને અપવિત્ર કરી નહીં હોય, અથવા ક્યાંક અપવિત્રતા સ્વીકારી હશે, તો તેમાં માત્ર પરોપકારનો ભાસ હશે.

**પં. શ્રી પ્ર. બે. પારેખ**

લાયકાત માપવાનું સાચું, ને યોગ્ય સાધન-માપ છે ? કે ઉટપટાંગ રીતે ઉભી કરેલી બાબત છે ? ધર્મ તરીકેની ઉચ્ચ યોગ્યતાની પરીક્ષામાં કોણ પાર ઉતરે તેમ છે ? તે ખરી રીતે તપાસવું જોઇએ. આજે એ કોણ કરે ?

ગોઠવણ એવી થતી જણાતી જાય છે; કે "(૧) બહુમતનો એક જ ધર્મ જગત્માં રાખવો. (૨) લઘુમતી ધર્મોને સંપ્રદાયો-(ધર્મો નહીં) ઠરાવવા. (૩) સંપ્રદાયો એટલે ધર્મોના બગડેલા ભાગો-આત્મા વિનાનાં શબો-ખાલી કલેવરો-તરીકે ઓળખવા. (૪) તેથી માનવોને નુકસાન વગેરે છે. તેવો ગૂઢ પ્રચાર થવા દેવો. (૫) માટે તે જગત્માંથી રદ થવાને પાત્ર છે, ને રદ થવા જોઇએ. (૬) ધર્મ રહિતતા કરવા નહીં, પરંતુ સંપ્રદાયોને હટાવી દઇ, **અસાંપ્રદાયિકતા** સર્જવી જોઇએ. (૭) સાથે જ તે તે ધર્મોમાંથી અમુક અમુક બાબતો લઈ તેના નમુનાના તે તે ધર્મના નવા આકારો ઉભા કરવા (૮) ને તે તે ધર્મના માન્ય પુરૂષોના નામે મોટા મોટા પાયા ઉપર ઉત્સવો કરી ખરી રીતે, તે નવા આકારોને હવે લોકપ્રિય બનાવવા. (૯) તેમાં મોટી સંખ્યામાં પોતે શ્વેતોએ પણ દાખલ થઇ, ધર્મ બુદ્ધિથી તેનું રીતસર પાલન કરવાનો દેખાવ કરી, તેનો પ્રચાર પણ મોટા પાયા ઉપર કરવાનો. (૧૦) ને સંપ્રદાય રૂપ ઠરાવેલા ધર્મોને પણ રદ થવાની સ્થિતિમાં રખાતા રહી બહુમતના એક જ ધર્મમાં તે નવા આકારોના સર્વ ધર્મોને પણ પછી દાખલ કરી દેવાની તક ઉભી કરવાની (૧૧) જેથી છેવટે જગત્માં એક જ ધર્મ રહી શકે, ને બીજાઓનું અસ્તિત્વ જ લુપ્ત થયુ, હોય કે થતું હોય, કે વિસર્જન વગેરે થતા હોય." આ જાતનો પાશ્ચાત્યોનો હવે કાર્યક્રમ જણાય છે. **યુનો** તથા **યુનેસ્કો** દુર રહ્યા રહ્યા પણ આ બાબતો પદ્ધતિસર પોતાની શાખાઓ દ્વારા સર્જી રહ્યા હોય, તેમ ઉંડાણથી વિચારતા બરાબર જણાઇ આવે છે.

જગત્ ઉપરના જુદા જુદા ધર્મો તે તે પ્રદેશના માનવોને ધર્મમાં સ્થિર રાખી એક યા બીજી રીતે. (૧) ધર્મ (૨) અર્થ (ધંધા ને રાજ્ય) (૩) કામ (સામાજિક ને કૌટુંબીક જીવન) (૪) મોક્ષ——એવા ચાર પુરૂષાર્થની ધર્મપ્રધાન સંસ્કૃતિનું જીવન ઓછે વધતે અંશે જીવાડતા હોય છે. અને એ રીતે જગત્માં સ્થાયી-સાચી——શાંતિ ટકાવી રાખી, તેમાં માનવોને જીવાડાતા હોય છે, ને પોત પોતાની ક્ષેત્ર મર્યાદામાં રહેતા આવ્યા હોય છે. કોઈ કોઈવાર ખાસ વ્યકિત વિશેષથી તેમાં મોક્ષ ઉત્પન્ન કરાયો હોય છે, પરંતુ જગત ઉપર અગાધ ધર્મ-સામ્રાજ્ય સાગરમાં તે નાના પરપોટા રૂપે જ ભાસે તેમ હોય છે

જગત્માં માનવોના જીવન બે ભાગમાં વહેચાયેલા હોય છે. એક, માનવ પ્રાણી માત્ર તરીકેનું જીવન, અને બીજુ, મુક્ત થવા તરફ દોરવાતું આધ્યાત્મિક-સાંસ્કૃતિક જીવન. જેના પ્રાથમિકથી માંડી ઉચ્ચ કક્ષાના દરજ્જા હોય છે તે તેના ઉપર તે તે કક્ષાના

માનવો જીવન ચલાવતા હોય છે ખરી સાંસ્કૃતિ છે.

ઇસ્લામ ધર્મના અનુયાયીઓને પોતાનો ધર્મ સારો લાગવાથી "માનવ જાત તેનો સ્વીકાર કરી લાભ ઉઠાવે, તો સારૂં." એવો કોઈ સારા આશયથી ને પછી સાથે સાથે રાજ્ય મેળવવાની ઇચ્છાથી પણ દબાણ પૂર્વક ધર્મનો સ્વીકાર કરાવ્યાની હકીકતો મળે છે. તેઓ ભારતથી તે વખતે દૂર હોવાથી 'ઉચ્ચ કક્ષા ધરાવતા ધર્મો પણ જગત્‌માં છે.' તેનો તેઓને ખ્યાલ ન પણ આવેલ હોય. તેમ છતાં જે માનવો ધર્મથી અલિપ્ત જેવા હશે, તેઓમાંના કેટલાકને પણ ધર્મથી વાસિત કર્યા છે. કેટલાક ખલીફાના જીવન નિરાળા અને સંત જેવા જણાતા રહ્યા છે. એકંદર ધર્મ તરીકે જનતાને અપેક્ષાએ ઓછે વધતે અંશે પણ એક યા બીજી રીતે ન્યાય, નિતિ, સદાચાર, તપ, ત્યાગ, સંયમ, દાન, પરોપકાર વગેરે ગુણોના વિકાસમાં દોરવેલ પણ છે.

એ પ્રમાણે ખ્રીસ્તી ધર્મની બાબતમાં પણ તેમની રીતે સમજી શકાય તેમ છે. ઇસુ ખ્રીસ્ત પોતે ન્યાય, નીતિ, સદાચાર, પરોપકાર વગેરેને પસંદ કરતા હતા ને તે પ્રમાણે વર્તતા હતા, તે તેમના જીવનના અહેવાલો વગેરે ઉપરથી જાણી શકાય છે. તે ખાતર તેમણે પોતાનો આત્મભોગ આપ્યો. તેની ખાસ અસર પણ જગત્‌માં તરી આવી. જેથી તેમના પછી નજીકના જ વર્ષોમાં તેમના શિષ્યો તેમના નામે એક ધર્મ ઉપસ્થિત કરી શકયા છે, ને તેનો પ્રચાર કરી, તેનો ફેલાવો કર્યો છે.

પાશ્ચાત્ય યુરોપીયન શ્વેત પ્રજાના મોટા ભાગે જેને ધર્મ તરીકે અપનાવ્યો છે, જેને આધારે ન્યાય, નીતિ, સદાચાર વિગેરેના ઓછા–વધતા લાભ, તે તે લોકોને મળતા રહ્યા છે. ઇતિહાસકાળમાં તે ધર્મને પણ અનેક–આઘાત પ્રત્યાઘાતો વગેરે જો કે સહન કરવા પડેલા છે.

કોન્સટટીનાપલની ઘટના પછી એ પ્રજા સફાળી સન ૧૪૫૪ લગભગથી ઉભી થઇ, ને દુનિયા ઉપર ફરી વળવા લાગી, ને પોતાનું રાજ્ય, ધર્મ, અર્થ–સત્તા, માલિકી તથા

---

અમારૂં કહેવું એટલું જ છે, કે–"સર્વજ્ઞઃ વીતરાગઃ પ્રભુએ વિશ્વના કલ્યાણને માટે જે ઉપદેશ આપ્યો છે, અને આગમાદિક રૂપે તેના જ અવશેષો આપણી પાસે છે, તે જગતની એક અસાધારણ ચમત્કારિક વસ્તુ છે." તેના રક્ષણમાં–"સાહિત્ય અને પુસ્તકોનું જ રક્ષણ માત્ર છે." એમ નથી. તેની પાછળ મહાઅહિંસક સંસ્કૃતિનો જીવન પ્રાણ ધબકે છે. એ તેની અતિ મહાન્ મહત્તા છે. ભલે તે ગ્રંથોના કદ નાના છે, ભલે તેના ગંભીર વાકયો નાના હશે, પરંતુ તે વિશ્વકલ્યાણનું મહાસાધન છે. તેથી પાત્ર જીવોના જ કબજામાં તે રહેવા જોઇએ. પાત્ર જીવોને જ તે મળવા જોઇએ.

––પં. શ્રી પ્ર. બે. પારેખ

સામાજીક જીવન વગેરે લાગુ કરતા થઇ ગયા. સન ૧૪૯૨ માં એલેક્ઝાંડર છઠ્ઠા પોપે "દુનિયાનું રાજ્ય વગેરે પોતાના છે." એમ માનીને તે બધું હાથ કરવાની તૈયારી શરૂ કરેલી જણાઇ આવે છે. તેની વ્યાપક અસર પહોંચાડવા સ્પેન અને પોર્ટુગાલ વચ્ચે પશ્ચિમ અને પૂર્વની આખી દુનિયા તેમણે વહેંચી આપી હતી. તેઓના આશ્રયથી પાશ્ચાત્ય પ્રજા પોતાનો ધર્મ, રાજ્ય વગેરે દુનિયામાં વિસ્તારતા રહ્યા છે, ને પાછળથી યુરોપની જાગીરો વગેરે એકત્ર કરીને મોટા સામ્રાજ્યો રચી સમ્રાટો બનાવીને તેમની મારફત મોટા મોટા સંસ્થાનો વિસ્તાર્યા ને સામ્રાજ્યો જમાવ્યાનું જણાઇ આવે છે. તેઓના ઉત્થાનના પાયામાં સ્પેન અને પોર્ટુગાલ ભૂમિકા તરીકે ગોઠવાઇને પ્રોત્સાહન અને વેગ આપી રહ્યા હતા, અને એ રીતે આખું યુરોપ કામે લાગ્યું હતું. વડા ધર્મગુરુ પોપોની પ્રેરણાઓ, માર્ગદર્શન વગેરે અપાતા રહેતા હતા, ને ધર્મનો પ્રચાર, ઉપદેશ વગેરે કરાતો રહેતો જણાતો હતો. ભારતની પ્રજામાં યોજનાપૂર્વક તેઓને કામ લેવું પડ્યું છે, ને સ્વધર્મ પ્રચારવાને બદલે "તે એક જ ધર્મ જગત્માં રહે." તેવી ગોઠવણો હવે ઉતારી રહ્યા છે.

તેઓના સ્વાર્થની માત્રા વધુ પડતી હોવાથી તેઓએ ખાનગીમાં કયારેક પણ એવો કોઇ નિર્ણય લીધો હોવો જોઇએ-કે, "આખી દુનિયામાં પોતાનો એક જ ધર્મ વ્યાપક કરી દેવો, જેથી બીજા ધર્મો છેવટે નામ શેષ બની રહે." ધર્મ તરીકે ઉચ્ચ કક્ષાના બીજા કેટલાક ધર્મોની સ્પર્ધામાં ઉભા રહી શકાય તેમ ન જણાતાં, બહુમત–લઘુમતનું હાસ્યાસ્પદ જુદું જ ધોરણ ઉભું કરી, તે લાગુ કરવાની યુક્તિ ગોઠવી. એટલે કે "જેને બહુમત મળે, તે ધર્મ, બીજા બધાં લઘુમતી ધર્મો, તે સંપ્રદાયો. **સંપ્રદાયો** એટલે ધર્મની બગડેલી સ્થિતિ, તે સ્થિતિને રદ કરવી જોઇએ. ને તે દૂર થવા જોઇએ.

ધર્મોના પેટા ભાગોને–ભેદોને સંપ્રદાય શબ્દ લાગુ હતો, તે ફેરવીને દુનિયાના બધા મૂળ–લઘુમતી માનેલા ધર્મોને જ એ શબ્દ લાગુ કર્યો હોવાનું હવે બરાબર સમજી શકાય તેમ છે.

"એક જ ધર્મ, બીજા બધા સંપ્રદાયો. તેથી અસાંપ્રદાયિકતા સર્જવી. જેથી એક સિવાયના બીજા બધા ધર્મોને સમાપ્ત થવું જ પડે." ધર્મના પેટા ભાગો રૂપ સંપ્રદાયો પરસ્પર ચર્ચા–વિચારણા–સ્પર્ધા કરતા હતા. "તે ઠીક નહીં. તેથી સંપ્રદાયો ન જોઇએ." તેવી હવા ઉભી કરી દીધી. ને સાથે સાથે લઘુમતના સર્વ ધર્મોને સંપ્રદાયો ઠરાવી, તે રદ કરવાની યોજનાઓ પણ કરી, ને તેથી "અધાર્મિકતા" સર્જવાની નહીં, પરંતુ "અસાંપ્રદાયિકતા" સર્જવાનું પ્રચારવામાં આવે છે. કેમકે પોતાનો એક ધર્મ તો રાખવાનો હતો, ને છે. તેથી તેવા પ્રયત્નો પ્રચારથી કરાતા રહ્યાં. તેની અપેક્ષાએ ભારત

વગેરેના બધા લઘુમતી ગણેલા ધર્મોને સંપ્રદાયો ઠરાવવાથી ભારતને "બિન સાંપ્રદાયિકતા" બનાવવાથી એકી સાથે એક જ શબ્દથી બીજા બધા ધર્મોની નિઃશેષતા—અભાવ થવાની કરવાની શકયતા ધારી, તે માર્ગ લીધો. તેથી ભારતમાં પણ અસાંપ્રદાનિકતા નિપજાવવાના ઉપાયો ફેલાવાતા રહ્યા જોવાય છે. ભારતની સરકાર "સેક્યુલર" બનાવાઈ, એટલે કે ધર્મ રહિત નહીં, પરંતુ "સંપ્રદાય રહિત" બનાવવાનું ઠરાવાતું ગયું. તમામ લઘુમતી ધર્મોને નિઃશેષ કરવા તરફ ભાર દેવાતો જાય છે. ભારતમાંથી જ અસાંપ્રદાયિકતામાં માનનાર લોકો અને તેની સંસ્થાઓ ઉભી કરાવાઇ હોય છે, ને તેને લાગવગ વગેરેની અસર પહોંચાડી સમગ્ર રાષ્ટ્રને તથા સરકારને પણ અસાંપ્રદાયિક ગણી પોતાનો એ આદર્શ વેગપૂર્વક સિદ્ધ કરી શકે, તેવી ગોઠવણો થતી જાય છે. ધર્મ તો પ્રચારાય તેમાં કોઇ વર્તમાન સરકાર કદાચ વાંધો ન લે, તેને ટેકો પણ આપે. પરંતુ અસાંપ્રદાયિકતા સર્જવાના કાર્યક્રમો ઉપાડી લેવામાં આવ્યાં છે, તે દુઃખદ હકીકત છે. નવું બંધારણ ઘડાવાતી વખતે પાશ્ચાત્ય મુત્સદ્દીઓએ જ ખુબીથી તેમાં 'સેક્યુલર' શબ્દ પ્રવેશાવી દીધો હોય, તેમ જણાય જ છે.

**ભારતના ભદ્ર લોકો એમ સમજે છે કે—"અસાંપ્રદાયિકતા એટલે ધર્મના ભેદો. પેટા ભેદો નહી, કે કોઇ પણ એક ધર્મનો પક્ષપાત નહીં—નિષ્પક્ષપાતપણું અને તે સારૂં પણ ગણાય." તેથી અજ્ઞાત ભાવે અસાંપ્રદાયિકતા કરવાને કેટલાક લોકો અણસમજથી વધાવે છે. પરંતુ "પોતાના ધર્મનો અભાવ પણ થવા દેવાથી એ સ્થિતિ સફળ થાય તેમ છે." તેનો ખ્યાલ જ એ લોકોને નથી. પરંતુ "લઘુમતી સર્વ ધર્મોને સંપ્રદાય ઠરાવી, તે સર્વનો અભાવ કરવામાં વેગ પકડાવાઈ રહ્યો છે. આ સત્ય પ્રજા હજી સમજતી થઈ નથી.**

પાશ્ચાત્યો આ સમજ કે ગેરસમજ ચાલવા દઇ, પોતાના ધ્યેયની સફળતામાં આગળ વધી રહેલા હોય છે, ને આજે વચલી સ્થિતિમાં વખત પસાર થવા દે છે, ને પોતે ધારેલા ભવિષ્યના પરિણામની રાહ જોતા રહે છે, તેથી તે તમામ તેઓ ચલાવે છે. પરંતુ તે બધું દેશી લોકોને તૈયાર કરી, ઘણું ખરું તેમની મારફત ચલાવરાય છે. એમ બેવડી કામગીરી ચલાવાતી જણાય છે. નજીકના જ ભવિષ્યમાં આવનારી પ્રજા માટે દેશની ઉન્નતિ કરાતી રહે, અને સ્થાનિક રંગીન પ્રજાની પરિણામે અવનતિ કે સમાપ્તિ થતી રહે, આમ બેવડી કામગિરી ચાલતી જણાય છે. પોંડીચેરી પાસે અરવલ્લ શહેરમાં પાશ્ચાત્યોની સારી સંખ્યા ભારતના વતની બનાવા રહેતા થયા સંભળાય છે. ને ધીમે ધીમે બીજા શહેરો—તેઓના થવાની શકયતા જણાય છે. ભારતને તે સ્થિતિમાં મૂકાવાની શરૂઆત થતી હોવાની બૂમો પડતી જણાય છે. બીજે ધીમાં શરૂઆત છે.

આ રીતે ગુંચવાડો ઉત્પન્ન થયો છે. બીજા રંગોની પ્રજાઓને સમાપ્ત કરવાની રોચક-અરોચક અનેક જાતની પ્રવૃત્તિઓ ચાલી રહી છે, જેનું લક્ષ્ય એકજ ધર્મ અને એક જ રંગની પ્રજા રાખવા તરફ જણાય છે. 'અમેરિકન સંદેશ' માં એક લેખ થોડાક જ મહિના પહેલાં છપાયો હતો, કે જેમાં એક જ ધર્મ રાખવાના આદર્શ તરફ લક્ષ્ય ખેંચાવવા, એક આંગળી ઉંચી કરેલા હાથની આકૃતિનું ચિત્ર પણ છપાયું હતું.

પ્રાયઃ તેમાં જીસીસ ક્રાઇસ્ટને લગતા કોઇક અક્ષરો પણ હતા. ધર્મના જગત્‌ના કેન્દ્રભૂત ભારતને લઘુમતી ધર્મોથી રહિત પણ બનાવવા અસાંપ્રદાયિકતાનો આદર્શ સર્જવાને મોટા પાયા ઉપર પ્રચાર વગેરે થઇ રહેલ હોવાનું જણાતું રહે છે, અને તે વાત ઠેઠ ધારાસભા સુધી કદાચ ખુલ્લી રીતે પહોંચે પણ. તેમ તેના પડઘા વાગી રહ્યા છે. શાળા- કોલેજો વગેરેમાં પણ તેની હવા મજબૂત પાયાની એક યા બીજી રીતે ફેલાવાતી હોય છે.

ખ્રીસ્તી ધર્મ પાસે વ્યવસ્થિત વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન એટલા હોવાના જણાતા રહેતા નથી. તે મોટે ભાગે સેવા-ભાવના પ્રધાન ધર્મમાં પ્રાચીન કાળથી છે, તેથી તેને સમૃદ્ધ કરવા શોધોને નામે અને જ્ઞાન-વિજ્ઞાન વિકસાવવાને નામે અનેક વિદ્વાનો પાંચસો વર્ષથી કામે લાગી ગયા છે. તથા તેના અનુસંધાનમાં અનેક શોધો પણ કરવામાં આવે છે. તેમ કરીને તેમાં આગળ પડતા ભારતને ય મહાત કરી, જગતમાં આગળ પડતું સ્થાન મેળવવા અનેક પ્રયત્નો થાય છે, જેનો ઠીક ઇતિહાસ પણ મળે તેમ છે.

આથી અવકાશયાનો વગેરેથી અનેક આકાશી શોધો થાય છે. તેમાં પણ ભારતની ઉછરતી પ્રજાને આકર્ષી, તેમાં કેટલાક ભારતીય નવા સંતોની વિચારણાઓ વગેરે મેળવી, ઉછળતી પ્રજાને પ્રથમની ચાલી આવતી સમજોથી દૂર કરી, તે સમજથી છુટા પાડવાના પ્રયત્નો થાય છે. તેમાં પ્રચાર તરીકે "પૃથ્વી આવડી છે. વિશ્વ અમુક પ્રમાણમાં છે." (જો કે તે જોતાં એ બાબતમાં વિજ્ઞાન હજી બાલ્યાવસ્થામાં છે, એમ પણ કહી શકાય તેમ છેઃ) એમ ઉછરતી પ્રજાને સમજાવવામાં આવે છે.

જૈન ધર્મશાસ્ત્રોમાં વિશ્વની વિશાળતા, **જગત્‌ની વિશાળતા,** તેના ભાગો અને તેમાંના અનેક પદાર્થોના વિગતથી માપો, પ્રમાણો, સંખ્યા વિગેરે પ્રમાણપૂર્વક બતાવેલા છે. બે પગ પહોળા કરી, કેડે હાથ દઇ ઉભા રહેલા પુરુષના આકારનું સામેથી દેખાતું ચૌદ રજ્જુ લોકનું (ઘન) વિશ્વ બતાવાય છે, તેના પણ અનેક સ્થાનો જોવામાં આવે છે. તેની સૂક્ષ્મ સૂચિ શ્રેણીઓ, પ્રતર શ્રેણીઓ, ક્ષેત્રફળ, વગેરે શાસ્ત્રોમાં બતાવેલા છે.

મુંબઇ સમાચારની હાથમાં મળી આવેલી એક રખડતી કાપલીને ઉપયોગી જાણી સાચવી રાખેલી છે. તેમાંથી નીચે પ્રમાણે હકીકતો મળે છે. જેમાં કૃષ્ણુલાલ કોટડાવાળાનું

નામ નીચે છપાયેલ છે. ફાટેલી એ કાપલી કયારની છે? તેના સાલ સંવત વગેરે જાણી શકાતા નથી.

"પ્રકાશની ગતિ કેટલી છે? એક સેંકડમાં ૧,૮૬,૨૮૪ માઈલની છે." તે કાપલીમાં નીચે પ્રમાણે વિશેષ પણ જણાવેલ છે, કે–

" અસંખ્ય તારાઓના પટાની આકાશગંગા કહેવાય છે. તેમાં આપણા સૂર્યમંડળ જેવા દશ હજાર કરોડ જેટલી રચનાઓ આવેલી છે. આકાશ ગંગાના એક છેડા સુધી પ્રકાશને મુસાફરી કરતાં એક લાખ પ્રકાશ વર્ષ લાગે. ઓછામાં ઓછી દસ કરોડ તો આકાશ ગંગા હોવી જોઇએ."

"મહાન્ વૈજ્ઞાનિક ડૉ૦ આઈન્સ્ટાઇનની ગણત્રી પ્રમાણે આખા વિશ્વને ગોળો કલ્પીએ, ને તે ગોળાની ત્રિજ્યા પાંત્રીશ અબજ વર્ષની છે.,, (આ વર્ષો પ્રકાશ વર્ષો લેવાના સમજાય છે.) તો આખો ગોળો કેટલા પ્રકાશ ચોરસ માઇલનો થાય?

જૈન શાસ્ત્રોમાં ચૌદ રજ્જુ લોકોનું વિશ્વ બતાવેલ છે. તેમાં કયાં કયાં શું શું છે? તે પણ કેટલાક વિસ્તારથી બતાવ્યું હોય છે. અસંખ્યાત યોજનોનો એક રજ્જુલોક બતાવેલ છે. હાલના વૈજ્ઞાનિકો પણ વિશ્વની અસાધારણ વિશાળતા માનતા થયા છે, તે ઉપર જણાવેલા અવતરણોથી સમજાય તેમ છે.

જૈન ધર્મ શસ્ત્રોમાં ચાર અનુયોગ મારફત જે જે બતાવ્યું, 'ને સમજાવ્યું છે, તેની યથાર્થતાને કોણ પહોંચી શકે તેમ છે? આ વિષયમાં ઘણા વિદ્વાનોએ લખ્યું છે. સ્વ. વસંતલાલ કાંતિલાલ બી. એ નું પુસ્તક જોવાથી વિશેષ ખાત્રી થાય તેમ છે.

---

એક તરફ આધ્યાત્મિક જ્ઞાન આપવાની વાત આગળ કરવામાં તો આવી છે. ત્યારે બીજી તરફથી "ધર્મની ક્રિયા વિના તો ચાલે નહીં," ત્યારે ધર્મની ક્રિયાઓ પણ શિખવાનો ક્રમ તેમાં સૂચિત કરવામાં આવ્યો છે. તેમાં પ્રાર્થના, જાપ તથા ધ્યાનને સ્થાન આપવામાં આવેલું છે. એ ત્રણેયને સ્કુલોમાં શિખવવામાં આવે એટલે પોત-પોતાના ધર્મસ્થાનોમાં જઇ, પોત–પોતાના ધર્મની ક્રિયા કરવાનું ભાવિ પેઢીને રહે જ નહીં. એ રીતે તે તે ધર્મની ક્રિયાઓ લુપ્ત થતી જાય, ધર્મસ્થાનો શૂન્ય બનાતા જાય, પછી પરંપરાગત ધર્મો શી રીતે જગતમાં પોતાનું અસ્તિત્વ ટકાવી શકે? કેમકે આચરણા ક્રિયાજ ધર્મોને ટકાવાના જીવનપ્રાણ છે. તે જ રૂંધાઇ જાય.

પ્રાર્થનાક્રિયા એ મુખ્યપણે ખ્રીસ્તીધર્મની છે. તેને આજે વ્યાપક કરાતી જવાય છે, અને તે સ્કુલો મારફત વ્યાપક થવાથી તેને વિશાળ સ્થાન મળી ગયા પછી પ્રતિક્રમણ સંધ્યા કોણ કરે? નિમાજ કોણ પઢે? દેવદર્શન–પૂજા–ગુરુવંદન–ભક્તિ વગેરેને કયાં સ્થાન રહે? આ બધું આપણે વિચારવાનું છે. —પં. શ્રી પ્ર. બે. પારેખ

એક જ ધર્મ રાખીને બીજા ધર્મોને નામ શેષ કરવાના લક્ષ્યથી આંતર રાષ્ટ્રીયતાને નામે મોટા ધર્મ પ્રણેતા વિગેરેના નામ આગળ કરી મોટા મોટા પ્રચારક ઉત્સવો કરાવાય છે, તેથી આકર્ષાઇ, તેમાં સહકાર આપવામાં "પોતપોતાના ધર્મોને મૂળમાંથી દૂર કરવામાં સહકાર આપવાનું બની રહે તેમ છે," તે ખ્યાલ બહાર રહે છે. તે ઉપર આપેલા અવતરણો ઉપરથી સમજી શકાય તેમ છે.

(૬૦×૬૦×૨૪×૩૦×૧૨×૧૮૬૨૭૪=૫૭૯૪૧૭૭૫૩૬૦૦૦) માઇલ એક પ્રકાશવર્ષના થાય. તેવા વિશ્વના ગોળાની અર્ધા ગોળાની પાંત્રીસ અબજ વર્ષની એક ત્રિજ્યા થાય છે. તો આખા ગોળાનું સમગ્ર ક્ષેત્રફળ કેટલા વર્ષના પ્રકાશ વર્ષના માઈલોનું થાય ? તો આ હિસાબે પણ વિશ્વ કેવડું મોટું ? આવતી કાલે વિજ્ઞાન આથી પણ મોટું કદાચ બતાવતું થાય.

જૈન શાસ્ત્રોમાં જડ પરમાણુઓના છવ્વીસ ભેદ જણાવવાનું યાદ આવે છે. પ્રત્યેક પરમાણુના અનંત ગુણ સ્વભાવ જણાવ્યા છે. તેના વર્ણ–ગંધ–રસ–સ્પર્શની ષટ્ ગુણ અને ષટ્ ભાગ હાનિ વૃદ્ધિ ગણિતના નિયમોથી જણાવેલ છે. પરમાણુઓના વર્ગીકરણ પણ અનેક રીતે બતાવ્યા છે.

જુદી જુદી જીવ રાશિઓમાં જીવોની સંખ્યા અનંત–અનંત અસખ્ય–અસંખ્ય અને સંખ્યાતા બતાવ્યા છે, તે સમજાય તેવી રીતે છે. એવી જ રીતે જડ પદાર્થોની પણ સંખ્યાઓ બતાવી છે. એક કાંકરી અનંતાનંત પરમાણુઓની બનેલી હોય છે, એવી એક મોટા પત્થરની કેટલી કાંકરી થાય ? એક મકાન, એક ગામ એક શહેર, એક દેશ, એક ભૂ પ્રદેશ તથા સમગ્ર વિશ્વની તે કેટલી થાય ? પ્રત્યેક પરમાણુના અનંતાનંત ગુણો, સ્વભાવો, પરિવર્તનો, પર્યાયો થાય, જડ પદાર્થોના સંબધમાં પણ તે બતાવેલ છે. તે સમગ્રની અનેક સંખ્યા, પ્રત્યેકમાં અનંત ગુણો– સ્વભાવો બતાવ્યા છે. તે જરા તપાસીને વિચારીએ, તો અનંત અનંત હોવાનો ભાસ થાય તેમ છે. જેમ દરેક આત્માના અનંત ગુણો સ્વભાવો વગેરે બતાવેલા છે, તેમ જ પ્રત્યેક પરમાણુનાં પણ જુદી જાતના અનંતાનંત ગુણો–સ્વભાવો–પર્યાયો હોય છે, તે પણ બતાવ્યા છે.

૩ સંખ્યાત, ૯ અસંખ્યાત ઉપરાંત ૯ અનંતાનંતની સંખ્યા એમ કુલ ૨૧ બતાવેલી છે, તેની આજે પણ શોધ થઇ રહી છે.

આઠમા અનંતા સુધી જગતના તમામ પદાર્થો જણાવ્યા છે, નવમે અનંતે કોઇ પદાર્થ નથી સર્વજ્ઞ જ્ઞાનીના જ્ઞાનગમ્ય તે બતાવેલ છે. એટલે શાસ્ત્રોમાં એકંદર ઐકમત્ય આવે છે. બીજા દર્શનકારોની જેમ જુદી જુદી તત્ત્વ વ્યવસ્થા વગેરે હોતા નથી.

"બહુમતના એકને જ ધર્મ ગણવો. અને તે એક જ ધર્મ જગતમાં રાખવો. બીજા બધા ધર્મોને લઘુમતમાં રહેલા જણાવી, તે બધાનું નામ સંપ્રદાય રાખી, અસાંપ્રદાયિકતા કરવાના એક શબ્દથી જ એ બીજા બધા ધર્મોને સમાપ્ત ઠરાવી શકાય, તેવી શાબ્દિક ગોઠવણ પણ પાશ્ચાત્યોએ ઉતારી છે. જેથી "અમુક અમુક ધર્મને રદ કરવાનું જુદું જુદું બોલવાનું ન રહે" "બિનસાંપ્રદાયિકતા કરવી એટલે એ એક શબ્દથી જ એક શિવાયના તમામ ધર્મોથી રહિતતા જગતમાં કરવી." એમ સહેજે થતું જાય શબ્દો ગોઠવવામાં પણ પાશ્ચાત્યોએ કેવી ખુબી વાપરી છે ?

અસાંપ્રદાયિકતા કરવાથી એકી ઝપાટે બીજા ધર્મોને સમાપ્ત કરી દેવાનો અદ્દભુત કોયડો ગોઠવી લેવામાં આવ્યો છે.

"એક જ રંગ રાખવો." તેમાં રંગભેદ નાબુદીને "એક જ ધર્મ જોઇએ." તેમાં ધર્મ ભેદ નાબુદી, એટલે કે માનવીના બીજા રંગના માનવોની નાબુદી અને અસાંપ્રદાયિકતા સર્જવી. આ બાબતોનો પ્રચાર આજે થાય છે ? કે નહીં ? તે તપાસો. "તેમ નથી જ" કોઇ પ્રમાણ પૂર્વક બરાબર સાબિત કરી આપે, તો "એક સિવાયના બીજા બધા ધર્મોનું અસ્તિત્વ રહેવા દેવાનું જરૂરી નથી." એમ પાશ્ચાત્યોની પ્રવૃત્તિ છે." એમ કહેવાનુ બંધ જ કરવામાં વાંધો જ નથી. તથા "અનેક ધર્મો ધરાવતા ભારતમાં પણ "અસાંપ્રદાયિકતા" કરવાના પ્રયત્નો ચાલી રહ્યા જ છે." એમ પ્રચારાય છે. તેનો અર્થ–માત્ર પેટા સંપ્રદાયો રહિત મૂળ ધર્મો રાખવાના જ છે. તો એમ સાચા પ્રમાણો પૂર્વક સમજાવાય કે એમ નથી જ. **જગતના તમામ લઘુમતી ધર્મોને સમાપ્ત કરવા, ને આખી દુનિયામાં એક જ ધર્મ રાખવો. માટે તે તે ધર્મના નવા આકારો કામચલાઉ પણ ઉભા કરી તેનો પ્રચાર કરવાનો શરૂ કરાય છે. "જેથી દરેક ધર્મવાળાઓને પોતાના ધર્મનો પ્રચાર વગેરે થતો હોવાનો દેખાય." પરંતુ પછી તે બધાયને એક બહુમતના ધર્મમાં દાખલ કરી દઇ, તેઓને પણ સમાપ્ત કરવાની ગોઠવણ આગળ વધતી જાય છે." એ ધ્યાનમાં આવે જ નહીં. "આ બધું નથી" એમ પ્રામાણિકપણે બરાબર કોઇ સાબિત કરી આપે, તો તે બાબતોનો વિરોધ કરવાનો રહેતો નથી. નહીંતર, પોતપોતાના ધર્મને ટકાવી રાખવા અસાંપ્રદાયિકતાનો વિરોધ કરવાની ફરજ પડે જ છે. પ્રજાનો મોટો ભાગ પોતપોતાના ધર્મોમાં નિષ્ઠ હોય છે. છતાં સરકાર અને તેમાંના આગેવાન પ્રધાનો વગેરે બિનસાંપ્રદાયિકતાને ખોટી રીતે પકડી બેઠા હોય છે. અને બીજી તરફ આંખ મીંચામણાં રાખી, તેનો પ્રચાર, કાયદા વગેરેથી કરવા તરફ વલણ રાખતા હોય છે. અને "ભારત બિન–સાંપ્રદાયિકતા ધરાવે છે." એમ પ્રચારતા હોય છે. કેટલું જુઠાણું ? શું એમ જ છે ?**

# હિતા હિતની વિચારણા

હાલમાં દારૂનિષેધની પ્રવૃતિ પરોપકારાભાસ પ્રવૃત્તિ છે, મદ્યનિષેધ એ સપ્ત વ્યસનમાંના એક વ્યસનને નાબુદ કરવા રૂપ સારો પરોપકાર છે. પરંતુ હાલનો દારૂનિષેધ કૃતિમ છે. કેમકે–આ દારૂ નિષેધનું પરિણામ દેશી દારૂ જે હાથથી ગાળવામાં આવે છે, તેના ધંધા ઉપર જરૂર કાબુ મૂકનાર છે. પરંતુ તેટલેથી મદ્યપાનનો નિષેધ થશે; એમ માનવાને કારણ નથી, એ સર્વથા જગતમાંથી કદી બંધ થઇ શકે તેમ છે જ નહીં. અલબત્ત શરૂઆતમાં તેના ઉપર ઘણો અંકુશ આવવાનો અને મદ્યપાન ઓચ્છું થયેલું એટલે કાયદામાં પણ એટલી અપવાદ તરીકે છુટ મૂકવી પડશે, એ છુટનો ઉપયોગ ધીરે ધીરે મશીનથી બનતા અને આ દેશમાં રીતસરના કારખાનાઓ મારફત અનેક વિવિધ પ્રકારના મંદ, મંદતર, ઉગ્ર, ઉગ્રતર અસર કરનારા દારૂઓ વિવિધ નામે અને પ્રકારે પ્રસરશે. તે રોકી શકાશે નહી. નવા પ્રકારને સ્થાન આપવા અને જુના પ્રકારનો નાશ કરવા આ હિલચાલ છે.

સારાંશ કે–સર્વથા મદ્ય નિષેધ નથી. પણ મદ્ય પ્રકાર નિષેધ છે. જેથી વાસ્તવિક રીતે મદ્યનિષેધ નથી જ. બાકી દેખાવ માત્ર જ છે. કેમકે–માનવ જાતમાં આજે આદર્શ આરોગ્ય નથી. આદર્શ આરોગ્યવાળાને આવા પીણાની જરૂર હોતી જ નથી. આદર્શ આરોગ્ય ન હોય છતાં પ્રજાને આદર્શ આરોગ્યવાળી કરી શકાય તેવા સાત્વિક ખોરાકો અને પ્રયોગો આર્યવૈદ્યક વિજ્ઞાનમાં પુષ્કળ છે. પરંતુ તેની અજમાયેશની આમ્નાયનો લગભગ લોપ છે. અને કદાચ તેનો ઉદ્ધાર થાય તો તે ખર્ચાળ છે. જેને હાલની આ દેશની પ્રજા પહોંચી શકે તેમ નથી, અને બીજો પ્રકાર ઉત્તેજક ઔષધો – ઉપચારોની મદદથી આરોગ્યવાળા દેખાઇને જીવન નિર્વાહ કરવો, એ છે. તેમાં ઉત્તેજક અને માદક દ્રવ્યો પ્રધાન છે. કોઇ દારૂડીયા દારૂ પીવાનું બંધ કરે, તો તે વધારે ઉગ્ર ચા પીવે. શરબતો વિગેરેમાં તેવો ઉત્તેજક બીજે નામે થોડાં ટીપા પીવાનો પ્રચાર થાય, અને એમ કરતાં લાંબે કાળે એક યા બીજા સ્વરૂપે મદ્યપાન વધુ ને વધુ ફેલાવાનું. સર્વથા મદ્યનિષેધની પરિસ્થિતિ નથી. કેમકે–તેની સામે ય વિરોધી હિલચાલ છે અને નોન એશિયાટિક માટે છુટ છે. એટલી કાયદામાં છુટ રાખી છે, એ ભવિષ્યમાં બીજા સ્વરૂપે વધવાનું બીજ છે. યુરોપ અમેરિકામાં મદ્યનિષેધના હેવાલો આવે છે, તે પણ દેખાવ માત્ર છે. અને કેટલીક હાલના મુત્સદ્દીઓની એવી રીત છે કે–અહીં જે પ્રવૃત્તિ કરાવવી હોય. તેની હિલચાલ પ્રથમ યુરોપ અમેરિકામાં ચલાવે છે. અહીં ફરજીઆત લશ્કરી શિક્ષણ કરવાને યુરોપમાં યુદ્ધનું વાતાવરણ કરવામાં આવ્યું છે. બીજી પ્રજાઓને અહીં વસવાટના હક્ક આપવાને જર્મની મારફત યુરોપે જુદા જુદા બહાના નીચે યાહુદીઓને ત્યાંથી કાઢી

મૂકાવ્યા અને પછી દુનિયાની સાહાનુભૂતિ મેળવી અહીં ગોઠવવાની શરૂઆત કરી. ભવિષ્યમાં બીજી ગોરી પ્રજાઓને વસાવવાનો માર્ગ ખુલ્લો કર્યો છે.

આ રીતે હાલની મદ્યનિષેધ પ્રવૃત્તિ કૃત્રિમ છે. તે છોડાવવા પીકેટીંગ વખતે દારૂડીયા દારૂ છોડે તો સ્ત્રીઓને પોતાની પવિત્રતા જોખમમાં મૂકવા સુધી લાગણીવશ કરવામાં આ પ્રવૃત્તિને જાહેરમાં વધુ વેગ આપવાની યોજના સિવાય બીજું કાંઈપણ નથી. એવી રીતે સ્ત્રીઓએ પોતાની પવિત્રતાને જોખમમાં મુકવી એ પરોપકારાભાસ છે. એટલું જ નહીં પણ સ્વપર વિનાશ છે, સ્વપર અપકાર છે.

જગતની અંદર લોકો પરોપકાર કરી શકે છે, તેનું કારણ બીજા કરતાં જે લોકો પાસે બુદ્ધિ, સંસ્કાર, ધન, તથા બીજી સામગ્રી વધારે હોય છે, તે પરોપકાર કરી શકે છે. જેની પાસે કાંઇ ન હોય કે ન્યુન હોય તે પરોપકાર શો કરી શકે ? બાહ્ય સાધન ન હોય, પણ આંતરિક બળ જેની પાસે વધુ હોય તે પરોપકાર કરી શકે. પણ જેની પાસે બાહ્ય કે આંતર ઓચ્છું બળ હોય, તે શી રીતે પરોપકાર કરી શકે ? અને એ આંતર કે બાહ્ય સામગ્રી પ્રજા પાસે હોવાનું મૂળ જીવનની પવિત્રતામાં છે. જીવનની પવિત્રતા ગુમાવ્યાથી પરોપકારની સામગ્રીનો લોપ થાય. માટે તેની રક્ષા રાખવી જોઇએ.

એટલે દારુડીયાના ચાપલ્યને વશ થઇને તેને દારૂ છોડાવવાની લાગણી આર્ય સ્ત્રીઓમાં ઉત્પન્ન કરવી. એ પવિત્રતાનો નાશ કરવા રૂપ હોવાથી પરોપકારને જ ધક્કો મારનાર છે. જે તેવા પરોપકારને કે દારૂડીયાને પણ પરિણામે હિતાવહ નથી. એવાજ હાલના શિક્ષણ, અસ્પૃશ્ય નિવારણ, અનાથાશ્રમો, ઉદ્યોગશાળાઓ, જાતિભેદ નિવારણ વિગેરે પ્રવૃત્તિઓ પરોપકારભાસ છે.

—પં. શ્રી પ્ર. બે. પારેખ

---

એટલું જ નહીં, પરંતુ "સાચી અહિંસાના પ્રણેતાશ્રેષ્ઠ શ્રી ભગવાન મહાવીર પ્રભુ વિગેરેની પણ અહિંસા અને આજની અહિંસા એક જ છે." એવો ભ્રમ ઉભો કરીને તેઓના નામે પણ આજની અહિંસાને વ્યાપક કરવાના પ્રયાસો થાય છે. એ તો અસત્યની ગજબની પરાકાષ્ઠા જ ગણાય. અર્થાત્ "તે મહાપુરૂષોને નામે પણ આજની જ હિંસામય અહિંસા પોષણ પામે." તેવી ઘટના કરી લેવામાં, ગોઠવી લેવામાં પાશ્ચાત્યોની વ્યવસ્થા શકિતની પરાકાષ્ઠા ગણી શકાય. તે અજબ-યોજનાશક્તિના વખાણ આપણે એટલા માટે કરી શકતા નથી, કે તેના પરિણામો સાથે મહાહિંસા જોડાયેલી છે એ જ શક્તિ તેઓએ જો મહાપુરૂષોની ઉપદેશેલી સાચી અહિંસાના પોષણમાં વાપરી હોત તો આજે જગત ખરેખર અર્થમાં અહિંસક સ્વર્ગ હોત. —પં. શ્રી પ્ર. બે. પારેખ

## પંડિતવર્યશ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખને હાર્દિક શુભેચ્છા

### શ્રી છેદસૂત્રો વિષેની ભ્રાંતિઓના નિરાસ

૧ કેટલાક બંધુઓ **જૈન-છેદ આગમોથી** અકળાઇ ઉઠે છે. પરંતુ, તે પણ જૈન શાસ્ત્રોને સમજવાને યોગ્ય દૃષ્ટિના અભાવનું પરિણામ છે, કેમકે-જૈનશાસ્ત્રો સાધક અને બાધક સર્વ દ્રવ્યઃ ક્ષેત્રઃ કાળઃ અને ભાવોઃની સંગ્રાહક છે. સાધકનો ઉપયોગ કરવોઃ અને બાધકનો ત્યાગ કરવોઃ એ તેમાં હેતુ હોય છે. તેથી તેમાં પુષ્ટાલંબનોને ઉદ્દેશીઃને તથા પાત્રોના બોધિબીજઃ ચારિત્રઃ વગેરે આધ્યાત્મિક ગુણોના રક્ષણને ઉદ્દેશીનેઃ અનેક પ્રકારના વિધિઃ નિષેધોઃ ઉત્સર્ગ-અપવાદોઃ હોય એ સ્વાભાવિક છે. નહીંતર, શાસ્ત્રો જ અપૂર્ણ ગણાય. કેમકે દરેક જીવ સરખા નથી હોતા. તેથી દરેકને ઉદ્દેશીને ધર્મવ્યવસ્થા હોવી જોઇએ. જૈનશાસન સર્વ વ્યાપક ધર્મ છે.

૨ જો કે, વર્તમાનમાં કેટલાક ગ્રંથો પૂર્વાદિકમાંથી જુદા-જુદા વિષયોને ઉદ્દેશીને અધિકારી વિશિષ્ટ પૂર્વાચાર્યોકૃત **સંક્ષિપ્ત ઉદ્ધરણો** રૂપ ગણાય છે. તેથી સંક્ષેપને લીધે તદ્ આજુબાજુની ઘણી ઘણી વિશિષ્ટ બાબતો છોડી દેવી પડી હોય, એ સ્વાભાવિક છે. તેથી ઘણા વિષયોના અનુસંધાનો આપણને પૂરા ન પણ સમજાય. જેથી ટીકાકારોને પીઠિકાઃ ભૂમિકાઃ પ્રસ્તાવનાઃ રૂપે ખાસ લખવું પડે છે. એટલા જ માટે ગીતાર્થ ગુરુઃ અને ગીતાર્થગુરુનિશ્રિત વિનાઃ બીજાઓએ તે શાસ્ત્રો ન વાંચવાની મર્યાદાઓ અનર્થના નિવારણ માટે મૂકવી પડેલી છે. આથી આગમો વિષેની કેટલીક બાબતોથી ચકિતઃ અને શંકિતઃ થયા વિના, તેના તરફનો સદ્ભાવ જરાપણ ઓછો ન થવા દેવો જોઇએ.

૩. શ્રી છેદ શાસ્ત્રોનું લક્ષ્ય-સંયમ-ચારિત્ર-ગુણની છેલ્લામાં છેલ્લી હદ સુધીની છુટ આપી શકાય ત્યાં સુધી લઇ જવાનું હોય છે. તેમ છતાં-મર્યાદાની છેલ્લી હદ ન ઓળંગાવવામાં બરાબર દૃઢ હોય છે. છેલ્લી હદ-સીમા તુટી કે અનાચાર. એજ પ્રમાણે જેમ બને તેમ ઉંચી સ્થિતિ ટકાવી રાખવા સુધીનો તેમાં આગ્રહ હોય છે. ઉંચી સ્થિતિમાં ટકી ન શકનાર માટે તેને લાયકની સમજપૂર્વકની નીચી કક્ષા ગોઠવી આપી હોય છે. એમ કરતાં કરતાં ઠેઠ સુધી લઇ જવાનું હોય છે. ત્યાં સુધી પ્રસ્તુત ગુણઃ સંયમઃ ચારિત્રઃ વગેરેને અક્ષત ગણવામાં આવે છેઃ કાંઇ ન આવડે, પરંતુ એકડો ઘુંટતા આવડે, ત્યાં સુધી પણ તેને વિદ્યાર્થી માનવાને હરકત ગણવામાં ન આવે. અર્થાત્ છેલ્લી હદના પ્રાયશ્ચિતની લાયકાત સુધી વ્યક્તિને પ્રસ્તુત ગુણ-પ્રસ્તુત ગુણધારક માનવામાં હરકત લેવામાં આવતી નથી. તેથી પણ આગળ વધી જાય, તો પછી તે વ્યક્તિ તે ગુણની કક્ષામાંથી બહાર ગણાઇ જાય છે. **—પં. શ્રી પ્ર. બે. પારેખ**

## શાહ પદમશી વાઘજી ગુઢકા પરિવાર

**લાખાબાવળ**-શાંતિપુરી (વાયા જામનગર).

## મહાઅહિંસક જૈન સંસ્કૃતિની સૂક્ષ્મતા બતાવનાર પં. શ્રી પ્રભુદાસભાઇને અભિનંદન

ધાર્મિક ઉત્સવો, વરઘોડા વિગેરેથી પણ બાળજીવોને લાભ થાય છે. છેવટે—શુકલ-પાક્ષિક જીવો આવા પ્રસંગોથી ધર્માભિમુખ થાય છે. અને કેટલાક શુકલ પાક્ષિક થવાની તૈયારીવાળા જીવો તે ભૂમિકા ઉપર ખેંચાઈ આવે છે, ને પરિણામે માર્ગ પ્રાપ્ત કરે છે. એ જીવોના ઉપકાર માટે પણ એવા ઉત્સવો ચાલુ રાખવા જરૂરી છે- કર્તવ્ય છે, યોગ્ય યોજના પૂર્વક છે, શસ્ર સંમત્ત છે, પરમહિત અને કલ્યાણના સાધન રૂપ છે, શિષ્ટ સંમ્મત છે, ધાર્મિક શિક્ષણના સબળ સાધનરૂપ છે, જાહેરમાં પ્રજા હકક સાબિત કરવાના પૂરાવા રૂપ છે, પ્રજાની સત્તા ટકાવવાના સાધનરૂપ છે, જૈન પ્રજા અને બીજી હિંદુ પ્રજા પણ જે કાંઇ ટકી રહી છે; તેના કારણભૂત છે. આ સૂક્ષ્મ તત્ત્વો જો કે સહેજે સમજાય તેમ નથી, પરંતુ યોગ્ય વિચારણાથી સહજમાં સમજી શકાય તેવા છે.

'વૈષ્ણવોનું અનુકરણ છે, આવા ખોટા છે; દેશ ગરીબ છે" તેવે પ્રસંગે આવા ખર્ચ નકામા છે, અજ્ઞાનીઓ આ પ્રમાણે ધામધૂમ ખર્ચ કરે છે" વિગેરે દલિલો આ દેશમાં ખ્રીસ્તીઓએ ચલાવેલા પ્રચારનું પરિણામ છે, એ એ હવે સાબિત થઇ ચૂકયું અને કોઇને સમજવું હશે, તો સાબિત કરવું જરા પણ મુશ્કેલ નથી. શાસ્રકારોના જુદા જુદા દૃષ્ટિબિંદુઓથી ઉચ્ચારેલા જુદા જુદા વાકયો અને પ્રમાણો ઉપરની પોતાની દલીલો સાથે જોડીને શાસ્રકારોને નામે પણ તેઓએ પોતાની કેટલીક વાતો ફેલાવી દીધી છે.

કેળવણીનો પ્રચાર કરતી વખતે, જ્ઞાનના વિકાસ જેટલા શાસ્રના વાકયો હતા, તે બધાના ભાષણોમાં ઉપયોગ કરવામાં આવ્યો છે, તેના દાખલા સેંકડો પરંતુ વિષયાન્તર થવાથી અહીં ટાંકતા નથી. માટે આવી વાતો સાંભળી ધાર્મિક ક્રિયા છોડવી નહીં. અને પોતાના સંતાનો તેમાં કેમ દૃઢ થાય તેવો પ્રયાસ અવશ્ય કરવો જરૂરનો છે. ધાર્મિક અનુષ્ઠાન માટે સર્વ દ્રવ્ય; સર્વ ક્ષેત્ર સર્વ કાળ અને સર્વ ભાવ સદા અનુકુળ જ માનવાના છે. જ્યારે વખત મળે ત્યારે જે અનુષ્ઠાન શકય હોય, તે અવશ્ય કરવું. નવરા પડયા કે છેવટે નોકારવાળી ગણવી વખત હોય તો સામાયિક કરવું. તથા બીજા અનેક અનુષ્ઠાનો છે, તે કરવા અવશ્ય તત્પર રહેવું જ —પં. પ્ર. બે. પારેખ

—o—


**સૌભાગ્યચંદ તલકચંદ વસા સપરિવાર**

દિવાનપરા
રાજકોટ

સિધ્ધાર્થનગર ન્યુ વર્ધમાનનગર
પેલેશ રોડ રાજકોટ

## પં. પ્રભુદાસભાઇને અભિનંદન

— ○○ —

જ્ઞાનનો મહા ખજાનો મેળવવાનું સાધન ધાર્મિક ક્રિયાઓ છે. જેમ બને તેમ તેની નિકટ રહેશો, તેમ તેમ તમને કોઇક દિવસે પણ તે જાણવાનો પ્રસંગ મળશેઃ ધાર્મિક ક્રિયાઓ કરવા તમારો ધર્મસ્થાનમાં પ્રવેશ થશે, તે રીતે તમારો પરિચય વધશે, તો સદ્‌ગુરુઓ મારફત કોઇ દિવસે પણ તમને તે ખજાનો જાણવાનો સુયોગ મળશે: છેવટે તમને તેમાંથી તમારે માટેનો સન્માર્ગ તો મળ્યા જ કરશે. તેમાં ક્રિયાના રાગી હશો, તો ધર્મસ્થાનોને ઉત્તેજન મળશે, તો તે ટકશે, તેમાં ખજાનો સચવાશે, અને તેના જાણકાર વિદ્વાનો તૈયાર થવાનો પ્રસંગ પણ બન્યો રહેશે; ને ભવિષ્યમાં તેની પરંપરા ટકશે. એટલે તમારા સંતાનોને પણ તેનો લાભ મળવાનો સંયોગ ટકી રહેશે.

માટે સર્વ શુભનું મુખ્યદ્વાર જૈન ક્રિયા રૂચિઃ ક્રિયા રાગઃ અને ક્રિયા કરવીઃ એ છે. ધર્મના ટકાવના અને પ્રજાના ટકાવના નાના મોટા સર્વ ઉપાયોનું એ મુખ્ય પ્રતિક છે.

જો કે બહારથી પણ એ ખજાના લલચામણા આહ્‌વાનો થશે. તેમ કરનારીઃ અને આપણને ભૂલાવો ખવડાવે તેવા આપણા જ મોટા પુરૂષોના નામ નીચેઃ અનેક સંસ્થાઓ શરૂ થઇ ચૂકી છે, ને હજુ થયા કરશે. પરંતુ તેમાંથી રહસ્ય મળશે નહિઃ સાચું રહસ્ય મળવાનું સદ્‌ગુરુઓ જ ખરૂં દ્વાર છે. માટે તેને છોડીને તેવી સંસ્થાઓ તરફ લલચાવું નહી. મંદિર અને ઉપાશ્રય જ આપણી અજોડ સંગીન અને મહત્ત્વની સંસ્થાઓ છે.

**પં. શ્રી પ્ર. બે. પારેખ.**

— ○○ —

Phone : Off. 8551459 / 8555467 ; Resi. 485284 / 4221071

**SHAH NANJI DHARSHI & Co.**

Dall. Grain & Cattlefeed merchants

238, Narshi Natha street, BOMBAY-400 009

## પંડિતરત્ન શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખને અભિનંદન

**સ્વાધ્યાય**—શ્રાવકે શ્રાવક ધર્મમાં સ્થિર રહેવા, આગળ વધવા, તથા શુદ્ધ આત્મ પરિણતિ ટકાવી રાખવા, અવશ્ય સત્શાસ્ત્રોનો અભ્યાસ કરવો જોઈએ, પુનરાવર્તન કરવું જોઈએ; તેવા પ્રકારના વારંવાર કેટલાક નિત્ય પાઠ કરવા જોઈએ, **તત્ત્વાર્થાદિક** દ્રવ્યાનુયોગના અભ્યાસથી બુદ્ધિમાં વિકાસ થાય છે, અને વિશ્વસ્વરૂપ સમજાય છે. **આવશ્યક: તત્ત્વાર્થસૂત્ર,** વિગેરેના અભ્યાસથી આત્મપરિણતિ વધે છે. પંચસૂત્ર, ચતુઃશરણ વિગેરેના નિત્ય પાઠથી આત્મ પરિણતિ આર્દ્ર અને તાજી ને તાજી ટકી રહે છે. તથા કર્મગ્રંથાદિકની ગાથાઓ ભૂલી ન જવાય, માટે તેનું રોજ પુનરાવર્તન કરવું જોઇએ. કેમકે તેમાંનો વિષય કઠણ હોવાથી મૂળ ગાથાએ મારફત સારી રીતે યાદ રાખી શકાય છે. માટે તેનું પુનરાવર્તન કરવું જોઈએ. તેમજ ભિન્ન ભિન્ન ધાર્મિક આચારોમાં ઉપયોગી, સ્તવનો, ચૈત્યવંદનો સજઝાયો, થોયો વિગેરે મુખ પાઠે કરવા, ભાવપૂર્વક બોલવા, તેમજ તેમાંના ભાવાર્થ સમજવા, પદ્ધતિસર ગાવા, તથા કેટલાક તાત્ત્વિક સ્તવનો કે સજઝાયો ઉપરથી તત્ત્વજ્ઞાન મેળવી આગમાર્થનો પરમાર્થ સમજવો, હમ્મેશ વ્યાખ્યાન શ્રવણ કરવું. ચિંતવવું ચર્ચવું, બીજાને સમજાવવું, એ વિગેરે અનેક પ્રકારે સ્વાધ્યાય કૃત્ય સાચવી શકાય છે. બીજાનાં સ્વાધ્યાયમાંથી અંતરાય દુર કરવા, તેને સાનુકુળ સાધનો આપી સ્વાધ્યાયમાં મદદ કરવી. તેથી પણ સ્વાધ્યાય કૃત્ય સચવાય છે.

પરંતુ હાલમાં યુનિવર્સિટીના શિક્ષણને મદદ કરતી બોર્ડીંગો, સ્કુલો, બાળાશ્રમો, ભવનો વિગેરેમાં સ્વાધ્યાય નથી. પણ ધંધાની દૃષ્ટિથી તથા આર્ય સંસ્કૃતિ વિરૂદ્ધ સંસ્કૃતિને ફેલાવવા માટે—લેવાતી અને દેવાતી તાલીમના એ સ્થાનો છે. માટે એ શ્રાવકના સ્વાધ્યાય કૃત્યમાં સમાઇ શકશે નહીં. પરંતુ સૂક્ષ્મ રીતે તપાસી જોતાં તે અસ્વાધ્યાય અથવા સ્વાધ્યાય વિરોધિ અથવા વિપરીત સ્વાધ્યાય છે. તેને સ્વાધ્યાયનું નામ આપવું જ ઉચિત નથી, તો પછી એક ખેડુતનો છોકરો પોતાના બાપ પાસે હળ હાંકતાં શીખે. તેને પણ સ્વાધ્યાય ગણવો જોઈએ. પરંતુ તે જેમ સ્વાધ્યાય ગણતો નથી, તેમ આ પણ સ્વાધ્યાય ગણી શકાય નહીં. ત્યાં અપાતું ધાર્મિક શિક્ષણ પણ ગૌણ અને પ્રજાને ભૂલાવામાં નાંખનાર હોવાથી ગૌણ અને **દ્રવ્ય** ધર્મજ્ઞાન છે. **ભાવ ધર્મજ્ઞાન** નથી.

**—પં. શ્રી પ્ર. બે. પારેખ**

卐 શાહ લાડકચંદ જીવરાજ વઢવાણવાળા 卐

જયંતિલાલ જગજીવન શાહ

૬, વર્ધમાનનગર, પેલેશ રોડ, રાજકોટ

## સંસ્મરણ

પુખરાજ સિંઘી, અધ્યક્ષ
રાજસ્થાન જૈન સંઘ, સિરોહી

પરમ પૂજ્ય ઉપાધ્યાય શ્રી **ધર્મસાગરજી મહારાજ** સાહબને મુજે બતાયા થા કી જૈન પંડિતો મેં શ્રી **પ્રભુદાસ બેચરદાસભાઇ પારેખ** એક વિલક્ષણ, જૈન શાસ્ત્રો કે વિખ્યાત પંડિત હી નહીં વરન્ એક મૌલિક વિચારક હૈ । ઇસલિએ ઉનસે સમ્પર્ક કરના ચાહિએ। ઉન્હોને મુજે સુઝાયા કિ ઉન્હેં આબુ પર આમંત્રિત કિયા જાવે, જબ હિન્દુ ધર્મસ્વ આયોગ આબુ આવે। આયોગ કે આબુ આને કે પૂર્વ મેંને ઉન્હેં આબુ આમંત્રિત કિયા ઔર ઉનકી વિદ્વતા સે મેં પ્રભાવિત હુએ બિના નહીં રહ સકા । વે દૃષ્ટિબિંદુ પર અટલ રહતે થે ઔર ઉન્હે વિચારોં સે વિચલિત નહીં કિયા જા સકતા થા। શાયદ દ્રઢતા ઉનકે વ્યક્તિત્વ કી પરિચાયક થી।

ઉનકા વૈચારિક સ્તર સામાન્ય સ્તર કે લોગોં કે સ્તર સે કાફી ઉચ્ચકોટિ કા થા ઔર ઉનકે સાથ વાર્તાલાપ વ વિચાર વિનિમય મેં ઐસા પ્રતીત હોતા થા કિ વે અપની દુનિયા મેં વિચરતે હૈ ઔર જન સાધારણ અપની દુનિયા મેં। લેકિન ઉન્હોંને જો વિચાર આજ સે ૫૦ વર્ષ પૂર્વ પ્રદર્શિત કિયે થે વે આજ યથાર્થ રૂપ મેં દૃષ્ટિગોચર હોતે હૈ ।

પૂજ્ય ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી મહારાજ સાહબ કે આદેશ લે મેં શ્રી મહાવીર સ્વામી ૨૫૦૦મી જન્મ શતાબ્દી સમારોહ કે વિષય મેં ઉનકે વિચાર જાનને કો રાજકોટ ગયા થા ઔર વહાં ૩ દિન રાજકીય દૃષ્ટિકોણ વ સામાજિક દૃષ્ટિકોણ કો સમક્ષ રખકર કે નિર્ણય પર પહુંચને કી કોશિશ કી કિન્તુ ઉનકી યહ દ્રઢ માન્યતા થી કિ યહ સરકાર યદિ મહાવીર સ્વામી જન્મ શતાબ્દી કે લિયે લાખ રુપયે દેતી હૈ તો બૌદ્ધ ધર્મ કે લિયે ૨ કરોડ દેગી ઔર ઈસાઇધર્મ કે લિયે કરોડો રુપયા વ્યય કરેગી સમાજ કો રાજકીય સહાયતા પર આધાર નહીં રખના ચાહિયે ઔર અપના કાર્યક્રમ સ્વયં બનાના ચાહિયે। હિત–મિત–નામ કે ઉનકે અપને પત્ર મેં ઉન્હોને અપને વિચાર પ્રકટ કિયે હૈ । લેકિન વે અપને વિચારોં કો કાન્ક્રીટવ્યુ દેને મેં અસમર્થ રહે । સમાજ ને અપેક્ષિત સહયોગ નહીં દિયા જિસસે જૈન સંસ્કૃતિ એવં ધર્મ કા જો કાર્ય ઉનકે માધ્યમ સે હો સકતા થા વહ નહીં હુઆ। યહ બડે દુર્ભાગ્ય કી બાત હૈ કિ સમાજ ને ઉનકો સહયોગ નહી દિયા, જિસસે જૈન સંસ્કૃતિ, જૈન દર્શન એવં જૈન ધર્મ કો જો સમૃદ્ધિ પ્રાપ્ત હોતી, ઉસસે સમાજ વંચિત રહ ગયા ।

કલકત્તા મેં વે શ્રી કનૈયાલાલજી કો જૈન શાસ્ત્રોં કા અધ્યયન કરાને કે લિયે જાતે થે । શ્રી કનૈયાલાલજી (જો શ્રી પારખ કે વ્યક્તિત્વ સે પૂર્ણતયા પરિચિત થે)ને ઉનકે બારે મેં જો વિવરણ મુજે દિયા ઉસસે એસા પ્રતીત હોતા કિ ઇતના મહાન્ વિચારક શ્રાવક એવં વિલક્ષણ વિભૂતિ સો વર્ષ કી અવધિ મેં પેદા નહીં હુઆ । ભવિષ્ય કે બારે મેં કુછ કહા નહીં જા સકતા । દિવંગત આત્મા કો મેં અપની હાર્દિક શ્રદ્ધાન્જલિ અર્પિત કરતાં હૂં ।

## પંડિતજીશ્રી પ્રભુદાસભાઇને અભિનંદન સાથે અભિવંદન

## સર રાધાકૃષ્ણન્ સર્વપલ્લીજીનો ઉપયોગ.

૧. ભૂતપૂર્વ પ્રો૦ સર રાધાકૃષ્ણન્ સર્વપલ્લી જેવા કાંઇક તત્ત્વજ્ઞાનમાં રસ લેનાર પુરુષનો પણ આવા જ કામમાં "આધ્યાત્મિક જીવન અને વિચારધારાને ગૂંચવી નાંખીને, પ્રજાને દહીંમાં અને દૂધમાં પણ રાખતી કરવા માટે વિદેશીયોની તરફેણમાં ઉપયોગ કરવામાં આવે છે. જેનો તેમને પોતાને પણ ખ્યાલ નથી. તેથી તેવી વ્યક્તિ શી રીતે તદ્દન સાચી પ્રેરણા આપી શકે ? "હા જી હા" પણા સિવાય તેમની પાસેથી બીજી શી આશા રાખી શકાય ? તેમની વાતોમાં "ભારતીય તત્ત્વજ્ઞાન રહેલું છે." એમ કહેવું, તે પણ ભારતીય તત્ત્વજ્ઞાનની વિડંબના કરવા બરાબર છે. કેમકે–તેમની તથાપ્રકારની વિદ્વત્તાનો લાભ જડવાદી પ્રગતિના પ્રચાર અને પ્રતિષ્ઠા ઉત્પન્ન કરવામાં આડકતરી રીતે લેવાઇ રહ્યો છે. તેઓ પોતાના ભાષણોમાં જુદી જુદી રીતે બોલતા હોય છે. એકવાર ધર્મોને વખાણે, તો બીજી વખત આધુનિક વિજ્ઞાનને વખાણે, ત્રીજી વખત બન્નેયના સમન્વયને વખાણી મિશ્રણ કરવાની ભલામણ કરે, અને ચોથી વખતે આધુનિક વિજ્ઞાનના આધાર ઉપર ધર્મ ઉભો કરી તેનું સામ્રાજ્ય ફેલાવવાના પ્રચાર તરફ જાણતાં–અજાણતાં ઢળી જાય.

૨. પરંતુ રાજ્યતંત્રઃ અર્થતંત્રઃ અને સમાજતંત્રના પણ પિતામહ એવા ધર્મને પણ આજની રાજ્યસત્તાના સાર્વભૌમ સરકારના એક અંગ તરીકે એક અદના સેવક તરીકે ગોઠવવામાં, આવી નામાંકિત વ્યકિતઓની સહાયની, આજની પ્રગતિના પ્રેરકોને ધર્મ અને તત્ત્વજ્ઞાનપ્રધાન ભારતમાં જરૂર પડે છે. માટે ધર્મ અને તત્ત્વજ્ઞાનને નામે તેમના નામનો અને વ્યકિતત્વનો જ્યાં–ત્યાં ઉપયોગ લેવાઈ રહ્યો હોય છે. આમ તેઓની સરળતાનો અને ભદ્રિકતાનો લાભ આંતરરાષ્ટ્રીય દોરી સંચારોથી લેવાઇ રહ્યો હોય છે. આટલા જ માટે તેમના ભાષણો પહેલાં ઓકસફર્ડ યુનીવર્સીટી વગેરેમાં કરાવાયા હતા. તથા બુદ્ધ-ધર્મના અવશેષોના આદાન–પ્રદાન માટે **લોર્ડ લિલિન્થગો વાઇસરોયે** ચિન–તિબેટ વગેરે સ્થળે કરીને તેમનો ઉપયોગ કર્યો હતો. જેના તિબેટ અને ભારત વચ્ચે આજે અનેક પરિણામો આવી રહ્યા છે, તે જ સંકેતોને પરિણામે ધર્મગુરુ લામાનું ભારતમાં બુદ્ધધર્મના પ્રચાર માટે આગમન થયું છે વગેરે સૂક્ષ્મરહસ્યો છે. **–પં. શ્રી પ્ર. બે. પારેખ**


## જશ્મિન જ્વેલર્સ

( ભાડલાવાળા )

શાહ હેમેન્દ્રકુમાર મનસુખલાલ જીવરાજ

શરાફ બજાર, ૦ રાજકોટ

## આર્ય જૈન મર્યાદા પ્રમાણે સ્ત્રી–પુરૂષના સ્વાતંત્ર્યનો વિચાર

— ० —

વ્યક્તિ સ્વાતંત્ર્યની દૃષ્ટિથી સ્ત્રી કે પુરૂષ બ્રહ્મચર્ય પાળવાને સ્વાતંત્ર છે, પરંતુ કોઇપણ ધોરણને અનુસરીને પતિ–પત્ની તરીકે જોડાય, એટલે સ્વાર્થ ઉત્પન્ન થયો ગણાય. અને સ્વાર્થ હોય ત્યાં વ્યવહારનું ધોરણ દાખલ થાય છે. એટલે એક બીજાનો સ્વાર્થ જાળવવાને પરસ્પર બંધાયેલા રહે છે. એ સ્થિતિમાં સ્રીની રજા સિવાય પતિ બીજી પત્ની ન કરી શકે. તેમજ પત્ની પણ અન્ય પતિ કરવાની છુટવાળી જ્ઞાતિમાં હોય તો પણ અન્ય પતિ ન કરી શકે. પરંતુ બ્રહ્મચર્ય પાળવામાં કોઇ પણ કોઇને રોકી શકે નહીં. લગ્નના કાયદાનો અર્થ એ છે કે–એક બીજાની ઈચ્છા વિરૂદ્ધ અન્ય પતિ કે અન્ય પત્ની કરી શકાય નહીં. એક બીજાની સલાહ, સમ્મતિ લે, એક બીજાની સગવડ અગવડનો વિચાર કરે, એ બધું વ્યક્તિઓની ઇચ્છાને આધીન છે, પરંતુ તેથી સ્ત્રી કે પુરૂષના સ્વાતંત્ર્યને વાંધો આવતો નથી, અને લગ્નના કરારની જવાબદારી રહેતી નથી. બ્રહ્મચારી કે સર્વ ત્યાગી ન હોય ત્યારે તો પુરૂષ સામાજીક કે કૌટુંબિક કાયદાઓને પરતંત્ર છે, તેમજ સ્ત્રી પણ વિશેષમાં સ્ત્રી સ્થિતિ વિશેષમાં પિતા, પતિ અને પુત્રને પરતંત્ર છે, તેમજ પુરૂષ પણ માતા, પિતા, પત્ની, વડીલો, પુત્રને પરતંત્ર છે. હાલના કાયદાના કરારથી માંડીને અનેક જાતના પ્રજામાં પ્રચલિત અનેક પ્રકારના લગ્નના કરારોની પદ્ધતિઓ કરતાં આર્ય લગ્ન વ્યવસ્થાના કાયદાઓ વધારે આદર્શ, સચોટ વ્યવસ્થિત પ્રજાપોષક અને સુતત્ત્વરક્ષક છે. માટે જેમ બને તેમ આ પદ્ધતિ ટકાવવી. તેમાં ખર્ચ થાય છે, તે જીવનના ઉલ્લાસ માટે છે. તો પણ પરાણે ખર્ચ કરવાનું કોઈ કહેતું નથી. છતાં પ્રજા ખર્ચ કરે તેમાં પ્રજાની શક્તિનું માપ છે. દેવું કરીને કરવું તેટલું સારૂં નથી, પણ કરજે ધીરનાર મળે તેમાં પણ પ્રજાની શકિતનું માપ તો છે જ. શકિત ઘટશે, તેમ ખર્ચ ઘટશે.

—પં. શ્રી પ્ર. બે. પારેખ


✻ ડીમ્પલકુમાર અનંતરાય ✻

પ્લોટ, ० મોરબી

( પૂ.સા. શ્રી નેમિચંદ્રાશ્રીજી મ.ના ઉપદેશથી )

ચારેય પ્રકારના અનર્થ દંડથી અનર્થ થાય છે, અનર્થ દંડ સેવ્યા વિના જીવન-નિર્વાહ ન નભે તેવું નથી હોતું. બુદ્ધિમાંદ્ય, કુતૂહલો, અસાવધતા વગેરે કારણોથી અનર્થ દંડ સેવાય છે. જે સેવવાની ખાસ જરૂર નથી હોતી. તથા ખાસ જરૂરને પ્રસંગે તે અનર્થ દંડ ગણાતો નથી. આર્ત તથા રૌદ્ર ધ્યાનથી ઉદ્વેગ, શરીરની ક્ષીણતા દુર્ગતિ, ઘોર પાપનું બંધન, વિગેરે અનર્થો થાય છે. કદાચ અપધ્યાન થઇ જાય, તો પણ મનોનિગ્રહ કરીને તે દૂર કરવું, ધર્મધ્યાન અને શુક્લ ધ્યાન ધ્યાવાની સ્થિતિનો અભાવ એ પણ અનર્થ દંડ છે. ભાઇ, પુત્ર, સ્ત્રી, મિત્ર, વિગેરેને, બીજી રીતે નિર્વાહ થાય તેમ ન હોય તો, કાંઇક સલાહ દેવી પડે, કે જેમાં હિંસાદિકનો કંઇક સંભવ હોય, પણ તે અશકય પરિહારેજ એવી સલાહ દેવી પડે તો જ દેવી પરંતુ, અન્યને અતિ-ખાસ કારણ વિના તે પણ ન આપવી જોઇએ. તેવી સલાહ દેવામાં તો વિના કારણ પાપ જ છે.

—પં. શ્રી પ્ર. બે. પારેખ

—૦—૦—

卐 શાહ વેલજી હીરજી ગુઢકા 卐
પર, બી. એમ. આઝાદ રોડ, * રંગવાલા ચાલ, મુંબઇ-૧૧

## પં. શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખને અભિનંદન
## શાસ્ત્રોમાં આવતા દ્રવ્યઃ ક્ષેત્રાદિને અનુસરવાનું રહસ્યઃ

કોઇપણ ધર્મસંસ્થા પરંપરાગત પોતાના સાધક દ્રવ્યઃ ક્ષેત્ર. કાળઃ અને ભાવઃના સંગ્રહને આધારે અને તેને બાધક દ્રવ્યઃ ક્ષેત્રઃ કાળઃ અને ભાવઃને જેમ બને તેમ દૂર રાખીને ચાલે, તેમાં જ તેની સલામતી છે.

જૈનશાસ્ત્રોમાં સમ્યક્ત્વના આલાવામાં સમ્યક્ત્વને પોષક દ્રવ્યક્ષેત્રાદિકનો સંગ્રહ કરવાનું 'ઉવસંપજ્જામિ' શબ્દથી જણાવ્યું છે. આમ ભેદ પાડેલો છે. જે દ્રવ્ય ક્ષેત્રાદિક સામે આવે તેને વળગી પડીને તેને અનુસરવાનું કથન છે જ નહીં.)

—પં. પ્ર. બે. પારેખ

ફોન : ૩૨૯૮૩
ચાંદીના દાગીનાના જથ્થાબંધ વેપારી
ધર્મેશ જ્વેલર્સ
શામા શેઠની શેરી
માંડવી ચોક, રાજકોટ

થાળી—વાટકી દીવી—ધુપીયુ કળશ—કેશર બારાસ નડવી તેમજ ફેન્સી દાગીનાના તેમજ પ્રેઝન્ટેશન આર્ટીકલનો અદ્યતન શો રૂમ
ફોન : ૩૨૯૮૩
જીજ્ઞેશ જ્વેલર્સ
જુની ગધીવાડ, મીની ઝવેરી બજાર રાજકોટ

## પંડિતવર્ય શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખને અભિનંદન

*— o —*

મૌન એકાદશીને દિવસે તીર્થંકરપ્રભુઓના ૧૫૦ કલ્યાણુક થયા છે, તથા બીજી કલ્યાણુક તિથિઓ ૫ કલ્યાણુક દિવસો રૂપ હોવાથી આરાધ્ય છે.

કેટલાક એમ કહે છે કે–"તિથિઓ તો રોજ આવે છે, તેમાં વિશેષતા શી ?" આ પણ અજ્ઞાન મૂલક વાકય પ્રયોગ છે. વસ્તુસ્થિતિ સમજનાર આમ બોલે નહીં. જૈન તિથિઓ ધર્મારાધન નિમિત્તે જ છે. કારણ કે જૈન ધર્મ દરેક ધર્મો કરતાં ખાસ આધ્યાત્મિક છે. એટલે તેની તિથિઓ પણ આધ્યાત્મિક જ છે. વૈદિક તિથિઓ અને તેની જાહેર ઉજવણીના પ્રકાર ઉપરથી જ તેની આધ્યાત્મિકતા કેટલી છે ? તે સમજી શકાય છે. ધર્મનું મુખ્ય તત્ત્વ આધ્યાત્મિક હોવું જોઇએ. એ જો નક્કી હોય, તો જગત્‌માં ધર્મ તરીકેની યોગ્યતા જૈન ધર્મમાં સૌથી વિશેષ છે. એમ અતિશયોક્તિ વિના કહી શકાશે, અને એ વાતની સાબિતી તેના પર્વોની જાહેર ઉજવણીઓ જ કરી આપે છે.

જે લોકો "તિથિ દરરોજ આવે છે" એવું બોલે છે તેઓ રાષ્ટ્રીય સપ્તાહ વિગેરેમાં બરાબર ભાગ લે છે. દેશનાયકોની જયંતીના દિવસોમાં બરાબર ભાગ લે છે. તે વખતે તે તિથિઓ દરરોજ નથી આવતી, પણ કોઇક વખત જ આવે છે, એમ તેઓ પણ કબુલ કરે છે.

આ રીતે–રાષ્ટ્રીય સપ્તાહો–રેંટીયા બારસ–ક્રીસ મીસ–નાતાલ વિગેરે નવા તથા પરદેશીઓના પર્વો ધીમે ધીમે મોટું રૂપ લેતા જાય છે. અને તેમાં સંખ્યાનો ઉમેરો થતો જાય છે. તેના ઉત્સવો વધતા જાય છે, તેના જાહેર સરઘસો આ દેશમાં નીકળતા જાય છે. તેની સામે વાંધો ન લઇએ. સૌ સૌને ઈષ્ટ હોય તે પ્રમાણે કરવામાં વાંધો લેવાની શકયતા કદાચ હાલમાં ન હોય, પરંતુ આ પવિત્ર જૈન પર્વો ઢંકાઇ જાય, ઉચ્છરતી પ્રજા તેના તરફ વિશેષ ન આકર્ષાય, એ મોટું નુકશાન છે. માટે જૈન પર્વો સર્વોત્કૃષ્ટ રીતે ઉજવવા જોઇએ; જેથી કરીને આ જગત્‌ના આ ધર્મમય મહાપર્વો ઉજવળ રીતે સર્વ જીવોના ધ્યાનમાં આવે, તેમાં તેઓનું કલ્યાણ છે, અને આ પર્વોની આરાધનાની પરંપરા વધે. માટે ખાસ આગ્રહ પૂર્વક ધાર્મિક જીવોએ તેમાં વિશેષ ભાગ લઇને આરાધના કરવી.

—પં. શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ


## વસા જયંતિલાલ હીરાચંદ

( જેતપુરવાળા )

શ્રેયાંસ. ૩ વર્ધમાનનગર

પેલેશ રોડ, રાજકોટ

## પંડિતવર્ય શ્રી પ્રભુદાસભાઇને અભિનંદન

એક અમેરીકન વિદ્વાને, **મી. ડાર્વીનની** વાંદરામાંથી માણુસોની ઉત્પત્તિની પ્રક્રિયા ખોટી પાડી છે. અને જણાવ્યું છે, કે–"કોઈપણ પ્રાણીની ઉત્ક્રાન્તિ તેની સજાતીય જાતિમાંથી થઇ શકે છે. વિજાતીયમાંથી થાય નહિં." એ મતલબની વાત ઘણા પ્રમાણોથી સિદ્ધ કરી છે. તે વાત "છઠ્ઠા આરામાં મનુષ્યો–વૈતાઢ્ય પર્વતના બિલોમાં આશ્રય લઇને રહે છે, ને પાછા ઉત્સર્પિણીકાળે તેમાંથી જ વિકાસ પામીને–બધી જાતિઓમાં માનવો ખુલ્લામાં રહેતા અને વસતા થાય છે. તથા સંસ્કારી બની, ધર્મપ્રધાન સાંસ્કૃતિક જીવન જીવતા થાય છે." એ શાસ્ત્રીય વાત સાથે મેળ ખાય છે.

ધર્મનું શિક્ષણ આપવાની સચોટ યોજનાઓરૂપઃ પર્વોઃ ઓચ્છવોઃ મહોચ્છવોઃ તીર્થયાત્રાઃ વિશિષ્ટ અનુષ્ઠાનોઃ પ્રતિષ્ઠાઓઃ વરઘોડાઃ વગેરે લુપ્ત થતા જાય, તેમાં થતો ખર્ચ રાષ્ટ્રીય દુર્વ્યય ગણાતો જાય. પાઠશાળાઓ અને તેના શિક્ષકો સ્કુલના અનુસંધાન સાથે જોડાતા જાય, આ ભય અમે મુંબઇ જૈન ધાર્મિક શિક્ષણ સંઘ સ્થાપિત વખતે સૂચવ્યો હતો. પરંતુ જે વાણીયાઓ એક વખત અગમબુદ્ધિ ગણાતા, તે હવે પશ્ચિમબુદ્ધિ અથવા તરતબુદ્ધિ થતા જાય છે. કોનો દોષ કાઢવો ?

ધાર્મિકશિક્ષણ શબ્દને બદલે ઠામ ઠામ આધ્યાત્મિક વિજ્ઞાનનું શિક્ષણ શબ્દો નિવેદનમાં મૂકવામાં અદ્‌ભુત ખુબી છે. આધ્યાત્મિક જ્ઞાનમાત્રથી કે દરેક ધર્મોને માન્ય આધ્યાત્મિક વિજ્ઞાનોના સંગ્રહના જ્ઞાનમાત્રથી ધાર્મિક કે ધર્માત્મા થઇ શકાતું નથી. આધ્યાત્મિક જ્ઞાનને જુદા જુદા આચારો મારફત જીવનમાં ઉતારવા માટે જુદા જુદા નામે પરંપરાગત ચાલી આવતી ધર્મસંસ્થાઓરૂપે વ્યવહારુ સાધનોરૂપ ધર્મોની ને સંપ્રદાયોની આવશ્યક્તા પડે છે. તો જ જુદા જુદા સંપ્રદાયોમાં રહેલા લોકોને ધર્મનું સેવન સુલભઃ સ્થાયિઃ અને રસમયઃ બની શકે છે. એટલા માટે ધાર્મિક ઉત્સવોઃ પર્વો: ધર્મસ્થાનોઃ વ્રતોઃ નિયમોઃ વગેરેની ગોઠવણ હોય છે; પરંતુ આધ્યાત્મિક વિકાસનું જ્ઞાન આપવાની વાતને આગળ કરવામાં પરંપરાગત ધર્મોને લુપ્ત કરવાની ગંભીર ગોઠવણને ગૂઢ રીતે છુપાવવામાં આવતી હોય છે. આધ્યાત્મિક વિજ્ઞાનનું કોરું જ્ઞાન આપવાનો આદર્શ એ જ પરંપરાગત ધર્મોને લુપ્ત કરવાનું હથિયાર. આ વસ્તુ સૂક્ષ્મદૃષ્ટિ વિના સમજાશે નહીં.

— ૦૦ — **—પં. શ્રી પ્ર. બે. પારેખ**

ફોન : ઓ. ૩૨૩૪૭–૩૨૭૮૫ રેસી. ૩૩૭૮૫

卐 **શાહ પ્રાણલાલ ભુદરભાઈ** 卐

✻ **જે. પી. શાહ એન્ડ કું.** ✻

ચાંદીના ફેન્સી દાગીના બનાવનાર તથા વેચનાર

સોની બજાર, ૦ રાજકોટ

## પં. શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખને અભિનંદન

મુંબઈમાં જૈન યંગ મેન્સ સોસાયટીના સમ્મેલન વખતે-બેકાર જૈન ભાઈઓ માટે શ્રાવક ક્ષેત્રના ઉદ્ધાર માટે ફંડ કરવાનો ઠરાવ ન કરવા વિષે મેં પ્રસંગે સૂચના આપી હતી. કેમકે એ ક્ષેત્ર એટલું બધું વિશાળ થવાનું છે, કે તેમાં સાતેય ક્ષેત્રોનું ધન રેડી દેવામાં આવશે, તો પણ તે પૂરૂં થશે નહીં. અર્થાત્ અત્યારે કરવામાં આવતું નાનું ફંડ પણ આગળ ઉપર મોટા ફંડના રૂપમાં ફેરવાઈ જશે, અને તે સાતેય ક્ષેત્રને સંકોચી નાંખશે. આ જાતનો ઠરાવ ધર્મિષ્ઠ ગણાતા વર્ગને હાથે થાય, તેના જેવું પરદેશીઓને મંગળરૂપ બીજું હોઈ શકે? આજ તો માત્ર "આવા ફંડમાં ચુસ્ત ગણુતાઓની પણ સમ્મતિ છે." એટલો દાખલો જ ભવિષ્યમાં બસ છે. તાત્ત્વિકદૃષ્ટિથી વિશેષ બેકારીને વધુ વેગ આપવાનું ફંડ લાગવાથી, એ ઠરાવ ન થવા દેવામાં મેં સાધર્મિકવાત્સલ્ય જ કર્યું છે. એમ મારો અંતરાત્મા સંતોષ અનુભવે છે.

અહીં તો માત્ર કેટલાક મુખ્ય-મુખ્ય મુદ્દાઓનોજ માત્ર નિર્દેશ કરવામાં આવ્યો છે. અર્થશાસ્ત્રની ગુંચો અને વધારે સચોટ પુરાવા તથા બીજા હજારો આ વિધાન સામેના વિરોધી પ્રશ્નોના જવાબો બાકીજ રાખવામાં આવ્યા છે. અવકાશને અભાવે હજુ એ મહત્ત્વની હિતકારી વાત હું પ્રસિદ્ધિમાં મુકી શકયો નથી. એ ઠરાવ ન કરવાની મારી સૂચના સાથે ઘણી વ્યક્તિઓએ એ વખતે અણગમો બતાવ્યો હતો. અને તેનો ખુલાસો વિસ્તારથી કરવાની તેજ વખતે ઈચ્છા છતાં તથાપ્રકારના સમય-સંજોગોને અભાવે કરી શકયો ન હતો. એટલે અહીં ટુંકમાં તેનો નિર્દેશ કર્યો છે. તેટલાથી વિચારકો હાલમાં સંતોષ માનશે એટલી આશા સાથે હવે આ બાબતનો ઉપસંહાર કરતાં જણાવું છું કે-

દીન-દુઃખી શ્રાવકભાઈઓને સહાય કરવાની મહાશ્રાવકોની ફરજ શાસ્ત્રકારોએ વર્ણવી છે, પરંતુ આજની બેકારીમાંથી બચાવવાના જે જે ઉપાયો સૂચવવામાં આવે છે, તે ઉલટા બેકારીમાં વધારો કરનારા અને પરિણામે અહિત કરનારા છે. માટે શાસ્ત્ર સમ્મત તેમજ આજકાલના દેશકાળમાં પણ સાચું સાધર્મિકવાત્સલ્ય કયું હોઈ શકે? તે વાચકોના ખ્યાલમાં આવશે. આજકાલ સાધર્મિકવાત્સલ્યને નામે જુદા જુદા ફંડો માંગવાની જે રીતભાત ચાલે છે, તેમાં સાધર્મિકવાત્સલ્ય નથી. પણ પરિણામે સાધર્મિકોને પરિણામે હાની પહોંચવાની છે. તે સ્પષ્ટ સમજાશે. એમ વિચારકો અવશ્ય વિચારી જોશે.

-oo- —પં. શ્રી પ્ર. બે. પારેખ

**સ્વ. ચિ. ચંદ્રકાંત તથા કિશોર જગજીવન શાહ**

**શ્રીમતી રૂપાબેન જગજીવનદાસ કચરા**

**નાઈરોબી (કેન્યા)**

### સંસ્કૃતિના સત્ય દર્શન પંડિતજીને અભિનંદન

વિધિનો ખપ કરીને સર્વ ક્રિયા કરવી અવિધિ ટાળવા પૂરા જાગ્રત રહેવું, પણ અવિધિથી ડરીને ન કરવું, એ વધારે દોષપાત્ર થવા બરાબર છે.

ન કરનાર કરતાં, અવિધિ અને આશાતનાથી ઘેરાયા છતાં તેની નજીક આવનારનો આત્મવિકાસ વધારે પડતો છે. અવિવિ અને આશાતના ટાળવા પ્રયાસ કરનાર વધારે આગળ છે. આશાતના ટાળનાર વધારે આગળ છે. સાવચેત રહેનાર–અવિધિ આશાતના થઈ જાય તો શુદ્ધ થનાર તેથી વધારે આગળ છે, અને અવિધિ આશાતના થવા જ ન દેનાર તેથી એ વિશેષ આગળ છે. પરંતુ ક્રિયા ન કરનાર તો સૌથી ઉતરતો છે. માટે કરનાર બાળજીવ અવિધિ આશાતના ટાળી ન શકે, તો પણ તેની ધાર્મિક ક્રિયા છોડાવવી નહીં, અવિધિ દૂર કરાવવા પ્રયાસ કરવો જોઈએ. —પં. શ્રી પ્ર. બે. પારેખ

Gram : RELYSETH

O. 333075
R. 5124752

**SHETH SONS**

51, A. D, Gandhi Marg, Mandvi **BOMBAY**-400003

Associate Firm

**SURENDRA SHETH & BROS. S. T. SHETH**

Cardamom Merchants & Commission Agents

### ભારતીય સંસ્કૃતિનાં દીર્ઘદર્શી પંડીતજીને અભિનંદન,

કેટલાક સામાયિકને બદલે ધ્યાન કરે છે, કેટલાક પ્રતિક્રમણને બદલે વાંચવું પસંદ કરે છે. તેમાં દોષ છે. સામાયિકની સાથે આજના ધ્યાન ઘટાવી શકાય નહિ. તેમજ પ્રતિક્રમણ સાથે વાચનને ઘટાવી શકાય નહિ. ધ્યાનનો અભ્યાસ કરવો હોય, તો ભલે કરો. વાંચવું હોય તો ભલે વાંચો: પણ આ બેને બદલે તે કરવાની વાત પણ ન કરો.

આચાર ખાતરઃ કુટુંબમાં ઉત્તરોત્તર વારસો ચાલુ રાખવા ખાતર પણઃ અનિચ્છાએ પણઃ ડાહ્યા માણસોએ ક્રિયા ચાલુ રાખવી. તો જ શાસન અને જૈન ધર્મ તરફની વફાદારી જળવાય છે. ન થાય તો કરનારની અનુમોદના કરવી. તે ક્રિયા થતી હોય તેવા સ્થળોનો પરિચય રાખવો, તેમાં આરાધના છે. —પં. શ્રી પ્ર. બે. પારેખ

Phone : O : 333759
R : 5619020

**INDIAN SPICES**

*Spices Merchants & Commission Agent*

Ginger Black Pepper Cardamom Jaifal Javantri & All Other Spictes & Malabar Hill Products

**101, Kazi Sayed Street. Khandbazar. BOMBAY-400003**

શ્રી હર્ષપુષ્પામૃત જૈન જ્ઞાન ભંડાર ટ્રસ્ટ (લાખાબાવળ)
(સંચાલિત)

## શ્રુતજ્ઞાન ભક્તિ, રક્ષણ, પ્રચાર અને સંશોધનની યોજના

**શ્રીમતી જશમાબેન વી., મેઘજી વી. તથા વેલજી વીરજી દોઢીયા**

# 卐 શ્રુત જ્ઞાન ભવન 卐

૪૫, દિગ્વિજય પ્લોટ, શ્રી વિમલનાથ જૈન દેરાસર પાછળ
જામનગર [સૌરાષ્ટ્ર] INDIA

પરમપૂજ્ય તપોમૂર્તિ **આચાર્યદેવ શ્રી વિજય કર્પૂરસૂરીશ્વરજી મહારાજના** પટ્ટધર હાલાર **દેશોદ્ધારક કવિરત્ન પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજના** પટ્ટધર પૂજ્ય આગમોદ્ધારક પ્રાચીન સાહિત્યોદ્ધારક **આચાર્યદેવ શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજના** ઉપદેશ માર્ગદર્શન મુજબ જામનગરમાં શ્રુતજ્ઞાન ભવનનું ભવ્ય આયોજન થયું છે. ભવનમાં શ્રુતજ્ઞાનની ભક્તિ, રક્ષણ, પ્રચાર સંશોધનની યોજના વિશાળ પાયા ઉપર સાકાર બનશે. આ વિશાળ શ્રુતજ્ઞાન ભવનમાં જે આયોજન થયું છે. તેની આછી રૂપ રેખા અત્રે અંકિત થાય છે.

આ જ્ઞાન ભવનમાં જૈન સાહિત્યના રક્ષણ પ્રચાર આદિ માટે જુદા જુદા વિભાગોનું આયોજન થયું છે. આ વિભાગો અને તેના સ્થાનો તથા તેમાં કરવાની કાર્યવાહી.

## 卐 ભોંય તળીયે વિભાગો 卐

(૧) **જૈન જ્ઞાન ભંડાર વિભાગ**—આ વિભાગમાં જ્ઞાન ભંડારોનો સંગ્રહ થશે. જ્યાં જ્યાં અરક્ષિત અસ્તવ્યસ્ત અથવા ન સચવાતા જ્ઞાન ભંડારો અત્રે આપી શકાશે અને તે તે ભંડારો સુવ્યવસ્થિત રાખી તેનો ઉપયોગ રક્ષણ વગેરે આ વિભાગમાં થશે.

(૨) **જૈન પુસ્તક વાંચનાલય**—આ વિભાગમાં જે જે ભાવિકોને ધાર્મિક પુસ્તક વાંચવા જોઈતા હશે તેમને આપવામાં આવશે એ પુસ્તક આપવાની વ્યવસ્થા તેમજ જરૂરી પુસ્તકો વસાવીને વાંચનારને શ્રુતજ્ઞાનનો વધુને વધુ લાભ મળે તે જાતની વ્યવસ્થા થશે.

(૩) **જૈન પુસ્તક ફરતું વાંચનાલય**—આ વિભાગમાં ધાર્મિક પુસ્તક વાંચનાની ભાવનાવાળા છતાં લેવા માટે ન પહોંચી શકે તેવા ભાવિકોને પુસ્તકો ઘેર પહોંચાડવામાં આવશે. પુસ્તકોના લીસ્ટની નકલ પણ તેમને આપવામાં આવશે. જેથી પુસ્તક બદલવા

તથા પુસ્તક મંગાવવા માટેની વ્યવસ્થા સરળ બનશે ઘર બેઠા શ્રુતજ્ઞાનનો ઘણો લાભ મેળવી શકાશે.

**(૪) શ્રુતજ્ઞાન ભવન મુલાકાતી સન્માન વિભાગ**—વિશ્વમાં અદ્વિતીય દર્શનીય બનનાર આ શ્રુતજ્ઞાન ભવનની મુલાકાત દેશ પરદેશના પુષ્કળ ભાવિકો લેશે. આ યોજનાનું મૂળ શ્રુતજ્ઞાન પ્રચારનું છે. જેથી આવેલા મુલાકાતી ભાવિકોનું વિવિધ સાહિત્ય અર્પણ કરવા સાથે તેમનું સન્માન કરવામાં આવશે જેથી તેઓ જ્યાંથી આવેલા હોય ત્યાં આ શ્રુતજ્ઞાન સાહિત્ય લઇ જાય આવું સાહિત્ય વ્યવસ્થિત ગોઠવાશે અને મુલાકાતીઓ જોઈને ઉપયોગમાં આવે તેવું જે પસંદ કરશે તે સાહિત્ય યોજના મુજબ ભેટ આપવામાં આવશે.

**(૫) જૈન આગમ દર્શન વિભાગ**—આ વિભાગમાં જૈન શાસનનો અર્ક અને સાર કહી શકાય તે ૪૫ આગમોનો દર્શનીય પવિત્ર સંગ્રહ રહેશે. જેના દર્શન આદિથી અને તેની સમજ મેળવીને ભાવિકો શ્રુતજ્ઞાનની મહાનતા પવિત્રતા અને કલ્યાણકારિતા જાણી ધન્ય બનશે. જૈન આગમો નિર્યુક્તિ ભાષ્ય ચૂર્ણિ ટીકા વિ. માહિતી મેળવી શકશે.

**(૬) હસ્તલિખિત જૈન સાહિત્ય વિભાગ**—જૈન શાસનમાં પરંપરાથી જે શ્રુતજ્ઞાન ટકી રહ્યું છે તેમાં આ હસ્તલિખિત સાહિત્ય પ્રાણ છે. આ સાહિત્ય અમૂલ્ય બહુમુલ્ય છે. આ વિભાગમાં તે સાહિત્યનું રક્ષણ ઉપયોગ વિગેરે વ્યવસ્થા થશે તથા જ્યાં જ્યાં હસ્તલિખિત ભંડાર અવ્યવસ્થ, અરક્ષિત જેમતેમ હોય તે તે ભંડારો તથા સાહિત્ય આ વિભાગમાં સંગ્રહિત થશે. તે ભંડાર જેમના હશે તેમના નામથી રહેશે. તેને સુરક્ષિત કરી તેનો સારો ઉપયોગ અને રક્ષણ તથા વૃદ્ધિ થાય તે જાતના પ્રયત્નો આ વિભાગમાં થશે.

**(૭) પૂ. ગુરૂદેવ અમૃત સૂ. મ. સ્મૃતિ વિભાગ**—આ વિભાગમાં પરમ ઉપકારી આ શ્રુતસાહિત્ય પ્રદેશમાં લાવવા માટે અનુમતિ આશીર્વાદ દાતા તથા હાલાર દેશના ઉધ્ધાર તથા જૈન શાસનના પ્રભાવક અને રક્ષક પૂજ્ય આચાર્ય દેવ શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજના જીવન કવન અને સાહિત્ય આદિને આશ્રીને વિવિધ સામગ્રી આદિ અત્રે સ્મૃતિ રૂપે સંગ્રહિત થશે. જેથી તેઓશ્રીનું મહાન જીવન અને મહાન ઉપકારો જાણીને પુણ્યાત્માઓ ધન્ય બની સુકૃતના સહભાગી બની શકશે.

**(૮) શ્રી મહાવીર શાસન વિભાગ**—આ વિભાગ દ્વારા જૈન સાહિત્ય, જૈન સમાચાર આદિનો વિશ્વમાં પ્રચાર થશે. તથા સંસ્થા દ્વારા કરવાના વિશિષ્ટ કાર્યોમાં સરળતા પેદા થશે. આ વિભાગ દ્વારા શ્રુતજ્ઞાનની યોજનાને વિસ્તૃત રીતે પ્રચારી પ્રસારી શકાશે.

શ્રી **મહાવીર શાસન** માસિક દ્વારા હાલ જે પ્રચાર થાય છે તેમાં વૃદ્ધિ રૂપે **જૈન શાસન** અઠવાડિક **તા.** ૮-૮-૮૮ થી શરૂ થયું છે.

(૯) **જૈન સાહિત્ય પ્રકાશન વિભાગ**—આ વિભાગમાં શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા દ્વારા જૈન સાહિત્યનું વિવિધ રીતે સંશોધન સંપાદન કરીને પ્રકાશન થાય છે. તે સાહિત્યનો વધુ ને વધુ પ્રકાશન થાય અને પ્રચાર પામે તે માટે આ વિભાગમાં પ્રયત્ન થશે. અને અપ્રાપ્ય દુર્લભ ગ્રંથો પણ શ્રી સંઘમાં પ્રાપ્ય અને સુલભ બનશે. આ સંસ્થા દ્વારા અત્યાર સુધી ૧૮૦ ગ્રન્થો પ્રકાશિત થયા છે.

(૧૦) **જૈન પ્રાચીન સાહિત્ય વિભાગ**—આ વિભાગમાં જૈન પ્રાચીન સાહિત્ય સંગ્રહિત થશે અને સુરક્ષિત રહેશે. પૂર્વના મહાપુરૂષો કેવું સાહિત્ય રચી ગયા છે અને જગત ઉપર ઉપકાર કરી ગયા છે. વિ પ્રાચીન સાહિત્યનું જ્ઞાન પ્રકાશનો અને તેનો પ્રચાર આ વિભાગમાં થશે.

(૧૧) **જૈન અર્વાચીન સાહિત્ય વિભાગ**—આ વિભાગમાં વર્તમાન કાલમાં ઉપયોગી તથા અગત્યનું અને જરૂરી પ્રકાશિત સાહિત્ય સંગ્રહિત થશે જેથી વર્તમાન કાલમાં ઉપયોગી સાહિત્ય શું છે કેવી રીતે મળે અને કેવી રીતે તેનો સદુપયોગ થાય વિગેરે આ વિભાગ દ્વારા જાણવા મલશે અને વર્તમાનમાં જરૂરી સાહિત્યનો પ્રચાર થઈ શકશે.

(૧૨) **વિહાર ભૂમિ ભક્તિ વૈયાવચ્ચ વિભાગ**—આ વિભાગ દ્વારા જ્યાં જ્યાં સાધુ સાધ્વીજીના વિહારના રસ્તા છે અને ત્યાં રહેતા શ્રાવકો નબળા પડી ગયા છે ત્યાં ત્યાં વૈયાવચ્ચ માટે, વિહારની સગવડતા માટે તથા નબળા શ્રાવકોની ભક્તિ કરવા માટે આ વિભાગનું આયોજન છે જેથી વિહાર સ્થાનો તથા ત્યાં રહેતા શ્રાવકોની ભક્તિ થઈ શકશે. ભાવિકો તે કાર્ય માટે ઉત્સાહપૂર્વક લાભ લઇ શકશે.

(૧૩) **જૈન સાહિત્ય પ્રચાર વિભાગ**—પ્રગટ થતું બધું સાહિત્ય ફેલાય શકે નહિ જોઈતું હોય તેને પહોંચે પણ નહિ. તેવું બને. વળી જેમણે જૈન સાહિત્યની ભક્તિ ફેલાવો કરવો હોય પોતાના વર્તુળ પ્રદેશ વિગેરેમાં પ્રચાર કરવો હોય, પોતાના સંબંધી આદિના શ્રેય માટે પુસ્તક પ્રકાશન કરી વહેંચણી કરવી હોય તેમને માટે આ વિભાગ દ્વારા જૈન સાહિત્યના પ્રકાશનો અને તેના પ્રચારની વ્યવસ્થા થશે, જેથી સારૂં સાહિત્ય જ્યાં ન પહોંચે તેવા અનેક સ્થળે પહોંચતાં જૈન સાહિત્યનો પ્રચાર થશે અને સુખી ભાવિકોને તે લાભ મળશે.

## ❋ પહેલે માળે-વિભાગો ❋

(૧૪) **જૈન તીર્થ દર્શન વિભાગ**—આ વિભાગમાં ભારતભરનાં જૈન શ્વેતાંબર તીર્થો જિનબિંબો તથા મોટા શહેરોના મંદિરો તથા અન્ય સ્થળોના ભવ્ય મંદિરો તથા જિનબિંબોના આબેહૂબ પ્રકૃતિ દ્વારા દર્શન આ વિભાગમાં થઇ શકશે.

હાલ ૨૦૦ તીર્થોના ફોટા વિ. ગોઠવાયા છે. શ્વે. જૈન તીર્થદર્શન ગ્રંથને પ્રકાશિત કરવાની યોજના પણ છે.

(૧૫) **જૈન આચાર્યાદિ પરંપરા વિભાગ**— આ વિભાગમા પ્રભુ મહાવીરના શાસનમાં જૈન આચાર્યો આદિ દ્વારા ધર્મ વિકાસ પામ્યો અને અવિરત ચાલુ રહ્યો છે, તે તે કાળની અંદર થયેલા પ્રભુ મહાવીરની પરંપરાના આચાર્યો તથા તે તે કાલના પ્રભાવક મુનિઓ આદિના સમય પ્રભાવકતા વિગેરે આ વિભાગ દ્વારા જાણી શકાશે અને પૂર્વ પુરૂષોના મહાન કાર્યને વંદના કરી શકાશે.

(૧૬) **ગ્રામ્ય જિન મંદિરાદિ રક્ષા વિભાગ**— આ વિભાગ દ્વારા ગામડા આદિના જિનમંદિરો, ઉપાશ્રય વિગેરે નાશ પામતા હશે તેનું રક્ષણ ઉદ્ધાર તેમજ વ્યવસ્થા કરવામાં આવશે. આ વિશાળ કાર્યને સમજવા તથા તેમાં લાભ લેવા આ વિભાગ દ્વારા પ્રેરણા મળશે.

(૧૭) **જૈન સાધર્મિક ઉત્થાન વિભાગ**— સરોવરની પાળે ખુંચી ગયેલા હાથીને કાઢવા બીજા હાથી બોલાવવા પડે તેમ કોઇ કર્મ યોગે નબળા પડેલા ધર્મપ્રેમી શ્રાવકોને તેમનો ધર્મનો ભાવ વધે અને ધર્મની આરાધનામાં ઉલ્લાસથી જોડાઇ શકે તે માટે તેમની ભકિત આદિ કરીને તેમને ઉંચે લાવવા આ વિભાગ દ્વારા પ્રયત્નો થશે અને ધર્મપ્રેમીઓને પણ સાધિર્મિક સમું સગપણ નહિ તેવો ખ્યાલ આ વિભાગ દ્વારા આવશે.

(૧૮) **જૈન સ્નાતક કેન્દ્ર**— જૈન સાહિત્ય જૈન તત્ત્વજ્ઞાન આદિનો સંયોગ વશાત્ અભ્યાસ ન કરી શકનાર પણ નિવૃત વયે કે નોકરી વેપાર આદિમાંથી સમય ફાળવીને જૈન તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરે તેમને તથા પૂજ્ય સાધુ સાધ્વીજીને પણ ધાર્મિક અભ્યાસની અનુકુળતા થઈ શકે તે માટે આ વિભાગ દ્વારા વ્યવસ્થા થશે. ગૃહસ્થોને જરૂરી સહાય, શિષ્યવૃત્તિ આપીને અભ્યાસક્રમ મુજબ સ્નાતક ( સ્કોલર ) બનાવાશે.

(૧૯) **જૈન ઇતિહાસ સંશોધન વિભાગ**— જૈન ધર્મનો ભવ્ય ભાતિગળ ઇતિહાસ ઘણો નષ્ટ થઇ ગયો છે. જૈન જ્ઞાતિ, જૈન સંઘો, જૈન રાજાઓ, રાજ્યો, મંદિરો, સાધુ–સાધ્વી, શ્રાવક–શ્રાવિકા, આદિના ઈતિહાસ મેળવી તેનું સંશોધન આ વિભાગ દ્વારા કરવામાં આવશે જે વિશાળ કાર્ય હોવા છતાં આ દિશામાં કંઇક પ્રવેશ આ વિભાગ દ્વારા થતાં ભવિષ્યમાં વધુ વિકાસ થશે.

(૨૦) **જૈન વિશ્વ માહિતી કેન્દ્ર**— જૈન ધર્મ, જૈન તીર્થ, જૈનો, જૈન સાહિત્ય આદિ અંગે વિશ્વ-ભરની માહિતી આ વિભાગમાં સંગૃહિત થશે અને તે વિષયના રસીયાઓને આ માહિતી દ્વારા ઘણું ઘણું જાણવા મળશે. તે માહિતી વિ વિધ જાતના

નકશાઓ દ્વારા આ વિભાગમાં અંકિત બનશે. અને આ વિષયમાં ઘણું કરવા જેવું છે તેમ ખ્યાલ આવશે.

**(૨૧) જૈન પ્રાકૃત સંસ્કૃત ભાષા પ્રચાર વિભાગ–** જૈન ધર્મનું વધુ સાહિત્ય પ્રાકૃત અને સંસ્કૃત ભાષામાં છે પણ આ ભાષાનો અભ્યાસ અલ્પ થતાં આ ભાષામાં રહેલ જૈન તત્વજ્ઞાન આદિથી જૈનોને વંચિત રહેવું પડે છે. જેથી આ ભાષાઓના પ્રચાર અભ્યાસ દ્વારા જૈન સૂત્રો જૈન તત્વો અને સાહિત્યનું જ્ઞાન ભાવિકો મેળવી શકે તે માટે વર્ગો શિષ્યવૃત્તિઓ દ્વારા પ્રયત્ન થશે.

**(૨૨) જૈન પ્રાચીન સાહિત્ય સૂચિ–** જૈન સાહિત્યના લાખો ગ્રંથો છે તેની સૂચિ (જૈન એન્સાઇક્લોપીડીયા) તેના વિષયોની સૂચિ, જૈન ચરિત્રોની સૂચિ, જૈન કથાઓની સૂચિ વિગેરે અનેક સૂચિ દ્વારા આ વિભાગમાં મોટું કાર્ય કરવાનું રહેશે. માત્ર જૈન સાહિત્ય જયાં જયાં છે. તેની સૂચિ તૈયાર કરી ગુજરાતી હિંદી અંગ્રેજીમાં પ્રગટ થાય તો ૩૦ લાખ રૂ જેટલો ખર્ચ થવાનો સંભવ રહે. આ વિભાગમાં આ દિશામાં પ્રયત્ન થશે.

**(૨૩) જૈન સાહિત્ય સંશોધન વિભાગ–**આ વિભાગ અંગે આજે અઢળક કાર્ય પડયું છે જૈન સાહિત્ય પ્રગટ અપ્રગટ; ખંડિત સ્ખલિત, જર્જરિત વિગેરે સ્થિતિમાં હોય તેને મૂળ પાઠો પ્રતો તથા ભાષાની શુદ્ધિ આદિ દ્વારા સંશોધન કરીને તેના ભવ્ય આદર્શો (નકલો) તૈયાર કરવાનું કાર્ય આ વિભાગ દ્વારા થશે. અને તે એટલું વિશાળ કાર્ય છે કે કોઇ એક સંસ્થા પુરૂં કાર્ય ન કરી શકે. જૈન શાસનની બલિહારી છે કે જૈન આચાર્યાદિ મુનિવરો આદિ દ્વારા આ કાર્ય અવિરત ચાલે છે અને આ સાહિત્ય પરંપરામાં બચ્યું છે. આ વિભાગમાં આ દિશામાં પ્રયત્ન થશે.

## બીજે માળે–વિભાગ

**(૨૪) જૈન દર્શન–કલા દર્શન વિભાગ–** આ વિભાગમાં જૈન દર્શન એટલે જૈન ધર્મમાં જે ઉત્તમ કલા બતાવી છે તે કલાને અત્રે અંકિત સંગ્રહિત કરવામાં આવશે અને વિશ્વમાં જેમ અજાયબીઓ ગણાય છે તેમ તેમ જૈન દર્શનની કલાના દર્શનથી જૈન દર્શનની મહાનતા, વિશિષ્ટતા અને સાર્થકતાનો ખ્યાલ આ વિભાગ આપશે.

## બહારના ભાગમાં બંધાશે

**(૨૫) જૈન ચિકિત્સા કેન્દ્ર–** જૈન અને જૈનેત્તરોને ધર્મબુદ્ધિ અને દયાબુદ્ધિનો વિકાસ થાય તે રીતે આ વિભાગ દ્વારા ઉપચારોની વ્યવસ્થા થશે અને તે દ્વારા સાધર્મિકોની ભકિત તથા દીન દુઃખીને અનુકંપા આદિ વ્યવસ્થા થશે જે વિભાગ ભવિષ્યમાં બહારના ભાગમાં બંધાશે.

## * પંડિત શ્રી પ્રભુદાસભાઇનું મનનીય લેખ સાહિત્ય *

૧ દિવ્ય પ્રકાશ, ૨ શ્રી શ્વે. મૂ. જૈન કોન્ફરન્સ માર્ગ દર્શન, ૩ થનારી ચુંટણીના લાભાલાભ, ૪ મનનીય નિબંધ સંગ્રહ, ૫ પંડિત સુખલાલજીને હાર્દિક શુભેચ્છા સુચક પત્રનું આમંત્રણ, ૬ શાસ્ત્રીય પૂરાવા, ૭ સ્પૃશ્યતા–અસ્પૃશ્યતા અને જૈનો, ૮ ધાર્મિક ખાતાના વહીવટ કરનારાઓને ઉતાવળ ન કરવાની વિનંતી, ૯ પ્રજાના ભલા માટે વિનોબાજીનો ખુલ્લો પત્ર, ૧૦ હિન્દુ ધર્મસ્વ આયોગ (પ્રશ્નાવલી), ૧૧ શ્રી જિન પૂજા પદ્ધતિ સમાલોચન, ૧૨ ધર્મ કોઈ રાજયસત્તાને તાબે નથી માટે જ ધર્મ સર્વોપરી છે, ૧૩ ટ્રસ્ટ એકટ અને ટ્રસ્ટીઓનો ધર્મ, ૧૪ સુપ્રીમ કોર્ટનો નિર્ણય હિન્દી અને અંગ્રેજી ૧૫ શ્રી જૈન શાસન સંસ્થા (હિન્દી), ૧૬ જગતના તાતને હાર્દિક અપીલ, ૧૭ મહાવીર પ્રભુનું ત્રિકરણ યોગે પ્રણિધાન, ૧૮ મુંબઇ ટ્રસ્ટ એકટ અંગે ઉગ્ર વિરોધ ૧૯ અહિંસાના કેટલાક મૂળભૂત સિદ્ધાંત, ૨૦ દહેરાસરમાં (ઇલેકટ્રીક) લાઇટો બંધ કરવા અંગે થયેલ ઠરાવ.

